શ્યામ રંગ સમીપે જાવું

57

શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિગ્રંથમાળા : પુષ્પ – ૪૧



પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રીવલ્લભઃ॥
॥ શ્રીદ્વારકેશો જયતિ ॥

શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિગ્રંથમાળા : પુષ્પ-૪૧

શ્યામ રંગ સમીપે જાવું

(નવલકથા)

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

Shyam Rang Samipe Janvu

by Prof. Rameshbhai V. Parikh

© કોપીરાઇટ - શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન :
વિજયભાઈ એમ. દેસાઈ (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪
ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ (રૂબરૂ અને પોસ્ટથી)
૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૯
દ્વિતીય આવૃત્તિ : ૨૦૦૮

પુસ્તક પ્રકાશન સહાય : રૂા.૩૫/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ
C1/૬૩, જી.આઈ.ડી.સી., ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા.
ફોન : ૦૨૭૬૨-૨૨૪૨૦૪

સમર્પણ

જેમના
અનુરાગવિભૂષિત કસુંબલ હૃદય-વ્રજકમળમાં
ઈંદીવરદલ નીલકમળ અને સુવર્ણઆભાયુક્ત પીતકમળ
હસ્તિકમળ સ્વરૂપે
વિલસે છે
એવા
મારા પરમપૂજ્ય શ્રીગુરુ-યુગલચરણોમાં
'દ્વિરેફ'
રમેશ પરીખનાં
સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ સહિત
સાનુનય સમર્પણ.
આપ ઉત્તમ વસ્તુના ભોક્તા છો.
આપના અંગીકારથી આ કૃતિ ઉત્તમતાને પામે
તેમાં
આપનો જ ઉત્કર્ષ છે.

અનુક્રમણિકા

શીર્ષક **પૃષ્ઠ ક્રમાંક**

● વાર્તાની વાર્તા ૦૬
૧. તુમ બિન રહ્યો ન જાય ૧૩
૨. મન લાગ્યો ગોપાલસોં ૨૦
૩. વારી જાઉં લાલ તમારા લટકાને ૨૬
૪. હું શું જાણું કે વ્હાલે મુજમાં શું રે દીઠું? ૩૨
૫. એક વર્યો શ્રીગોપીજનવલ્લભ ૩૯
૬. મેરો દરદ ન જાને કોઈ રી ૪૬
૭. કૃષ્ણ એવ ગતિર્મમ ૫૩
૮. શ્રી પાર્વતીપતયે નમઃ ૬૧
૯. મધુરાધિપતેરખિલં મધુરમ્ ૭૦
૧૦. મન અભિલાષ ધરે ૭૬
૧૧. જો સુખ હોય ગોપાલેં ગાયેં ૮૨
૧૨. અબ ભઈ ગિરિધર સોં પહેચાન ૯૨
૧૩. નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો ૧૦૩

૧૪. શ્રીવલ્લભ રતન જતન કરિ પાયો ૧૧૮
૧૫. શ્રીજી મેરા ઐસા રસિયા ૧૨૮
૧૬. શ્રીનાથજીનું વદનકમળ જોયું જેણે એક વાર ૧૩૬
૧૭. સત્સંગનું સુખ કહ્યું નવ જાય ૧૫૧
૧૮. જે જન સરન આય અનુસરહી ૧૬૦
૧૯. ઐસી દુલહનિ મોહિ ભાવૈ ૧૬૮
૨૦. શ્રીવલ્લભ તજ અપનો ઠાકુર ૧૮૨
૨૧. ચાલોને સખી શ્રીવ્રજમંડળનાં સુખ લઈએ રે! ૧૯૧
૨૨. શ્રીમદ્ ગોકુલ સર્વસ્વમ્ ૧૯૯
૨૩. લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે ૨૦૯
૨૪. પરમ મંગલ ભયો ભવન મેરે ૨૧૭
૨૫. કૃષ્ણને કરવું હોય તે કરે ૨૩૨
૨૬. સાચા સગા છો શ્રીનાથજી ૨૪૧
૨૭. તુમ જો મનાવત સો દિન આયો ૨૪૯

■

|| શ્રીવલ્લભઃ||
|| શ્રીદ્વારકેશો જયતિ ||

વાર્તાની વારતા

- પ્રા. રમેશભાઈ વિ. પરીખ

'શ્યામ રંગ સમીપે જાવું' નવલકથાના લેખનનો પ્રારંભ થયો સં.૨૦૪૩ના જેઠ સુદ એકમે-ગંગા દશહરાના પ્રારંભે.

તેનાં અગિયાર પ્રકરણ પૂરાં થયાં, જેઠ સુદ તેરસે. નવલકથા પરિપૂર્ણ થઈ એક વર્ષ બાદ.

સાહિત્યના સમસંવેદક એક સ્વજને સાગ્રહ આ પ્રકરણો વાંચ્યાં. એના અંતે એમણે પ્રશ્નોની ઝડી વરસાવી.

એ પ્રશ્નો અને એના જવાબો આ નવલકથાના અન્ય વાચકોને નવલકથાનું સમસંવેદન માણવા મદદરૂપ થશે એવા ભાવે પ્રસ્તુત કરું છું.

(૧) આ નવલકથા લખવાનો વિચાર તમને ક્યાંથી આવ્યો?

નવલકથાઓ વાંચવાનો મને વિદ્યાર્થીકાળથી ભારે શોખ. જુનિયર બી.એ.ના વર્ષમાં સમૃદ્ધ કોલેજ લાયબ્રેરીની એક પણ નવલકથા વાંચ્યા વિનાની બચેલી નહીં. પછી બાર તેર વર્ષ અંગ્રેજી નવલકથાઓ ગાંડાની જેમ વાંચી. એ વાંચતાં મને થતું, હું પણ લખું.

બીજું કારણ આવું બન્યું : મારા પૂ. સસરાજી શ્રીવ્રજરત્નદાસભાઈ હરિશરણ થાય બાદ, તેમનું સાહિત્ય મને વારસામાં મળ્યું. તેમાં તેમની યુવાવસ્થામાં તેમના હાથે લખાવા માંડેલી સાંપ્રદાયિક વિષય પરની નવલકથાનાં પ્રારંભનાં બે-એક પ્રકરણ અને ત્યાર પછીની વાર્તાની રૂપરેખાની નોંધ મને મળી. તેનો વિષય જુદો જ હતો. તે અપૂર્ણ રહેલી વાર્તાએ પણ મને નવલકથા લખવા દોર્યો.

ત્રીજું પરિબળ- સંપ્રદાયનાં સુપ્રસિદ્ધ અને હું ન ભૂલતો હોઉં તો, પ્રથમ નવલકથાલેખક શ્રી 'વ્રજલતા'બહેન (પ.ભ.શ્રી શાંતાબહેન અમીન)ની સાંપ્રદાયિક નવલકથાઓ.

ચોથું પરિબળ- 'વૈષ્ણવ પરિવાર' અને તેના સુજ્ઞ વાચકોનો આગ્રહ.

પાંચમું પરિબળ- અનુભવ સૌનો સદીઓનો એવો છે કે- સિદ્ધાંત સમજાવવા વાર્તા અદ્‌ભુત માધ્યમ છે. મમ્મટે કહ્યું : 'કાન્તાસંમિતતયોપદેશ યુજે.' પત્નીની જેમ ઉપદેશ વાર્તા જ આપે.

(૨) તમે નવલકથા લખતાં પહેલાં તેની રૂપરેખા તૈયાર કરી હતી?

'ના. રોજ સવારે પ્રાતઃવિધિ આટોપી, ઘરની ઓસરીના હીંચકે બેસું. 'મૂકં' કરોતિ વાચાલમ્'નું ધ્યાન કરું. પેન કાગળ પર સરકતી રહે. ગણેશજીની જેમ હું લખવાનું જ કરું, લખાવનાર દેખાય નહીં, અનુભવાય ખરા.

ક્યાંક પ્રકરણના આયોજનમાં મારી બુદ્ધિ ચલાવવા જાઉં, તો ગરબડ થાય જ. એક જ ઉદાહરણ. તમે પ્રકરણ ૯, ૧૦, ૧૧નાં શીર્ષક જોયાં? શીર્ષક લખીને છેંક્યું. એ શીર્ષક ત્રણ પ્રકરણ સુધી છેંકવું પડયું; કારણ મારું ડહાપણ કરવાની મેં અનધિકાર ચેષ્ટા કરી હતી.

(૩) આ વાર્તાના પ્રસંગો અને પાત્રો સત્ય છે?

- શુદ્ધાદ્વૈત દર્શનની ભાષામાં હા; કારણ બધું જ સત્ય છે. કશું જ માયિક નથી. શ્રીમહાપ્રભુજી 'શ્રીસુબોધિનીજી'માં એક સ્થળે આજ્ઞા કરે છે- ભગવદીયોના હૃદયમાં પ્રકટેલો વિચાર પ્રમાણ છે.

- બીજી રીતે કહું તો કવિનું ભાવજગત વા કલ્પના વિશ્વ પણ સત્ય છે. એ કલ્પના આજે નહીં તો ભવિષ્યમાંય વાસ્તવિક રૂપે સામે આવે. કવિકુલગુરુ કાલિદાસની કલ્પનાના 'મેઘદૂત'નો યક્ષ 'કાન્તાવિરહગુરુણા સ્વાધિકારન્ પ્રમત્તઃ' રૂપે દેશકાળના બંધન વિના અનેક વ્યકિતઓના રૂપમાં પુનઃ પુનઃ નથી જન્મતો?

- ત્રીજી વાત. આ બધાં પાત્રો અને તેમના અંશ તમને આપણા વૈષ્ણવ સમાજમાં જરૂર મળશે. આજે હું આ વાર્તા ફરી વાંચું છું, ત્યારે મને તો એવો સાક્ષાત્કાર થાય છે. પ્રસંગો અને સ્થળોની બાબતમાં આમ જ સમજવું.

- ચોથી વાત. ક્યાંક પાત્રો, સ્થળ, પ્રસંગો સત્ય છે. ક્યાંક પાત્રોનાં નામ સત્ય છે, પ્રસંગો ભાવ-વિશ્વના છે. ક્યાંક બધું જ ભાવવિશ્વની નીપજ છે.

(૪) નીરા ખરેખર તમારા પાટણની છે?

હા અને ના બંને. પાટણમાંય આવી નીરા કેમ ન હોઈ શકે? પણ હું પાટણનો છું, મહેસાણા રહું છું. એટલે મહેસાણા જિલ્લાથી પરિચિત છું. સાહિત્યકાર અનાયાસ પોતાના સ્થળ-કાળનું ચિત્રણ કરી દે છે.

(૫) આ નવલકથામાં કેટલીક જીવંત વ્યક્તિઓનો ઉલ્લેખ છે?

- હા, એમના સ્વભાવ અને શૈલીની વિશિષ્ટતાઓ સહિત; પરંતુ એમના મુખમાં મુકાયેલા શબ્દો વાર્તાકારના છે. જેમ અજાણ્યા શહેરમાં પરિચિત વ્યક્તિ મળતાં આનંદ થાય, તેમ વાર્તા-વિસ્તારમાં વિચરતાં જ્યારે વાચક પોતાના સુપરિચિત પાત્રને મળે ત્યારે તેને વાર્તા-પ્રવાહમાં આગળ વહેવાનો વધારે આનંદ આવે છે. એ સૌ પાત્રોના નિરૂપણમાં તેમના ગૌરવને લેશ પણ હાનિ ન થાય તેવી સભાનતા રાખી છે, છતાં ક્ષતિ થતી હોય, તો તેમની ક્ષમાયાચના.

(૬) આ નવલકથામાં નીરવ-નીરા અંગ્રેજી શબ્દો વાક્યો વાપરે છે. એ કદાચ અલ્પશિક્ષિત અને ગ્રામપ્રદેશના વાચકોને નહીં સમજાય તો?

- તમારી વાત સાથે સંમત છું; પણ પાત્રોને અનુરૂપ ભાષા વાર્તાનું અનિવાર્ય અંગ ગણાય છે.

બીજું, આ વાર્તા કોઈને ઉપદેશ આપવાના હેતુથી પણ લખી રહ્યો નથી.

(૭) તો આ વાર્તા-લેખન પાછળનો તમારો હેતુ?

- બે હેતુઓ : એક, 'સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાંભોજ વિષ્ટરઃ' શ્રીમહાપ્રભુ અને શ્રીપ્રભુ બંનેને સ્વયશોગાન પ્રિય. સ્વયશોગાનરૂપી સૂર્યકિરણોના સ્પર્શે આપનું હૃદયકમળ વિકસે છે, પ્રફુલ્લિત થાય છે. તેથી આનો એક હેતુ કીર્તન ભક્તિનો.

બીજો હેતુ: કીર્તનભક્તિના પ્રસાદરૂપે સહજ રીતે પ્રાપ્ત ભગવદ્લીલાના સ્મરણમાં રમણ દ્વારા ચિત્ત-નિરોધનો.

બાકી ઉપદેશ આપવાનો મારામાં તે કયો અધિકાર? 'અધિકારી પાખે એ વાણી નહીં કોને ઉચ્ચાર.' ઉપદેશ અને આદેશ શ્રીવલ્લભનાં.

(૮) આ વાર્તામાં કાંકરોલીના તૃતીય ગૃહના વિશેષ ઉલ્લેખોનું કોઈ રહસ્ય?

રહસ્ય જેવું કંઈ નથી, હકીકત છે. કારણ હું એ ઘરનો દાસાનુદાસ છું. એ ગૃહાધિપતિની સદા મારા અને મારા પરિવાર પર કૃપા છે. એનો અર્થ એવો નથી કે અન્ય પૂ.શ્રીઆચાર્યચરણોમાં ન્યૂન ભાવ છે. જેમને સતત સેવીએ, તેમનામય બની જવાય. આ 'કીટભ્રમર-ન્યાય' છે.

(૯) આ વાર્તાલેખનમાં વિશેષ સહાય કોની?

મારા પરિવારની જ સ્તો. લખતો હોઉં ત્યારે સૌ મારી અનુકૂળતા સાચવે. બીજી સહાય સમયની-વેકેશનની. આ તો ભૌતિક સહાય. સાચી સહાય વાક્‌પતિ શ્રીવલ્લભની જ.

(૧૦) આ વાર્તા વૈષ્ણવ પરિવાર માં પ્રકાશિત કરશો?

મન તો છે. દ્રવ્ય-સહાયક મળે તો 'વૈષ્ણવ પરિવાર'ના ગ્રાહકોને ભેટપુસ્તકરૂપે આપવાની પણ ઘણી ઈચ્છા છે. (કેટલાંક પ્રકરણો 'વૈ.પ.'માં પ્રકાશિત થઈ ચૂક્યાં છે, તેને ઘણો સારો આવકાર પણ મળ્યો છે.)

(૧૧) વાર્તાનો અંત કેવો હશે?

શ્રીવલ્લભ જાણે. તમે અને હું તો વાચક છીએ.

(૧૨) આ વાર્તાના વાચકોને કોઈ સંદેશ?

નીરા-નીરવ બની, સંપ્રદાયની અસ્મિતા જાળવીએ.

જેઠ સુદ ૧૩, સં. ૨૦૪૫
મહેસાણા.

■

દૃષ્ટિ મારી, સૃષ્ટિ તમારી

જુગજૂના વાર્તારસનાં મૂળ ઉપનિષદો-પુરાણોની ઉપકથાઓ અને દૃષ્ટાંતોમાં પડ્યાં છે. હિતોપદેશ અને પંચતંત્ર એ પરંપરાનાં અતિ પ્રચલિત ઉદાહરણ છે. આબાલવૃદ્ધ સૌ વાર્તારસમાં ખેંચાય છે અને અનાયાસે આનંદસાગરમાં ડૂબી જાય છે. અનેક ધર્મધુરંધરો અને સમાજવિદ્યા વિશારદોએ આ માધ્યમ સફળ રીતે ખેડ્યું છે.

સાહિત્યયાત્રા આગળ વધતાં એની ક્ષિતિજો વિસ્તરી. ભૌતિક જગતના સીમાડા સાંકડા બન્યા. અવનવા પ્રયોગો થયા. નવલકથા આવી. એમાંયે મૂળ તો વાર્તા-રસ જ, પણ એનો પટ પહોળો, મેદાન મોકળું. આ શસ્ત્ર પણ અનેક ક્ષેત્રના વિશારદોએ-વિજ્ઞાનીઓ સુધ્ધાંએ સફળ રીતે અજમાવીને ધાર્યું તીર તાક્યું છે.

પ.ભ. રમેશભાઈ જેવા સાહિત્યના જીવ આ લાભ અને લોભ શી રીતે જતો કરી શકે? અગાઉ 'આનંદનો આવિષ્કાર': ભાગ ૧-૨-૩; 'તુલસીક્યારો' વગેરેમાં આ વાર્તારસસિક્ત માધ્યમમાં પુષ્ટિમાર્ગના પ્રણેતા અને પ્રેરક-પોષક આર્ષદ્રષ્ટાઓનાં જીવન અને પુષ્ટિસિદ્ધાંતોનું સફળ રીતે નિરૂપણ કર્યું છે. એ જ શ્રેણીમાં, અલબત્ત જરા જુદી આબોહવામાં, પુષ્ટિપંથની પાવક ધારાને પ્રવાહિત કરવા 'શ્યામ રંગ સમીપે જાવું'માં પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. વર્તમાન પરિસ્થિતિ સતત દૃષ્ટિ સમક્ષ રાખી, પ્રસન્નમધુર દામ્પત્યના આદર્શ નમૂનારૂપ નીરા-નીરવ જેવાં અદ્યતન શિક્ષિત પાત્રો, તદનુરૂપ ભાષા અને રહેણીકરણીનું બાહ્ય કલેવર તો એમણે ઘડ્યું છે; પરંતુ મૂળ ઉદ્દેશ- પુષ્ટિસિદ્ધાંતને સમજપૂર્વક જીવનમાં અપનાવી પરમાનંદની પ્રાપ્તિને સહજ-સરલ બનાવવાની વાત-એક ક્ષણ માટેય નજર સમક્ષથી ખસવા નથી દીધો.

નવલકથામાં દેશકાળનું આગવું સ્થાન છે. સંવાદશૈલી એને નવો આયાસ બક્ષે છે. એથી જ શ્રી રમેશભાઈએ પોતાને ચિરપરિચિત, પાટણ અને વડનગરને, કદાચ, પસંદ કર્યાં છે; જેથી રજેરજનું ચિત્રણ યથાર્થ બની રહે. નીરા-નીરવને તો શોધવા જવાનીયે જરૂર નથી. અતિરેકનો આરોપ ન થતો હોય તો આસાનીથી એમ કહી શકાય કે લેખકે પોતાને કેન્દ્રમાં રાખીને એ પાત્રોનું સુરેખ આલેખન કર્યું છે. એમનું વ્રજદર્શન સ્વાનુભવનું ઉત્તમ ઉદાહરણ છે અને સંવાદ તો અથથી ઈતિ સર્વત્ર રેલાયેલો છે.

બીજાં કેટલાંક હયાત પાત્રો એ જ નામ-રૂપ-ગુણ સાથે એવી ખૂબીથી સંયોજાયાં છે કે કથાપ્રવાહ રસમય બની સહજ રીતે આગળ ધપે અને એમાંથી આગળનો માર્ગ આપોઆપ મોકળો થાય. દા.ત., બચુભાઈ ઝવેરી. બીજાંય એવાં પાત્રો છે. શોધશો તો મુંબઈમાં જરૂર ભેટી જશે!

શ્રીરમેશભાઈ હવે તો વૈષ્ણવસમાજમાં પુષ્ટિપંથની પ્રેરક દીવાદાંડી મનાય છે અને 'વૈષ્ણવ પરિવાર' દ્વારા એ દરેક પરિવારના સ્વજન-શા પણ બન્યા છે. એમની આ કૃતિ નવલકથાના મહોરા નીચે પુષ્ટિસિદ્ધાંતની ગળથૂથીરૂપે આપણી સામે આવી છે; ત્યારે સહજ રીતે જ શ્રી દયારામભાઈના શબ્દો 'શ્યામ રંગ સમીપે ન જાવું, મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું' યાદ આવી જાય છે. એમાં રાધાજીના ઉપાલંભ અને માનનો જે મીઠો છણકો છે એને શ્યામજી મધુરું મલકાઈને અદકો બનાવે છે....અને વળતો ઉમળકો રાધાજીને જાણે એમ કહેવા વિવશ કરી દે છે-

'શ્યામ રંગ સમીપે જાવું. મારે......'

આ સુંદર સિદ્ધાંત-કથાનું હાર્દિક સ્વાગત.

૨૬-૯-૮૯]

- પ્રા. રાજન કડિયા

૧. તુમ બિન રહ્યો ન જાય

મુંબઈમાં ચોપાટી પાસે 'કૃષ્ણકુંજ' ચોથો માળ. બ્લોક નં. ૪૦૪/એ ની વિશાળ બાલ્કની, અરબી સાગરને રાતદિવસ નિહાળ્યા કરે. બાલ્કનીમાં સંખેડાની કારીગરીનો લાલ-સોનેરી રંગનો હીંચકો સ્ટીલની સાંકળોએ ઝૂલે. ચોમેર ફૂલછોડનાં કૂંડાં. પૂર્ણ શાંતિ. મુંબઈની ધમાલ અને ઘોંઘાટનો લેશમાત્ર અણસાર નહીં. શાંત સાગરનું હળવું, સુમધુર ગર્જન મનને મગન કરી દે.

હીંચકા પર બેઠી હતી નીરા. જીવનની પહેલી પચીસી પણ હજી વટાવી ન હતી. ૫ ફૂટ, ૫ ઈંચની ઊંચાઈ. ૪૮ કિલો વજન. નીર જેવો ઉજ્જવળ વર્ણ. ગુલછડીની નમણાઈ. ભુજંગી કેશરાશિ. કિશનગઢ શૈલીના ચિત્રની નાયિકાની જેવી કમલનયની. મુખ પર કુદરતી મુસ્કાનનો મધુરો લેપ. ગાલનાં ખંજન. રસેશ્વર રસેશે પોતાની રસલીલા માટે પૂરતો સમય લઈ નિરાંતે નિર્મેલી રમણી, એવી સદ્યઃસ્નાતા નીરાના દેહ પર ગ્રીષ્મની ગરમીને દૂર ભગાડતી સફેદ સાડી અને એવું જ સફેદ બ્લાઉઝ. શેમ્પુથી ધોઈને ડ્રાયરથી સૂકવેલો લાંબો વિપુલ કેશરાશિ નિર્બંધ રીતે પીઠ પર લહેરાય અને તેમાં મહેંકે ચાર-છ બટમોગરાનો ઝૂમખો.

સાંજના ચાર વાગ્યા હતા. નીરા બાલ્કનીમાં આવી. રેલિંગ પર બેય હાથ ટેકવી, વિસ્ફારિત નયને સાગરને જોતી રહી. જીવનમાં આજે પહેલી જ વાર તે સમુદ્રદર્શન કરી રહી હતી. સમુદ્રદર્શન કરતાં તેને યાદ આવી ગઈ શ્રીયમુના મહારાણીની. તે ગણગણી: 'શામલડી સૂરત, મા, મૂરતમાધુરી, જય જય શ્રીયમુનામા.' સાગરમાં ઊઠતા તરંગોના નર્તને

તેને યાદ અપાવી શ્રીવલ્લભની વહાલી વાણીની. 'વિલાસગમનોલ્લસત્ પ્રકટ ગંડશૈલોન્નતા, સઘોષગતિદન્તુરા સમધિરૂઢ દોલોત્તમા.' જાણે શ્યામ-સ્વામિની શ્યામસુંદરને મળવા અભિસારિણી બની વિલસિત ગતિએ તરંગોના સુખપાલ પર આરૂઢ થઈ સામેથી પધારી રહ્યાં છે! તરંગો-રૂપી ભુજકંકણ ઊંચા કરી નીરાને બોલાવી રહ્યાં છે.

નીરાના મુખમાંથી નિસાસો સરી ગયો.

'મા, હજી તમારાં દર્શન અને પાન કરવાનો મને અધિકાર જ ક્યાં મળ્યો છે? હજી ગોકુળ-મથુરાના ઠકુરાણી અને વિશ્રામઘાટ સુધીય મારાથી ક્યાં અવાયું છે? મૈયા, સૂરદાસબાવા મને રોજ ટોકે છે: 'પ્રેમકે સિન્ધુકો મરમ જાન્યો નહીં!' તેમની વાત બિલકુલ સાચી છે. બા-બાપુજીનું મન અને માન રાખતાં, તમારી સાથે તો મોં ફેરવી બેઠી છું, ત્યારે તમેય મારી સાથે માન જ કરો ને?'

બીજી જ ક્ષણે નીરાને યાદ આવી ગયાં તેણે આપેલાં બે વચનો.

પહેલું વચન આપ્યું હતું પિયર છોડતાં બાના કાનમાં 'બા, ખાતરી રાખજે, શિવજીની જેમ બધું ઝેર હૈયે જીરવીશ. આંખ અને જીભને હમેશાં મીઠાં-હસતાં જ રાખીશ. તારી દીકરીની ફરિયાદ કરવાનો વારો કોઈને ક્યારેય નહીં આવે.'

બીજું વચન આપ્યું હતું - નીરવને, લગ્નની પહેલી રાતે પુષ્પશય્યા પર: 'તમારા સુખને મારું સુખ કરીશ. તમને મારી ચિંતા નહીં કરાવું.'

આંખોની પાંપણ પર શ્યામ-વિરહના ઝૂમતા-લૂમતા અશ્રુબિંદુને હળવેથી પોતાની આંગળી પર લઈ, ઉર પર આંગળી લગાવી તે બબડી: શ્યામજી, અહીં જ બિરાજવાનું- આ નિશ્ચયના મહેલમાં. તમે હમણાં હૈયાની કેદમાં છો... આંખના ઉદ્યાનમાં પધારવાની વાર છે. તમારા વલ્લભ અને મારા ગુરુદેવ શ્રીવ્રજેશનાથ- શ્રીવ્રજેશરાજાની આ આજ્ઞા છે : 'પતિ કહે સો કીજિયે.....'

મોં પર મુસ્કાન સાથે નીરા હીંચકા પર બેસી ગઈ. જમણા પગથી હીંચકાને હળવી ગતિ આપતી, બેય હાથથી કેશાવલિની ઊડતી લટોને સમારતી નીરાનો કોકિલ કંઠ કૂજતો હતો:

'કોઈ કહો પેલા કા'નને, બરસાને બંસી ના બજાવે.'

ત્યાં તો ફોનની ઘંટડી રણકી અને તેને યાદ આવી ગયો નીરવ. પણ ફોન પર નીરવ નહોતો, રોંગ નંબર હતો. સામેના શો-કેસ પર પડેલ નીરવના ફોટા પર તેની નજર પડી. તે હસી ગઈ.

'વાહ, નીરવ, તેં તો ખરી કરી છે! નામ તો રાખ્યું છે નીરવ, પણ એક સેકંડેય ચૂપ ન બેસે. ભમરાની જેમ સતત ગુંજન ચાલુ ને ચાલુ. હવે તો થઈ ગયો બરોડા બેંકનો મસમોટો ઑફિસર. ઍરકન્ડિશન્ડ ઑફિસમાં એકલો એકલો કોની સાથે બોલબોલ કરતો હોઈશ?'

નીરા પાછી હીંચકે જઈને બેઠી. નીરવની વાતો અને વિચારેય તેની બાજુમાં આવીને બેસી ગયાં હતાં.

પચીસ વર્ષનો ફૂટડો, તરવરિયો! ૫ ફૂટ, ૭ ઈંચની ઊંચાઈ, સપ્રમાણ કસાયેલો દેહ, પહોળા ખભા, વાંકડિયા વાળ, મોટી મોટી ગોળ ગોળ આંખો. ઝીણી પણ સોહામણી મૂછો. મલકાવાનું તો ભાઈસા'બને આવડે જ નહીં, સતત હસ્યા જ કરે. જોનારની આંખમાં વસી જાય એવી 'ફૂલસાઈઝ પર્સનાલિટી.' પણ હૈયાનો બહુ નાજુક, લજામણીના છોડ જેવો. એની લાગણીશીલતા ગજબની. અવગુણ ગણો તો એક જ હઠીલો જબરો-રાજહઠ! સિતારનો જબરો બજવૈયો. એને લાડ થાય, એના પર ગુસ્સો ન થાય! જો ઝગડો કર્યો તો માર્યા સમજો. ગુસ્સો પી જવા સિતાર લઈને બેસી જાય, પછી ઊઠે તે બીજા!

આવા નીરવની નીરા બની, પાટણથી મહેસાણા આવી માંડ અઠવાડિયા પહેલાં! જેલ રોડ પરની કૃષ્ણ સોસાયટીમાં એની બેંકે ભાડે રાખેલા બંગલામાં!

'નીરવ, આને જેલ રોડ કેમ કહે છે? અહીં તો બધી હોસ્પિટલો છે!'

'એટલા માટે કે આજથી તું મારી જેલમાં છે! જો એક વાત કહું: હું રહ્યો આંકડાઓનો માણસ. મને આંકડા ફાવે, કવિતા નહીં. કવિતા તારે કરવાની, મારે તેને છપાવવાના ખર્ચના આંકડા ગોઠવવાના!'

'ગુડ એડજસ્ટમેન્ટ. આપણને ગમ્યું.'

'તો નીરાદેવી, વેલકમ હોમ. નીરવ આપનું આપના ઘરમાં સ્વાગત કરે છે.'

બંગલાનાં પગથિયાં ચડતાં એણે ભાવવશ નીરાના બે હાથ પકડી, હોઠે લગાડ્યા.

'એય, આજુબાજુ વસતિ છે, આપણે રણમાં નથી! સબૂર.'

નીરવે બંગલાનો દરવાજો ખોલ્યો. નીચે ખાખી રંગનું લાંબુ કવર પડ્યું હતું. નીરા નીચી નમી. તેણે કવર ઉઠાવી, નીરવને આપ્યું. બરોડા બેંકની હેડ ઑફિસેથી આવેલી ટપાલ હતી. હતી પણ નીરવના નામ જોગ. આમ તો બધી ટપાલ બેંકના જ સરનામે આવે અને તેય સિનિયર મેનેજરના નામે! નીરવને આશ્ચર્ય થયું. હળવેકથી કવર તોડયું. અધીરાઈથી કાગળ ખોલ્યો. નીરા નીરવના મુખભાવો જોઈ રહી હતી.

ત્યાં તો નીરવે નીરાને કેડમાંથી ઊંચકી લીધી. ડ્રોઈંગ રૂમની કાર્પેટ પર નીરાને ઊંચકી તે ગોળ ગોળ ઘૂમવા લાગ્યો.

'અરે....અરે.....દરવાજો ખુલ્લો છે....'

પણ સાંભળે એ બીજા!

'નીરવ, હું નાસી જવા નથી આવી.'

નીરાને હળવેથી નીચે ઉતારતાં હાંફતાં-હાંફતાં નીરવ બોલ્યો 'નાસી જ જવાનું છે, અહીંથી - મૈં શાણા'ઓના ગામમાંથી.'

'ભાઈસા'બ, કંઈક સમજાય એવું બોલ ને! વગર ભાંગ પીધે જ ચઢી!'

'જો નીરા, પહેલાં એક વાત પાકી કરી લે, હું તારો ભાઈ તો નથી જ; અને સા'બ પણ તારો તો નહીં જ. સાહ્યબો જરૂર. હવે ત્રીજી વાત. તું ઘરમાં આવી અને પ્રમોશન મળ્યું! 'વહુનાં લક્ષણ બારણામાંથી.' સ્કેલ ત્રણમાંથી હું સ્કેલ ચારમાં પ્રમોટ થયો- પાંચ વર્ષમાં સડસડાટ ચોથું પ્રમોશન! રિજિયોનલ મેનેજરની કેડર. હેડ ઑફિસ મુંબઈમાં બદલી!'

કોન્ગ્રેચ્યુલેશન્સ ડીયર. આનો યશ મને આપવા માટે એકસ્ટ્રા થેન્કસ. પણ બાપ રે, મુંબઈમાં જિવાશે કેમ? તારા આ 'મૈં શાણા'-ઓના ગામમાં તારા જેવી જ નીરવ શાન્તિ છે! સરસ બંગલો છે, તારા ટેસ્ટનો સજાવેલો બગીચો છે! મુંબઈમાં તો રોટલો મળે તોય ઓટલો ન મળે! કહે છે, એની ગાડીઓની ગિરદીથી તોબા! હું તો ગભરાઈ જ જઈશ. ના, બાબા, ના. આપણે આ પ્રમોશન ન જોઈએ. વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહીં જાવું.'

'અરે ગાંડી, મિસ્ટર નીરવ મહેતા સિનિયર બેન્ક એક્ઝીક્યુટિવ બન્યા છે. બેન્ક તરફથી ચોપાટી પર વેલ ફરનિશ્ડ બે બેડરૂમનો બ્લોક, ટેલિફોન મળશે. બેંકમાં જવા-આવવા ગાડી મળશે. અને નીરારાણી, તમને રાજરાણીનું સુખ મળશે! અમારી બેંકવાળા ખૂબ સમજદાર છે. અમારા જી. એમ.ને તું ક્યાંથી ઓળખે?'

'જી.એમ.?'

'હા, જનરલ મેનેજર, શાહ સાહેબ. વડોદરાના છે. આઉટ એન્ડ આઉટ જેન્ટલમૅન, પણ બુદ્ધિ એમના બાપની. એકદમ જીનિયસ. સાચા હીરાને ઓળખનાર. કદરદાન ઝવેરી!

'પણ નીરવજી, ફૉર યોર ઈન્ફરમેશન, હીરા કોલસાની ખાણમાંથી નીકળે. બંનેના ગુણધર્મ સરખા.'

'થેન્ક્સ ફોર યોર કોમ્પ્લીમેન્ટ્સ. પણ રાણી, હીરા વિના તમારી ડોક ન શોભે. કોલસા વિના પેટ ન ઠરે. તમારી સેવામાં મને બેય રોલ કરવાના મળ્યા છે. વૉટ એ ગુડ લક!'

'ઓહ, નીરવ, યુ આર એ જીનિયસ ટૂ.'

'અમારા જી.એમ.ને ખબર પડી ગઈ લાગે છે કે નીરાદેવી 'ગ્લાસ વીથ કેર'ની આઈટેમ છે. એ વિના આમ એકદમ મુંબઈનું ગોઠવાઈ ન જાય.'

'ઓહ, ભાઈસા'બ....' 'વળી પાછું ભાઈ....'

'સૉરી, મમ્મીની ટેવ ઝિલાઈ ગઈ છે! ટોકતો રહેજે, સુધરી જશે. પણ તું હવે વધુ બડબડાટ છોડ. રસોડું બતાવ. પહેલાં કડક-મીઠી ચાથી તારું પ્રમોશન સેલિબ્રેટ કરીએ.'

'અને પછી બેગ-બિસ્તરા બાંધવા માંડીએ. તું ટાઈમસર મદદમાં આવી ગઈ છે. હનિમૂન બૉમ્બેમાં.'

'ઓ.કે. પણ પ્લીઝ કીપ ક્વાએટ.'

'આવો, ભોજયેષુ માતા! પહેલાં હું આપને આપના સામ્રાજ્ય-કીચન-તરફ દોરી જઉં. રાજરાણી નીરાદેવીની સવારી આવી રહી છે, નિગાહ રખો મહેરબાન.'

નીરા નજીકના ભૂતકાળનાં સ્મરણોમાં ખોવાઈ ગઈ.

'કીચન'ના સ્મરણે એને સવારની વાત યાદ આવી ગઈ.

તેઓ આજ સવારે જ હજી ગુજરાત મેઈલથી મુંબઈ આવ્યાં હતાં. ઝટપટ પરવારી, નાસ્તાના ટેબલ પર બેસતાં નીરવે કહેલું: 'નીરા, સાંજે આવતાં કદાચ મોડું પણ થાય. રાતે બહાર જમી લઈશું.'

'ના જી, મહેસાણામાં મને રસોઈ બનાવવા જ ન દીધી. સાંજે હોટેલ નટરાજમાં, તો બીજા દિવસે અપ્સરામાં, ત્રીજા દિવસે.... મારું તો પેટ બગડી ગયું. હવે બહાર જમવાનું બિલકુલ બંધ. જો તો ખરો, મને કેવું રાંધતાં આવડે છે! આજે રાતે અહીં જ જમવાનું! આ બાલ્કનીના ટેરેસ ગાર્ડનમાં, કેન્ડલ લાઈટમાં-ઓ.કે.? અંધારું થતાં પહેલાં આવી પહોંચજે.'

નીરાને થયું, હવે નીરવ આવવો જોઈએ. ઘડિયાળે પણ કોયલના ટહૂકા કર્યા-છ ટહૂકા...નીરા સાંભળી રહી.

'ઓહ, છ વાગી ગયા!'

તે ઊભી થઈ. સાગરની સામી ક્ષિતિજે સંધ્યાના રંગ લેપાતા દેખાયા. હંમેશાની ટેવ પ્રમાણે તે ગૂંજી ઊઠી:

"ગોવર્ધનવાસી સાંવરે લાલ
તુમ બિન રહ્યો જાન ય હો,
બ્રજરાજ લડેતે લાડીલે..."

ગૌચારણ કરી વનમાંથી વ્રજમાં પધારતાં શ્રીગોપાલના સ્મરણે બહાવરી બની ગઈ. ને ત્યાં બ્લૉકનો ડોરબેલ રણક્યો.

■

૨. મન લાગ્યો ગોપાલસોં

રાત્રિ-ભોજન બાદ નીરા-નીરવ ચોપાટી પર ટહેલવા નીકળ્યાં. સમુદ્રતટની પાળ પર એકાંતમાં આ યુગલે બેઠક જમાવી.

નીરાની ડોકમાં ઝૂલતી મોતીની લાંબી બેવડી સેર હાથમાં લઈ, સહેલાવતાં નીરવ બોલ્યો : 'નીરા, સંસ્કૃતમાં એક શ્લોક હાઈસ્કૂલમાં શીખલો, તે મને યાદ રહી ગયો છે. સરોવરથી કમળ શોભે છે અને કમળથી સરોવર શોભે છે. અમારા વડનગરમાં સમોડા (શર્મિષ્ઠા) તળાવ છે; પણ તેમાં કમળ ન મળે, તેથી સંસ્કૃત કવિની આ વાત સમજાતી નહોતી. તે આજે સમજાઈ!'

'તારા બીજા એક સંસ્કૃત કવિની વાત પણ મને આજે સમજાય છે. સૂર્યોદય થતાં ખીલેલા કમળની ચોમેર એક ભ્રમર ગુનગુન કરતો ભમ્યા કરતો. સાંજ પડી. સૂર્યાસ્ત થતાં કમળ બિડાવા લાગ્યું. ભમરો કમળની બિડાતી પાંદડીઓમાં લપાઈ ગયો.'

'હં, પછી શું થયું?'

'પછીની મને ખબર નથી. એ ભમરો જાણે!'

'નીરા, તારા ગળામાં આ મુક્તામાળા અનહદ શોભે છે.... પણ....'

'કેમ અટકી ગયો? બોલ ને!'

'જવા દે, તને નહીં ગમે. માઠું લાગી જશે!'

'ના, એવો ભય રાખ્યા વિના બોલી નાખ.'

'નીરા, મને સમજવાની કોશિશ કરજે. તું જાણે છે કે અમે વડનગરના નાગર. હાટકેશજી અમારા ઈષ્ટદેવ. ત્રિપુંડ્ર-રુદ્રાક્ષની અમારી કુળ-

પરંપરા. તે પરંપરા અમારા જીવનમાં, વિચારોમાં પચી ગઈ છે, તાણાવાણાની જેમ વણાઈ ગઈ છે. અમારા પરિવારની આ ધાર્મિક બુનિયાદ મારામાંય ઠસી ગઈ છે.'

'હું જાણું છું.'

'તમારું કુટુંબ પણ મૂળે વડનગરા બ્રાહ્મણ, પણ નોકરી અર્થે બહાર નીકળ્યું. તમે શૈવ ધર્મ છોડી, વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યો. તિલક-તુલસીમાળાની પરંપરા સ્વીકારી. આપણા બંનેની ધાર્મિક બુનિયાદ આભ-જમીન જેટલી અલગ. એને લઈને આપણા વિચારોમાં મતભેદ થાય, તેમાંથી મનભેદ પણ થઈ જાય.'

'નીરવ! અણસમજુ, અશિક્ષિત માણસોમાં એવું બને. આપણે તો શિક્ષિત છીએ. માત્ર શિક્ષિત નહીં, સુશિક્ષિત. કેળવણી એટલે જ અનુકૂલન. અનુકૂલનનો અર્થ વિવિધતામાં એકતા. અનુકૂલનમાં ધાર્મિક સહિષ્ણુતા હોય, ઉદાર મત હોય.'

'તારી વાત સિદ્ધાંત તરીકે સાચી, પણ વ્યવહાર, કોણ જાણે કેમ, તદ્દન વિરુદ્ધ જોવા મળે છે. કહેવાતા કેળવાયેલાઓ જ વધુ અસહિષ્ણુ, વધુ સંકુચિત જણાય છે. સ્વાર્થ આગળ ભલભલા મુનિવરો ચળી ગયા છે.'

'તારી શી ઈચ્છા છે? આપણે શું કરવું?'

'આપણા ગુજરાતમાં કેટલીક વણિક જ્ઞાતિઓમાં થોડાં કુટુંબો વૈષ્ણવ ધર્મ પાળે છે, તો થોડાંક જૈન ધર્મ. બંને વચ્ચે લગ્ન-વ્યવહાર હોય છે. દીકરી લગ્ન બાદ સાસરિયાનો ધર્મ સ્વીકારી લે, પરિણામે કોઈ સંઘર્ષ ન રહે.'

'તારું એમ કહેવું છે કે મારે પણ વૈષ્ણવધર્મ છોડી, શૈવ ધર્મ સ્વીકારી લેવો? માન કે તારી વાત હું માની લઉં; પણ મારા અંતરમાં ડંખ નહીં રહી જાય કે નીરવ પણ બીજા સંકુચિત, નિર્બળ મનુષ્યો જેવો જ માટીપગો

નીકળ્યો! નબળો ધણી બૈરી પર શૂરો! જો મનમાં આવી તિરાડ પડી ગઈ, તો જિંદગીમાંય ન મિટે એવી તિરાડ પડી જશે! છતાં મેં તને પરણ્યાની પહેલી રાતે વચન આપ્યું છે : તમારા સુખને મારું સુખ કરીશ. તમને મારી ચિંતા નહીં કરાવું. મારા વચનને હું વળગી રહીશ. આઇ પ્રોમિસ યુ.'

'નીરા, મેં નિખાલસપણે મારા મનની વાત કહી. તેં તારું દિલ ખોલ્યું. આજે આપણા સહવાસની મધુરજનીને કટુરજની કરવી નથી. આપણે બંને સ્વસ્થ ચિત્તે વિચાર કરીએ. શિવજી જરૂર રસ્તો બતાવશે.'

'ઓ.કે. ડીયર, કમ ઓન. રાત જામી ગઈ છે. મુંબઈના મવાલીઓનો મને તો ડર લાગે છે. ચાલ, બેક ટુ પેવેલિયન.'

નીરા-નીરવ કૃષ્ણકુંજમાં પાછાં ફર્યાં. સહ-શયન માટે બંને શારીરિક અને માનસિક રીતે તૈયાર થવા લાગ્યાં. નીરવે ક્રીમ કલરનો રેશમી નાઇટડ્રેસ પહેર્યો. નીરા પણ એ જ રંગની રેશમી નાઈટી પહેરી, અંબોડા-જૂડાને ખોલી રહી હતી. અરીસામાં દેખાતા પ્રતિબિંબની સાથે નીરા મનમાં વાતો કરી રહી.

'શ્રીમતી નીરાજી, હવે જ તમારી ખરી કસોટી છે. યાદ રાખજો, એક બાજુ 'પતિ કહે સો કીજિયે' અને બીજીબાજુ 'સ્વધર્મે નિધનં શ્રેય-સ્વધર્મ આચરતાં મૃત્યુને પણ વધાવી લેવું જોઈએ. તમે આ બંને આજ્ઞાઓને કેવી રીતે નિભાવો છો?'

પ્રતિબિંબમાંની નીરા પૂછી રહીઃ

'શું કરવું? તને કોઈ માર્ગ સૂઝે છે? આમ તો તું ખૂબ જ્ઞાની છે!'

'એક જ માર્ગ સૂઝે છે.'

'કયો? ચોથા માળેથી પૃથ્વી કેટલી દૂર છે તે માપવાનો?'

'ના રે ના!'

'તો સાગરમાં મળી જવાનો?'

'નોનસેન્સ, આપઘાતની વાત ભૂલેચૂકેય કદી ન કરવી. ગોધરાના રાણા વ્યાસજીની વાત યાદ રાખજે.'

'શી વાત છે, એમની?'

'પોતાની જાતને વિદ્વાન હોવાનો ફાંકો રાખી, કાશીના વિદ્વાનોને ચર્ચામાં હરાવવા નીકળેલા. પણ બધેથી બરોબરની હાર ખાધી. પરિણામે જીવન પર ગુસ્સો કરી ગંગાજીમાં ડૂબી મરવા ઘાટ પર આવ્યા. ત્યાં શ્રીમહાપ્રભુજીને એક વૈષ્ણવે પ્રશ્ન કર્યોઃ 'મહારાજ, જો કોઈ દુઃખી ગંગાજીમાં ડૂબી મરે તો?' આપે આજ્ઞા કરીઃ 'તેણે સાત જન્મ લેવા પડે. સાતે જન્મનો અંત આપઘાતથી જ આવે. આપઘાત શૂરવીરતા નથી, કાયરતા છે. જગતમાં જે કંઈ બને છે તે પ્રભુની ઈચ્છાથી, પ્રભુની લીલા માટે બને છે. આપણે તો પ્રભુદીધો આપણો પાઠ ભજવવાનો છે. તે પાઠ હીરોનો હોય, વિદૂષકનો હોય, વીલનનો હોય, એકસ્ટ્રાનો હોય કે રંગમંચ પર ઝાડૂ કાઢનારનો હોય. જીત થાય તો તેય આપણી નથી, પ્રભુની છે; હાર પણ આપણી નથી, પ્રભુએ પોતાની લીલા માટે સ્વીકારેલી છે. અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ.'

'તો કરવાનું શું?'

'શ્રીવલ્લભનાં ચરણ પકડ્યાં છે. શ્રીવલ્લભે આપણો હાથ શ્રીપ્રભુના હસ્તમાં પકડાવ્યો છે. આપણા શ્રીદ્વારકેશે ચારે શ્રીહસ્તથી આપણો હાથ મજબૂત રીતે પકડી લીધો છે.'

'પણ આ ઠાકુર તો ભવાઈના ભારે શોખીન છે, નહીં?'

'હા, એ રસિયારાજને ભવાઈ માણવી હોય તોય ભલે. આપણે રંગલા-રંગલી કજોડાનો વેશ ભજવી નાખવો. એની ખુશી માટે બધું કરવું. 'તેરે રોમ કી છબિ પર જગત વારી સબ નાખૌ.' નીરાજી, જીવીશું અને તે પણ આપણા બળથી નહીં, પ્રભુદીધા બળથી. એગ્રીડ? તો હૈયે હરિની હામ રાખી, યા હોમ કરો.'

'નીરાદેવી, તમે ઈતિહાસ ભણ્યાં છો ને? ઈતિહાસકારો ઈતિહાસની એક સંકલ્પના સમજાવે છે - ઈતિહાસનું હમેશાં પુનરાવર્તન થતું રહે છે.'

'એટલે ?'

'ભૂતકાળમાં બનેલી ઘટના ભવિષ્યમાં પણ બને છે.'

'કબૂલ, શ્રીગુસાંઈજી આ સંકલ્પનાને 'નિત્યલીલાવાદ' તરીકે ઓળખાવે છે. શ્રીપ્રભુની લીલા તો સનાતન છે. તેને સમયની કોઈ પાબંદી નથી, પણ એનો અહીં શો સંબંધ?'

'એ જ બતાવું છું, અધીરી ન થા. તું અને નીરવ બેય મૂળ તો વડનગરનાં ને?'

'હા.'

'નાગર બ્રાહ્મણ ને?'

'હા જી.'

'૨૫૨ વૈષ્ણવોમાં વડનગરમાં નાગર બ્રાહ્મણ દામોદર જણની વાર્તા વાંચી છે?'

'હા, દામોદરજી ચુસ્ત શૈવી. વૈષ્ણવોને ખૂબ કનડે. શ્રીગુસાંઈજીનાં દર્શન થતાં જ હૃદયપલટો થયો અને વૈષ્ણવ બન્યા. અડગ અને ભારે સમજદાર વૈષ્ણવ.'

'બરોબર. એ દામોદરજી જણ જ તમારા નીરવકુમાર રૂપે ફરી પ્રગટ્યા છે.'

'ખરેખર?'

'મને તો એવું લાગે છે.'

'ઓહ, હાઉ સ્વીટ!'

નીરાએ ડ્રેસિંગ મીરરમાંના પોતાના પ્રતિબિંબના ગાલ પર ચુંબન કરી દીધું.

'નીરા, હજી કેટલી વાર?'

'બસ, આવું એટલી જ. અભિસારિકા વાટમાં ન પડી હોય, સમજ્યા મિસ્ટર નીરવકુમાર!'

'ના, અમને તો એટલી જ સમજ છે-
તને મેં ઝંખી છે પ્રખર સહરાની તરસથી.'

વાળમાં મોગરાનો ગજરો ગોઠવતાં નીરાએ પૂછ્યું:

'સહરાના તાપથી દઝાડીશ તો નહીં ને?'

'ના, નીરા, ના. તને પગે ચૂમું કે પાનીએ, સનમ?'

રહેવા દે. ઉછીની ગઝલોથી શાયર ન બનાય. સાકી વિના શાયરીનો રંગ પણ ન જામે.

'તો મારી સાકી ક્યાં દૂર છે?'

નીરવે બે હાથમાં નીરાને ઊંચકીને લીધી. નીરા નીરવની સોડમાં લપાઈ ગઈ. નીરાને પોતાની તરફ ખેંચતાં, બીજા હાથે નીરવે બેડરૂમની લાઈટ ઠારી દીધી. નીરાએ નાઈટલેમ્પની સ્વીચ પણ બંધ કરી દીધી.

નીરવને સંપૂર્ણ સમર્પિત દેહધારી નીરાનું મન જેટ પ્લેનની સ્પીડે ઊડતું ઊડતું પહોંચી ગયું - ઉત્તર ગુજરાતમાં આવેલા પાટણ શહેરમાં.

■

૩. વારી જાઉં લાલ તમારા લટકાને

ઉત્તર ગુજરાતની પણ ઉત્તર દિશામાં આવેલું પાટણ પ્રાચીન ગુજરાતની સમૃદ્ધ પાટનગરી હતું. આજથી પાંચસો વર્ષ પહેલાં જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજી અહીં પધાર્યા હતા. ઈતિહાસ એવી સાક્ષી પૂરે છે કે ભારતયાત્ર દરમ્યાન શ્રીવલ્લભાચાર્યજી શોભાયાત્રાના રૂપમાં માત્ર બે જ નગરોમાં પધારેલા, તેમાંનું એક પાટણ. પાટણની પૃથ્વી શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ, તેમના પુત્રો શ્રીગિરધરજી અને શ્રીગોકુલનાથજીની ચરણરજથી પણ અલંકૃત બનેલી છે.

પાટણ શહેરના બે ભાગ કરી, મધ્યમાં પાઘડી પને ઊભો ચીરતો મુખ્ય બજારનો રાજમાર્ગ. એના ચૌટે એક ઉપમાર્ગ સુખડીવટ તરફ ફંટાય અને ત્યાંથી ડાબા હાથે એક રસ્તો સોનીવાડામાં જાય. સોનીવાડામાં આંબલીની પોળ. કહે છે કે એક કાળે ત્યાં ઘેઘૂર આંબલીના વૃક્ષની સુખદ છાયા હતી. પોળને દરવાજા બંધ ડેલી હતી. પોળમાં બધાં જ ઘર વૈષ્ણવોનાં. સંપ્રદાયના મર્મજ્ઞ વિદ્વાન પ.ભ.શ્રીદ્વારકાદાસભાઈ પરીખનું ઘર પણ અહીં જ.

પચીસ વર્ષ પહેલાં અહીં એક કુટુંબ ભાડે રહેવા આવ્યું. વડનગરના વતની. જ્ઞાતિએ નાગર બ્રાહ્મણ. હાઈસ્કૂલમાં શિક્ષકની નોકરી. પરિવારમાં પતિ અને પત્ની બે જ- મધુસૂદનરાય અને જાહ્નવિકાબેન. બંને સરળ, શાંત, મધુર સ્વભાવનાં. નાગરી જ્ઞાતિની સહજ નબળાઈઓથી પર, સાવ સુંવાળાં માણસ. બેયની મહાદેવજી અને માતાજીમાં આસ્થા.

એમની બાજુમાં જ રહે ભાણીફોઈ. એમનું મૂળ નામ તો કદાચ એમનેય હવે યાદ નહીં હોય. સૌ એમને ભાણીફોઈ કહે. બાળવિધવા. ખૂબ નમણાં અને ગરવાં. હૃદયની કોમળતા તો હદ બહારની. હરતાં જાય, ફરતાં જાય અને મંદ સ્વરે 'શ્રીહરિ'નું સ્મરણ કરતાં જાય. પંડે સાવ એકલાં. પાકાં મરજાદી.

પહેલા જ દિવસે જાહ્નવિકાબેન ઓટલે બેસી પોતાના ધોયેલા માથામાં તેલ નાખવાની તૈયારી કરતાં હતાં, ત્યારે ભાણીફોઈએ તેમને બોલાવ્યાં:

'આવો ને બેન, તેલ નાખી દઉં. તેલ નાખવાની મારી રીત સૌ વખાણે છે.'

તેલ નાંખતાં - નંખાવતાં પરિચય થઈ ગયો. ઊઠતાં ઊઠતાં જાહ્નવિકાબેન બોલ્યાં:

'ફોઈબા, તમે એકલાં છો. ઉંમર થઈ છે. બજારમાંથી ખરીદી કરવાનું કામ કે ઘરમાં કામ હોય તો વિના સંકોચે કહેજો. તમારા દીકરા ખરીદીમાં ભારે કુશળ છે.'

એક દિવસની વાત છે. ભાણીફોઈએ પૂછયું:

'જાહ્નવિકાબેન, તમારી ઉંમર તો ૩૫ની આસપાસ લાગે છે. લગ્ન કર્યે કેટલાં વર્ષ થયાં?'

'ફોઈબા, મને તો ૪૦ પૂરાં થશે, આ શ્રાવણમાં. લગ્ન કર્યે પણ વીસ વર્ષનાં વ્હાણાં વાયાં.'

'તો બાળક?'

'આપણા હાથની વાત ઓછી છે? હજી ખોળો ભરાયો જ નથી.'

'બેન, સારા ડૉકટરને બતાવ્યું તો હશે.'

‘ફોઈબા, થાય તે બધું કરી છૂટ્યાં. દવા અને દુવામાં કંઈ બાકી રાખ્યું નથી. મહાદેવજીની ઈચ્છા જ નથી.’

‘બેન, એક વાત કહું. ગેરસમજ ન કરતી. ભાગવતમાં એવી વાત આવે છે કે ભગવાન કૃષ્ણ સ્વરૂપે ગોકુળમાં પ્રકટ્યા, ત્યારે તેમની છઠ્ઠીના દિવસે મહાદેવજી તેમનાં દર્શને આવેલા.’

જાહ્નવિકાબેન સાંભળી રહ્યાં.

‘બેન, આજથી ઘણાં વર્ષો પહેલાંની વાત છે. સાચી બનેલી છે. એક રાજાને ચાર ચાર રાણીએ સંતાન ન થયું. તે નિરાશ થઈ સંન્યાસી બનવા તૈયાર થયો. એક શિવભક્તને મહાદેવજી હાજરાહજૂર. તેણે મહાદેવજીને વિનંતી કરીઃ ‘અમારા રાજાને એક પુત્ર આપો.’ મહાદેવજીએ ભગવાનને વિનંતી કરી. ભગવાને કહ્યુંઃ ‘એના ભાગ્યમાં નથી.’ બીજી બાજુ એ ગામમાં એક વૈષ્ણવ રહે. એમના ઘેર બીજા વૈષ્ણવ આવ્યા. તેમણે આ વાત જાણી. તેમણે કહ્યુંઃ ‘તમારા રાજાને જઈને કહો, એક વર્ષ સુધી સંન્યાસ લેવાનું માંડી વાળે. તેમને ચાર પુત્રો એકએક વર્ષને અંતરે થશે.’ વૈષ્ણવની વાણી ફળી. મહાદેવજીએ આનું કારણ ભગવાનને પૂછયું. ભગવાને કહ્યું : ‘મેં પુત્ર નથી આપ્યા. મારા ભક્તે આપ્યા છે. ભક્તનું વચન મારે પણ રાખવું પડે.’

‘પણ ફોઈબા, આજે આવા ભક્ત ક્યાં છે?’

‘છે, બેટા છે. પૃથ્વી હજી વાંઝણી થોડી થઈ છે!’ તારી ગોદ પણ બાલકૃષ્ણલાલ જરૂર ભરશે.’

બીજા દિવસે હતો સ્નાનયાત્રાનો ઉત્સવ.

ભાણીફોઈએ પરોઢિયે શ્રીબાલકૃષ્ણલાલને અધિવાસિત જલથી સ્નાન કરાવ્યું. પછી એમણે જાહ્નવિકાબેનને બોલાવી, સ્નાનના જળની લોટી આપતાં કહ્યુંઃ

‘બેન, પ્રભુમાં પૂરી શ્રદ્ધા રાખી, તમે અને મધુસૂદનભાઈ ન્હાઈને આ જળ આજે પી જજો. મારા બાળુડા લાલની લીલા તમેય અનુભવશો.’

‘ભલે ફોઈબા, તમારા જેવાં વૈષ્ણવમાં જરૂર વિશ્વાસ રાખીશું.’

બીજા મહિને જાહ્નવિકાબેનને ફોઈબાના આશિષ ફળ્યા. બરાબર પૂરા દશ માસના અંતે ચૈત્રી પૂનમે જાહ્નવિકાબેનની ગોદમાં દેવની દીધેલ દીકરી રમતી થઈ.

મધુસૂદનભાઈ આવીને ફોઈબાની પગે લાગ્યા. ફોઈબાએ કહ્યુંઃ ‘ભાઈ, મારા બાલકૃષ્ણલાલને દંડવત્ કરો. એ નટખટનાં નખરાં ઓર છે. દેવકીમાને બાલલીલાથી ટળવળતાં રાખ્યાં, અને આજે એણે તમને લક્ષ્મી આપી. એને દીકરાથીય અધિક ગણી ઉછેરજો. એ પ્રભુનો પ્રસાદ છે.’

‘ભલે ફોઈબા.’

‘અને હં, એનું શું નામ પાડશો?’

‘હજી જન્માક્ષર બનીને આવે ત્યારે નક્કી થાય. પણ મારી ઈચ્છા એવી ખરી કે પ્રભુના ચરણોદકના પ્રતાપે જન્મી છે, તેથી હું તો એને નીરા કહીશ.’

‘નીરાનો અરથ?’

‘નીરા એટલે જળ. જળમાંથી જન્મેલી તે નીરા.’

‘અમારા ધર્મમાં તો જળ એટલે જમુનાજી. એની આ સખી એટલે નીરા. પણ ગિરિધરગોપાલની એ મીરાં. વાહ ભાઈ વાહ, નીરા અને મીરાં. તમારી નીરા, મારી મીરાં. એની વધાઈમાં લો, પ્રસાદ લેતા જાવ. જાહ્નવિકાબેનને આપજો અને મીરાંનેય ચટાડજો.’

નીરવની સોડમાં સૂતેલી નીરા મમ્મી પાસેથી સાંભળેલી પોતાના જન્મની વાત અત્યારે ફરી સ્વપ્નવત માણી રહી. તે મનોમન બોલી:

'નીરાદેવી, તમારો વટ છે! વ્રજાંગનાઓ દ્વારા પ્રભુને અભિસિક્ત યમુનાજળમાં અલૌકિક સ્મર-શ્રમ-જલ-કણોથી તમારો લિંગદેહ રચાયો છે. ચૈત્રી પૂનમની શરદમાં પિયુ સંગ રંગભરી કલ્લોલવા તમે આવ્યાં છો. માઈન્ડ વેલ. નીરવના સંગનો રંગ નથી લગાડવાનો. એને તમારાં સંગનો રંગ લાગવો જોઈએ.'

એ ગણગણવા લાગી:

'તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો,
નહીં તો તું કાચો...કાચો....કાચો....'

એના ગણગણાટે નીરવ જાગી ગયો.

'એય નીરા, ઊંઘી નથી!'

'નહીં તો !'

'તો શું બબડે છે? ઊંઘમાં બબડવાની ટેવ સારી નહીં.'

'શું બબડી?'

'કંઈ સમજાયું નહીં.'

'મનેય ખબર નથી.'

'પપ્પા-મમ્મી યાદ આવી ગયાં?'

'આવીય જાય.'

'ઑલ રાઈટ, હવે ઊંઘી જા. લે હું હાલરડું ગાઉં:

'બેન તો મારી ડાહી, પાટલે બેસીને ન્હાઈ રે....'

'એય બુધ્ધુ, હું તારી બેન નહીં. અને આ ઘરમાં આવ્યા પછી તો પાટલે બેસીને ન્હાવાની ટેવ પણ જતી રહી છે. એમ કહે-શાવર નીચે ન્હાઈ.'

'ભલે, બાબા, એમ.ગુડ નાઈટ....સ્વીટ ડ્રીમ્સ.'

'પાછાં ડ્રીમ્સ? ડ્રીમ્સે તો આપણને જગાડી દીધાં... હવે સાઉન્ડ સ્લીપ..'

બંને પરસ્પરના વાળમાં કોમળતાથી આંગળીઓ ફેરવતાં ઊંઘી ગયાં.

■

૪. હું શું જાણું કે વ્હાલે મુજમાં શું રે દીઠું?

નીરવ તો સવારે ૧૦-૩૦ વાગતાં બેંકમાં જવા નીકળી ગયો. નીરાએ ઘર ગોઠવવાનું શરૂ કર્યું. મહેસાણાથી આવેલો પેક સામાન ખોલવા માંડ્યો. પુસ્તકોના પાર્સલમાંથી તેના હાથમાં એક ફોટો-આલ્બમ આવી ગયું. પપ્પાના મરોડદાર અક્ષરો વંચાયા-'જેનું છે તેને.' નીરાને પપ્પા યાદ આવી ગયા. શિક્ષકની નોકરી. આર્થિક સ્થિતિ મધ્યમ. પણ નાનપણથી જ ફોટોગ્રાફીનો શોખ. ટ્યુશન થોડાં વધારે કરી 'રોલિફલેક્સ' કેમેરા વસાવેલો. ભાડાના ઘરના ઠેઠ પાછળના ઓરડાના ખૂણામાં ડાર્કરૂમ પણ બનાવેલો. નીરાની તસવીરો તો ડગલે ડગલે ઝડપેલી, ને કાળજીથી સંઘરેલી. નીરાના લગ્ન વખતે દીકરીને એ દળદાર આલ્બમ સોંપી દીધેલું. એ આલ્બમ નીરાએ એટલી બધી વખત જોઈ નાખેલું કે તેને એકે એક તસવીરની ઝીણામાં ઝીણી વિગત યાદ રહી ગયેલી! છતાં નવરી પડે ત્યારે આ આલ્બમ લઈને બેસવાનો તેનો શોખ અકબંધ જળવાઈ રહેલો.

આજે પણ આલ્બમ હાથમાં આવતાં સામાન ગોઠવવાનું છોડી, તે ધબ લઈને સોફામાં બેસી ગઈ. સોફાના હેન્ડલ પર કુશન ગોઠવી, તેણે સોફામાં લંબાવ્યું. છાતી પર આલ્બમ ટેકવી પોતાના અતીતને જોવા લાગી.

આલ્બમના ત્રીજા પાને તેની નજર સ્થિર થઈ ગઈ. પપ્પા-મમ્મી અને ભાણીમા પાસેથી વારંવાર સાંભળેલા પ્રસંગના સ્મરણ-રમણમાં તે ખોવાઈ ગઈ.

આંબલીની પોળના ઘરમાં આગળ ઓસરી. તે વટાવી અંદર જતાં મોટો ચોક આવે. ચોકમાં ડાબી બાજુ પાણિયારું. તેની લગોલગ રસોડું. રસોડાની બાજુમાં અને પાછળ નાનામોટા બે ઓરડા.

નાનપણથી નીરાને જમીન પર આળોટવું ગમે. તે ત્રણ વર્ષની થઈ, ત્યારે આમ સવારમાં રસોડા પાસે આળોટતી, રમતી હતી. મમ્મી રસોડામાં રસોઈ કરે, પપ્પા આરામ-ખુરશીમાં બેસી છાપું વાંચે. નીરાએ સહસા બોલવા માંડ્યું: 'હેં શું કો'છો? કોણ છો તમે? બરાબર સંભળાતું નથી, હેં?'

છાપું વાંચતાં પપ્પાએ છાપામાંથી નજર હટાવી, નીરા તરફ જોયું. તે જમણા પડખે સૂતેલી હતી. જમણો કાન જમીન પર લાગેલો.

'બેટા, લવારા ન કરાય.'

'ના, પપ્પા, લવારા નથી કરતી. અંદરથી કોઈ બોલે છે. મારા જેવું જ કોઈ છે. બરાબર સંભળાતું નથી.'

ત્યારે તો પપ્પાએ નીરાની વાતને ગંભીરતાથી ન લીધી. પરંતુ આ પ્રકાર ચાલુ જ રહ્યો.

એક દિવસ બપોરે મમ્મી રસોડું સાફ કરે. નીરા રોજની જગ્યાએ જમીન પર આળોટે. તે બોલવા લાગી:

'હાં, બોલો, હાં, આજ અવાજ થોડો થોડો સંભળાય છે....હં.....કોણ બોલો?...હેં...ભગવાન?...શું?...ઠાકોરજી?...હેં...ભાણીમાના ત્યાં છે એવા ઠાકોરજી? ....હા....બોલો....હા...સંભળાય છે. શું તમે નીચે દટાયેલા છો?....બહાર આવવું છે?.....પણ હું તો બેબી છું. હું કેવી રીતે તમને કાઢું?.....પપ્પા-મમ્મીને કહું?....સારું કહીશે.'

મમ્મીએ નીરાની વાત ન ગણકારી. સાંજે પપ્પા આવ્યા. તેમણે પણ વાતને હસી કાઢી.

બીજા દિવસે સાંજે પાછી વાત શરૂ થઈ:

'હા....ભગવાન.....બોલો.....સાંભળું છું.....મેં કાલ પપ્પા મમ્મીને તમારી વાત કહી. કોઈ સાંભળતું જ નથી....હં.....તમને શાની વાસ આવે છે?'

'શું....હેં......લસણ - ડુંગળીની?.....એમ ન ખાઈએ?....મમ્મીને કહું?....તમે કહો છો તો કહીશ....પણ મારું કોઈ માનતું નથી.'

'નીરા, બેટી, લવારો શરૂ કર્યો ને પાછો?'

'મમ્મી, લવારો નથી કરતી. ભગવાન કહે છે તમે લસણડુંગળી રાંધો છો અને ખાઓ છો તે મને નથી ગમતું. મને ગંધ આવે છે.'

'તે તારા ભગવાન અમને કેમ નથી કહેતા?'

'કાલ ભગવાન બોલશે, તો તેમને પૂછી જોઈશ.'

ત્રીજા દિવસે સવારે જ નીરા જમીન પર આળોટતાં વાતે વળગી:

'મેં તો કહ્યું, ભગવાનને ગંધ આવે છે. પપ્પા કહે છે તમે એમને જ કહોને?...તમે એમને નહીં કહો?.....પણ કેમ?....બસ તમારી મરજી....ભલે, પણ મારું તો કોઈ માનતું નથી....ઓ ભગવાન!'

પપ્પા-મમ્મી આજેય નીરાની વાત સાંભળી રહ્યાં.

બપોરે જાહ્નવિકાબેન ભાણીફોઈના ઘેર ગયાં. નીરા તો ત્યાં પહેલાં પહોંચી ગયેલી.

'ફોઈબા, ત્રણ દિવસથી નીરા બબડે છે- કહે છે, ભગવાન મારી સાથે વાતો કરે છે....અમને લસણડુંગળી ખાવા ના પાડે છે-અમને કંઈ સમજાતું નથી.'

'બેટા, ભગવાન કઈ જગ્યાએ વાત કરે છે? આખા ઘરમાં?'

'ના મા, રસોડાની બહાર, ચોકમાં.'

'શું કહે છે?'

'કહે છે, તારાં ભાણીમાના ઠાકોરજી જેવો હું ઠાકોરજી છું. મને બહાર કાઢો...વળી કહે છે, ડુંગળીલસણની મને ગંધ આવે છે, તમે ન ખાશો.'

ભાણીફોઈ વિચારમાં પડી ગયાં. થોડી વાર પછી બોલ્યાં:

'બેન, એક વાત નક્કી. આ ઘરમાં સો વર્ષ પહેલાં મેનાબેન રહેતાં. પાકાં મરજાદી. ઘર બહુ જ જૂનું. પડવાની હાલતમાં. એક વાર સખત વાવાઝોડું આવેલું. તેમનું ઘર પડી ગયું. માજી અંદર દટાઈ ગયાં. કાટમાળ ખસેડ્યો, ત્યારે તેમનું શબ છૂંદાઈ ગયેલું મળેલું એમ મારાં સાસુ કહેતાં.'

'અને એમના ઠાકોરજી?'

'એમની કંઈ ખબર નથી. પછી, આ જગ્યા વેચાઈ ગઈ. અમારા ભત્રીજાએ જ ખરીદી, નવેસરથી ઘર બાંધ્યું. આપણને તો આવી વાતમાં સમજણ ન પડે, પણ હું વલ્લભભાઈને આ બાબતે પૂછીશ.'

'કોણ વલ્લભભાઈ?'

'રઘુનાથજીની પોળમાં રહે છે તે. બહુ જાણકાર છે.'

વલ્લભભાઈએ કહ્યું : 'ફોઈબા, નાનાં બાળકો નિર્દોષ હોય. તેમને કૂડકપટ ન આવડે. તે જૂઠું ન બોલે. બનવા જોગ છે, ઘર દટાઈ ગયું હોય, ત્યારે તેમાં મેનામાના ઠાકોરજી પણ દટાઈ ગયા હોય. પ્રભુ ક્યારે, કેવી રીતે, કોના પર કૃપા કરવા વિચારે તે આપણને ન સમજાય. પણ કાલે અષાઢ સુદ ચોથ થશે ને?'

'હા, ઇંદોરથી સૂરતવાળા બાવા પધારવાના છે.'

'ક્યા બાવા?'

'મોટા રાજાજી-શ્રીગોવિંદરાયજી. આપણે તેમને પૂછીશું.'

બીજા દિવસે મહારાજશ્રી પધાર્યા. વલ્લભભાઈએ બધી વાત કહી સંભળાવી. આપે આજ્ઞા કરીઃ કાલ સાંજે હું સ્થળ પર આવીશ.

અષાઢ સુદ પાંચમની સાંજે વલ્લભભાઈ મહારાજશ્રીને પધરાવી લાવ્યા. આપશ્રીએ બધી વાત ખૂબ ધીરજથી સાંભળી. પછી નીરાને આજ્ઞા કરી : ‘બેટી, હું પૂછું તે તારા ભગવાનને પૂછ. તેઓ જે કહે તે મને કહે. ભગવાનને પૂછ, તમે કાલે ક્યાં વસ્ત્રો પહેરશો?’

નીરાએ પૂછ્યું. જવાબ મળ્યો, ગુલાબી.

બેટા ફરી પૂછ. કાલે ગુલાબી વસ્ત્રો કેમ પહેરશો?

નીરાએ ફરી પૂછ્યું. જવાબ મળ્યો, કાલ કસુંબા છઠ છે.

આપશ્રીના મુખ પર પ્રસન્નતા છવાઈ ગઈ. આપે વલ્લભભાઈને પૂછ્યું : ‘વલ્લભભાઈ, અહીં રહેતાં મેનાબેન કોનાં સેવક હતાં?’

‘કૃપાનાથ, કાંકરોલીવાળા શ્રીબાલકૃષ્ણલાલજીનાં. પહેલાં તો સાધારણ વૈષ્ણવ. તેમનો એકનો એક દીકરો ભરજુવાનીમાં એક રાતની માંદગીમાં અનાયાસ હરિશરણ થઈ ગયો. ત્યારે મેનાફોઈના માથે આભ તૂટી પડેલું. બ્હાવરા જેવાં જઈ ગયેલાં. વર્ષ વીતી ગયું, પણ તેમના જીવને કળ નહીં વળેલી. મારા બાપા તેમને બેન તરીકે લેખે. એ અરસામાં કાંકરોલીથી શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ પાટણ પધારેલા. આપશ્રી પધરામણીએ સોનાવાડામાં હાથી પર બિરાજી પધારેલા. કાંકરોલી નરેશનો ભવ્ય ઠાઠ! અહીં સોનીવાડાના નાકે મેડીબંધ દરવાજો. હાથી પ્રવેશી ન શકે. હાથીને નીચો નમાવી દરવાજામાંથી પ્રવેશ કરાવેલો. ત્યારે હું આઠેક વર્ષનો, પણ મને યાદ છે. મારા બાપાએ મેનાફોઈ માટે આપશ્રીને વિનંતી કરી. આપે આજ્ઞા કરી : ‘મેના, વ્રજની મેના થઈને રડે છે? તારો દીકરો પ્રભુએ લઈ લીધો એટલે? જા, કાલ રાજભોગ વખતે મંદિરે આવજે. તને દીકરા તરીકે ઠાકોરજી પધરાવી આપીશ. એમનું લાલનપાલન દીકરાની જેમ કરજે.’

‘પછી?’

‘બીજા દિવસે આપે શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું અને આજ્ઞા કરી : ‘યે મૈં હી હૂં. તેરો બાલક માનિયો.’

‘બસ તે દિવસથી જ મેનાફોઈ સખડી ધરવા લાગ્યાં. મારા બાપાનો સત્સંગ. ગુરુદેવની કૃપાથી મેનાફોઈનો પ્રભુમાં અઢળક વાત્સલ્યભાવ. સતત પ્રભુને બચકારતાં રહે, તેમની સાથે સતત વાતો કરતાં જાય. કદી તેમણે ઠાકોરજીને ઝાંપીજીમાં પધરાવ્યાં નથી. કદી ઘરને તાળું વાસ્યું નથી. ઠાકોરજીને એકલા ઘરમાં મૂકીને ભગવદ્‌વાર્તામાંય ન જાય. મારા બાપાએ તેમને ત્યાં ભગવદ્‌વાર્તા વાંચવા માટે આવવાનું શરૂ કરેલું.

‘તેમના ઘરને અકસ્માત થયો ત્યારે મારા બાપાની કડી બદલી થયેલી. અમને પછી સમાચાર મળેલા. શ્રીઠાકોરજીના સમાચાર જાણેલા નહીં.’

‘વલ્લભભાઈ, એક વાત નિશ્ચિત. શ્રીઠાકોરજી આ સ્થાનમાં નીચે બિરાજે છે. આપને ફરી બહાર પધારવું છે. આ કુટુંબની સેવા લેવી છે!’

‘પણ મહારાજ, અમે તો વૈષ્ણવ જ નથી, શૈવ છીએ.’ મધુસૂદનરાયે કહ્યું.

‘ભાઈ. પ્રભુની ઇચ્છા મેં તમને કહી. ઘણા શિવભક્તો પણ પ્રભુની ઇચ્છા થતાં કૃષ્ણભક્ત બન્યા છે. આદ્ય શંકરાચાર્યજી અને તેમના પટ્ટશિષ્ય શ્રીમધુસૂદન સરસ્વતીએ પણ ભક્તિ તો કૃષ્ણની જ કરી છે!’

‘કૃપાનાથ, હવે શું કરવું?’

‘કાલે કસુંબા છઠ છે. સવારે શુભ મુહૂર્ત જોઈ આ જગ્યાનો પથ્થર જાતે જ ખોલજો. ચારેક ફૂટ જેટલી માટી ખોદજો. અંદરથી સ્વરૂપ પ્રાપ્ત થશે.’

‘પછી એ સ્વરૂપનું શું કરવું?’

'હમણાં તો ભાણીફોઈ, પંચામૃત કરાવી, તમારા શ્રીની સાથે પધરાવજો. પછી કાંકરોલી નરેશ કાકાજીની આજ્ઞા પ્રમાણે કરજો.'

બીજા દિવસે ખોદકામ કરતાં એક ટોપલી ઊંધી પડેલી નીકળી અને તે ઉઠાવતાં તેની નીચે ગાદીતકિયા પર બિરાજેલા શ્રીબાલકૃષ્ણજી પ્રાપ્ત થયા. આ ચમત્કારથી મધુસૂદનભાઈ અને જાહ્નવિકાબેન અત્યંત પ્રભાવિત થયાં. તે બંનેને સતત ત્રણ રાત શ્રીઠાકોરજી સ્વપ્નમાં દર્શન આપે. બંનેનું મન બાલુડા રાજાએ મોહી લીધું.

બંનેએ વૈષ્ણવ બનવાનો નિશ્ચિય કર્યો. જન્માષ્ટમી પર નીરાને લઈ વલ્લભભાઈ અને ભાણીફોઈ સાથે બંને જણ કાંકરોલી ગયાં.

કાંકરોલીનરેશને બધી વાત કહી. 'સદામુગ્ધસ્મિતમુખાંબુજ' શ્રીવ્રજભૂષણલાલજીની પ્રસન્નતાનો પાર નહીં. આપે ત્રણેયને વ્રત કરાવી બ્રહ્મસંબંધ આપ્યું. શ્રીઠાકોરજીને પંચામૃત કરાવી, પોતાની તપેલીમાં એક દિવસ પધરાવી, મધુસૂદનભાઈને પધરાવી આપ્યા અને આજ્ઞા કરી : 'મેનાબેનકી આડીસૂં ઈનકો સેવિયો. યે ભાણીબાઈ સૂં સેવાકી સઘરી રીતિ સિખિયો. જિનકે સન્મુખ તુમ્હારો બ્રહ્મસંબંધ ભયો વહી શ્રીદ્વારકાધીશજીકો યે સ્વરૂપ જાનિયો. ઉનકો 'દ્વારકેશ'નામ ધરિયો.'

નીરા આલ્બમના ફોટા જોતી રહી. પપ્પા-મમ્મીએ અને ભાણીમાએ કહેલી વાતો વાગોળતી રહી. એને તો માત્ર એટલું જ યાદ હતું-કાંકરોલીનું રાયસાગર. પપ્પાની ગોદમાં તરવાની આવી ગયેલી મજા.

ત્યાં ડોરબેલ રણક્યો. નીરાની તંદ્રા તૂટી ગઈ. તે ઝટ લઈને બેઠી થઈ. ઘડિયાળ જોઈ : 'બાપ રે, સાડા પાંચ! નીરવ જ આવ્યો.' તે બારણું ખોલવા ઉતાવળી દોડી.

■

૫. એક વર્યો શ્રીગોપીજનવલ્લભ

આજે શનિવાર હતો. નીરવ બેંકમાંથી વહેલો ઘેર આવી ગયો. ચા નાસ્તો કરતાં નીરવે કહ્યું : 'નીરા, ચાલ, મુંબઈના બજારમાં થોડું ફરી આવીએ.'

'હા, થોડું શોપીંગ પણ કરવાનું છે.'

'ભૂલેશ્વરની ભીડ શી ચીજ છે તે તને બતાવું.'

બંને બહાર જવા તૈયાર થયાં. નીરવે સફેદ લેંઘા પર આસમાની રંગનો ઝભ્ભો પહેર્યો. નીરાએ નીરવના ડ્રેસ સાથે મેચ થાય તેવાં આસમાની સાડી-બ્લાઉઝ પહેર્યાં. વાળનો જાપાનીઝ પદ્ધતિનો અંબોડો લીધો. બંગડી, એરીંગ અને ગળાની માળા પણ આસમાની. અરે, હેન્ડ બેગ પણ આસમાની જોઈને નીરવ બોલી ઊઠ્યો :

'વાહ, એક્સેલન્ટ, આજ તો આસમાન જ ધરતી પર ઊતરી આવ્યું ને કંઈ!'

'થેન્કસ ફોર કોમ્પ્લીમેન્ટ્સ. નીકળીશું?'

બેંકે આપેલ સફેદ ફિયાટમાં બંને નીકળ્યાં. રસ્તામાં નીરવ નીરાને મુંબઈની ભૂગોળનો પરિચય કરાવતો રહ્યો. નીરા મુંબઈની મદહોશીને અપલક નેત્રે જોતી રહી.

કુંભાર ટુકડાના વિસ્તારમાં પાર્કીંગ પ્લેસ મળી જતાં નીરવે ગાડી ઊભી કરી દીધી. 'બસ, અહીંથી પદયાત્રા શરૂ.

ભીડમાં છૂટાં પડી જવાય તો બેબી, રડવાનું નહીં. આ ગાડી પાસે આવી જવાનું.'

'બલે, બાબા!'

ગાડીમાંથી બહાર આવી, નીરા ગાડીનો કાચ ચઢાવતી હતી, ત્યાં તેના કાને અવાજ આવ્યો : 'જે......જે......જે....એ....'

નીરાએ અવાજની દિશામાં સામે નજર કરી. મંદિર જેવું મકાન જોયું. દર્શન કરી આવતાં-જતાં વૈષ્ણવોને જોયાં. કાચ ચઢાવવાનો રહેવા દઈ, તે મંદિરની દિશામાં દોડી. નીરવ તેને જતી જોઈ રહ્યો.

મંદિરના ચોકમાં ફૂલમંડલીમાં શ્રીઠાકોરજી બિરાજતા હતા. પાછળ કમળોની ચીતરેલી નયનરમ્ય પિછવાઈ હતી. આગળ ફૂવારા ઊડતા હતા. કીર્તનિયાજીના ગળામાંથી ઘૂંટાઈને સૂર સાથે કીર્તનના શબ્દો દ્રવીભૂત રસસરિતાની જેમ રેલાતા હતા : 'બન ઠન કહાં ચલે, ઐસી કો મન ભાઈ સાંવરે કુંવર કન્હાઈ.'

શ્રીપ્રભુ સન્મુખ જતાં નીરાએ ડાબા ખભા પર પડેલ સાડીનો છેડો માથે ઓઢી લીધો. શ્રીપ્રભુને દંડવત કરી કીર્તનિયાજીની બાજુમાં બેસી ગઈ. કીર્તનિયાજીના સૂરમાં સૂર મેળવી મંદ સ્વરે ગાવા લાગી:

'મુખ તો સોહે દૂજ કો ચંદા છિપ છિપ દેત દિખાઈ....'

એના કંઠની હલક....ભાવની આર્દ્રતા.....ધ્રુપદ શૈલીની સજ્જતાએ કીર્તનિયાજીનું ધ્યાન તેના તરફ દોર્યું, પણ નીરા તો શ્રીપ્રભુનાં નેત્રોમાં પોતાની આંખો પરોવી ગાઈ રહી હતી. કીર્તનિયાજી ગાતા થંભી ગયા. નીરાના કંઠમાંથી મીઠા રોષ સાથે કીર્તનની ત્રીજી પંક્તિ ઝમી રહી હતી:

'ચલે હી જાઓ! નેક ઠાડે રહોગે? કૌન ઐસી સીખ સિખાઈ....' તાનપલટા સાથે વિલંબિત લયમાં નીરાએ 'કૌન ઐસી સીખ સિખાઈ' ગાયું અને અંતે આંખમાં આંસુ અને હોઠ પર વિરહજન્ય આક્રોશ સાથે તે ગાઈ ઊઠી : 'નંદદાસ પ્રભુ અબ ન બનેગી....'

સામે બિરાજતા શ્રીપ્રભુ જાણે નીરાને પૂછી રહ્યા હતા : 'ન બનેગી તો કહા કરેગી?'

'નીરાની તડપને માનિની નાયિકા સ્વરૂપે જવાબ વાળ્યો :

'નિકસ જાય ઠકુરાઈ....નિકસ જાય ઠકુરાઈ...નિકસ જાય....' સ્થળ-સમય ભૂલેલી નીરાના મોંમાંથી દાબી રાખેલું ડૂસકું નીકળી ગયું. મુખિયાજીએ ટેરો લઈ લીધો. જૈફ વયના કીર્તનિયાજીએ પિતાના વાત્સલ્યથી નીરાની પીઠ પસવાળતાં કહ્યું : 'વાહ, બેટી, પ્રભુની આટલી બધી કૃપા! ધન્ય છે તને!'

બીજી જ ક્ષણે નીરા સ્વસ્થ થઈ ગઈ. મુખિયાજીએ બહાર આવીને બીડું આપ્યું. નીરા ફરી દંડવત કરી કોઈ કંઈ પૂછે, તે પહેલાં ભીડમાંથી રસ્તો કરતી, રસ્તા પર આવી ગઈ. જમણા હાથમાં ગોગલ્સ પકડી, તેની એક દાંડી હોઠ વચ્ચે ભરાવી, ગાડીને અઢેલીને નીરવ ઊભો હતો. નીરાએ જોયું- નીરવના મુખ પર અણગમો છુપાયેલો છે. બહારથી નિરાંતનું-સ્વસ્થતાનું મ્હોરું પહેરેલું છે. તે રસ્તો ઓળંગી, નીરવની નજીક આવી પહોંચી.

'દર્શન કરી આવી?'

સાડીનો છેડો માથા પરથી સરકાવી, ખભા પર ગોઠવતાં તે બોલી : 'હા.' 'ચાલો, શોપીંગ માટે જઈશું?'

'ચાલો.'

શોપીંગ કરી, જમવાનું બહાર જ પતાવી રાતે બંને 'કૃષ્ણકુંજ'માં પાછાં ફર્યાં. નીરવ સમુદ્રાભિમુખ બાલ્કનીમાં હીંચકે જઈ બેઠો. નીરા ખરીદેલા સામાનની થેલીઓ રસોડામાં ગોઠવી, બાલ્કનીમાં આવી, ત્યારે નીરવ ગણગણતો હતો- 'સુખી હું તેથી કોને શું? દુઃખી હું તેથી કોને શું?' નીરા નીરવની બાજુમાં બેસી ગઈ. જમણો હાથ નીરવના ખભે મૂકતાં તેણે

હળવેકથી કહ્યું : 'હું હવેલીએ દર્શન કરવા ગઈ તે ન ગમ્યું ને? નારાજ થઈ ગયો ને?'

'ના, રે.'

'આ ઘરમાં જૂઠું બોલવાની મનાઈ છે.'

નીરવ મૂંગો રહ્યો.

'આપણા વચ્ચે આમ અબોલા રહેશે, તો પછી લવાદી કોણ કરશે?'

'નીરા, એવું કંઈ નથી.'

'તો છે શું?'

'માઠું ન લાગે તો મારા મનની વાત કહું.'

'આપણા બે વચ્ચે માઠું લગાડવાનો વિચાર જ નહીં કરવાનો. મનની વાત કહી જ દેવાની.'

'નીરા, આપણા બંનેની ધર્મ અંગેની માન્યતા અને આચરણની બુનિયાદ જ જુદી છે. મારું ધર્માચરણ તું નહીં સ્વીકારી શકે. તારું ધર્માચરણ મને નહીં ફાવે. બે એકાદશી આવશે, ત્યારે હું પહેલી એકાદશીનો આગ્રહ રાખીશ, તું બીજી એકાદશીનો. મને શિવરાત્રિનું વ્રત કરવું ગમે, તને જન્માષ્ટમીનું. હું શ્રાવણ મહિનામાં બિલીપત્ર ચઢાવું-'

'અને હું હિંડોળા ઝુલાવું.'

'એકઝેકટલી. આના કારણે આપણા પરસ્પર 'સ્વ' ટકરાશે. 'અહં' ઘવાશે. ક્યારેક પતિવૃત્તિ પ્રબળ બનશે, ત્યારે તારો ઓશિયાળાપણાનો ભાવ આંખમાં આંસુ બની વહેશે. આપણા વચ્ચે મનદુ:ખ થશે. આ ઘરની શાંતિ, સુખ, સ્વસ્થતા છિનવાઈ જશે. તું સ્ત્રી છે. તારી સ્ત્રીહઠ મજબૂત બનશે. હું રાજકુંવરની અદામાં મોટો થયો છું. તે રાજહઠ તારી સ્ત્રીહઠ સાથે અથડાશે. આ બધાનો ઉપાય વિચારું છું. પ્લીઝ હેલ્પ મી.'

'બસ? આટલી વાતમાં આટલો બધો બેચેન? બેંકનો મોટો ઑફિસર થયો છે! ને આટલા નાના પ્રોબ્લેમમાં માથું ફરી ગયું? આનો ઉકેલ તો મને સાંજે જ મળી ગયો.'

'ક્યાં?'

'મેટ્રો હાઉસમાં આવેલા ઝવેરી બ્રધર્સ પ્રાઈવેટ લિમિટેડના શો રૂમમાં. ગાડીમાંથી ઊતરતાં જ તું તારા પરિચિત સાથે વાતે વળગ્યો. હું શો રૂમમાં ગઈ. ત્યાં એક હસમુખો, જાજરમાન યુવાન ઊભો હતો. તેના ગળામાં તુલસીમાળા જોઈ મારાથી વગર વિચાર્યે હાથ જોડાઈ ગયા, જયશ્રીકૃષ્ણ કહેવાઈ ગયું, તેની પાછળ ભીંત પર ઑઈલ પેઈન્ટ પોટ્રેઈટમાં એક પ્રભાવશાળી વ્યક્તિત્વ નજરે પડ્યું. મારી આંખો ત્યાં સ્થિર થઈ.

તે યુવાને કહ્યું : એ છે મારા દાદા શ્યામદાસ ગોવિંદજી ઝવેરી.

'વૈષ્ણવ છો?'

'હા, પણ દાદા મૂળ જૈન. રોટલો રળવા મુંબઈ આવ્યા. લાલબાવાના મંદિરના ઓટલે રાત ટૂંકી કરે. ત્યાં સત્સંગ થાય. ન સાંભળવા હોય તોય શબ્દો કાને પડે. ૮૪ વૈષ્ણવનો રંગ લાગ્યો. ત્યારે મોટા મંદિરમાં શ્રીગોકુલનાથજી મહારાજ બિરાજે. તેમના સેવક થઈ ગયા. ઘરમાં વિરોધ થયો, પણ આવું ગણકારે તો એ દાદા નહીં. એમની માએ લગ્ન માટે દેશમાં બોલાવ્યા. કન્યાના માંડવેથી પાછા ફર્યા.'

'કારણ ?'

'કન્યાવાળાનો આગ્રહ તુલસીમાળા ઉતારો. દાદા કહે, એ ન બને. મુંબઈ પાછા આવ્યા. શ્રીગોકુલનાથજી મહારાજે આજ્ઞા કરી : પાછો દેશમાં જા. કંઠી ધોતિયાની ઓટમાં છુપાવજે. એ જ કન્યાને પરણી આવ.'

'લગ્ન થયું?'

'હા, અમારાં માએ પણ વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યો. દાદા એક વોરાની દુકાને નોકરી કરે. એ હંમેશ તિલક કરે અને સાચવે. એ દુકાને ખરીદી માટે આવેલા એક વૈષ્ણવે તિલક જોઈ દાદા સાથે વાતો કરવા માંડી. ત્યારે બીજા ઘરાક તરફ ધ્યાન ન આપતાં તે ઘરાક નારાજ થઈ ચાલ્યા ગયા. વોરાજીને ગુસ્સો આવ્યો. દાદાને સંભળાવી દીધુંઃ ધરમ ઘરે રાખો. દાદા પણ બીજા દિવસથી નોકરીએ જાય, ત્યારે કંકુનું તિલક લૂછી, પ્રસાદી જળનું તિલક કરી જાય. કંઠી પણ ખમીસમાં છુપાવીને રાખે.'

'ઓહ! તમે તો સરસ વાત કહી. તમારું નામ?'

'દિનેશ....દિનેશ ઝવેરી.'

'નીરવ, ત્યાં તું આવી પહોચ્યો. આપણે ખરીદીમાં લાગ્યાં. પણ દિનેશભાઈ માણસ મજાના. તે કહેતા : અમારા ત્યાં હાઈ સોસાયટીના ઘરાકો આવે. અંગ્રેજીમાં વાત કરવી પડે. બધી સ્ત્રીઓને હું 'સિસ્ટર' જ કહું, મેડમ ન કહું. મેં પૂછયું : કારણ? તે કહે : 'મેડમ' શબ્દ મારાં શ્રીમતીજી માટે રિઝર્વ છે.'

'તું તો બીજી વાતે ચડી ગઈ. તને આપણા પ્રોબ્લેમનો ઉકેલ શો મળ્યો?'

'બસ, એ જ, જે શ્યામદાદા ઝવેરીને મળ્યો હતો. ધર્મ હૈયામાં છુપાવી રાખવો. આપણે બંનેએ મનમાં પોતપોતાનો ધર્મ પાળવો. ધર્મના સિદ્ધાંતો અને આચરણની ચર્ચા આપણા બે વચ્ચે જાણે-અજાણે પણ નહીં કરવાની. આ ઘરમાં આપણા માટે એક જ ધર્મ.'

'ક્યો?'

'દંપતીધર્મ.'

'સમજણ પડે એવું બોલ. હું રહ્યો આંકડાનો માણસ.'

'સાદી સીધી એક વાત. આ ઘરમાં આપણા ઈષ્ટ દેવના ફોટા કે ચિત્રો નહીં લટકાવવાનાં. ધાર્મિક તહેવારો નહીં, પણ સામાજિક તહેવારો ઊજવવાના. પૂજા-પાઠ પણ મનમાં જ. હા, બહાર જઈએ તો હવેલીમાં દર્શન કરવા જવાની મને છૂટ. તારે શિવાલયમાં જરૂર જવાનું.'

'તું ન આવે શિવાલયમાં?'

'મારે શિવજી સાથે ઝઘડો નથી. બટ ઈટ ડીપેન્ડ્સ.'

'ઓ. કે. મંજૂર.'

'અજમાવી જોઈએ, આ રસ્તો. દેશમાં વિવિધ ધર્મીઓ શાંતિપૂર્વક સહવાસ કરે, તો એક ઘરમાં કેમ આપણું સહ અસ્તિત્વ ન બન્યું રહે? આપણે પતિ-પત્ની છીએ. તું તારો પતિધર્મ સંભાળ. હું મારો પત્નીધર્મ સંભાળું. આનું જ નામ દંપતીધર્મ. દમ મારે એવા પતિ બનવું એ દંપતીધર્મ નહીં. સમજ પડી, મહાશય?'

'ન પડી હોય તો?'

'તો ચાલો બેડરૂમમાં. ત્યાં વધુ સમજ પાડી દઈશ.'

નીરાએ પગથી હીંચકો થોભાવતાં, હાથ પકડી નીરવને ઊભો કર્યો. સાગરના ભાલ પર બીજચંદ્રિકાની ચમક જોતાં નીરવનું કવિદિલ ગાવા લાગ્યું :

'તને જોઈ જોઈ તોય તું અજાણી,
બીજને ઝરુખે ઝૂકી'તી પૂર્ણિમા ઝાઝેરો ઘૂમટો તાણી.'

◆

૬. મેરો દરદ ન જાને કોઈ રી

'આજે ઊંઘ નથી આવતી?'

પથારીમાં પડખાં ફેરવતા મધુસૂદનરાયને માથે હાથ ફેરવતાં ચિંતાતુર અવાજે જાહ્નવિકાબહેને પૂછયું.

'ના.'

'તબિયત તો ઠીક છે ને?'

'હા.'

'તમે તો પથારીમાં લંબાવતાંની સાથે જ ઘસઘસાટ ઊંઘી જનાર. આજ શાના વિચારે ચઢ્યા છો?'

'જાનુ, આપણી નીરા બાવીસ વર્ષ પૂરાં કરશે. નાતમાં ચારે બાજુ નજર દોડાવું છું. ક્યાંય તેને લાયક વૈષ્ણવ મૂરતિયો નથી દેખાતો. આપણી આખી નાગરી નાતમાં વૈષ્ણવ ઘર જ નથી, તો મૂરતિયો ક્યાંથી જન્મ્યો હોય?'

'વાત તો સાચી છે. આમેય આપણે વૈષ્ણવ બન્યા પછી નાત સાથે સંબંધ રહ્યો જ ક્યાં છે? આ જમાનામાં નાતનો આગ્રહ પણ જરૂરી નથી ગણાતો. આપણેય ક્યાં બે-ચાર લગ્ન કરવાનાં છે? બસ, નીરાના હાથ પીળા થાય એટલે પત્યું. નાત નહીં તો પરનાત. બ્રાહ્મણ હોય એટલે બસ.'

'તારી વાત સોળ આની સાચી. એય મારા ધ્યાનમાં છે. ક્યાંય તપાસ કરાવું છું. ક્યાંક વૈષ્ણવ ઘર હોય છે, તો છોકરો ભણેલો-ગણેલો નથી. હોતો. ક્યાંક એ ઘરના સંસ્કાર આપણને અનુરૂપ નથી હોતા. ઠેઠ પૂના અને ઈંદોર સુધી તપાસ કરાવી. આખું કાઠિયાવાડ ફેંદી કાઢ્યું. શું કરવું તે સૂઝતું નથી.'

'એમ કરો, અષ્ટાક્ષર રટો. પ્રભુ સર્વસમર્થ છે.'

'જાનું, મને તો એવોય વિચાર આવે છે કે નીરા છો આપણા ઘરમાં જ રહી. આમેય તેનું પ્રિય ભજન છે. 'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ.' તે હિલગનાં પદો ગાય છે. ત્યારે હું પણ અંતરથી દ્રવી જાઉં છું.'

'જુઓ, રાયજી,! દીકરી આપણને ભારે ન પડે. એમાંય નીરા તો દીકરો છે, પણ શોભતું હોય તેમ શોભે. વેલ એકલી ન ટકે. એનેય વૃક્ષનો સહારો જોઈએ. આપણે આજ છીએ, કાલની ખબર નથી. સાઠીનો દાયકો પૂરો થવામાં હવે વાર નથી. પછી નીરાને દુનિયામાં કોનો ટેકો?'

'તમારી આ વાતનોય મને વિચાર આવે છે. કાલે ભાણીફોઈને વાત કરીએ. એ ભગવદીય રસ્તો બતાવશે.'

બીજા દિવસે મધુસૂદનરાય અને જાહ્નવિકાબેને ભાણી ફોઈને વાત કહી. ફોઈબાએ એમની લાક્ષણિક લઢણમાં કહ્યું: 'જીવ, તું શીદને ચિંતા ધરે, શ્રીકૃષ્ણને કરવું હોય તે કરે.' ઠાકોરજી તો વિચિત્રકર્મા છે. એની રીતિ, ગતિ સાવ નોખાં. આપણી ચાંચ નો બૂડે. આપણી નીરા તો હીરો છે હીરો. પાઠશાળામાં જઈ કેટલું બધું શીખી આઈ છે, મૂઈ! ષોડશ તો મોઢે, બધાં સ્તોત્ર મોઢે, કીર્તનો મોઢે; વલ્લભાખ્યાન, મૂળપુરુષ અને જમનાજીનાં પદ તો મોઢે. શૃંગાર જાતે બનાવે, વસ્ત્ર બનાવવાની આવડત તો એની જ. સેવાય શું પ્રેમથી કરે છે! શ્રીઠાકોરજીના હૈયે શોભે એવો હીરો છે.'

'બસ, મા, બહુ થયું. ખીચડીને બહુ વખાણવી નહીં, દાંતે વળગશે.'

'અલી, તું સાંભળી ગઈ?'

'બેટા, આજ વહેલી આવી ગઈ?'

'તબિયત તો સારી છે ને દીકરી?'

'હા, શાળામાં રજા પડી. અમને શિક્ષકોનેય રજા મળી.'

કાલ રાતની પપ્પા-મમ્મીની વાત નીરાએ પોતાના ઓરડામાં સૂતાં-સૂતાં સાંભળી હતી. આજની વાત પણ એના જ અનુસંધાનમાં ચાલી રહી છે, તે સમજતાં નીરાને વાર ન લાગી. તે ત્રણેની સામે પલાંઠી વાળીને બેસી ગઈ.

'મા, મને ખબર છે, તમે બધાં મારી ચિંતા કરો છો તે. તમારે મારી ચિંતા નહીં કરવાની.'

'તારા સિવાય બીજું કોઈ છે, જેની ચિંતા કરીએ?'

'જુઓ, શરમ છોડીને આજ એક વાત કહી દઉં. ઠાકોરજી સેવવા મળશે એવા ઘરની વહુ બનીશ. 'સાચા સગા છો શ્રીનાથજી. બીજું સગું તો સૌ મુખથી કહેવાનું' મારો વર ભલે રૂપાળો ન હોય, ઓછું કમાતો હોય, ભણેલો ન હોય, લૂલો-લંગડો હોય તોય વાંધો નહીં. વૈષ્ણવ હોય એટલે પત્યું. એ તો દેહનો સંબંધ છે. સાચો સંબંધ તે આત્મ-સંબંધ.'

'મૂઈ તું તો. અમારા જમાનામાં છોડી આમ લાજ મૂકીને વાત ન કરે.'

'તે મા, તમારા જમાનામાં છોડીને માથે આવું ધર્મ સંકટે ક્યાં હતું?'

'ભાઈસા'બ, તારી વાત મનેય નથી સમજાતી. રમણભાઈ પાસે પાઠશાળામાંથી કેવું કેવું શીખી આવી છે?'

'મમ્મી, ભલે તને અને માને મારી વાત ન સમજાય. પપ્પા, તમને તો સમજાય છે ને?'

'બેટા, મધુસૂદનરાયને સમજાય, પપ્પાને ન સમજાય.'

'એક કામ કરો. આખા પાટણમાં તમને ત્રણેને સમજાવી શકે એવી હવે એક જ વ્યક્તિ છે- પાઠશાળાવાળા રમણભાઈ! ચાલો, ભાઈ પાસે જઈએ. તે કહે તે મને કબૂલ. તમારોય એમની વાત કબૂલ રાખવી પડે.'

બધાં ચાચરિયામાં રમણભાઈ પાસે ગયાં. એક વાડીમાં નાની ઓરડી. આગળ ખુલ્લી ઓસરી. ત્યાં ડાબા હાથના ખૂણે કંતાનના આસન પર રમણભાઈ બેઠેલા. કૃશકાય દેહ. માથે તદન આછા વાળ. ટૂંકી પોતડી પહેરેલી. બાકીનું શરીર સાવ ખુલ્લું. ચારે બાજુ પુસ્તકો અને પ્લાસ્ટિકની જુદી જુદી થેલીઓમાં કાગળો. પાઠશાળાનું પુસ્તક-પ્રકાશન અહીંથી જ થાય. વરસેદિવસે લાખો રૂપિયાનાં સસ્તી કિંમતના પુસ્તકો છપાય અને દુનિયાભરમાં પહોંચે. પુસ્તકમાં શોધી એક ભૂલ ન મળે. સંસારી છતાં તદ્દન વિરક્ત. લૌકિક વાતનું નામ નહીં. મોઢે નામ, હાથે કામ. આવા રમણભાઈ પ્રૂફ જોતા હતા.

ચારે જણને ડેલામાંથી આવતાં જોઈ, તેમણે માથું નમાવી ભગવદ્-સ્મરણ કર્યાં. આંખના ઈશારે બેસવા સૂચવ્યું. પાછા તે તો કામમાં ડૂબી ગયા.

'ભાઈ, તમારી સલાહ લેવા આવ્યાં છીએ.'

'નીરા, મને સંસારમાં શી સમજ પડે? સંસારનો 'ઢ'એ ન જાણું.'

'એટલે જ તમારી સલાહ જોઈએ છે.'

મધુસૂદનરાયે વિગતવાર બધી વાત કહી. રમણભાઈ આંખો મીંચી સાંભળી રહ્યા.

રમણભાઈએ ધીમા અવાજે કહેવા માંડ્યું : 'વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ'- પ્રભુ કરે સો ખરી. પ્રભુ જો કરે, સો ભલી કરે. આ દુનિયામાં પ્રભુના પ્યારા દૈવી જીવો અનેક સ્થળે વેર-વિખેર ભૂલ્યા-

ભટક્યા છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, સાત બાળકો ને વલ્લભકુળ ભારતમાં અને હવે તો વિદેશમાં ફરી ફરી આ દૈવી જીવોને શરણે લઈ ઉદ્ધાર કરતા રહ્યા છે. પરંતુ પ્રભુને શ્રમ થાય તે દાસનો ધર્મ નથી, સ્નેહીનો ધર્મ નથી. તેથી શ્રીપ્રભુએ શ્રીમહાપ્રભુનો શ્રમ ઓછો કરાવવા પોતાના સ્વકીય જનોને પણ ભૂતળ પર વિચરી, દૈવી જીવોને શોધી-વીણી શ્રીવલ્લભનાં ચરણમાં લઈ આવવાની જવાબદારી સોંપી છે. ચાચા હરિવંશજીએ આ સેવા ખૂબ કરી. વંશપરંપરાથી અન્ય ધર્મનું આચરણ કરતા કેટલાય દૈવી જીવો વૈષ્ણવોના સંગથી અનન્ય વૈષ્ણવ બન્યાનાં જવલંત દૃષ્ટાંતો છે. ૨૫૨ વૈષ્ણવમાં હરિદાસની બેટી. જૈનને વ્યાહી, પણ તેના સંગના રંગે એ આખો જૈન પરિવાર વૈષ્ણવ થઈ ગયો. માતાજી, મહાદેવજી, ગણપતિજી આદિના અનેક ઉપાસકો આમ વૈષ્ણવ બન્યા છે. રસખાનજી અને અલીખાનજી જેવા મુસલમાનો પણ અનન્ય કૃષ્ણભક્ત બન્યા છે. વૈષ્ણવ તો પારસમણિ છે. એના સ્પર્શે લોઢા જેવા તુચ્છ જીવો- મોચી, ચમાર, માછીમાર, પારધી, વેશ્યા પણ વૈષ્ણવ બન્યાં છે. વૃંદાવનમાં થોડાં વર્ષ પહેલાં મંગળદાસભાઈ નામના એક વૈષ્ણવનો સંગ થતાં, એક અમેરિકન યુવાન વૈષ્ણવ બન્યા. તેમણે શ્યામદાસ નામ રાખ્યું. શ્રીપ્રથમેશજી મહારાજના સેવક છે.'

'ભાઈ, આ તો બધું બરાબર. પણ નીરાનું શું કરવું?' ભાણી ફોઈએ પૂછ્યું.

'જુઓ ફોઈ, નીરાને લાયક વૈષ્ણવ ઘરવર ન મળે તો તમારી જ્ઞાતિમાં જ લાયક વર જોઈ નીરાને પરણાવી દો. નીરાના સંગે એ જુવાન પણ વૈષ્ણવ કેમ નહીં થાય? લગ્નનું નક્કી કરતાં પહેલાં તમારા ગુરુદેવની આજ્ઞા માગી લેજો. 'વલ્લભાચાર્યપ્રસાદેન, સર્વં શુભં ભવિષ્યતિ.'

'પણ, ભાઈ....'

'સમજું છું, નીરા તારા હૃદયને. સંયોગરસ પર્યાપ્ત નથી. એ જ આપણું આખરી ધ્યેય નથી. વિપ્રયોગરસાત્મા પ્રભુના ભાવાનુભવ માટે વિયોગ પણ આવશ્યક છે. શું પ્રભુ મથુરા પધાર્યા ત્યારે વ્રજભક્તોને વ્રજમાંથી મથુરા જતાં કોઈ રોકતું હતું? કેમ ન ગયાં? શું શ્રીનાથજી મથુરામાં સતઘરામાં પધાર્યા, ત્યારે ચતુર્ભૂજદાસજીને ગિરધરજી સતઘરામાં શ્રીનાથજીનાં દર્શન ન કરાવત? તેઓ કેમ ન ગયા? શું ખુદ શ્રીગુસાંઈજીએ ધાર્યું હોત તો કૃષ્ણદાસ અધિકારીને દૂર કરી શ્રીનાથજીની સેવા કરી શક્યા ન હોત? કેમ ચંદ્ર સરોવર પધાર્યા? એક જ કારણ. શ્રીપ્રભુની વિપ્રયોગરસનું દાન કરવાની ઈચ્છા. આંતરં તુ પરમ્ ફલમ્ - એ સુખાનુભવ તને કરાવવાની જ શ્રીપ્રભુની ઈચ્છા છે એમ મને તો સમજાય છે, માટે શુભસ્ય શીઘ્રમ્.'

'ભલે, ભાઈ, તમારી આજ્ઞા માથે ચડાવું છું.'

સૌ રાજી થઈ ઘેર આવ્યાં. મધુસૂદનરાયે નીરાને યોગ્ય મૂરતિયો ફરી શોધવા માંડ્યો. પ્રભુકૃપાએ મળી ગયો નીરવ. માતા-પિતાને નાનપણમાં ગુમાવેલાં. મોસાળમાં મોટો થયેલો. એમ.કોમ.ફર્સ્ટ કલાસ ફર્સ્ટ વીથ ડિસ્ટીંકશન. એલએલ.એમ. ફર્સ્ટ કલાસ. બરોડા બેંકમાં સીધી ઓફિસર તરીકે ભરતી. દેખાવડો, મીઠડો. માત્ર ચુસ્ત શૈવી.

નીરવ પાટણ આવ્યો. નીરાને મળ્યો. કલાક બંનેએ આડીઅવળી વાતો કરી. નીરવે મામાને કહ્યું : 'મને નીરા ગમી છે.'

નીરાએ મમ્મીને કહ્યું: 'નીરવ ચાલશે.'

છ મહિના પછી લગ્ન લેવાયાં. ત્યાં સુધી બંને મળતાં રહ્યાં. એકબીજાને સમજતાં રહ્યાં. બંને સિફતપૂર્વક ધર્મની વાત ટાળે. એક દિવસ નીરાએ કહ્યું : 'નીરવ, તારા અને મારા નામને ઊલટાવ. મજા આવે એવા શબ્દો બનશે.'

'હં....વરની રાની....બરાબર?'

'બરાબર. રાણીનો વર કોણ?'

'રાજા.'

'આપણે બે રાજા-રાણી. આપણું નાનુંસરખું રાજ.'

'રાજા રિસાય તો રાણી મનાવે. રાણી રિસાય તો રાજા.'

'બંનેએ એક સાથે રિસાવાનું નહીં.'

'કબૂલ?'

'કબૂલ.'

એક મંગલ દિને નીરા-નીરવનાં લગ્નની શહનાઈઓ બજી. હસ્તમેળાપ વખતે બંનેના જોડાયેલા હાથ પર મધુસૂદનરાયે ગુરુદેવ શ્રીવ્રજેશકુમારના હસ્તાક્ષરનો આશીર્વાદ પત્ર ધર્યો. હસ્તાક્ષર સ્વરૂપે શ્રીગુરુદેવે હસ્તમેળાપ કરાવ્યો. પત્રમાં આશીર્વાદ સાથે આજ્ઞા હતી:

'મંત્ર તંત્ર અરુ જંત્રકો, જિક્ર કરો ન કોય,
પતિ કહે સો કીજિયે, આપુ હી બસ હોય.'

નીરાએ આ આશીર્વાદ પત્ર મખમલમઢી ચાંદીની ડબ્બીમાં પધરાવી, પોતાની પાસે રાખ્યો. રોજ સવારે સ્નાન કરી, સંપુટનાં ચરણસ્પર્શ કરી, નીરા બે હાથ જોડી વિનંતી કરે: 'નીરવને જીરવવાનું બળ આપજો, પ્રભુ.'

■

૭. કૃષ્ણ એવ ગતિર્મમ

ફૂલગલીમાં નીરવનો ખભો એક યુવાનના ખભે અથડાઈ ગયો. નીરવે ધ્યાનથી તેના તરફ જોયું.

'ઓહ, તું?!'

નીરવે તેને રસ્તા વચ્ચે બાથમાં દબાવી લીધો. પાછળ રહેલી નીરા તરફ મોં ફેરવતાં નીરવ બોલ્યો :

'નીરા, આ....'

'જય....જયેશ....બરાબર ને?'

'અરે, તું જયેશને ઓળખે છે?'

'હાસ્તો, સોનીવાડામાં રહેતો. ૧ થી ૪ ધોરણ સુધી તો અમે એક જ વર્ગમાં ભણેલાં. પાઠશાળામાં પણ સાથે હતાં. પણ તું ક્યાંથી ઓળખે?'

'અમે તો કૉલેજનાં ચાર વર્ષ હોસ્ટેલમાં રૂમ-પાર્ટનર હતા. તેને નખશિખ ઓળખું....જય, અહીં શું કરે છે?'

'વૉલ્ટાસમાં એકાઉન્ટન્ટ છું.'

'ક્યાં રહે છે?'

'મલાડ. લે આ સરનામું.'

'ચાલ, અમારી સાથે ઘેર.'

'સૉરી, આજે નહીં. ઘેર રાહ જુએ. કાલે આવીશ.'

'સ્યોર?'

‘સ્યોર, પણ સમયની પાબંદી નહીં.’

‘ઓ.કે.’

તેઓ છૂટાં પડ્યાં.

બીજા દિવસે સાંજે જયેશ ‘કૃષ્ણકુંજ’ પર પહોંચી ગયો. નીરાએ બારણું ખોલી, તેને આવકાર્યો, પાણી આપ્યું. પછી ચા-કૉફી માટે પૂછયું.

‘થેન્ક યુ.’ જયેશે કહ્યું, ‘જરૂર નથી. તું નિરાંતે બેસ. નીરવ ક્યારે આવશે?’

‘આવવો જ જોઈએ.’

ત્યાં ફોન રણક્યો.

‘હલ્લો....નીરા સ્પીકિંગ.....હા....જયેશ આવી ગયો છે, તારી રાહ જોઈએ છીએ....ભલે...’

ફોન મૂકતાં નીરા બોલી : ‘એના જી.એમે. કોઈ પ્રોબ્લેમ ડીસ્કસ કરવા બોલાવ્યો છે. આવતાં થોડી વાર લાગશે.’

‘ચિંતા નહીં. હું સમય લઈને આવ્યો છું.’

‘એકલો કેમ આવ્યો? ભાભી અને બાળકોને!’

‘હોય તો લાવું ને?’

‘એટલે?’

‘ફક્કડરામ છું. મારા લાયક કોઈ છોકરી જન્મ્યાની હજી સુધી જાણ થઈ નથી.’

‘એવી તો કેવી છોકરીની રાહ જુએ છે?’

‘નીરા, વાત લાંબી છે. પણ ટૂંકામાં પતાવું. તું મારાં દાદીમાને તો જાણે છે ને?’

‘હાસ્તો વળી, ચંચળમાને તો આખો સોનીવાડો ઓળખે.’

‘એમણે જ મને નાનેથી મોટો કર્યો. અમારા પરિવારમાં અમે ત્રણ જણ. મા, હું અને ત્રીજા ઠાકોરજી-મદનમોહનલાલ. માએ મને સેવાના પાઠ ભણાવ્યા. સાથે કૉલેજમાંય ભણાવ્યો. માનો સેવાનો આગ્રહ અજબનો. ઠાકોરજીને જગાવવા અને પોઢાડવાની સેવા મનેય ન આપે. સેવા પહોંચતાં જાય અને પંક્તિ ગાતાં જાય:

‘આજ ગોપાલ પાહુને આયે,
નિરખ નયન ન અઘાય રી,
કે નિરખૌં કે ટહલ કરૌં
એકો નહીં બનત ઉપાય રી.’

ક્યારેક તેમનો કંઠ રુંધાઈ જાય, આંખો નીતરી જાય. માંદાં હોય કે થાક્યાં હોય, બેય સમયની સેવા પહોંચે જ.

‘મને ખબર છે.’

‘પાંચેક વર્ષ પહેલાંની વાત છે. બી.કૉમ.ની પરીક્ષા આપી, હું પાટણ પહોંચ્યો. મા જાણે મારી જ રાહ જોતાં હતાં. શયન સુધીની સેવા પહોંચી, અમે પ્રસાદ લીધો. રાતે ભગવદ્‌વાર્તા કરી. ‘દૃઢ ઇન ચરનન...’ ગાઈ માએ દંડવત કર્યાં. પછી મને કહ્યું : ‘ભાઈ, બધું ભણી રહ્યો? હવે ભણવા નહીં જવાનું ને?’ મેં કહ્યું : ‘કેમ, મા?’ તે બોલ્યાં : ‘ભાઈ, જમનાજી હવે મને બોલાવે છે. તું ઠાકોરજીને સંભાળે તો હું જવાની તૈયારી કરું. મારી એક જ ઇચ્છા છે. મારા લાલ આ ઘરમાં જ બિરાજે, ગ્વાલમંડલીમાં ન પધારે. પણ હું તો બાઈ માણસ હતી. બીજી જવાબદારી પણ નહીં; એટલે ઠાકોરજી સેવ્યા. તારાથી બનશે?’ મેં કહ્યું : ‘મા, મારો નાનો ભાઈ હોત, તો તમારા જતાં તેને હું અનાથાશ્રમમાં મૂકી આવત ખરો? મેંય તમારાં પડખાં સેવ્યાં છે. મારે ગોકુળની ગોરજ બનવું છે, પૂતના બની ગોકુળ નથી

જવું.' 'દીકરા, સમજણ ન પડી.' 'મા, પૂતના ઠાકોરજીને ગોકુળમાંથી લઈ જવા આવી હતી. ગોકુળ અને ગોકુલેશને અલગ કરે તે પૂતના જ હોય. મારે તો ગોકુળમાં ગોકુલેશ બિરાજે એવી ઇચ્છા છે. મા, મારું વચન છે, તમારી આડીથી આપણા શ્રીમદનમોહનલાલ હું જીવીશ ત્યાં સુધી આપણા ઘરમાં જ બિરાજશે.' 'ભાઈલા, તારી ભાવના જાણી મારું હૈયું ઠરે છે. પણ દીકરા, સખડીભોગ ધરવાનું તારા એકલાથી નો બને. તું ઝટપટ લગ્ન કરી લે.' 'મા, એની ચિંતા ન કરો. એક વાતની ખાતરી આપું. કાલથી શ્રીમદનમોહનલાલ જે સમયે જે આરોગશે, તે જ હું પણ લઈશ. તે સિવાયનું જળ પણ નહીં.' 'બહુ ભારે વાત કહી દીધી, બેટા!' શ્રીમહાપ્રભુજી અને શ્રીમદનમોહનલાલ તારી ટેક નિભાવે.' અને નીરા, એ જ રાતે રોજની ટેવ મુજબ બ્રાહ્મમુહૂર્તમાં મા ઊઠ્યાં. બાથરૂમ જઈ આવી, હાથપગ ધોઈ, ચરણામૃત લઈ, ખાટલા પાસે જમીન પર જ સૂઈ ગયાં. શ્રીમદનમોહનલાલ....એમ ત્રણ વખત બોલતાં એમની આંખો મીંચાઈ ગઈ.'

'પછી?'

'પછી સૂતક નીકળતાં, શ્રીગુરૂદેવની આજ્ઞા મંગાવી, હું સેવા પહોંચવા લાગ્યો. બીજી બાજુ નોકરી માટે અરજી કરી. મને સેન્ટ્રલ બેંકમાં સૂરતમાં નોકરી મળી. શ્રીઠાકોરજીને પધરાવી સૂરત ગયો. છ મહિના ન થયા ને બાજુના ગામડામાં બદલી થઈ. ત્યાં ઠાકોરજીનું સુખ સચવાય તેમ નહોતું. મેં સૂરતમાં જ રહેવાનું ચાલુ રાખ્યું. સવારે આઠ વાગતાં અનોસર કરી, ટિફિન અને થર્મોસ ભરી, બસ પકડવા દોડું. સાંજે સૂરત આવતાં સાત વાગી જાય. બજારમાંથી જરૂરી ખરીદી કરીને ઘેર આવું. આઠ વાગે રાતે ઉત્થાપન થાય. દસ વાગે શયન. પછી પ્રસાદ લઈ, બીજા દિવસની તૈયારી. ત્યાર બાદ ભગવદ્વાર્તા. રાતે સૂતાં બાર વાગે. સવારે ચાર વાગે

ઊઠી જવાનું....આમ છ મહિના ચાલ્યું. શ્રી...ને શ્રમ વિશેષ રહે. સૌ કહે પરણી જાઓ. પણ સેવા કરવા તત્પર કન્યા ન મળે. પ્રભુ કસોટી કરતા રહ્યા. બીજી નોકરી માટે અરજી કરતો રહ્યો. 'વોલ્ટાસ'માં એકાઉન્ટન્ટ તરીકે પસંદ થયો. સ્થિર નોકરી. બદલીની ચિંતા નહીં. પગાર ઓછો, પણ સ્વીકારી લીધી. મુંબઈ આવ્યો. મલાડમાં એક વૈષ્ણવના બંગલામાં એક રૂમ ભાડે મળી ગઈ. બીજું શું જોઈએ ?....ખાધું, પીધું ને રાજ કર્યું.'

'ખરો છે તું તો. આ રાજ કર્યું કે ત્યાજ્ય કર્યું?'

'તને રાજર્ષિ ભરતનો પ્રસંગ તો યાદ છે ને? પ્રભુમાં રાગ થતાં રાજ છોડ્યું. વનમાં તપ કરતાં હરણીના બચ્ચામાં અનુરાગ થયો. પ્રભુ પ્રત્યેનો રાગ ઘટ્યો. રાગ અને ત્યાગની વચ્ચે હૈયું એનું ઝૂલતું હતું. મારે એવું નથી કરવું. ઘણી છોકરીઓ જોઈ. એક કહે : જુવાનીમાં સેવા-બેવાની વાત નહીં. ખાઓ-પીઓ અને મજા કરો. બીજી કહે : પાંચ-દસ મિનિટ મિશ્રી ધરવાનું ફાવે. છોકરાં થાય ત્યારે બે ન સચવાય. ત્રીજી કહે : એક વખત સેવા પહોંચી લેવાની. સાંજે બહાર જવાનું થાય, સાજા-માંદે ખબર કાઢવા પણ જવું પડે. આપણે બાવા તો નથી બની જવાનું ને?....મને થયું આ કન્યાઓ કલેશ વધારશે, પ્રભુમાં કાન્તભાવ નહીં વિચારે. 'ભલું થયું ભાગી જંજાળ સુખે ભજશું શ્રીગોપાળ.' અમારા મદનમોહનલાલ પણ સ્વામિનીજી વિના એકલા બિરાજે. હું પણ એકલો. અમને બેને સારું ગોઠી ગયું છે.'

અંધારું થતાં નીરાએ લાઈટ કરી. જયેશે શ્રીઠાકોરજીનાં ચિત્રજીનાં દર્શન કરવા, રૂમની દીવાલો તરફ નજર દોડાવી.

'નીરા, આ શું? તારા ઘરમાં ચિત્રજી જ નહીં?'

નીરાએ એની દાસ્તાન સંભળાવી. અંતે કહ્યું : 'બધાં મને નાનપણમાં નીરાને બદલે મીરાં પણ કહેતાં. પણ હું મીરાં કરતાં જુદી માટીની છું.

'ગોવિંદો પ્રાણ અમારો' એ વાત સાચી, પણ 'મને જગ લાગ્યો ખારો' એ વાત ખોટી. જગત પણ જગદીશની જ રચના છે. જગદીશ મીઠો લાગે, તો એની રચના ખારી ક્યાંથી લાગે? મીરાં ઝેર પીતાં પહેલાં પોતાના પ્રભુને ઝેરનો પ્યાલો ધરે. હું ન ધરું. એ બાબતમાં શિવજી સારા. સૌના હિત માટે પોતે વિષ પચાવી ગયા. મારે મીરાં બનવું હોત તો બની શકી હોત, લગ્ન ન કરીને અને કર્યા પછી પણ. પણ ના, મને તો મીરાં બનવામાં રસ નથી, નીરા બની રહેવામાં રસ છે. શ્રીયમુનાજીના યૂથની સખી બની, અમારાં સ્વામિનીની જેમ દૈવી જીવને સ્વામીના શરણમાં લઈ આવવો છે. તેથી સંઘર્ષ નહીં, સંવાદ સાધવા મથું છું. મારે મીરાંની જેમ કાળો કામળો નથી. ઓઢવો. મારે તો કુમારિકાજીની જેમ લાલ ચુંદડી ઓઢવી છે, છો ને અનુરાગનો રંગ ચૂવે!'

'વાહ, નીરા, તારી ભાવના ઘણી ઊંચી છે. મને શ્રી હરિરાયજીની આજ્ઞા યાદ આવે છે : 'ભગવદ્‌વિરહતાપ કલેશોસ્તપ:।' પુષ્ટિમાર્ગમાં પ્રભુના વિરહમાં તાપ-કલેશ બન્યો રહે તો તે જ તપ છે. જેનાં નેત્રોમાં નંદલાલ નાચતા હોય, એને દીવાલ પર દર્શન કરવાની જરૂર ક્યાંથી રહે?'

'બસ, હવે બહુ વખાણ કરવાં રહેવા દે. મેં તો મારા દ્વારકેશને કહી દીધું છે, પહેલાં મારા નીરવનો હાથ ઝાલો, પછી આ ઘરમાં પધારો. ચાર હસ્તમાંથી એક હસ્ત તો નીરવ માટે 'સ્પેર' કરો! અને તે ન જ થાય તેમ હોય તો 'અષ્ટભુજ' બનો.'

'ખૂબ કહી.'

જયેશ તાલીઓ પાડવા લાગ્યો.

ત્યાં નીરવ પણ આવી પહોંચ્યો.

'સોરી, જય, ઑફિસમાં મોડું થઈ ગયું. નીરા, જયને ચા-નાસ્તો કરાવ્યો?'

'તારો મિત્ર તો જોગી છે. કહે છે હું ખાતો નથી, પીતો નથી.'

'એય જોગી મહારાજ, અહીં આવાં નખરાં નહીં ચાલે. નીરા, હોસ્ટેલમાં પણ આ આવાં જ નખરાં કરે. હજી સુધર્યો લાગતો નથી.'

'ના, રે. ના. વધારે બગડ્યો છું અને તનેય બગાડવાનો છું.'

'ખરેખર? તો.....તો તેમાં નીરા તને કંપની આપશે. જોઈએ, કોણ જીતે છે?'

'પ્રેમની રીત ન્યારી છે. તેમાં જીતનાર હારે છે અને હારનાર વિજેતા બને છે.'

'નીરવ, હવે હું રજા લઉં. મારે મલાડ પહોંચવાનું છે.'

'થોડી વાર બેસ. ચા-નાસ્તો કરી, તને મારી ગાડીમાં મૂકી જઉં.'

'થેન્ક્સ. પણ મારે તો ભલી મારી ટ્રેન. તને દોડવા જેવું હશે ત્યારે જરૂર કહીશ. આજે નહીં. નીરા-નીરવ, આવજો....મારું આ સરનામું....કામ પડે વિના સંકોચે યાદ કરજો- ગામના નાતે તું બેન છે. મૈત્રીના નાતે મિત્રપત્ની. બંને અધિકારનો ઉપયોગ કરવાની છૂટ. ચાલો, જાઉં.'

નીરાએ નીરવને જયનો ઈતિહાસ કહ્યો.

'નીરા, આ છોકરો મને ખૂબ ગમે છે. ખૂબ સંયમી, શાંત, કૉલેજમાંય બધા તેને 'ભગત' કહેતા. તમારા ભગવાન આવા સાચા ભક્તોનું દુઃખ કેમ દૂર નહીં કરતા હોય?'

'એય મિસ્ટર, સોની નોટ આપી દો.'

'શાની ?'

'કેમ વળી? પેનલ્ટીની, મારા ભગવાન ને તમારા ભગવાનની ટીકા કરવાની.'

'ઓહ, સોરી, સો રૂપિયા તારા સાચા.'

'ત્વમેવ ભર્તા ન ચ મે વિપ્રયોગઃ'

'શું બોલી? સંસ્કૃતમાં બોલે, ત્યારે મારા લાભાર્થે અનુવાદ પણ બોલવો.'

'ભવભૂતિના 'ઉત્તરરામચરિત'ની નાયિકા સીતાની આ ઉક્તિ છે. ધરતીમાં સમાઈ જતાં સીતા રામજીને કહે છે : 'તમે જ મારા ભવોભવના પતિ થજો, તમારાથી મને કદાપિ વિયોગ ન થાય.'

'પણ હું રામજી નથી તે તને વનવાસમાં મોકલીશ.'

'પણ હું તો સીતા છું. તમારી સાથે વનવાસમાંય આવીશ. વાતોનાં વડાંથી પેટ નહીં ભરાય. તારાં ભાવતાં દાળ-વડાં તૈયાર છે.'

◆

૮. શ્રી પાર્વતીપતયે નમઃ

'નીરા....આ....'

'આ....વી.....'

સફેદ લેસથી શોભતા આછા ગુલાબી ગાઉનમાં સદ્યઃ સ્નાતા નીરા, ટુવાલથી માથાના વાળ કોરા કરતી ડ્રૉઈંગ રૂમમાં આવી.

'કેમ?' સોફા પાસે પાથરેલા ગાલીચા પર લંબાવી નાઈટડ્રેસમાં છાપું વાંચતા નીરવની સામે નીરા જોઈ રહી.

'વડનગરથી કાગળ આવ્યો છે.'

'કોનો? મામાનો?'

'હા, મામા અને મામી બંનેએ લખ્યો છે.'

'શું લખે છે? તબિયત તો સારી છે ને?'

'તું જ વાંચ ને.'

નીરા નીરવની બાજુમાં બેસી ગઈ. તેના ભીના વાળ નીરવના મોં પર પથરાઈ ગયા. નીરાએ કાગળ વાંચવા માંડ્યો. નીરવ નીરાના ભીના વાળ હાથમાં લઈ સહલાવવા લાગ્યો. કાગળ વાંચી તેની ઘડી કરતાં નીરા બોલી:

'મામી ઓછું ભણેલાં છે, પણ અક્ષર તો મોતીના દાણા જેવા. લખાવટ પણ સરસ.'

'મામા રહ્યા વેપારી માણસ. હિસાબમાં એમને ન પહોંચાય.'

'આપણને વડનગર બોલાવે છે.'

'હા, શ્રીહાટકેશ ભગવાનનો પાટોત્સવ છે. મહારુદ્રાભિષેક થાય છે. આ વર્ષે મામાએ ઉછામણી લીધી છે, પણ આજે જ હું લખી દઉં છું કે અમારી અનુકૂળતા નથી.'

'મારા કારણે?'

'ના, આપણી સમજૂતીને કારણે.'

'જો, નીરવ! સમજૂતી એનું નામ, જે પરસ્પરને સ્વીકાર્ય હોય. મને વડનગર જવું ગમશે. મામા-મામીને આપણા સિવાય બીજું છે કોણ? મામી તો મમ્મીથીયે અધિક છે. આપણે ન જઈએ તો એમનું દિલ ભાંગી જાય. અને તુંય એક વાર કહેતો હતો- એવો એકે પાટોત્સવ નથી ગયો કે જ્યારે તું ત્યાં ન હોય.'

'નીરા, તું અમારા મનનો વિચાર કરે છે, તારા મનનો વિચાર કોણ કરશે?'

'એટલે તો કહું છું, મારે વડનગર જવું છે. મારામાં વિશ્વાસ રાખજે. નીરા તમારી પ્રતિષ્ઠાને ઝાંખપ નહીં લાગવા દે.'

'નીરા, યુ આર રિયલી ગ્રેટ.' (તું ખરેખર મહાન છે.) નીરવે નીરાને ભીંસી દીધી.

'બસ થયું, જનાબ, અંગ્રેજી ભણ્યા છો ને? 'વર્ક વ્હાઈલ યુ વર્ક એન્ડ પ્લે વ્હાઈલ યુ પ્લે.' આ રમતનો સમય નથી. જલદી નહાઈ, સ્ટેશને જાઓ. કાલ રાતની બે ટિકિટ બૂક કરાવો. સાંજે ઑફિસેથી વહેલા આવી જાઓ. બજારમાં ખરીદી કરવા પણ જવું પડશે. તારે વહેલા જવાનું છે. હું નાસ્તો બનાવી દઉં.'

નીરા નીરવની સોડમાંથી સરકી ગઈ. રસોડામાં જઈ ગળામાંની તુલસીમાળાને આંખે લગાડી, નીરા મનોમન બોલીઃ 'તુલસીમા, મારું

રક્ષણ કરજો. તમારી જેમ મારું અલૌકિક પતિવ્રત અખંડિત રહે એવી મતિ, શક્તિ, ગતિ અને રતિ આપજો.'

બીજા દિવસે રાતે નીરવ-નીરા ગુજરાત મેઈલમાં વડનગર જવા નીકળ્યાં. અમદાવાદથી વડનગર જવા તેમણે ભાડાની ટેક્ષી કરી. રસ્તામાં નીરવે કહ્યું :

'નીરા, તને સમજી નથી શક્યો.'

'એવું શું રહસ્ય મેં તારાથી છુપાવ્યું છે?'

'એ જ નથી સમજાતું. તું હાટકેશ્વરમાં આવીશ? હાથ જોડી શિવજીનાં દર્શન કરીશ? ફૂલ ચઢાવીશ? તારી કૃષ્ણ ભક્તિ સાથે આનો મેળ કેવી રીતે જોડીશ?'

'નીરવ, મને સમજાય છે એ ભાષામાં વાત કરું. તારી સાથે લગ્નનું નક્કી થયું એ પહેલાં પપ્પાએ થોડા મૂરતિયા બતાવેલા. પણ 'કન્યા વરયતે રૂપં.' એટલે આપ સાહેબ પસંદ થઈ ગયા.'

'ઓહ, હું ખરેખર હેન્ડસમ છું?'

'હા, મારા અરીસામાં.'

'પણ એનો અહીં શો સંબંધ?'

'અધીરો ન થા. અગાઉ જોયેલ કોઈ યુવાન હવે આપણા ઘેર આવી ચડે, તો તેને મારાથી આદર અપાય કે નહીં? તેનું અતિથિભાવે સ્વાગત થાય કે નહીં?'

'જરૂર, આપણાથી એવા સંકુચિત ન બનાય.'

'બીજી વાત. આપણા જ ઘરમાં મામા છે, મારા પપ્પા છે. તારાં માસીના દીકરા સ્નેહલભાઈ છે. મામા અને પપ્પા વડીલ છે. સ્નેહલભાઈ નાના છે. એ બધાંનું ગૌરવ જાળવવાની મારી ફરજ ખરી ને?'

‘હાસ્તો.’

‘આનો અર્થ એ થયો કે પરિણીત સ્ત્રીને માટે તેનો પતિ એક જ. પછી પતિ સારો હોય કે નઠારો. માધુર્યપ્રેમ પતિને જ મળે, બીજાને નહીં જ.’

‘એગ્રીડ.’

‘પણ આદરભાવ તો જગતના બધા જ પુરુષો માટે હોય. કોઈનો અનાદર શીદને કરવો! સ્નેહ અને આદર વચ્ચે તફાવત ખરો ને? હું સૌને આદર આપું, તો તું નારાજ થાય?’

‘છટ્, એમાં નારાજ થવાની વાત જ ક્યાં રહી?’

‘પ્રેમનું લક્ષણ છે સંકીર્ણતા. આદરભાવનું લક્ષણ છે વિશાળતા. પ્રેમમાં વિશાળતા બાધક બને. તેને ભારતીય સંસ્કૃતિ વ્યભિચાર કહે છે. આદરભાવમાં સંકીર્ણતા ન ચાલે. તેને ભારતીય સંસ્કૃતિ નિષ્ઠુરતા કહે છે. સમજાય છે ને મારી વાત?’

‘સ્યૉર, તારી વાતને મારી ભાષામાં મૂકી બતાવું?’

‘જરૂર.’

‘તને પરણ્યા પહેલાં પસંદગી માટે મારા પાકીટમાં મામા-મામીએ આપેલા છોકરીઓના સાત-આઠ ફોટા હતા. તારી સાથે વિવાહ નક્કી થતાં મેં પહેલું કામ શું કરેલું જાણે છે?’

‘હા, કલ્પના કરી શકું છું. એ બધા ફોટા પાકીટમાંથી દૂર કરવાનું અને’

‘કેવળ તારો જ ફોટો પાકીટમાં રાખવાનું!’

‘ગુડ, છોકરો બહુ સમજદાર છે.’

‘રહેવું જ પડે ને! સમજદાર છોકરીને પરણવાનું જોખમ લીધું છે.’ બંને મુક્ત મને હસી પડ્યાં.

‘પણ હજી આમાંથી મારા પ્રશ્નનો જવાબ મળતો નથી.’

‘સમજદાર થઈનેય બાઘો છે. આ રામાયણની કથા શાની થઈ? લો ભાઈસા’બ પૂછે છે, સીતાનું હરણ થયું, પણ પાછી સીતા કયારે થઈ?’

‘ન સમજાય તો સાત વાર પૂછું. પૂછી આવજે અમારા એકાઉન્ટન્સીના પ્રોફેસર જીરાવાલાને. ન સમજાય ત્યાં સુધી પૂછયા જ કરું. એમના નાકે દમ આવી જતો.’

‘ઑલ રાઈટ, ફરી સમજાવું. ઈશ્વરને પ્રાપ્ત કરવો એ મનુષ્યમાત્રની ઈચ્છા. પરમાત્માને પામવાના ત્રણ માર્ગ : જ્ઞાન, કર્મ અને ભક્તિ. ત્રણે માર્ગ અલગઅલગ. એક માર્ગનું સાધન બીજા માર્ગમાં કામ ન આવે.’

‘હં.’

‘જ્ઞાની એમ જાણે કે અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે.’

‘નરસિંહ મહેતાની આ કવિતા ને? હું ભણી ગયો છું. જગતનું કણકણ ઈશ્વર છે.’

‘હા. જ્ઞાનીને જગતમાં જગદીશ દેખાય.’ નીરાએ વાત ચાલુ રાખીઃ ‘જ્ઞાન કરતાં ભક્તિ તદ્દન વિરુદ્ધ. ભક્તિ એટલે પોતાના ઈષ્ટ પ્રત્યેનો નિઃસ્વાર્થ સ્નેહ. તને શિવજીમાં હોય તો મને શ્યામજીમાં હોય. ભક્ત માટે એના જગદીશમાં આખું જગત આવી ગયું. એ એના ઈષ્ટનો જ બનીને રહે. સ્નેહ ઈષ્ટને જ કરે, પણ આદર સૌને આપે. સાચો ભક્ત અનાદર કોઈનો ન કરે.’

‘વડનગરમાં કેટલાંક વૈષ્ણવો એવાં હતાં કે તેઓ ‘શિવ’ ન બોલે. કેટલાંક ડોસીમાં દરજીને કપડું સીવી આપ એમ ન કહે. કપડું બનાવી આપ એમ કહે. તેઓ કહેતાં, ‘સીવી આપ’ કહીએ તો મહાદેવનું નામ બોલવાનું પાપ લાગે. તમારો ધર્મ ખરેખર આવું માને છે?’

‘ના રે ના, એવું હોત તો હું તારી સાથે વડનગર આવી હોત? શિવજી મહાદેવ છે. એમના પ્રત્યે મને પૂરો આદર છે, પણ પ્રેમ તો શ્યામજીને. તું શિવભક્ત છે, તો તારો પ્રેમ શિવજી માટે જ અનામત રહે, પણ શ્યામજીનો અનાદર ન થાય.’

‘સાચું કહું? હું એવી પરંપરામાં ઊછર્યો છું કે તારા શ્યામજીને આદર આપવાની ટેવ જ નથી પડી.’

‘અને તોય ‘સીવી આપ’ એમ ન બોલનાર વૈષ્ણવોને હસે છે, ખરું ને? તું તો કેળવાયેલો છે, શિક્ષિત અને સમજદાર છે; જ્યારે ‘સીવ’ ન બોલનાર ડોસીઓ તો બિચારાં અભણ-અજ્ઞાની છે.’

‘આપણી વાતોમાં સમય ક્યાં ગયો એની ખબરે ન પડી. વિસનગરની એમ.એન. કૉલેજ આવી ગઈ. હવે વડનગર આવશે.’

નીરા અને નીરવ પોતપોતાની બાજુની બારીનો કાચ ઉતારી માભોમને જોવામાં પરોવાયાં.

નીરા અને નીરવ ઘેર આવી પહોંચ્યાં. બંને બારણામાં જ મામા-મામીને પગે લાગ્યાં. મામીએ નીરાને પોતાની સોડમાં ખેંચી લીધી.

બીજા દિવસે પાટોત્સવ હતો. મામીએ સવારમાં જ નીરાના હાથમાં બ્લ્યુ રંગની બનારસી સાડી અને બ્લાઉઝ મૂકી દીધાં: ‘દીકરી, આજના પ્રસંગે અમારા તરફથી આજે આ જ પહેરજે.’

‘ભલે મામી.’

સૌ સમયસર હાટકેશ્વર પહોંચ્યાં. ગુલાબી પીતાંબર અને પીળા રેશમી ઉપવસ્ત્રમાં મામા પ્રભાવશાળી લાગતા હતા. ગુલાબી બનારસી શેલામાં મામી પાંચ વર્ષ નાનાં લાગતાં હતાં. નીરવે ક્રીમ કલરનો સફારી અને નીરાએ મામીએ આપેલું શેલું ગુજરાતી ઢબે પહેર્યું હતું.

મહારુદ્રાભિષેકનો પ્રારંભ થયો. મામા-મામી પૂજામાં બેઠાં. નીરવે નીરાના કાનમાં કહ્યું : ‘ગર્ભગૃહમાં જઈશું?’ નીરાએ આંખથી હા કહી. સાડીનો છેડો માથે ગોઠવ્યો અને નીરવની પાછળ ચાલી.

ગર્ભગૃહમાં શિવજીની સામે ઊભી રહી. પૂજારીએ આપેલ પુષ્પો શિવજીના મસ્તેક મૂક્યાં. તેણે શિવજીને હાથ જોડી, મનોમન ‘જયશ્રીકૃષ્ણ’ કહ્યા. નીરવ ખૂબ ધીમી, મધુર હલકે આંખો મીંચી, હાથ જોડી ‘શિવમહિમ્નસ્તોત્ર’ ગાતો હતો.

નીરાએ શિવજી સાથે વાતો શરૂ કરી : ‘શંભુ, તમે તો મહાભાગવત વૈષ્ણવરાજ છો. શ્યામજીના પૂરા આશક છો. શ્યામજીનું સ્મરણ બનાવી રાખવા તમે મેઘવર્ણી ભસ્મ તમારા ગૌર દેહ પર લગાવી. શ્યામજીના ધ્યાનમાં તમારું ત્રીજું નેત્ર બીડેલું રાખ્યું. ગોપીશ્વર બની વૃંદાવનવાસી થયા. ‘વૈષ્ણવાનાં યથા શંભુઃ’ શ્રીવલ્લભે તમારા માટે કહ્યું. શ્યામસ્નેહી શંભુ, આપ કુશળ છો ને?’

‘હા, નીરા, આજે તને ભગવદ્સ્મરણ કરી વિશેષ પ્રસન્ન છું. આવી પ્રસન્નતા પાંચસો વર્ષ પહેલાં કાશીમાં અનુભવતો, જ્યારે શ્રીવલ્લભાચાર્યજીના સેવક શેઠ પુરુષોત્તમદાસ શ્રાવણ વદ દશમીની બપોરે જન્માષ્ટમીના મહાપ્રસાદનો ડબરો લઈ દર વર્ષે આવતા અને હું તેમને ભગવદ્સ્મરણ કરતો. તુંય દીકરી, એમની પુત્રી રુક્મિણીની યાદ તાજી કરાવે છે. આજે મારી વર્ષગાંઠે તું આવી. શેઠજીનું સ્મરણ તાજું થયું. શ્યામજીનું સ્મરણ તીવ્ર બન્યું.’

‘શંભુ, ચારસો વર્ષ પહેલાં અમારા એક પૂર્વપુરુષ થઈ ગયા. શૈવમાંથી વૈષ્ણવ બનેલા; પણ અમારી નાગરી નાતે એમને જંપવા નહીં દીધેલા. તમારા આ સ્થાનમાં આવી તેઓ તમારો જયઘોષ ન કરે, તો નાતબહાર મૂકવાની ધમકી આપેલી.’

'હા, બધું યાદ આવે છે. એ વૈષ્ણવ તારી જેમ જ આવેલા. હાથ જોડી મને ભગવદ્‌સ્મરણ કરેલાં. પછી આંખો મીંચી, તેમના ગુરુદેવ શ્રીગોકુલેશ પ્રભુનું સ્મરણ કરી ત્રણ વખત તેમણે જયઘોષ કરેલોઃ 'શ્રીપાર્વતીપતયે નમઃ' આ શિવાલયનો ગુંબજ ગાજી ઊઠેલો. અમારાં દેવી પાર્વતીજી પણ ચમકી ગયેલાં. મેં તેમને કહેલું : 'દેવ, આપણા સેવકો ભલે ભ્રમમાં રહે, પણ તમે ન રહેશો. આ તમારા પતિનો જયઘોષ નથી, એ તો પાર્વતીપતિ શ્રીગોકુલેશજીનો જયઘોષ છે.'

'શિવજી, તમે સંસાર-રાગથી નિર્લેપ છો. શ્રીવલ્લભ આજ્ઞા કરે છેઃ 'તમારી પાસે આવનારને તમે સંપત્તિ આપો છો. ભકિત નથી આપતા.'

'બિલકુલ સાચી વાત.'

'સ્વજનના નાતે હું તમારી સહાય માગવા આવી છું. નીરવને કૃષ્ણસંપદા આપો. મૂળમાંય નીરવ તો દૈવી જીવ છે, આપણા શ્યામની સખી છે.'

'તું તો ખૂબ ચતુર નીકળી! કૃષ્ણ-સંપદા મનેય પૂરી નથી મળી. મળેલી બધી આપી દઉં તોય તને ધરવ નહીં થાય, તેથી કૃષ્ણ-સંપદા શ્રીવલ્લભ આપશે. એ દિવસની ધીરજથી રાહ જોજે.'

નીરાએ ફરી મસ્તક નમાવી ભગવદ્‌સ્મરણ કર્યાં. શિવજીએ પોતાના હાથમાંનું ગુલાબી ગુલાબ. હાથ લંબાવી નીરાના હાથમાં મૂક્યું, 'બેન, મારા ઘેર આવી છે, તો આ પુષ્પથી તારું સ્વાગત.'

સૌએ અવકાશમાંથી નીરાના હાથમાં આવેલ ગુલાબ જોયું. સૌએ જયઘોષ કર્યોઃ શ્રીપાર્વતીપતયે નમઃ!'

નીરાએ મંદ સ્વરે જયઘોષ કર્યો : શ્રીપાર્વતીપતયે નમોનમઃ॥

નીરવ આશ્ચર્યથી જોઈ રહ્યો. નીરાનું વર્તન તેને ન સમજાયું. નીરા મલકાતી બહાર આવી. પાછળ આવતા નીરવે પૂછયું : 'નીરા, આ શું?'

'લે, શિવજીનો પ્રસાદ.' નીરાએ ગુલાબી ગુલાબ નીરવના હાથમાં મૂક્યું. નીરા ગણગણવા લાગીઃ

'શમણામાં રંગ પૂરજો હો રાજ, શમણું વ્હેલી સવારનું.
શમણું આવ્યું ભગવદી'ને હો રાજ, શમણું શ્યામ મિલાપનું.
શમણામાં રંગ પૂરજો હો રાજ.....'

■

૯. 'મધુરાધિપતેરખિલં મધુરમ્'

મુંબઈના વસવાટને આજે એક મહિનો પૂરો થયો હતો. આછા ગુલાબી રંગની સાડી-ચોળીમાં સજ્જ નીરા નીરવના આવવાની પ્રતીક્ષા કરતી, સાગરતટ સામેની બાલ્કનીમાં ઊભી હતી. વડનગરથી બે દિવસ પાટણ જઈ આવી, તેનાં સ્મરણો સંવારતી હતી.

.....પપ્પાએ ઉત્કંઠાથી પૂછેલું : 'મજામાં છો ને?'

.....મમ્મીએ એકાંત મળતાં ઇન્તેજારી વ્યકત કરી : 'બધું બરાબર ફાવી ગયું છે ને? નીરવકુમાર....?'

મેં કહ્યું : 'તારા જમાઈ ખૂબ સારા છે. જરાય ફિકર ન કરીશ. આપ ભલા તો જગ ભલા. જોને, મારું શરીર નથી જામ્યું?'

'પણ દીકરી, ધર્મપાલનમાં.....?'

'એ એનો ધર્મ પાળે, હું મારો. ધર્મ ઝઘડાની વસ્તુ નથી. ધર્મ હૈયું જમાવવાની ચીજ છે. ધર્મ-ધર્મી ભિન્ન નથી, તેથી બંને સુખદ છે, આનંદમય છે, આનંદદાતા છે.'

'આવું બધું મને ન સમજાય, ભાઈસા'બ'.

'ભાઈસા'બ' શબ્દની મમ્મીની ટેવ અને નીરવની એ શબ્દ માટેની 'એલર્જી' યાદ આવતાં નીરા હસી પડી : 'ખરાં છે બંને.'

ભાણીમાં પહોંચી ગયાં. એમનાં દર્શન ન થયાં, પણ એમના ઠાકોરજીનાં ચરણસ્પર્શ કરતાં એમ લાગ્યું કે ભાણીમા મારો હાથ પકડી મને ચરણસ્પર્શ કરાવી રહ્યાં છે.

પપ્પાએ રાતે ભગવદ્‌વાર્તામાં કાબુલના માધવદાસજીની વાર્તા વાંચી. એ દિવસે વાચનના ક્રમમાં એ વાર્તા હતી. વાર્તા પૂરી કર્યા પછી પપ્પાએ એનું સરસ વિશ્લેષણ કર્યું : 'આપણું વાર્તા-સાહિત્ય જીવતું-જાગતું કલ્પવૃક્ષ છે. મનના બધા સંકલ્પ-વિકલ્પોના જવાબ ત્યાં હાજરાહજૂર છે. કીર્તનોની જેમ એ પણ આપણો પંચમ વેદ છે. માધવદાસજીનો પ્રસંગ બતાવે છે કે આપણા દેશ-કાળની સ્થિતિ ભગવદ્-ધર્મના આચરણમાં પ્રતિબંધરૂપ થતી નથી : 'એવો મારગ શ્રીવલ્લભવરનો રે, જ્યાં કાળ-કર્મ ન બાધે રે.' પુષ્ટિમાર્ગમાં ચિત્ત આગળ ચાલે છે, ઇન્દ્રિયો તેની પરિચર્યામાં પાછળ પાછળ આવે છે. ચિત્ત રાજા છે, ઇન્દ્રિયો દાસીઓ છે. ચિત્તને દેશકાળ સાથે ઓછો સંબંધ. ચિત્તને પોતાનો આગવો જ એક દેશકાળ છે. એ દેશકાળનું ચિત્તનું સાર્વભૌમત્વ ઇન્દ્રિયો છીનવી શકતી નથી. હા, એ સાર્વભૌમત્વની રક્ષામાં સહાયક થાય. માટે તો શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : ચિત્તનું પ્રભુપ્રવણ એ જ સેવા.' તેમાં તનુવિત્તજા સેવા સહાયક, પણ પ્રભુની કૃપા થાય તેને સીધી માનસી પણ સિદ્ધ થઈ જાય. માધવદાસજી મ્લેચ્છ દેશમાં રહે, મ્લેચ્છોની વચ્ચે રહે; છતાં ચિત્ત ચિત્તચોરના ચરણમાં. માનસી ફલિત થઈ. રોજ સંધ્યાકાળે દર્શન થાય : 'આગે ગાય, પાછે ગાય, ઈત ગાય, ઉત ગાય. ગોવિંદાકો ગાયનમેં બસવો હિ ભાવે.' દર્શનથી દિલને સંતોષ થાય તો ભક્તિ કાચી. સેવાથી તૃપ્તિ થાય તો ભક્તિ સાચી. વનમાંથી વ્રજમાં પધારતા પરિશ્રમિત પ્રભુના શ્રમ-જલ અને ગૌરજથી લિપ્ત મુખકમળને પોતાના ઉપરણાથી પોંછી, એ ઉપરણાથી વીંઝણો ઢોળે, જતિપુરામાં શ્રીનાથજીએ જે શૃંગાર અંગીકાર કર્યો હોય, તે જ શૃંગારમાં માધવદાસજીને સાંજે કાબુલમાં પ્રત્યક્ષ દર્શન થાય. અને તે પણ કાપડ વેચતાં તેમની દુકાને, યવન દેશમાં! પુષ્ટિમાં ભગવાન અને ભક્ત બંનેની મર્યાદા છૂટે.

મને લાગ્યું, આજના પ્રસંગમાં મારા જ મનને જવાબ મળે છે. મેં પૂછ્યું: 'પપ્પા, તનુ-વિત્તજા સેવાની અનુકૂળતા જ ન હોય, માનસી માટે કૃપાને પાત્ર ન બન્યાં હોઈએ, ત્યારે ચિત્તને પ્રભુપ્રવણ કરવા શું કરવું?'

પપ્પાએ કહ્યું : 'શ્રીમહાપ્રભુજીએ તેનો માર્ગ પણ બતાવ્યો છે: ભગવત્કૃત પ્રતિબંધ નડે ત્યારે શ્રીભાગવતનો પાઠ કરવો. એનીય અનુકૂળતા ન હોય તો અષ્ટાક્ષર જપવા. કીર્તનથી ચિત્તનો નિરોધ કરવો. આગ્રાવાળા ગુલાબદાસજી વૈષ્ણવ બાહ્ય રીતે ગુલાબખાન તરીકે ઓળખાતા થયા, પણ ચિત્તની પ્રવણતા પ્રભુમાં બની રહી. સાચો વૈષ્ણવ દેશ-કાળ-કર્મના પ્રતિબંધોથી ડરતોય નથી અને ડગતોય નથી.'

ત્યારે મને યાદ આવી ગયેલી જયેશના મુખેથી સાંભળેલી એક ઘટના. ઘટના મુંબઈની જ. પેઢીઓથી જેમને ત્યાં પ્રભુ સખડી આરોગે એવા પરિવારની એક કૉલેજ-કન્યા. કન્યા યુવાનીમાં દિવાની બની ભાન ભૂલી. સહપાઠી, સોહામણા મુસ્લિમ જુવાનને દિલ દઈ બેઠી. કોઈ વાતે ન માની. એની સાથે સિવિલ મેરેજ કરી, મા-બાપના મનથી સદાય માટે મરી ચૂકી. સાસરે હુતો-હુતી બે. બીજા દિવસે તેણે રસોઈ આદરી. મન મૂંઝાયું : 'કોને ભોગ ધરવો? ભોગ ધર્યા વિના લેવાનું?' પૂર્વના સંસ્કારો જાગ્યા, પ્રબળ બન્યા. સવારે પતિને જમાડ્યા. તબિયતનું બહાનું બતાવી તે ભૂખી રહી. સાંજે ભૂલેશ્વર જઈ, શ્રીનાથજીનું એક ચિત્ર લઈ આવી. રસોડું ધોઈને બરાબર સાફ કર્યું. સાંજે નહાઈને રસોઈ બનાવી, ચિત્રજીની સન્મુખ ધરી, સજળ નેત્રે વિનંતી કરી : 'મહારાજ! શ્રીવલ્લભની કાનિ આપવાને લાયક ન રહેલી આ નાલાયક દીકરીની સામગ્રી પર એકાદ કૃપાકટાક્ષ કરવાની દયા થતી હોય તો કરજો' તેણે તેના પતિને સમજાવી દીધા, કીચનમાં પ્રવેશ નિષેધ. આમ તેનું ગાડું તેણે ગબડાવ્યું. સરનામું મળી જાય તો એક વાર તેને મળવા જેવું ખરું. દિલ ખોલીને વાત કરે, તો પૂછી નાખું- તારા અને તારા પતિ પર કૃપા થઈ?

વિચારોમાં ખોવાઈ ગયેલી નીરા પાછી ભાનમાં આવી. એણે પશ્ચિમ દિશામાં ડૂબતા સૂરજને જોયો. સૂરજના તેજ વર્તુળમાં એક એથીય વધુ દેદીપ્યમાન મુખકમળનાં દર્શન થયાં. દેદીપ્યમાન તેજરાશિના સરોવરમાં એક ઇન્દીવરદલ નીલકમળ નર્તતું હતું. એના મુખકમળ અને નેત્રકમળમાંથી છૂટતાં તેજકિરણો તેજફૂવારા બની ચોમેર ઊડતા હતા. એના મુખની સુરખી પ્રકાશ-લીંપી નભની ભોંય પર પ્રતિબિંબિત થઈ, રંગના સાથિયા રચતી હતી. એ મુખમાધુરી વેણુરવ કરી રહી હતી. એ તેજવલયની ચોમેર ધૂમર-ધૂમર ગોવૃંદ છવાઈ ગયું હતું.

નીરાને યાદ આવી ગયું એક પદ : 'તનક જલ પ્યાય દે.' જાણે એ ગોવૃંદમાંથી અળગા થઈ ઘનશ્યામ તેના આંગણે ઊતરી આવ્યા છે. કટિ પર પીતાંબર છે. સ્કંધ પર લાલ ઉપરણો છે, નીલમનાં આભૂષણ છે. મસ્તકે છોરવાળી પીત પાઘમાં મોરપિચ્છનો ગુચ્છ છે. કર્ણમાં કનેરનાં પુષ્પ છે. 'બર્હાપીડં નટવરવપુ:' ચતુર્ભુજ દ્વારકેશ બની પધાર્યા છે, આજ્ઞા કરી રહ્યા છે: 'અરી, સખિ, બહોત પ્યાસ લગી હૈ. તનક જલ પ્યાય દે.' સાંવરિયા લાલને પોતાના કનક-કળશથી જળ પાવા નીચી નમેલી નીરાને જ નીરખી રહેલા શ્યામસુંદરના હસ્તનો ખોબો તો પોલો હતો! ત્યારે એ શું પી રહ્યા હતા? નીરાને રોમાંચ થઈ ગયો. તેનાથી કહેવાઈ ગયું : 'પ્યાસે હો તો પીજિયે, નાતર પધારિયે રાવરે, પ્યાસ મૈં જુ જાની.'

નીરા ખુલ્લી આંખે મધુરેશની મધુરતા માણી રહી.

આજે નીરવને ઓફિસેથી આવતાં મોડું થયું. નીરાને સરપ્રાઈઝ આપવા, તેણે ડોરબેલ ન વગાડતાં તેની પાસેની લેચ કીથી બારણું ખોલ્યું. તે ચુપકીથી બાલ્કનીમાં આવ્યો. નીરાની બરાબર પાછળ ઊભો રહી ગયો. નીરાનાં વસ્ત્રોમાંથી પમરતી 'લવંડર'ની સુવાસ માણતાં, તેની ગૌર ખુલ્લી પીઠને જોઈ રહ્યો. પછી હળવેથી નીરાની આંખો પર તેના બે હાથ દબાવી દીધા.

નીરાએ હળવાશથી કહ્યું : 'હવે બીજા બે હાથ પ્રકટ કરી, તેનાથી વેણુવાદન કરતાં સપ્તકના સ્વરમાં પૂછો- 'કોઙહમ્.' બાકી મને તો ખબર છે કે નીરવકુમાર સિવાય બીજાની આ જિગર નહીં.'

નીરવે મસ્તીથી બે હાથ નીરાના ગળે ભેરવી દીધા, અને નીરાએ નીરવના. બંને હીંચકે બેઠાં. નીરવે બેગમાંથી ચમેલીની વેણી કાઢી : 'આપણા એક માસના મધુર વસવાટની સુવાસિત યાદમાં.'

'તું જ નાખી આપે તો મજા આવે.'

'પ્રયત્ન કરી જોઉં.'

વેણીમઢેલ વાળની સેરને હાથમાં રમાડતાં નીરવે કહ્યું : 'નીરા, આપણા માદક સહવાસની વિધાતાને ઈર્ષા આવી છે કે પછી કોઈની નજર લાગી છે.'

'કેમ?'

'હવે પંદર દિ'નો વનવાસ આવ્યો છે!'

'એવું ન બોલ. શુભ શુભ બોલ.'

'શુભ બોલવાથી અશુભ હકીકત બદલાતી નથી. નાશિક જિલ્લાની અમારી શાખાઓના ઈન્સ્પેક્શન માટે મારે પરમ દિવસે નાશિક જવું પડશે.'

'કેટલા દિવસ માટે?'

'ઓછામાં ઓછા પંદર દિવસ તો ખરા જ.'

'નીરવ, રામજીએ પણ વનવાસનાં ઘણાં વર્ષો નાશિકની ભૂમિમાં જ ગાળ્યાં હતાં. આપણે થોડા દિવસો ગાળીશું.'

'આપણે એટલે?'

'હજી તો આપણે બે જ છીએ. એક દુ ત્રણનો ઘડિયો શીખ્યાં નથી.'

'પણ મારે તો ઓનડ્યુટી જવાનું છે.'

'તે રામજી પણ ઓન ડ્યુટી જ હતા અને સીતામૈયા એલ.ટી.સી.માં નહોતાં ગયાં. એ પણ રામજીની ડ્યુટીમાં ગયેલાં, સમજ્યા મારા રામજી!'

'ના.'

'તો સમજી લો, તમારાં શ્રીમતી નીરાદેવી પણ ઓનડ્યુટી, તમારી સાથે નાશિક આવશે. તમે તમારી ડ્યુટી બજાવજો. અમે પંચવટીના તપોવનના આશ્રમમાં અમારી ડયુટી બજાવીશું.'

'રીયલી? તો.....તો....ખૂબ શાંતિ....સરસ ચા વિના સવાર નહીં બગડે. બી રેડી. પરમ દિવસે સવારે ૬-૦૦ વાગે પ્રસ્થાન. ત્યાં રહેવાની વ્યવસ્થા કરવા કાલે નાશિક બ્રાન્ચને ફોન કરી દઈશ. પણ મારે આજુબાજુનાં ગામોમાં જવું પડશે.'

'જજે ને. મને કોઈ રાવણ ઉપાડી નહીં જાય.'

નીરવ નીરાને બાથમાં લેવા ગયો, પણ નીરા મસ્તીના મૂડમાં 'થમ્સ અપ'ની સ્ટાઈલમાં અંગૂઠો બતાવી સરકી ગઈ. નીરવ પાછળ ગયો. રસોડામાં ઘૂસી જતાં નીરા બોલીઃ 'બૂટ પહેરી રસોડામાં પ્રવેશ બંધ. સીધો બાથરૂમમાં ચાલ્યો જા. શાવર નીચે અર્ધો કલાક માથું પલાળજે, એટલે નશો ઊતરી જશે. બહુ ડાહ્યો છે, હં!'

■

૧૦. મન અભિલાષ ધરે

નાશિકનું આજે પહેલું પ્રભાત હતું.

વલ્લભ સેનેટોરિયમના ભોંયતળિયાના બ્લોકમાં પોતાની સ્વતંત્ર બાલ્કનીમાં નીરવ-નીરા ગાર્ડન ચેરમાં બેઠાં હતાં. બંને નાઈટ ગાઉનમાં હતાં. નીરવ 'ટાઈમ્સ' વાંચતો હતો. નીરા ચા બનાવી રહી હતી. સેનેટોરિયમ ભાટિયા વૈષ્ણવે બનાવ્યું હતું. ત્રણ મજલાનું મકાન ખૂબ જ સુઘડ અને સ્વચ્છ હતું. આગળ-પાછળ મજાનો બગીચો હતો. પ્રત્યેક બ્લોક 'વેલ ફરનિશ્ડ' અને સ્વતંત્ર હતો. સેનેટોરિયમના મેનેજર મોહનકાકા સાઠી વટાવી ગયેલા, પણ યુવાન હતા. વૈષ્ણવ હતા, હસમુખા અને વાતોડિયા પણ.

કાલે નીરવ-નીરા આવ્યાં, ત્યારે જ મોહનકાકાની ચકોર નજરે વાત ઝડપી લીધી. 'બેનના ગળામાં તુલસીમાળા છે, ઓફિસમાં શ્રીનાથજીના ફોટા સામે તેમણે નજર ઝુકાવી. સમજદાર વૈષ્ણવ લાગે છે; પણ ભાઈના ગળામાં કંઠી નથી, રુદ્રાક્ષ છે; વૈષ્ણવ લાગતા નથી. હરિ-હરનો સંગમ છે.'

આજે મોહનકાકા નાહીને બેઠકજીએ મંગળાનાં દર્શન કરવા જતા હતા. બાલ્કનીમાં બેઠેલી નીરાની નજર કાકા પર પડી. મોહનકાકાએ હાથ જોડીને કહ્યું : 'બેન, જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ, કાકા.'

'આવવું છે બેઠકજીએ, મંગળાનાં દર્શન કરવા?'

'બેઠકજી તો દૂર હશે ને?'

'ના રે ના, આ ૬૦ ફૂટનો રસ્તો ઓળંગ્યો કે સામે જ બેઠકજી. બેઠકજીમાં શ્રીદ્વારકાધીશજીનું મંદિર પણ છે. બંને સ્થળે દર્શન થશે.'

'તમે જાઓ કાકા, હજી તો હું નહાઈ નથી.'

ચા પીતાં પીતાં નીરવે કહ્યું : 'નાહીને પછી જજે, પણ બેઠકજી એટલે શું?'

'જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજીએ તેમના જીવનકાળનાં ૫૨ વર્ષ દરમ્યાન ૧૮ વર્ષ સુધી, ખુલ્લાં ચરણોથી ચાલીને સતત ત્રણ વખત ભારત-પરિક્રમા કરેલી. આ યાત્રા દરમ્યાન તેમણે ભારતનાં ૮૪ જેટલાં સ્થાનોમાં શ્રીભાગવત પારાયણ, શ્રીવેદ પારાયણ, શ્રીવાલ્મિકી રામાયણ પારાયણ આદિ પારાયણો કરેલાં. તે તે સ્થાન તેમની બેઠક તરીકે પ્રસિદ્ધ છે. આપણા મહેસાણા જિલ્લામાં ખેરાળુ અને સિદ્ધપુરમાં તેમનાં બેઠકજી છે. આ બેઠકમાં તેઓ આજે પણ સાક્ષાત્ બિરાજે છે, એવી અમને વૈષ્ણવોને ભાવના અને પૂર્ણ શ્રદ્ધા. વૈષ્ણવો નહાઈને તેમની સેવા કરી શકે. આ લાભ અમને મંદિરોમાં ન મળે.'

'તારી ઇચ્છા હોય તો લાભ લેજે.'

નીરવના મોંએથી વગર માગ્યે આવી સંમતિ મળતાં નીરા મનોમન નાચી ઊઠી, 'શ્રીવલ્લભ, તમારી ભૂમિનો પ્રતાપ!' બંને નિત્યકર્મ આટોપવા ઊઠ્યાં.

સવારે દસ વાગે નીરવ બેંકમાં જવા તૈયાર થયો. નીરાએ પૂછ્યું : 'જમવા ક્યારે આવીશ?'

'બારથી સાડા બારમાં.'

'ભલે, હું બેઠકજી જઈ આવું.'

'જજે.'

નીરા બેઠકે જવા તૈયાર થઈ. તેણે મરુન કલરનાં સાડી-બ્લાઉઝ ગુજરાતી ઢબે પહેર્યાં. ખભા પર ઢળતો અંબોડો બાંધ્યો. તેમાં લાલ ગુલાબ ભરાવ્યું. તેની ગતિમાં અભિસારિકાનો ભાવ હતો.

તે બેઠકે આવી. બેઠકમાં સુંદર બગીચો હતો. વાતાવરણમાં પ્રફુલ્લતા અને પવિત્રતા હતાં. બગીચો વટાવી, બેઠકજીના ચોકમાં આવી. પગથિયાં ચડી તિબારીમાં આવી. શૃંગારનાં દર્શન ખુલ્લાં હતાં. અરગજાઈ કિનારનાં શ્વેત ધોતી-ઉપરણો ધરી શ્રીવલ્લભ બિરાજ્યા હતા. શ્રીકંઠમાં બે તુલસીમાળા અને જૂઈ-ગુલાબની કલામય પુષ્પમાળા વિરાજતી હતી. પૂ.શ્રીસુમનબેટીજી દર્પણ બતાવી રહ્યાં હતાં. બે-એક વૈષ્ણવો દર્શન કરતાં હતાં. નીરાના હોઠ ફફડી ઊઠ્યાં: ‘તેરો મુખ નીકો કે મેરો મુખ પ્યારી.’ એના સૂરીલા સ્વરમાંથી નીતરતા ભાવે પૂ.શ્રીબેટીજી મહારાજની દૃષ્ટિ તેના તરફ વાળી.

નીરા તો ગાતી જ રહી : ‘લે કર દરપણ પિયુ હી દિખાવે, સાચી કહૌં વૃષભાન-દુલારી.’ પંક્તિનું તેણે વિવિધ ભાવ-સભર સ્વરોમાં આવર્તન કર્યું. એમાં વિનંતી થઈ, આગ્રહ પ્રગટ્યો, મનુહારનો ભાવ ઝળક્યો.

પૂ. શ્રીબેટીજીએ દર્પણ હૈયા સરસું દબાવતાં આગલી પંક્તિ ગાઈ: ‘તુમ હો નંદજુ કે કુંવર કન્હૈયા, હૌં ગુજરિયાં દાસી તિહારી.’ આપ પ્રસન્નતાથી બહાર પધાર્યા. શ્રીમહાપ્રભુજીની પ્રસાદી-બીડી નીરાને આપતાં આપે આજ્ઞા કરી: ‘બેન, આજ તો તમે આપણા પ્રાણવલ્લભને રીઝવી દીધા. માગો, માગો તો મારું સર્વસ્વ આપી દઉં.’

નીરાએ હાથ જોડી, મસ્તક નમાવી વિનંતી કરી:

‘યહ માંગો શ્રીગોપીજનવલ્લભ,
માનુષ દેહ ઔર હરિસેવા,
બ્રજ બસવો દીજે મોહિ સુલભ.’

બે પંક્તિ ગાતાં ગાતાં તો એના કંઠમાં ડૂમો ભરાઈ આવ્યો. એની આંખો મુશળધાર વરસી ગઈ. એના કંઠમાંથી ડૂસકું નીકળી ગયું. પૂ. શ્રીબેટીજીએ તેને બાથમાં લઈ લીધી. ‘બેન, ધીરજ રાખ, શ્રીવલ્લભ તારી અભિલાષા અવશ્ય પૂર્ણ કરશે. એના આંગણે આવેલ કોઈ ભિક્ષુક ક્યારેય ખાલી હાથે પાછો જતો નથી. એમાંય તેં તો પ્રાણવલ્લભનાય વલ્લભની સેવા માગી છે. પોતાનો વૈષ્ણવ સેવા કરે એ તો શ્રીવલ્લભને અભિપ્રેત જ છે. વૈષ્ણવને સેવા-તત્પર જાણી શ્રીવલ્લભને સવિશેષ પ્રસન્નતા થાય છે.’

આપશ્રીનો વરદ હસ્ત નીરાના વાંસે ફરતો રહ્યો. નીરાએ દિલ પર સંયમનું તાળું વાસ્યું.

‘મને ક્ષમા કરો. મારાથી ન રહેવાયું અને રડી પડાયું. હું જાણું છું આનંદઘન પ્રભુ સમક્ષ કંઈ મંગાય નહીં અને રડાય નહીં. આજે મારાથી આ બેય અપરાધ થયા છે. આપ મારા આ અપરાધ શ્રીવલ્લભ પાસે ક્ષમા કરાવો.’

‘ગાંડી, શ્રીવલ્લભ અપ્રસન્ન નથી. તારા ભાવથી ખૂબ પ્રસન્ન છે.’

‘પણ મેં આપની અપરસ છોવડાવી.’

‘એની ફિકર ન કર. શ્રીવલ્લભના આ ધામમાં જળનો તોટો નથી. ગોદાવરીજી સેવામાં ભરપૂર છે.’

‘મેં સાંભળ્યું છે, અહીં શ્રીદ્વારકાધીશજી બિરાજે છે. એમનાં દર્શન થશે?’

‘અવશ્ય, આવ. અહીં શૃંગાર થયા પછી ત્યાં ખૂલશે.’

આપશ્રીએ સહજ રીતે નીરાનો હાથ પોતાના હસ્તમાં પકડી લીધો. ચોકમાંથી બહાર આવતાં સામેની પરસાળમાં મંદિરનું દ્વાર હતું.પરસાળ વટાવી બંનેએ મંદિરના ચોકમાં પ્રવેશ કર્યો. તિબારીમાં સુખડની

સાંગામાંચી પર શ્રીદ્વારકાધીશજી બિરાજમાન હતા. શ્વેત દુહેરો મલ્લકાછ, મોતીના કટિ પર્યંતના શૃંગાર, મીનાકૃતિ મોતીનાં કુંડળ અને મોતીનો ટિપારો. મોગરાનાં પુષ્પોની માળા અને ચોકઠું.

'નીરા, તારા દ્વારકેશને કીર્તનથી નહીં રીઝવે?'

પૂ. શ્રીબેટીજીએ નીરાના ખભે હસ્ત ધરતાં આત્મીયતાથી આજ્ઞા કરી. નીરાએ પોતાનો અનુભવ ગાયો:

'કમલ-સી અખિયાં લાલ તિહારી,
ઈન્હેં તકિ તકિ તીર ચલાવત, બેંધત છતિયાં હમારી,
ઈન્હે કહા કોઈ દોષ લગાવે, યે અજહુ ન સમ્હારી.
શ્રીવિઠ્ઠલ ગિરધારી કૃપાનિધિ, સૂરત હી તે સુખકારી.'

નીરા તો નીરખી જ રહી- ભાન ભૂલી અપલક નેત્રે ખોવાઈ ગઈ.

આપશ્રીએ નીરાની પીઠ થાબડી : 'વાહ! બહોત ખૂબ!'

ચોકમાંથી બહાર આવતાં પૂછ્યું : 'તારો પરિચય?'

'નીરા.'

'એમ નહીં. પૂરો પરિચય.'

નીરાએ સંકોચપૂર્વક બધી વિગતો આપી, 'મારું નામ સુમન. દીક્ષિતજી મહારાજની બેટી. અહીં ઉપર જ રહું છું. ચાલ.'

'રોકાવાની છું. આપની અનુકૂળતાએ આવીશ. મારી એક વિનંતી છે. બાળપણથી જ મને ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં ખૂબ પ્રીતિ છે. સમય મળે એટલી વાર વાંચું. અહીં સાવ નવરી છું. આજ્ઞા આપો તો, આ સ્થાનમાં વાર્તાઓનું પારાયણ કરું.'

'ખૂબ સુંદર. અવશ્ય કર, પણ સસ્વર. મને જેટલી ફુરસદ મળશે તેટલી વાર હું પણ શ્રવણ કરવા બેસીશ. કેટલા દિવસનો મનોરથ છે?'

'બાર દિવસનો.'

'ભલે, કાલથી પ્રારંભ કર.'

નીરાએ નીચાં નમી આપશ્રીનાં ચરણસ્પર્શ કર્યાં.

નીરા આજ ખૂબ હળવી બની ગઈ હતી. એના હૈયા પરથી બધો ભાર હટી ગયો હતો. એને વડનગરમાં થયેલી શિવજીની આજ્ઞા યાદ આવી ગઈ. એને નિશ્ચય થયો : અહીં જ શ્રીવલ્લભ મારા નીરવનું મન બદલશે. એ માટે જ અમને અહીં બોલાવ્યાં છે અને બેઠકજીની સામે જ મુકામ કરાવ્યો છે.

નીરા પ્રસાદી બીડી લઈ મુકામે પાછી આવી. મોહનકાકા સામે મળ્યા. 'શીદ જઈ આવ્યાં, બેન.'

'કાકા, જરા પગ છૂટો કરી આવી.'

ચતુર કાકા હાથમાંનું પ્રસાદી બીડું જોઈ સમજી ગયા. તેઓ મનોમન બોલ્યા:

'આ સામાન્ય વૈષ્ણવ નથી. મોરનું ઈંડું છે. બાકી ભગવદ્ધર્મ છુપાવતાં ન આવડે.'

'ભલે બેન, કંઈ જોઈએ તો સંકોચ ન કરતાં. માગી લેજો. ભાગ્ય હોય તેને ભગવદી'ની સેવા મળે. જયશ્રીકૃષ્ણ.'

■

૧૧. જો સુખ હોય ગોપાલેં ગાયેં

ભગવદીય-વાર્તાઓના પારાયણનો આજે બારમો અને અંતિમ દિન હતો. છેલ્લા અગિયાર દિવસથી નીરા રોજ શ્રીમહાપ્રભુજીની સન્મુખ સસ્વર પારાયણ કરતી રહી હતી. સમય મળે પૂ.બેટીજી મહારાજ પણ ત્યાં પધારી, ચુપચાપ બિરાજી જતાં. જે જે ભગવદીયના ચરિત્રનું વાચન થાય, તે તે ભગવદીય જાણે હૃદયમાં બિરાજી પોતાના ચરિત્રનો મર્મ પ્રકાશિત કરતા હોય એમ નીરાને લાગતું. પછી તે આખો દિવસ એ જ વિચારતી- આવા મહાન ભગવદીયોના ચરણે ચરણે કેવી રીતે ચાલવું?

એનો જવાબ આજે પારાયણ પૂર્ણ થતાં મળ્યો. પારાયણ પૂર્ણ કરી શ્રીવલ્લભ અને વલ્લભીયોનાં ચરણ કમળોમાં દંડવત્ કરતાં તે બોલી:

‘શ્રીવલ્લભના ચરણની રજ તણા જે દાસ,
પદરજ વંદું તેહની, મન કર્મ દૃઢ વિશ્વાસ.
શ્રીવિઠ્ઠલપ્રભુ તણા કૃપાપાત્ર જે જન,
તે વાંછા મુજ દીન પર, રહેજો સદા પ્રસન્ન.’

‘પદરજવંદન ઈતિશ્રી નથી, એ તો મંગલાચરણ છે. એને અનુસરવાનું એટલું જ મહત્ત્વનું છે.’ પૂ. શ્રી બેટીજી મહારાજે આજ્ઞા કરી.

‘એની જ મને સમજણ નથી પડતી. મારી જે પરિસ્થિતિ છે તેમાં-’

‘એની સમજ કરુણાપારાવાર શ્રીપ્રભુચરણે ‘શ્રીસર્વોત્તમસ્તોત્ર’માં આપી છે. ‘વિનિયોગો ભક્તિયોગઃ પ્રતિબંધ વિનાશને, કૃષ્ણાધરામૃતાસ્વાદઃ સિદ્ધિરત્ર ન સંશયઃ।’ શ્રી સર્વોત્તમસ્તોત્રનો પાઠ શ્રદ્ધા અને વિશુદ્ધબુદ્ધિપૂર્વક અનુદિન - સતત કરવાથી ભક્તિયોગ સિદ્ધ થશે, ભક્તિયોગમાં આવતા પ્રતિબંધો નિવૃત્ત થશે અને સાક્ષાત્ કૃષ્ણાધરામૃતની પ્રાપ્તિ થશે. નીરા, તું આજથી ‘સદા’ અને ‘મુદા’ શ્રીસર્વોત્તમસ્તોત્રનો મનમાં જપ કર. ભગવાન પણ સ્વયં ગીતાજીમાં આજ્ઞા કરે છે ‘જપયજ્ઞોડસ્મિ.’ જપયજ્ઞરૂપ હું જ છું.’

‘જેવી આપીની આજ્ઞા.’

નીરાએ આજ્ઞા શિરોધાર્ય કરતાં ફરી દંડવત કર્યાં. નીરાના પારાયણ-મનોરથની પરિસમાપ્તિમાં આશીર્વાદ રૂપે પૂ. શ્રીબેટીજી મહારાજે નીરાને શ્રીમહાપ્રભુજીનો પ્રસાદી કેસરી ઉપરણો ઓઢાડી, બીડાં આપ્યાં.

‘જે જે, આજ્ઞા આપો તો એક બીજો મનોરથ પણ છે. શ્રીવલ્લભને બાર દિવસ શ્રમ કરાવ્યો છે. મારાથી કંઈ ટહેલ બની નથી. આપના દ્વારા શ્રીવલ્લભને ‘તપેલી’ આરોગાવવાની ઈચ્છા છે.’

આપ મૌન રહ્યાં.

નીરા નિરાશ થઈ, છતાં હિંમત કરી ફરીથી પૂછ્યું: ‘શ્રીવલ્લભ મારો મનોરથ અંગીકાર નહીં કરે?’

‘નીરા, એવું નથી. વિચાર સિદ્ધાંતનો કરવાનો છે. નીરવ શૈવમાર્ગી છે. વૈષ્ણવ નથી. શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી અવૈષ્ણવની સત્તા અંગીકાર કરતા નથી, કારણ કે તેઓ નિવેદિત નથી. તેઓ બ્રહ્મસંબંધ લઈ સમર્પિત થયા નથી. ‘અસમર્પિતવસ્તૂનામ્ તસ્માદ્ વર્જનમાચરેત્.’ એનો ભગવદ્સ્વરૂપ પરત્વે આવોય અર્થ થાય કે અસમર્પિત મનુષ્યોની વસ્તુઓ વર્જ્ય છે. શ્રીમહાપ્રભુજી સદુપાંડેના ચોતરે પ્રથમ વખત પધાર્યા ત્યારે નરોની વિનંતી આપે નહોતી સ્વીકારી કે ‘ઘરમાં ઘણું દૂધ છે, આપ આજ્ઞા કરો તેટલું લાવી દઉં.’ કૃષ્ણદાસ મેઘનજીએ સ્પષ્ટતા કરેલી: અમારા સ્વામી પોતાના સેવકનું જ ગ્રહણ કરે છે. આજે આ સિદ્ધાંત પુષ્ટિમાર્ગીય

સમાજમાંથી ભુલાતો જાય છે. આ સિદ્ધાંતની વાત છે. અબુધ વૈષ્ણવો કદાચ સિદ્ધાંત ન જાણે અને વિરુદ્ધ આચરણ કરી બેસે તો શ્રીવલ્લભ દયાસાગર છે, એમને ક્ષમા કરે. પણ શ્રીવલ્લભનાં જ છોરુ એવાં અમે જાણવા-સમજવા છતાંય અપસિદ્ધાંતમાં સંમતિ આપીએ તો શ્રીવલ્લભે અમને શા માટે માફ કરવાં જોઈએ? અમારા પૂજ્ય દાદાભાઈ તો વારંવાર આજ્ઞા કરે છે, અમારે અજગર નથી થવું. શ્રીવલ્લભ વૈષ્ણવોની 'મિસરી' સુખથી આરોગે પણ અવૈષ્ણવની તપેલી સર્વથા નહીં.'

'જે જે, આપે ખૂબ સાચી વાત કહી. પણ આ બાબતમાં મારી એટલી જ વિનંતી છે કે લગ્ન પહેલાં મેં નોકરી કરેલી. મારા પગારની બચેલી રકમ નીરવે બેંકમાં મારા એકલીના નામના અલગ ખાતામાં મુકાવી છે અને કહ્યું છે, ''નીરા, આમાં મારો કોઈ હક્ક કે ભાગ નહીં. તે વાપરવા તું સ્વતંત્ર. મને તેમાં પૂછવાનું પણ નહીં.'' આમાંથી તો શ્રીવલ્લભ અંગીકાર કરે ને?'

'જરૂર, એમાંથી શ્રીવલ્લભ કાલે તપેલી અંગીકાર કરશે.'

નીરા સેનેટોરિયમ તરફ ગઈ.

બપોરે નીરવ જમવા આવ્યો. જમતાં જમતાં નીરવે કહ્યું : 'નીરા, આજનું કામ પતાવીને આવ્યો છું. હવે આજના દિવસની છુટ્ટી. બાર-તેર દિવસ ખૂબ કામ પહોંચ્યું. હજી બીજા ચાર-પાંચ દિવસ રોકાવું પડશે. કાલ રવિવાર છે. દોઢ દિવસ આરામ. નાસિક જોઈ લઈએ. સાંજે ફરવાનો પ્રોગ્રામ.'

'જરૂર, ગોદાવરીના પાટથી લઈ, દર્શનીય સ્થળો જોઈ આવીએ. મોહનકાકાને પૂછી પ્રોગ્રામ બનાવી લઈશ.'

'એક દિવસ સાંજે ત્ર્યંબક પણ જઈ આવીશું.'

નીરા મૌન રહી.

સાંજે ત્રણ વાગે બંને વામકુક્ષી કરીને જાગ્યાં. ચા પીધી. બહાર ફરવા જવા તૈયાર થવા લાગ્યાં.

'નીરા, આજે હું 'હોલીડે' મૂડમાં છું. સૂટ-ટાઈ અને સફારીનો થાક લાગ્યો છે.'

'તો લેંઘો-ઝભ્ભો પહેર. તેમાં તું 'હેન્ડસમ' લાગે છે. આઈ લાઈક ઈટ.'

'ઓ. કે. તુંય આજે સાડીને બદલે ડ્રેસ પહેર.'

'એઝ યુ લાઈક ઈટ.'

નીરવ આસમાની ઝભ્ભા-લેંઘામાં સજ્જ થયો. નીરાએ આસમાની-પીળા રંગનાં સલવાર-કુર્તા પહેર્યા. વિપુલ કેશરાશિને બે સેરમાં ગૂંથી લીધો. આજે નીરવ રોમેન્ટિક મૂડમાં હતો. તેણે 'સ્પ્રે'ની બોટલ લગભગ ખાલી કરી દીધી. નીરાની વાળની સેરમાં મોગરાનો મોટો ગજરો ભરાવી દીધો. બંને રીક્ષા કરી નાસિકદર્શને નીકળ્યાં. રામજીની તપોભૂમિમાં રામાયણકાળમાં સરકી ગયાં. સહ્યાદ્રિની ગિરિમાળાઓ અને તેમની ગોદમાં ગેલ કરતી ગોદાવરી જોઈ બંને પ્રફુલ્લિત થયાં. ગોદાવરી ઘાટે રીક્ષા છોડી દઈ, બંને જણે પગથિયાં ઊતરી ગોદાવરીના તીર્થજળને અંજલિમાં લઈ, મસ્તકે છાંટ્યું. ઘાટના તદ્દન નીચેના પગથિયે બેસી, જળમાં પગ બોળી, અલકમલકની વાતે વળગ્યાં. ત્યાં અનાયાસ વરસાદનાં ફોરાં લઈ કાળાં વાદળો ધસી આવ્યાં. વરસાદનાં ફોરાં બંનેને સુખદ લાગ્યાં.

બંને વર્ષાની ભીનાશ દેહ પર માણી રહ્યાં, અંતરમાં પ્રેમની મીઠાશ માણતાં જ હતાં.

વરસાદનાં ફોરાં મોટાં થયાં. નીરાએ નીરવનો હાથ પકડ્યો.

‘ઊઠીશું? વરસાદ વધે છે. આપણને જોઈ આભ પણ અવનીને આલિંગવાના રોમેન્ટિક મૂડમાં છે. મને તો ભીંજાવું ખૂબ ગમે. નાની હતી, ત્યારે મમ્મી લડે તોય ઘરમાં ન આવું. વરસાદમાં પલળ્યા કરું. પણ તારી પ્રકૃતિ શરદીની છે. ઉનાળામાંય ઠંડું પાણી તને માફક નથી આવતું. માંદા પડવાની મજા લેવી નથી.’

‘તારી વાત સાચી. મારા નસીબમાં બાલ્કનીમાંથી વરસાદ જોવાનું જ લખ્યું છે, ચાલ.’

નીરા નીરવનો હાથ પકડી ચાલવા લાગી.

‘નીરવ, અમારી કૉલેજમાં ગુજરાતીના પ્રોફેસર બૂચ સાહેબ હતા. જૂનાગઢના વડનગરા નાગર. ભગવાને નાગરી નારી ઘડતાં ઘડતાં છેલ્લી મિનિટે વિચાર બદલ્યો હોય તેવું તેમને જોતાં લાગે. કવિપ્રકૃતિ. કવિતા રચે અને ગાય પણ ખરા.’

‘શશીકાંત બૂચ. તેમનાં મિસિસ જ્યોત્સ્નાબેન.’

‘તે એ ક્યાંથી અત્યારે યાદ આવ્યા?’

‘કહું છું. એક વખત કૉલેજમાં કવિ-સંમેલન. એમણે કવિતા ગાઈ: ‘આમ તો મને ચાંદની રાતે ચાલવું ગમે.’

એક લીટી પૂરી કરી ન કરી, ત્યાં તો પાછળથી તોફાની અવાજ આવ્યો : ‘ચાંદની તો ચોવીસ કલાક ઘરમાં છે, ચાલ્યા કરો. બાપુ. અને તે સાથે ખડખડાટ તોફાની હાસ્યનાં મોજાં ઊછળ્યાં. પાછો બૂચ સાહેબનો કોઠો શરદીનો. બારે માસ શરદીના દરદી. હજી તો તેઓ કવિતા આગળ ચલાવે, ત્યાં બીજા ખૂણેથી એક સ્ત્રૈણ અવાજ આવ્યો : ‘સાહેબ, રાતે ફરવું સારું નહીં. શરદી થઈ જશે.’ તેઓ ધુંવાપુવા થઈ બેસી ગયા. મને ત્યારે ખૂબ મજા આવેલી. બૂચ સાહેબને ચિડાતા જોવાની મજા આવતી.’

‘ઓહ સમજ્યો. તારું કહેવું એમ છે કે બૂચ સાહેબ જેવો બીજો આ શરદીનો દરદી તેમની જેમ ગુસ્સે ન થયો એટલે ગુસ્સો જોવાની મજા ન આવી, ખરું ને?’

‘ખરું, પણ શિવજી જ એટલા બધા કોપાયમાન થઈ શકે છે કે એમના ભક્તો તો કોપ કરવાનું જ ભૂલી ગયા છે. ક્યારેક તું ગુસ્સે થઈશ. તો તેય માણી લઈશ. મુસ્કાનની મદિરા સૌ પીએ, અમે દિવાના તમારા, તમારા ગુસ્સાની ઠંડાઈ ગટગટાવી જઈશું.’

‘વાહ, વાહ! વાહ, વાહ! ક્યા કહી?’

‘એય સબૂર. આપણે રાજમાર્ગ પર છીએ. લોકો આપણને જુએ છે.’

બંને ગંભીર થઈ ગયાં. તેઓ ચૂપચાપ સેનેટોરિયમ તરફ ચાલવા લાગ્યાં.

‘ગુડ ઈવનિંગ, સર.’

‘વેરી ગુડ ઈવનિંગ.’

‘સર, હું અશોક શ્રીવાસ્તવ. અહીંની આપણી બ્રાન્ચમાં એકાઉન્ટન્ટ છું.’

‘આપણે બૅન્કમાં મળીએ છીએ ને!’

‘સર, આપ રજા આપો તો મારે આપને થોડી વાતો કરવી છે. બેન્કમાં મેનેજર કાટઘરે સાહેબની હાજરીમાં વાત કરવી ઠીક નથી. હું આપને મળવા જ આવતો હતો.’

‘ચાલો, હું મુકામે જ જઉં છું.’

‘નીરવ, તમે બિઝનેસ ટોક કરો, ત્યાં સુધી હું બેઠકજી જતી આવું?’

‘ઓ. કે. મોડું નહીં થાય ને?’

‘ના.’

નીરા બેઠકજી તરફ વળી. સાંજના છ વાગ્યા હતા. ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. ક્યાંકથી મોરના ઉપરાછાપરી ટહૂકા દોડી આવ્યા. નીરાના કંઠમાં કીર્તનની કડી દોડી આવી : ‘બોલે માઈ ગોવર્ધન પર મુરવા.’ બેઠકજીના બગીચામાં પ્રવેશતાં તેને ત્યાંના ચોકના દરવાજામાંથી આવતા બુલંદ સૂર સંભળાયા. વિલંબિત લયમાં મલ્હાર ગવાતો હતો અને તેમાંય એ જ પદ- ‘બોલે માઈ ગોવર્ધન પર મુરવા.’ સાથમાં તંબૂરનો ઝંકાર હતો. નીરાએ પગ ઝડપથી ઉપાડ્યા.

શયનમાં દર્શન ખૂલ્યાં હતાં. ચાર-પાંચ પુરુષો અને એક-બે બહેનો બેઠાં હતાં. બધાં જ યાત્રિકો જણાતાં હતાં. સફેદ લેંઘા-ઝભ્ભમાં સજ્જ એક પ્રૌઢ તંબૂર સાથે કીર્તન ગાતા હતા. નીરા કીર્તનમાં લીન થઈ ગઈ.

એક કડી પૂરી થાય તે પહેલાં અનાયાસ તંબૂરનો તાર તૂટી ગયો અને સાથે કીર્તનિયાજીનો તાલ પણ તૂટ્યો. તેમના મુખમાંથી દર્દ પ્રક્ટ્યું : ‘હે વલ્લભ! મૂકેશભાઈ, ખરી થઈ! હવે? તાર બાંધનાર ક્યાંથી લાવવો?’

નીરાની નજર કીર્તનિયાજી તરફ ફરી. એમ લાગ્યું કે પ્રભુએ તેમને નેત્રોનું સુખ નથી આપ્યું. તેઓ તંબૂરનો તાર તૂટતાં નિઃસહાય જણાતા હતા. નીરાની નજર બાજુમાં ઊભેલા ભાઈ પર પડી. ચહેરો પરિચિત જણાયો.

‘કેમ બહેન! ભૂલી ગયાં? ઝવેરી બ્રધર્સમાં મળેલાં. દિનેશ ઝવેરી.’

‘ઓહ, દિનેશભાઈ! કીર્તનિયાજી?’

‘મારા બાપુજી છે. બચુભાઈ ઝવેરી.’

‘દિનેશ, કોણ છે?’

‘મુંબઈનાં વૈષ્ણવ છે. વધારે પરિચય નથી.’

‘દિનેશભાઈ, તમને બાપુજીનો કીર્તનનો વારસો નથી મળ્યો ?’

‘મળ્યો છે ને! અમારા ઘરમાં બધાં ગાય. ભાઈની ગેરહાજરીમાં અમારાં આ ભાભી ઝીણું ઝીણું ગાય. એમનું નામ પ્રેમીલાબેન. હું બાથરૂમમાં ગાઉં. અમારાં મેડમ ઊંઘમાં ગાય. અમારા પોરિયા નિશાળમાં ગાય અને અમારો ઘાટી શંકર વાસણ પટકતાં ગાય. આગે ગાય, પાછે ગાય, ઈત ગાય, ઉત ગાય.’

‘ખરા છો, તમે તો!’

‘જુઓ બેન, વાત એવી છે કે ભાઈ ગાય ત્યારે તેની કેસેટ બનાવતાં આવડે. તંબૂરનો તાર બાંધતાં ન આવડે.’

‘બચુભાઈ, એક મિનિટ થોભો. હું પ્રયત્ન કરું.’

નીરા દરવાજા તરફ દોડી.

‘બેન, તંબૂર તો અહીં છે.’

નીરા દોડતી સેનેટોરિયમ ગઈ.

‘અરે, નીરા, કેમ દોડતી આવી? શું થયું?’

નીરા હાંફતી હતી. માંડ માંડ બોલી : ‘નીરવ, તંબૂરનો તાર તૂટ્યો. કીર્તન અટકી ગયું. વીણાવાદનમાં તું પારંગત છે. તાર ન બાંધી આપે?’

‘ક્યાં બેઠકમાં?’

‘હા.’

નીરવ ચૂપ રહ્યો.

‘પ્લીઝ ચાલ ને.’

‘ચાલ. મિ. શ્રીવાસ્તવ, આપણે પછી ફરી મળીએ. એકસ્ક્યુઝ મી.’

નીરા દોડતી રહી. તેની પાછળ નીરવ ઉતાવળે પગલે ચાલ્યો.

.....મારો વહાલો કનૈયો, જબરો કપટી. નીરાની લાગવગ તેના સુધી પહોંચી લાગે છે. મને એના તરફ વાળવા જ એણે આ કપટ કર્યું લાગે છે.

તંબૂરનો તાર તોડ્યો. એ નટખટ તાર તોડવામાં પ્રવીણ છે. કેટકેટલાના તાર તોડ્યા અને પોતાનામાં જોડ્યા! પણ કનૈયા, યાદ રાખજે, આ ખોપરી જુદી છે. એમ તારા સકંજામાં નહીં આવે. બેઠકમાં તારે ખાતર નથી આવતો, પણ અમારા સંગીતનું ઉસૂલ છે કે કોઈનું સંગીત અટકતું હોય, તો તેની મુશ્કેલીમાં મદદ કરવી. વળી નીરા મારું માન રાખી હાટકેશજીમાં આવી હતી. મારે તેનું માન પણ રાખવું જોઈએ ને?'

નીરાની પાછળ પાછળ નીરવ આવ્યો.

'બચુભાઈ, એમને લઈ આવી છું. તે તાર બાંધી દેશે.'

બચુભાઈ તંબૂરની સામેથી બાજુમાં ખસી ગયા. નીરવ ત્યાં બેઠો. તેણે નીચી નજર રાખી તાર બાંધ્યો. તેણે તંબૂર છેડી જોયો. તાર સરખો બંધાયો છે કે નહીં, તેની ખાત્રી કરી.

'વાહ, સંગીતના ભારે જાણકાર લાગો છો, ભાઈ!'

બચુભાઈ તંબૂર-વાદનની એક ઝલકથી નીરવની કલાને પામી ગયા.

નીરવ ઊભો થઈ ચાલવા લાગ્યો. તેની પાછળ પાછળ જતાં નીરા બબડી: 'સાવ કઠોર કાળજાનો બન્યો. કાનુડાની સામે ઊંચી નજરે જોયું પણ નહીં. હાથેય જોડવાની અદબ ન જાળવી. જરા દર્શન કર્યાં હોત તો કાનુડો કામણ કરી દેત. ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવ સરે.'

નીરા મનોમન ધુંધવાતી રહી, નીરવ પર ખિજાતી રહી. વચમાં વચમાં આશ્વાસન મેળવતી રહી: 'ભલે દર્શન ન કર્યાં, હાથ ન જોડ્યા, પણ સામે તો આવ્યો ને? શ્રી વલ્લભે તો એને જોયો ને? અજાણતાંય સેવા તો કરી ને? રાઈ જીતની સેવા કો ફલ માનત મેરુ સમાન. નીરવની સેવા વિફળ કેમ જશે? '**तथैव तस्य लीलेति मत्वा चिंतां द्रुतं त्यजेत्.**' શ્રીવલ્લભનાં વચનોએ તેને ધીરજ બંધાવી.

નીરા નિરાશા ખંખેરી, હસતા મોંએ નીરવની સાથે થઈ જતાં બોલી: 'થેન્ક યુ વેરી મચ, સો કાઈન્ડ ઓફ યુ.'

'ફોર વ્હોટ?'

'ફોર યોર હેલ્પ. મારી રીકવેસ્ટ સ્વીકારવા માટે.'

'જો આપણા બે વચ્ચે આવી ઔપચારિકતા ન હોય.'

રાત્રિ-ભોજન કરી બંને બાલ્કનીમાં બેઠાં. મોહનકાકા આવ્યા : 'નીરવભાઈ, તમે બચુભાઈના તંબૂરનો તાર સાંધી આપ્યો?'

'કાકા, તમે અંતર્યામી છો!'

'ના રે ના, બચુભાઈ એન્ડ પાર્ટીનો મુકામ તમારી બાજુના જ બે બ્લોકમાં છે. જ્યારે આવે ત્યારે એ જ બ્લોકમાં ઊતરે. એમણે મને કહ્યું. એમણે કહેવડાવ્યું છે : અનુકૂળતા હોય તો સંગીતની સંગત કરીએ'

'પણ સંગીતનો સાજ?'

'હુકમ કરો. સેવક બધું હાજર કરી દે. મને સંગીતનો શોખ છે.'

'કાકા, તમે ગાઓ છો?'

'ના રે બેન, સાંભળવું ગમે. મજાક નથી કરતો. મને અનિદ્રાનો રોગ છે. શાસ્ત્રીય સંગીત એની દવા છે. સાંભળતાં સાંભળતાં ઊંઘ આવી જાય. નીરવભાઈ અને બચુભાઈ ગાશે. નીરાબેન અને પ્રેમીલાબેન સૂર પુરાવશે અને મોહનભાઈ અનિદ્રામાંથી નિદ્રામાં પ્રયાણ કરતાં, નસકોરાનાં તબલાં વગાડશે.'

બધાં મોહનકાકાની વાત પર ખૂબ હસ્યાં. મોહનકાકા સંગીતના સાજની વ્યવસ્થા કરવા ઊપડ્યા.

■

૧૨. અબ ભઈ ગિરિધર સોં પહેચાન

પાછલી રાતે નીરવ એકાએક જાગી ગયો. તે પથારીમાં બેઠો થઈ ગયો. તે હાંફતો હતો. તેના શ્વાસનો અવાજ સાંભળી નીરા પણ જાગી ગઈ. તેણે સૂતાં સૂતાં જ પૂછયું : 'શું થાય છે, નીરવ?'

નીરવ હજી હાંફતો જ હતો. નીરા બેઠી થઈ ગઈ. તેણે ટેબલ લેમ્પની 'બેડ સ્વીચ' દબાવી. લાઈટના અજવાળામાં નીરા ચમકી. આવી ઠંડકમાંય નીરવના આખા શરીરેથી પરસેવાના દદૂડા નીકળતા હતા. તે બેચેન હતો. આંખો ચકળવકળ થતી હતી. નીરાએ તેની પીઠ અને છાતી પંપાળી. તેને પાણી આપ્યું. તેના વાળનાં ઝુલ્ફાંમાં હાથ ફેરવ્યો. નેપકીન લઈ તેના શરીરનો પરસેવો લૂછયો. સિલિંગ ફેન ચાલુ કર્યો. નીરવ થોડો સ્વસ્થ થયો.

'નીરવ, હું કોફી બનાવી લાવું. તેનાથી તને સારું લાગશે.'

નીરવને ભાવતી બ્લેક કોફી, તેને પાઈ.

'નીરવ ડાર્લિંગ, શું થાય છે? છાતીમાં ગભરામણ થાય છે? તાવની અસર છે?'

'ના, નીરા, જિંદગીમાં કદી વિચાર્યું નથી એવું એક જોરદાર સ્વપ્ન આવી ગયું.'

'એ સ્વપ્ન યાદ છે?'

'હા, રજેરજ. મારી જિંદગીમાં મને પહેલું જ સ્વપ્ન આવ્યું. આજ પહેલાં કદી સ્વપ્ન આવ્યું નથી.'

'સ્વપ્નની વાત કહે, એટલે ભાર હળવો થઈ જશે.'

'કેટલા વાગ્યા?'

'સાડા ચાર થઈ ગયા છે.'

'ખરેખર, તો તો વહેલી સવારનું સ્વપ્નું. મામા કહેતા, વહેલી સવારનું સ્વપ્નું સાચું પડે. તો તો ગજબ થાય!'

'સીધી વાત કરને, ભાઈસા'બ'

'નીરા, સામી દીવાલ પર જો. ત્યાં કોનું ચિત્ર છે?'

'નથી જાણતો?'

'જાણું છું. તમારા ઈષ્ટદેવ શ્રીનાથજીનું છે. એ ચિત્રમાંથી જીવતા જાગતા શ્રીનાથજી બહાર આવ્યા. આવી જ કેસરી ધોતી અને ખભા પર કેસરી ખેસ. આવી જ ઢબનું કેસરી વસ્ત્ર માથે બાંધેલું અને તેમાં એક મોરપિચ્છ ખોસેલું. આંખોમાં લાલાશ. મોં પર ગુસ્સો.'

'પછી?'

'તેઓ મારા પલંગ પાસે આવ્યા. માથે મોઢે ઓઢીને હું સૂઈ ગયેલો. મારો ચોરસો હટાવ્યો. તેમને જોઈ હું ચમક્યો. મેં કહ્યું : 'નીરા બાજુના પલંગમાં છે.' તે કહે : મારે તારું કામ છે. મેં કહ્યું : પણ મારા ઈષ્ટદેવ તો શિવજી છે. હું 'ૐ નમઃ શિવાય' બોલવા લાગ્યો. તેમણે નાક પર આંગળી મૂકી મને ચૂપ રહેવા ઈશારો કર્યો, હું ગભરાઈ ગયો.'

'પછી?'

'પછી તેઓ મને કહે : તું નઠોર છે, દુષ્ટ છે, લુચ્ચો છે.' મેં કહ્યું : તમારું શું બગાડ્યું છે તે મને ગાળો દો છો? તેઓ કહે : તું મારું શું બગાડે? જાણે છે હું કોણ છું? આટલું કહેતાં તે કૃષ્ણ બની ગયા.'

મેં કહ્યું : હું તો શિવજીનો સેવક છું. મારે તમારું કૃષ્ણનું કામ નથી. તેઓ કહે : તું મૂર્ખ છે. તું ઘર ભૂલ્યો છે. તું મૂળમાં મારો છે. મારામાંથી છૂટી પડેલી ચેતનની કણિકા છે. નદી આખરે તો સાગરને જ મળે. તારા ખાતર તો કાલ બચુભાઈના તંબૂરનો તાર મેં તોડ્યો. કીર્તન શ્રવણનો આનંદ મેં ગુમાવ્યો.

મેં પૂછ્યું : મારા ખાતર તોડ્યો? મને સમજાતું નથી.

તે કહે : તને મારી સામે બોલાવવા એ લીલા કરી. તું આવ્યો, પણ જાણીબુઝીને મારી સામે ન જોયું.

મેં કહ્યું : નીરા તો કહેતી હતી, એ તો શ્રીવલ્લભાચાર્યજીની બેઠક છે, એમનું સ્થાન છે. ત્યાં તમે ક્યાંથી?

તે કહે : તને કેમ સમજાવું? શ્રીવલ્લભાચાર્યરૂપે હું જ પ્રકટ થયો છું. શ્રીનાથજી શ્રીવલ્લભાચાર્યજી બની ગયા. ઘેરું ઘઉંવર્ણું શરીર, સફેદ ધોતી અને સફેદ ખેસ, દક્ષિણના પંડિતોની જેમ આગળના ભાગમાં વાળ નહીં. પાછળ શિખાના ભાગમાં વાળ અને તેનો અંબોડો વાળેલો. ગળામાં બે તુલસીની માળા અને જનોઈ.

હું તો જોઈ જ રહ્યો.

તે કહે : 'આ જગતમાં અને જગતની પેલે પાર જે કંઈ નામરૂપ છે, તે મારાં જ છે. તારા શિવજી પણ હું જ છું. જો.'

'અને નીરા, મારી સામે તેઓ શિવજી સ્વરૂપે ઊભા રહી ગયા. શિવજીનાં સાક્ષાત દર્શન થતાં હું તેમના પગે પડ્યો, ત્યાં તે અદૃશ્ય. હું જાગી ગયો. ગભરાઈ ગયો. નીરા, આ સ્વપ્ન મને સમજાતું નથી.'

'જો નીરવ, આમેય સ્વપ્નો સમજાય તેવાં હોતાં નથી. સ્વપ્નો વિષે જુદા જુદા મત પ્રવર્તે છે. એક મત એવો છે કે સ્વપ્નો પ્રતીકાત્મક છે.

તે જીવનમાં બનનારી ઘટનાનો પરોક્ષ નિર્દેશ કરે છે. ભક્તકવિ દયારામભાઈ દૃઢ રીતે માને છે કે સ્વપ્નમાં થયેલ ભગવદ્દર્શન સાક્ષાત ભગવદ્દર્શન જેટલું જ સત્ય છે. તો કેટલાક અતિ બુદ્ધિજીવીઓ સ્વપ્નને નબળા મનની ભ્રમણા માને છે. મનોવૈજ્ઞાનિક ફ્રોઈડ સ્વપ્નને અચેતન મન સાથે સંબંધ છે એમ સ્વીકારે છે. મારી દૃષ્ટિએ તો તું ભાગ્યશાળી છે, તને ભગવદ્દર્શન થયું. રીલેક્સ.'

નીરવ સ્વસ્થ થયો. તેણે મનમાંથી સ્વપ્નના વિચારો ખંખેરી નાખવાના સક્રિય પ્રયત્નો આરંભી દીધા. તેણે સતત મનને સમજાવ્યું : તારા ઈષ્ટ હાટકેશ છે. તે સતત 'ॐ નમઃ શિવાય' રટતો રહ્યો. તે ન્હાઈને તૈયાર થયો. નીરા બેઠકે જવા તૈયાર થઈ.

'નીરા, હુંય શિવજીના મંદિરે જતો આવું.'

'ભલે.'

નીરા બેઠકજીમાં આવી. મંગળાનાં દર્શન ખૂલ્યાં. બચુભાઈ તંબૂર સાથે કીર્તન કરી રહ્યા હતા : 'આવન કહ ગયે અજહુ ન આયે પિય, બીતી સબ નિશ મોહે ગીનત હિ તારે.' વચન આપ્યા છતાંય પ્રભુને પધારવામાં થયેલો અતિશય વિલંબ, વિલંબિત સૂરોમાં ઘૂંટાતા દર્દ સાથે પ્રકટ થઈ રહ્યો હતો. સૌ વ્રજાંગનાની વેદનાથી ક્ષુબ્ધ હતાં. બચુભાઈની પાંપણે પિયને સત્કારવા અશ્રુમૌક્તિકોની તોરણમાળા લાગી હતી.

નીરા હાથ જોડી મનોમન શ્રીવલ્લભને વિનંતી કરતી રહી : 'કૃપાનાથ, ખરેખર નીરવ આપનો છે? એને આવેલું સ્વપ્ન ખરેખર સાચું? કેવો નસીબદાર! કેવો કૃપાપાત્ર! તંબૂરનો તાર બાંધ્યો અને બદલામાં અનેક સ્વરૂપે આપે તેને દર્શન કરાવ્યાં! એવું સૌભાગ્ય મને ક્યારે પ્રાપ્ત થશે? પ્રભુ, આપે નીરવ માટે આટલો બધો પરિશ્રમ લીધો, પણ એ આપની વાત માનવા જ તૈયાર નથી. ભારે જિદ્દી છે. સવારથી શિવજીનું

નામ રટવા લાગી ગયો. ન્હાઈને શિવજીના મંદિરે ચાલ્યો ગયો. આપ સર્વસમર્થ છો. કર્તુમ્ તો છો, પણ અકર્તુમ્ અને અન્યથા-કર્તુમ્ પણ છો; એટલે મને વિશ્વાસ છે, હવે જલદી નીરવ આપનાં ચરણોમાં આવશે. વ્રજાંગનાને મળવામાં જેટલો વિલંબ કર્યો, એટલો નીરવને મળવા ન કરશો.'

નીરાને લાગ્યું, જાણે શ્રીવલ્લભ મંદ મંદ મુસ્કાન સાથે તેની વિનંતી સાંભળી રહ્યા છે.

દર્શન કરી નીરા બચુભાઈની મંડળી સાથે સેનેટોરિયમ તરફ આવી રહી હતી. ગઈ કાલે રાતે પરિચય વધ્યો હતો.

બચુભાઈએ કહ્યું : 'નીરાબેન, કાલે બેટીજી મહારાજ આજ્ઞા કરતાં હતાં, તમે પણ સુંદર કીર્તન ગાઓ છો! અમને લાભ નહીં મળે?'

'દાદા, દીકરીની મશ્કરી ન થાય.'

'દીકરીની તારીફ તો થાય ને?'

'સાચું કહ્યું મૂકેશભાઈ. નીરાબેન, આ મૂકેશભાઈને ઓળખવા જેવા છે. છૂપું રતન છે. સંપ્રદાયનો મર્મ અને નર્મ શ્રીવલ્લભે એમના હૈયે થાપી દીધો છે. એમને બોલાવવા મોંમાં આંગળાં નાખવાં પડે.'

'અને એક વાર બોલવા માંડે, પછી બધા બંધ ખૂલી જાય.' પ્રેમિલાભાભીએ ટહૂકો કર્યો.

'આજ બપોરે મૂકેશભાઈ; તમારો વારો.' દિનેશભાઈએ મૂકેશભાઈના ખભે હાથ મૂક્યો.

નીરા મૂકેશભાઈને ધ્યાનથી જોઈ રહી. છૂટી પાટલીનું સફેદ ધોતિયું, ટૂંકી બાંયની સફેદ બંડી. ગૌરવર્ણું ઘાટીલું શરીર. લંબગોળ ચહેરો, પાંથી પાડીને ઊભા ઓળેલા વાળ. કાળી મેટલની ફ્રેમમાં લાલ ઝાંયવાળા કાચના ચશ્મા. મુખ પર સૌમ્યતા અને ગંભીરતા. પ્રભાવી વ્યક્તિત્વ.

સેનેટોરિયમ આવતાં સૌ છૂટાં પડ્યાં.

'નીરાબેન, બપોરે આરામ ન કરતાં હો, તો આવી જજો અમારા બ્લોકમાં. મૂકેશભાઈના સત્સંગનો લાભ લઈશું.'

'ભલે, જયશ્રીકૃષ્ણ.'

હજી નીરવ આવ્યો ન હતો. નીરા બાલ્કનીમાં બેસી શાક સમારતી હતી. થોડી વાર પછી નીરવ આવ્યો. પરસેવે રેબઝેબ હતો.

'અરે, હજી તારી ગભરામણ ન મટી? મંદિરમાં જઈ આવ્યા પછી તો, મન સ્વસ્થ થવું જોઈએ.'

'નીરા, મંદિરમાં તો મન સ્વસ્થ થયેલું પણ ગર્ભગૃહમાંથી નીકળી બહાર મંડપમાં આવ્યો, ત્યાં પગથિયા પાસેના ઓટલા પર એક સંન્યાસી બેઠા હતા. પહાડ જેવો, તપાવેલા તાંબાના વર્ણનો દેહ. કેડ પર નાનું ભગવું વસ્ત્ર વીંટાળેલું. માથે મોટો જટાજૂટ. શરીરે ભસ્મ લગાવેલી. લાંબી દાઢી. ગોળ દડા જેવી લાલઘૂમ આંખો. કપાળમાં ત્રિપુંડ્ર. ગળામાં રુદ્રાક્ષ. બાજુમાં કમંડળ અને ત્રિશૂળ. હાથમાં રુદ્રાક્ષની માળા ફરે. આંખો મીંચેલી. ધ્યાનમાં લીન. જતાં-આવતાં લોકો તેમને વંદન કરે, પણ તેઓ આંખ ખોલે નહીં. હું પણ તેમને મસ્તક નમાવી પગથિયાં ઊતરી રહ્યો હતો. ત્રીજા પગથિયે પહોંચ્યો. ત્યાં તેમનો પહાડી અવાજ આવ્યો : 'બચ્ચા, વાપસ આ.'

મારી જેમ પગથિયાં ઊતરનાર ઘણાંની નજર તેમના તરફ પાછી વળી. સૌને લાગ્યું, મહાત્માજી અમને બોલાવે છે. પણ તેમણે મને હાથનો ઈશારો કર્યો. હું ત્રણ પગથિયાં પાછો ચડ્યો. તેમની પાસે જઈ હાથ જોડ્યા.

'બેટા, તીન સોપાન ઊતરને કે બાદ વાપસ ક્યોં બુલાયા, કુછ બાત સમજ મેં આઈ?'

'નહીં, જી.'

'દેખ, ભોલેનાથ કે દરબારમેં તુમ આયા હે. ભોલેનાથ કી ઇચ્છા જાન કે જા.'

'ક્યા, મહારાજ?'

'બચ્ચા, તું સચમુચ ઈસ દરબારકા જીવ નહીં હૈ. એક બાત બતાઉં. એક છોટા-સા લડકા થા. ઉસકી મા ગુમ હો ગઈ. વો ઢૂંઢને નિકલા. આગે એક બાઈ જા રહી થી. ઉસકી માકે જૈસી હી ચાલ. મા જૈસી લાલ સાડી. બચ્ચેને સોચા મા હી હૈ. જા કર મા કી સાડી પીછે સે પકડ લી ઔર ચિલ્લાયા-મા! બાઈને ઘુમકર દેખા. બચ્ચા સન્ન રહ ગયા. વહ ઉસકી મા નહીં થી. ઐસે તૂ ભી યહાં ભટક ગયા હૈ, સચમુચ ભોલેનાથ તેરે ઈષ્ટ નહીં. તેરે ઈષ્ટ તો જશોદાનંદન હૈ. ઉનકી ભક્તિ કર.'

'મહારાજ, આપ ક્યા કહ રહે હૈં? મૈં તો જન્મ સે હી શિવજી કા ભક્ત હૂં.'

'મૈં યહી બાત તેરે કો બતા રહા હૂં. ઉસ બચ્ચે કી તરહ તેરી ભી ગલતી હુઈ હૈ. પિછલી રાત કો કુછ સપના આયા થા?'

'આપ કો કૈસે પતા ચલા? કિસને બતાયા આપકો?'

'ઔર કૌન બતાયેગા? જિસકે દરબાર સે તૂ આયા, ઉસને બતાયા. દેખ મેરા ફર્જ પૂરા હુઆ. અબ તેરી મરજી.'

હું જોતો જ રહ્યો, તેઓ ઊભા થઈ ચાલવા માંડ્યા. નીરા આ બીજું સ્વપ્ન, જીવતું-જાગતું સ્વપ્ન. બુદ્ધિ કામ ન કરે તેવું.'

'નીરવ, બુદ્ધિથી બધું કંઈ સમજાતું નથી. 'યતો વાચો નિવર્તન્તે તદ્‌ધામો પરમો મમ.' ભગવાનની આ ગીતાજ્ઞા છે. બુદ્ધિની પેલે પાર ઘણું બધું છે. બુદ્ધિ તો સમુદ્રમાં તરતા હિમગિરિ જેવી છે. ટોચ જ સમુદ્રની સપાટી પર ડોકાય. બાકી આખો પહાડ નીચે. ટોચ સાથે વહાણ અથડાય તો એના ભુક્કા બોલી જાય. બુદ્ધિ તો તણખલા જેટલી. એની પાછળ પરમ તત્ત્વનો ન સમજાય તેવો પર્વત છે. બુદ્ધિની કુસ્તી ત્યાં કામમાં ન આવે. તરણા ઓથે ડુંગર, ડુંગર કોઈ દેખે નહીં. પણ ચાલ, બધું ભૂલી જા. શાવર નીચે ઊભો રહી જા. રસોઈ તૈયાર છે. તારે બેંકમાં જવાનો ટાઈમ થશે.'

જમીને નીરવ બેંકમાં ગયો. સાંજે વહેલો પાછો આવ્યો. બહારથી નોર્મલ દેખાવા પ્રયત્ન કરતો હતો. અંદરથી ખળભળાટ ચાલુ હતો.

'વહેલો આવી ગયો! સારું કર્યું. ચા-નાસ્તો કરી ફરવા જઈએ. ત્ર્યંબક જવાનું તું કહેતો હતો, તે જઈ આવીશું?'

'તું આવીશ?'

'હા.'

'જઈએ.'

બંને તૈયાર થયાં. બહારથી આવતા દિનેશભાઈ સામે મળ્યા.

'શીદ ઊપડ્યાં બંને?'

'ત્ર્યંબક.'

'એમ કહો ને કે મારા સાસરે જાઓ છો?'

'તમારે સાસરે?'

'હા, અમારાં મેડમનું પિયર ત્યાં છે.'

'તો ચાલો તમે પણ.'

'યાદ છે, દક્ષજીના ત્યાં મહાદેવજી વગર નોતરે ગયેલા ત્યારે શું થયેલું?'

'ખરા છો યાર, તમે તો!'

'એક વાત બતાવું! મારાં સાસરિયાં વૈષ્ણવ ખરાં, પણ બધાં ત્ર્યંબકજીને ખૂબ માને. મારાં લગ્ન થયા પછી, મારાં સાસુ-સસરાએ કહ્યું: 'જાઓ, ત્ર્યંબકજીને સજોડે પગે લાગી આવો.' મારાં મેડમે કહ્યું : જરૂર નથી, ત્ર્યંબકજીએ કાલ રાતે જ સ્વપ્નમાં કહ્યું : હવે, તું શ્રીનાથજીની. એમને પગે લાગવા જજે, મને નહીં. તમને ત્ર્યંબકજી સ્વપ્નમાં કહેશે. જઈ આવો.'

નીરા-નીરવ તેમની ગાડીમાં જ ત્ર્યંબક જઈ આવ્યાં.

રાતે નીરવને ફરી પાછું સ્વપ્ન આવ્યું. શ્રીનાથજીનાં દર્શન થયાં. આજે શ્રીનાથજીએ પાદપ્રહાર કરી, તેને જગાડ્યો. ગુસ્સાથી આજ્ઞા કરી: છોકરમત ન કર, મારી આજ્ઞા માન. મારા શરણે આવ. ચોવીસ કલાકની મહેતલ આપું છું.'

નીરવ બેબાકળો બની જાગી ગયો. તેણે નીરાને જગાડી. બધી વાત કહી.

'નીરા, મારે મરવું નથી, જીવવું છે. તું કહે તે કરું'

'નીરવ, હું કહું તેમ નહીં કરવાનું. તારા ઇષ્ટ કહે તે કરવાનું. ડરથી કશું નહીં કરવાનું. મન થાય તો જ કરવાનું અને મન થાય તે જ કરવાનું. કોઈના દબાણથી કરેલું લાંબું ન ટકે.'

'તારી વાતેય સાચી. શિવજીની જ ઇચ્છા હોય કે હું કૃષ્ણભક્તિ કરું, તો મારે તેમની ઇચ્છા સ્વીકારવી જ રહી. હવે બતાવ, મારે શું કરવાનું?'

'ઉતાવળો થયા વિના, થોડો વધુ વખત વિચાર કર. પછી કાલ ઊઠીને તને દુઃખ થાય, તો આપણું જીવન ખારું બનશે.'

'નીરા, મારી જીદ તું જાણે છે. મેં વિચાર કરી લીધો છે. મારે વૈષ્ણવ થવું છે. મારો નિર્ણય છે.'

'તો યુ આર વેલકમ. આજે મંગળાના સમયે બેઠકજી ચાલ.'

નીરા નીરવને લઈને બેઠકજીમાં આવી. નીરાએ લાલ બોર્ડરની પીળી સાડી અને લાલ બ્લાઉઝ પહેર્યાં હતાં. નીરવે સફેદ લેંઘો અને ક્રીમ કલરનો ખાદી સિલ્કનો ઝભ્ભો પહેર્યો હતો.

મંગળાનાં દર્શન ખૂલતાં બચુભાઈએ કીર્તન શરૂ કર્યું, 'આજ નંદલાલ મુખચંદ નયનન નિરખ પરમ મંગલ ભયો ભવન મેરે.' પૂ.શ્રી બેટીજી મહારાજે આરતી કરી. આરતીનાં તેજ-વલયમાં નીરવને સ્વપ્નમાં દર્શન થયેલા શ્રીવલ્લભની મધુરાકૃતિનાં દર્શન થયાં. તેના રોમરોમમાં પ્રસન્નતાના જાણે ફૂવારા ઊડવા લાગ્યા. આવો અનુભવ તેને ક્યારેય થયો ન હતો.

આરતી બાદ નીરાએ પૂ.શ્રી બેટીજી મહારાજને બધી હકીકત કહી, નીરવને શરણે લેવા વિનંતી કરી.

'જો નીરા, હું અષ્ટાક્ષરમંત્રની દીક્ષા આપું. મારો એટલો અધિકાર.'

'પણ, બહેનજી, મને ૨૪ કલાકની મહોલત મળી છે.'

'કોણે આપી છે?'

'તમારા શ્રીનાથજીએ.'

'ઓહ, હવે તે તમારા પણ થશે. અષ્ટાક્ષરમંત્રની દીક્ષાથી શરણાગતિ પ્રાપ્ત થાય છે. નીરા, તું ક્યા ઘરની સેવક?'

'જે જે, ત્રીજા ઘરની.'

'તો નીરવભાઈને પણ શ્રીવ્રજેશકુમારજીનું જ બ્રહ્મસંબંધ લેવડાવ. અલબત્ત, તેઓ સેવા કરવા તૈયાર હોય તો; બાકી શરણમંત્ર પર્યાપ્ત છે. અને આવતી કાલે જ સાંજે શ્રીવ્રજેશકુમાર સપરિવાર અહીં પધારે છે. નીરવભાઈ માટે જ પધારતા હશે.'

'ભલે, તો શરણમંત્ર આપો.'

આપે શ્રીમહાપ્રભુજીની સન્મુખ નીરવને બેસાડી, ત્રણ વખત શ્રીઅષ્ટાક્ષર મંત્ર બોલાવી, તુલસીમાળા આપી. નીરવે ભેટ ધરી, શ્રીવલ્લભ અને શ્રીવલ્લભરાજને દંડવત કર્યાં.

બચુભાઈએ ગાયું - છીતસ્વામીનું પદ - 'અબ ભઈ ગિરિધર સોં પહેચાન.'

■

૧૩. નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો

(૧)

'નીરા, હું વૈષ્ણવ તો બન્યો. હવે મારે શું કરવાનું? તારે એકડે એકથી બધું શીખવવું પડશે. તું મારી ગુરુ.'

'એવું ન બોલાય. બધા જ વૈષ્ણવોના ગુરૂ એક જ, અને તે શ્રીમહાપ્રભુજી.'

'તો પછી પેલાં બેટીજી અને શ્રીવ્રજેશકુમારજી?'

'એ સૌ શ્રીવલ્લભવંશજો. તેઓ શ્રીવલ્લભાચાર્યજી રૂપ. તેમના સ્વરૂપે શ્રીવલ્લભાચાર્યજી જ જીવોને સેવક કરે છે. તારી અનુકૂળતાએ આપણે મૂકેશભાઈ પાસે જઈશું. તે આપણને બધું સમજાવશે. પણ હવે તારે એક વસ્તુ ખાસ કરવાની.'

'શું?'

'બને તેટલું અષ્ટાક્ષરનું મનમાં રટણ.'

'થાય તેટલા વખત સુધી. એનો કોઈ નિયમ નહીં. ખાતાંપીતાં, હરતાંફરતાં, સૂતાંજાગતાં, કામ કરતાં-આરામ કરતાં.'

'એ માટે ટેવ પાડવી પડે ને?'

'હા, પપ્પાના મિત્ર એક વૈષ્ણવ છે. ઘણા પ્રવૃત્તિશીલ, ખૂબ કામગરા, એમના શબ્દોકોષમાં 'આરામ' શબ્દ જ નહીં.' ખાદીનો પાયજામો-કફની સદાય પહેરે. કફનીના ખીસામાં જપમાળાનો બેરખો હોય જ. તેમનો જમણો હાથ ખીસામાં રાખી, બેરખો ફેરવ્યા કરે. સહી અને બીજું કામ ડાબા

હાથે કરવાની તેમણે ટેવ પાડી દીધેલી. કોઈ પૂછે જમણો હાથ કેમ ખીસામાં રાખો છો? તો કહે : હાથે તકલીફ છે, ડૉક્ટરની એવી સલાહ છે.'

'તેઓ આજે હયાત છે?'

'હા, મુંબઈમાં જ રહે છે.'

'ભલે, હું પણ આજથી-અત્યારથી જ એ ટેવ પાડીશ. બીજું શું કરવાનું?'

'તને સંગીતનો શોખ છે, તેમાં તું પ્રવીણ પણ છે. બચુભાઈ પાસેથી કીર્તનની પદ્ધતિ શીખી લે. કીર્તનની સેવા કર.'

'હવેલી સંગીત ધ્રુપદ શૈલીનું છે ને?'

'હા, સંગીત કલાસમાં એ શૈલીનો અભ્યાસ કરેલો. એ મારો રસનો વિષય છે. મૂકેશભાઈ ફ્રી હોય તો તેમની પાસે બેસું. જમવાનો સમય થાય એટલે બોલાવજે.'

'મૂકેશભાઈ, હું વૈષ્ણવ થયો એટલે મારે વૈષ્ણવધર્મ વિષે જાણવું છે. તમે મને સમજાવશો?'

'પ્રયત્ન કરીશ. બાકી પુષ્ટિમાર્ગ કેવળ સાગર નથી, મહાસાગર છે. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ન્યૂટનના શબ્દો વાપરું તો હું તો હજી દરિયાકિનારાની રેતીમાંથી નાનાં છીપલાં વીણું છું. દરિયાના અતલ તલનો તાગ મને નથી મળ્યો.'

'પણ હું તો સાવ 'ઢ' છું.'

'સાવ ખોટી વાત. 'ઢ'ની વાત જાણો છો?'

'ના.'

'આપણા મૂળાક્ષરોની લિપિમાં છેલ્લાં પાંચ હજાર વર્ષોમાં ભારે પરિવર્તન આવ્યું છે. બધા જ અક્ષરો લખવાની રીત સાવ બદલાઈ ગઈ.

ન બદલાયો કેવળ 'ઢ'. માટે કહીએ છીએ 'ઢ' જેવો છે- જરાય ફેર પડ્યો નથી. પણ તમે તો કેટલા ઓછા સમયમાં બદલાઈ ગયા!'

'પુષ્ટિમાર્ગ ઈશ્વરપ્રાપ્તિના બીજા બધા માર્ગોથી તદ્દન નિરાળો છે. એની 'આઈડેન્ટીટી' બીજે નહીં મળે. પુષ્ટિ એટલે કૃપા. બીજા બધા માર્ગો પણ ઈશ્વરની કૃપાનો સ્વીકાર તો કરે જ છે; પરંતુ તેઓ માને છે કે મનુષ્ય જ્ઞાન, કર્મ, ઉપાસના, ભક્તિના માર્ગે સ્વપ્રયત્નોથી ચાલે, તો તેના પર ઈશ્વરની કૃપા થાય અને તેનું ઈચ્છિત ફળ મળે. પુષ્ટિમાર્ગની બુનિયાદ આનાથી જુદી છે. પુષ્ટિમાર્ગ એટલે ભગવાનની કૃપા મેળવવાનો માર્ગ નહીં; પરંતુ જીવાત્મા સ્વપ્રયત્નોથી પરમાત્માને મેળવવા જતાં થાકી જાય અને નિઃસહાય બની, નાના બાળકની જેમ રસ્તા વચ્ચે બેસી જાય, ત્યારે સર્વવ્યાપક પરમાત્મા, સાકાર રૂપ ધારણ કરી, ભગવાન બની, તેની સામે પધારે અને જીવાત્માને પ્રાપ્ત થાય તે પુષ્ટિમાર્ગ. એટલે કે જીવાત્મા પર કૃપા કરવા પરમાત્માને સામે પધારવાનો માર્ગ તે પુષ્ટિમાર્ગ.'

'ઈફ મોહંમદ ડઝન્ટ ગો ટુ ધ માઉન્ટેઈન, ધ માઉન્ટેઈન મસ્ટ ગો ટુ મોહંમદ.'

'બરાબર! એ પુષ્ટિપ્રભુનો સ્વભાવ છે. પુત્ર કપુત્ર થાય, માવતર કમાવતાર ન થાય.'

'પુષ્ટિપ્રભુનો આવો સ્વભાવ બધા જીવાત્માઓ માટે નહીં?'

'ના.'

'એવો પક્ષપાત કેમ?'

'મા પોતાના બાળક સાથે જેવો વ્યવહાર રાખે, તેવો દુનિયામાં બધાં જ બાળકો સાથે રાખે?'

'ના.'

‘એક માતા પોતાનાં જ બધાં બાળકો સાથે એક સરખો વ્યવહાર રાખે છે?’

‘ના. એમાંય ગમા-અણગમા હોય છે.’

‘પુષ્ટિપ્રભુને અણગમો તો કોઈનાય માટે નથી, કારણ કે બધા જીવાત્મા તેમના જ અંશરૂપ છે; પરંતુ તેમને પુષ્ટિજીવો પ્રત્યે વિશેષ ગમો છે, કારણ કે તે જીવો પુષ્ટિપ્રભુના શ્રીઅંગની સૃષ્ટિ છે; તેમના ખાસ પ્રીતિપાત્ર છે. જેમ માતાપિતાની સેવા બધા દીકરા એક-સરખી રીતે નથી કરતા, તેમ પુષ્ટિપ્રભુની સેવા બધા જીવો નથી કરતા, માત્ર પુષ્ટિજીવો જ કરે છે. તેથી પુષ્ટિજીવો પુષ્ટિપ્રભુના ખાસ કૃપાપાત્ર પ્રીતિપાત્ર છે.’

‘બાકીના જીવો સાથે પ્રભુ કેવો વ્યવહાર રાખે?’

‘તટસ્થતાનો, કર્મના સિદ્ધાંતનો. જે જીવાત્મા જેવાં કર્મ કરે, તેવું ફળ તેને કાયદેસર રીતે મળ્યા કરે. તમે બિલાડીને જોઈ છે ને? તે એનાં બચ્ચાંને જે દાંતથી પકડે, તે જ દાંતથી તેના શિકારને પણ પકડે. એ બંનેને પકડવામાં તફાવત ખરો ને?’

‘હા.’

‘બસ એવો જ તફાવત.’

‘એનો અર્થ એવો કે જે મૂળમાં પુષ્ટિજીવો હોય તે જ આ માર્ગમાં આવે?’

‘હા. મોટેભાગે ખરું. તમારો જ દાખલો લો ને! તમે ફરતા ફરતા આ માર્ગમાં આવ્યા ને?’

‘પણ આ માર્ગમાં આવીને, બીજી દિશામાં ભટકી જવાના પ્રસંગો બને ખરા?

‘બને. ચર્ષણી જીવો માટે એ શક્ય છે. તેઓ કોઈ માર્ગમાં સ્થિર ન રહે. પારકે ભાણે મોટો લાડુ છે એમ માનવાનો તેમનો સ્વભાવ. અંગ્રેજીમાં કહેવત છે કે રોલિંગ સ્ટોન ગેધર્સ નો મોર. ચર્ષણી જીવોને લાંબાગાળાનું કશું ફળ ન મળે.’

‘પુષ્ટિમાર્ગીય જીવોએ કરવાનું શું?’

‘પુષ્ટિપ્રભુની પુષ્ટિભક્તિ.’

‘શું ભક્તિના એકથી વધુ પ્રકાર છે?’

‘હા, શાસ્ત્રોએ ભક્તિના ૮૪ પ્રકાર બતાવ્યા છે. તેમાં પુષ્ટિભક્તિ નિર્ગુણ ભક્તિ છે.’

‘વધુ સ્પષ્ટતા કરો ને!’

‘ભક્તિ એટલે સ્નેહપૂર્વકની સેવા. હૉસ્પિટલની પરિચારિકાઓ દર્દીઓની સેવા કરે છે. રોટરી, લાયન્સ જેવી કલબો પણ જનસેવા કરે છે. એમાં સ્નેહ નથી, કેવળ સેવા છે. અને તેમાંય તેમના સ્વાર્થનો વિચાર તો છે જ. તે નિઃસ્વાર્થ સેવા નથી. બીજી બાજુ કોઈ યુવક-યુવતીને સ્નેહ હોય; પણ સામાજિક બંધનો તેમને એક ન થવા દે. ત્યારે તેઓ તેમના સ્નેહની લાગણીને એકબીજાની સેવા દ્વારા અભિવ્યકત કરી શકતાં નથી. તેને સ્નેહ કહેવાય, ભક્તિ નહીં. ભક્તિમાં આપણો સ્નેહ સેવાની ક્રિયારૂપે અભિવ્યકત થાય, વાણીરૂપે પણ અભિવ્યકત થાય અને વિચારરૂપે તો હોય જ. આવી ભક્તિમાં ક્યાંક સ્વાર્થ પણ ભળેલો હોય. બદલામાં કશું મળવાની અપેક્ષા રહે, તો એ સકામ ભક્તિ કહેવાય; પણ કશુંય લેવાની ઈચ્છા જ ન રહે, બધું આપી દેવાનો આનંદ જ હોય, ત્યારે તે નિષ્કામ ભક્તિ કહેવાય. આવી નિષ્કામ ભક્તિ જીવાત્મા પુષ્ટિપ્રભુ માટે આચરે, ત્યારે તે પુષ્ટિભક્તિ અને તે જીવાત્મા પુષ્ટિભક્ત.’

'પ્રેમનો લાડુ વાતો કરવાના પોચટ પાણીથી નથી બંધાતો. તેમાં જોઈએ ખપી જવાની તાકાતનું, પાકી તાવણનું ઘી. બરાબર ને?'

'હા.'

'મૂકેશભાઈ! પુષ્ટિમાર્ગ, પુષ્ટિપ્રભુ, પુષ્ટિભક્તિ અને પુષ્ટિભક્ત- આ ચાર સંકલ્પનાઓ તો સમજાઈ. હવે મારો પ્રશ્ન એ છે કે શ્રીવલ્લભાચાર્યજીએ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' મંત્ર કેમ આપ્યો? પરમાત્માના અન્ય કોઈ રૂપની ભક્તિ કેમ ન સૂચવી?'

'તમારો પ્રશ્ન પાયાનો છે. આ વાત સરખી રીતે ન સમજવાને કારણે જ આજે પુષ્ટિમાર્ગીય કહેવાતા વૈષ્ણવો ગરબડ કરી બેસે છે અને તેમાંથી ઘણી સમસ્યાઓ ઊભી થઈ છે. તમે રામાયણનો, રામ સાથેના લવ-કુશના યુદ્ધનો પ્રસંગ જાણો છો ને?'

'હા.'

'લવ-કુશ સામે લડવા તૈયાર થયેલા રામજીના ધનુષ્ય પરથી બાણ કેમ ન છૂટ્યું?'

'લવ-કુશ પ્રત્યે રામજીને ન સમજાય તેવું આકર્ષણ અને ખેંચાણ થતું હતું.'

'એવું થવાનું કારણ?'

'લોહીનો સંબંધ.'

'બરાબર. હવે એક અંગત પ્રશ્ન પૂછું?'

'તમારો હક્ક છે, પૂછો.'

'નીરાબહેનને તમે કેમ પસંદ કર્યાં? તમે જોયેલ યુવતીઓમાં તે શ્રેષ્ઠ હતાં?'

'ના, એવું તો નહીં. પણ રાજાને ગમી તે રાણી. મને ગમી ગઈ.'

'જગતમાં આવા ગમા-અણગમા પાછળના કાર્યકારણના સંબંધો ક્યારેક સ્પષ્ટ સમજાય તેવા નથી હોતા, છતાંય તેમનાં કાર્ય-કારણ તો હોય છે જ. જીવાત્માને પરમાત્માનું ખેંચાણ રહે, તેમાં આવું કાર્ય-કારણ છે. જીવાત્મા પરમાત્માની જ ચિનગારી છે. પરમાત્માનું મૂળ રૂપ અને નામ તે શ્રીકૃષ્ણ. માટે મૂળભૂત રીતે જેના છીએ તેના શરણે જવું. તેની સાથેનો છૂટી ગયેલો સંબંધ પુનઃ સ્થાપિત કરવો તે કુદરતી પ્રક્રિયા છે. તેથી શ્રીવલ્લભાચાર્યજીએ તે પ્રક્રિયા સ્વીકારી, શ્રીકૃષ્ણની શરણાગતિ કરાવી.'

'શ્રીકૃષ્ણ પરમાત્માનું એક નામ અને રૂપ છે, તેમ વિષ્ણુ, મહાદેવ, રામ, અંબા, કાલિ આદિ દેવ-દેવીઓ પણ પરમાત્માનાં જ નામ-રૂપ નહીં?'

'તમારા પ્રશ્નનો જવાબ શ્રીવલ્લભાચાર્યજી ખૂબ સુંદર રીતે સમજાવે છે.'

'બસ, આજે વાતો જ કર્યા કરવી છે? બૅન્કમાં રજા પાડવાની છે?'

'આવો નીરાબેન, જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ, ભાઈ. તમે તો નીરવને રસ લગાડી દીધો ને, કંઈ!'

'રસ તો શ્રીવલ્લભ લગાડે અને ચખાડે.'

'મૂકેશભાઈ, અધૂરી રહેલી વાત સાંજે.'

'જરૂર. આવજો, જયશ્રીકૃષ્ણ.'

[૨]

રાતે સેનેટોરિયમના બગીચાની હરિયાળી લોન પર બધાં એકત્રિત થયાં. સૌ સાથે મંગલાચરણ બોલ્યાં. મૂકેશભાઈએ વાતની શરૂઆત કરી: 'આજની ભગવદ્‌વાર્તામાં પ્રશ્નકર્તા નીરવભાઈ છે. સવારે પણ તેમના કેટલાક પ્રશ્નો વિષે વિચાર કર્યો હતો. તેમનો છેલ્લો પ્રશ્ન હતો:

શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણ સાથે આપણો સંબંધ કેમ જોડ્યો? બીજા કોઈ સાથે કેમ નહીં? બરાબર ને, નીરવભાઈ?'

'બરાબર.'

'જેની ઇચ્છા હોય તે સમજાવે.'

'નીરવભાઈને નીરાબહેનની વાત જલદી ગળે ઊતરશે, શરૂ કરો.' દિનેશભાઈએ ટહૂકો કર્યો.

'અનુભવ બોલતો લાગે છે, ખરું ને?'

'અરે, ભાઈ, આ તો દુનિયાનો નિયમ છે. એમાં હુંય અપવાદ નથી, કેમ પ્રમિલા?' બચુભાઈએ દીકરાનો પક્ષ લીધો.

'ભલે, બાબા. તમારા સૌની આજ્ઞા માથે ચઢાવું છું. પણ ભૂલચૂક થાય તો સુધરાવજો.'

'ભલે શરૂ કરો.'

'પરમાત્માનું એક નામ શાસ્ત્રોએ આપ્યું 'કૃષ્ણ.' 'કૃષ્ણ' શબ્દ અર્થવાચી છે. આજની જેમ નામ પ્રમાણે ગુણ ન હોય એવું નથી. 'કૃષ્' એટલે પૂર્ણ સત્તા અને 'ણ' એટલે પૂર્ણ આનંદ. જેની પાસે પૂર્ણ સત્તા અને પૂર્ણ આનંદ છે તે કૃષ્ણ, તે પરમાત્મા. આ પરમાત્મા ભક્તો માટે વ્રજમાં-ગોકુળમાં યશોદાજીના ત્યાં સાકાર-સ્વરૂપ ધારણ કરી અવતર્યા; માટે તેમનું નામ પડ્યું 'કૃષ્ણ.' આમ, 'કૃષ્ણ' શબ્દ કેવળ વર્ણવાચી નથી, ગુણવાચી પણ છે.'

'આનો અર્થ એ થયો કે કૃષ્ણ પાસે જેટલી સત્તા અને આનંદ છે, તેટલાં બીજા કોઈ પાસે નથી, તેથી કૃષ્ણ સુપ્રિમ છે; માટે શરણ લેવું તો સર્વશ્રેષ્ઠનું જ લેવું. એટલે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'-ખરું ને?

'હા, હજી બીજાં કારણ પણ છે. પરમાત્માને પોતાનો આનંદ માણવા માટે સૃષ્ટિ પ્રકટ કરવી હતી. તેથી તેમણે ત્રણ મહાદેવો- બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ-પ્રકટ કર્યા. બ્રહ્માને સૃષ્ટિસર્જનની જવાબદારી આપી. બ્રહ્મા સૃષ્ટિના 'જનરેટર' બન્યા. સૃષ્ટિની સંભાળ વિષ્ણુને સોંપી. વિષ્ણુ સૃષ્ટિના રક્ષક 'ઓરગેનાઈઝર' બન્યા. સૃષ્ટિની સફાઈ કરવા ક્વોલિટી કંટ્રોલની જવાબદારી મહેશે સંભાળી, અને તેઓ 'ડિસ્ટ્રક્ટર' બન્યા. પરમાત્માના સૃષ્ટિરૂપી કારખાનાના આ ત્રણ જનરલ મેનેજરો. મેનેજર-પ્રોડકશન, મેનેજર-એડમિનિસ્ટ્રેશન અને મેનેજર-ક્વોલિટી કંટ્રોલ. તેમના હોદ્દાના પહેલા અક્ષર સાથે મૂકો-જી, ઓ, ડી-એટલે થશે 'ગોડ'-પરમાત્મા. આ ત્રણ મહાદેવો પરમાત્મા નથી, પરમાત્માના મદદનીશો છે. એમની મદદ માટે બીજાં દેવ-દેવીઓને પ્રકટ કરવામાં આવ્યાં. સૌને તેમની જવાબદારીઓ સોંપાઈ. પણ સૌ આખરે તો પરમાત્માના નિયંત્રણમાં. સુપ્રિમ પાવર પરમાત્મા પોતે.'

'સરસ રીતે વાત કહી.'

'આપણે કોઈ કારખાનામાં કામ હોય. તેના માલિક સાથે અંગત સંબંધ હોય, તો કારખાનાના ચોકીદારથી મેનેજર સુધીના નોકરોને સલામ ભરી કરગરીશું કે માલિક પાસે સીધા પહોંચી જઈશું?'

'સીધા જ જવાય.'

'માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, તમે પરમાત્માના શ્રીઅંગમાંથી પ્રકટ થયેલ પુષ્ટિ-સૃષ્ટિના ખાસ જીવાત્માઓ છો. તમારો મૂળભૂત સંબંધ પરમાત્મા શ્રીકૃષ્ણ સાથેનો છે. તેને પુનઃસ્થાપિત કરો. તમારે અન્ય દેવોને સલામ ભરવાની, તેમની પાસેથી ક્ષુદ્ર ફળ મેળવવાની કોઈ આવશ્યકતા નથી. તમારો સ્વામી સર્વસમર્થ-સુપ્રિમ છે.'

'વાહ!'

'એક ત્રીજી વાત. મનુષ્યમાત્રની મૂળભૂત જરૂરિયાત કઈ?'

'હવા, પાણી, ખોરાક.'

'એ તો શરીરની જરૂરિયાત થઈ. આત્માની?'

'!'

'આપણે ગાઈએ છીએ, રમીએ છીએ, મનોરંજન માણીએ છીએ. શા માટે?'

'આનંદ મેળવવા.'

'એનાથી શાશ્વત આનંદ મળે છે ખરો?'

'ના રે, શીખંડ ખાધા પછી હાલત બગડે છે.'

'માટે શ્રીમહાપ્રભુજી કહે છે, જગતમાં સાચો આનંદ ક્યાંય નથી. દેવો પાસે ય સાચા આનંદનો ખૂબ મર્યાદિત જથ્થો છે. ગરીબ માણસ ભિખારીને ઇચ્છે તો પણ એ કેટલું આપે? દેવો પોતાની પાસેનો બધો આનંદ આપી શકતા નથી. પૂર્ણ આનંદ કૃષ્ણ પાસે જ છે. તે પોતાનો બધો જ આનંદ આપી દે, તો ય તેમનો આનંદનો ખજાનો ખાલી થતો નથી. તેથી આનંદ આપવામાં તે મહા ઉદાર છે. તેમનો આનંદ શાશ્વત છે. લાખ રૂપિયા મળતા હોય, તો તે માણસ સો રૂપિયા આપનારને શું કરવા કરગરે? તેથી શ્રીમહાપ્રભુજીએ કહ્યું : પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ. 'માટે પુષ્ટિભક્તોનું પરમ તત્ત્વ, તેમના ઉપાસ્ય અને ઈષ્ટ શ્રીયશોદાનંદન શ્રીકૃષ્ણ.'

'એક વર્યો શ્રીગોપીજનવલ્લભ, નહીં સ્વામી બીજો મારે, નહીં સ્વામી બીજો....' બચુભાઈએ ગાયું.

'સાચા સગા છો શ્રીનાથજી સોહાગી મારે સાચા સગા છો શ્રીનાથજી.' પ્રમિલાભાભીએ પદ ઉપાડ્યું.

શ્રીહરિરાયચરણ અને સૌ આથી જ કહે છે:

કાહે કો દેહ દમત સાધન કરિ મૂરખ જન?
વિદ્યમાન આનંદ તજિ ચલત ક્યોં અપાથે?'

'વાહ, શ્રીમહાપ્રભુજીએ ખૂબ સુંદર સિદ્ધાંત આપ્યો.'

'આ સિદ્ધાંત અનન્યતાનો છે- અનન્યાશ્રયનો છે. સ્નેહમાં અનન્યતા પ્રથમ શરત ગણાય. એ ચૂકી જાય તે વ્યભિચારી તરીકે નિંદાય. તેના વલણમાં સ્નેહ ન હોય, મોહ હોય. આથી જ શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ શબ્દોમાં કહે છે : 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'. બીજા કોઈનું શરણ નહીં.'

'આ વાત તો સારી રીતે સમજાઈ ગઈ- ગળે ઊતરી ગઈ. હવે પ્રશ્ન થાય છે તેના આચરણનો. પ્રભુને સ્નેહ કરવાનું પહેલું પગથિયું કયું?'

'આ તો, નીરવભાઈ, સાવ સહેલો પ્રશ્ન કર્યો. હું જવાબ દઉં. તમે નીરાબહેનને સ્નેહ કર્યો ત્યારે પહેલાં શું કરેલું?'

'દિનેશભાઈ, સાવ એવા છો તમે તો!'

'નીરાને કહેલું - I am Yours (આઈ એમ યોર્સ) હું તારો છું. બરાબર ને, નીરા?'

નીરા શરમાઈ લોનનાં તણખલાં સાથે રમવા લાગી.

'બસ, યથા દેહે તથા દેવે. સ્નેહનું પહેલું પગથિયું શરણાગતિ, બીજું પગથિયું સમર્પણ, અને ત્રીજું પગથિયું નિશ્ચય. સ્નેહીના રૂપ, ગુણ, સ્વભાવને જાણી તેના શરણે જવું. શરણમાં શ્રદ્ધા, વિશુદ્ધ બુદ્ધિ અને વિનમ્રતા જોઈએ. તે વિના શરણાગતિ ન થાય, સંઘર્ષ થાય. શરણાગતિને દૃઢ કરવા ત્રણ વાનાં જરૂરી : ત્યાગ, શ્રવણ અને કીર્તન. દુન્યવી વળગણો અને તેના મોહનો ત્યાગ. સ્નેહીમાં ચિત્તની એકતાનતા માટે તેના ગુણ અને લીલાઓનું શ્રવણ-સ્મરણ અને વારંવાર કીર્તન.'

'સેવા નહીં?'

'સમર્પણ બાદ સેવા.'

‘એમ કેમ?’

‘!’

‘હું સમજાવું.’ મૂકેશભાઈ અત્યાર સુધી મૌન હતા. તેમણે વાતનો દોર પોતાના હાથમાં લીધો.

‘આપણા સમાજમાં સ્નેહનું વ્યાવહારિક સ્વરૂપ વિવાહ અને લગ્ન. એ ‘એરેન્જડ’ હોય કે ‘સેલ્ફ ચોઝન’ હોય. ‘એરેન્જડ’ મેરેજ પહેલાં યુવાન-યુવતીનું સગપણ થાય. બંને પરસ્પર માટે નિર્માયાં છે એવી સમજ આ ગાળામાં પરિપક્વ થાય. પ્રસંગોપાત મળતાં રહે, પરિચય વધારતાં રહે, એક બીજાની શક્તિ-મર્યાદા પિછાણતાં અને સ્વીકારતાં રહે. આ ગાળા દરમ્યાન એકબીજાની શરણાગતિ સિદ્ધ થાય; પરંતુ સમર્પણ લગ્ન બાદ થાય. સમર્પણ થતાં સેવાની ફરજ અને અધિકાર આપોઆપ મળે. સમર્પણમાં તન, મન, ધનની ન્યોછાવરી છે. એમાંથી સેવાની ફરજ જન્મે છે. આ સેવા ઉત્તરોત્તર સ્નેહ વધારનારી અને દૃઢ કરનારી પ્રક્રિયા બને છે.

‘મૂકેશભાઈ, લવ મેરેજમાં બહુધા દેહનું આકર્ષણ હોય છે, તેથી તેમાં સમર્પણ કરતાં સકામપણું વધુ હોય છે. ધીમે ધીમે બાહ્ય આકર્ષણ ઓસરે છે. સમર્પણના અભાવમાં સેવા દ્વારા સ્નેહ પાંગરતો નથી અને નોબત આવે છે છૂટાછેડાની. સમર્પણમાં પોતાના સુખોના ત્યાગની બુનિયાદ છે. લવમેરેજમાં પોતાના મોહના સ્વાર્થની ખોખલી બુનિયાદ છે. એક ફિલસૂફની વાત યાદ આવે છે. પ્રેમ રોગ છે. કારણ મોહની વિકૃતિ છે. લગ્ન દવા છે. દવા લેવાથી રોગ ચાલ્યો જાય તેમ લગ્ન બાદ પ્રેમ અદશ્ય થાય છે. ‘એરેન્જડ મેરેજ’માં બંને મનથી પરસ્પરને અનુકૂળ બનવા, સગપણના દિવસથી ઘડાવા માંડે છે. માટે સગપણ અને લગ્ન વચ્ચે યોગ્ય સમયગાળો રાખવામાં આવતો.’

‘તદ્દન સાચું, નીરાબેન. નીરવભાઈ, અલૌકિકમાં જીવાત્માનું પરમાત્મા સાથે સગપણ એટલે જીવાત્માની શરણાગતિ. તે માટે વાગ્દાન થવું જોઈએ. શ્રીમહાપ્રભુજીએ આ અલૌકિક વાગ્દાન માટે અષ્ટાક્ષર મંત્રની દીક્ષાનો પ્રકાર બતાવ્યો. તેથી તેને શરણમંત્ર કહેવામાં આવે છે. આ ગાળા દરમ્યાન જીવાત્મા પોતાના અલૌકિક સ્વામીનાં દૂરથી દર્શન કરે, તેમના માહાત્મ્યનું શ્રવણ-સ્મરણ કરે, કીર્તન કરે અને મનમાં તાલાવેલી વધારે કે હું ક્યારે સમર્પણ કરી, સ્નેહપૂર્વક મારા અલૌકિક સ્વામીની સેવા કરીશ? કેરીને પાકવા તાપ જરૂરી છે, તેમ સ્નેહના ફળને પાકવા પણ આવી તાલાવેલીનો તાપ જરૂરી છે. વગર તાલાવેલીએ સમર્પણ થઈ જાય, તો તેની ગંભીરતા ન સમજાય. અલૌકિક સ્વામીને સમર્પણ એટલે બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા. બ્રહ્મ એટલે પરમાત્મા. તેમની સાથેનો તૂટી ગયેલો સંબંધ ફરી જોડવો તે બ્રહ્મસંબંધ; એટલે જીવાત્માનું પરમાત્મા સાથેનું અલૌકિક લગ્ન.’

‘લગ્નમાં અગ્નિની સાક્ષી હોય, બ્રાહ્મણ વિધિ કરાવે, સપ્તપદીના મંત્રો બોલી, ચાર ફેરા ફરાય. અહીં બ્રહ્મસંબંધમાં એવું જ થાય?’

‘હા, પણ રીત જુદી. અહીં અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી, તેમના પ્રતિનિધિરૂપ શ્રીગોસ્વામી આચાર્ય. તુલસીદળ તે સાક્ષીરૂપ બ્રાહ્મણ અને બ્રહ્મસંબંધનો મંત્ર તે સપ્તપદીની સમર્પણની પ્રતિજ્ઞા.

‘મૂકેશભાઈ, આપણા વાર્તા-સાહિત્ય પરથી એવું સમજાય છે કે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ શરણે આવેલા બધા જ જીવોને બ્રહ્મસંબંધની દીક્ષા નથી આપી, તેનું શું કારણ?’

‘તેનું કારણ તે જીવાત્માનો અધિકાર. બધાનો અધિકાર સરખો નથી. કેટલાકનો અધિકાર શરણાગતિ સુધીનો જ. તેમનાથી સમર્પણ કરી, તે પ્રતિજ્ઞાનું પાલન ન બને, તેથી સેવા ન કરી શકે. સેવા ન બની શકે તો

સમર્પણ કરવાથી વિશેષ ફળ મળતું નથી, બલકે પ્રતિજ્ઞાભંગનો દોષ લાગે. તેથી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી જીવાત્માના અધિકારનો વિચાર કરીને જ બ્રહ્મસંબંધ આપતા. બધાને ન આપતા. આ પ્રકારનો સિદ્ધાંત મહાનુભાવ આચાર્યોએ 'સિદ્ધાંત રહસ્ય'ની અને 'નવરત્ન'ની ટીકાઓમાં સમજાવ્યો છે.'

'આજે તો છોકરું પાંચ-છ વર્ષનું થાય અને તેને બ્રહ્મસંબંધ અપાવી દઈએ છીએ. તે મોટું થાય ત્યારે ધર્મને માનવા જ તૈયાર ન હોય. સેવાની વાત તો પછી!'

'માટે જ વૈષ્ણવોએ આ વાત બરાબર સમજવા જેવી છે. વૈષ્ણવતા માટે શરણાગતિ પર્યાપ્ત છે. અધિકારની સમજ કેળવાયા પછી જ જો બ્રહ્મસંબંધ લેવાય, તો આજે જણાતા ગરબડ-ગોટાળા ટળી જાય.'

'મૂકેશભાઈ, તમારી વાતોમાંથી હું આટલું સમજ્યો. પુષ્ટિમાર્ગ શુદ્ધ, નિષ્કામ ભક્તિમાર્ગ છે. તેમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રીયશોદાનંદન શ્રીકૃષ્ણ ઉપાસ્ય છે. તેમની ભક્તિ માટે શરણ મંત્રદીક્ષા અને સમર્પણ મંત્રદીક્ષા છે. સેવા કરવાની તત્પરતા હોય તો જ બ્રહ્મસંબંધ લેવું.'

'તદ્દન સાચું સમજ્યા છો.'

'નીરા, આપણે સેવા કરીશું?'

'તું ગ્રીન સિગ્નલ આપે, એની જ રાહ જોઉં છું.'

'મને પણ મન થાય છે જ. પણ આવડતું કશું નથી.'

'એ તો શ્રીમહાપ્રભુજી શીખવશે. મન હોય તો માળવે જવાય.'

'ભલે તો કરીએ કંકુના. બ્રહ્મસંબંધ લેવા શું કરવાનું?'

'કાલે સાંજે પૂ. શ્રીવ્રજેશકુમારજી મહારાજ પધારશે. તેમની પાસે જઈ તે માટે વિનંતી કરવાની. તેઓ આજ્ઞા આપે તે પ્રમાણે એક દિવસ વ્રત

કરવાનું. બને ત્યાં સુધી ફલાહાર કરવો. વ્રત મનની શુદ્ધિ અને પવિત્રતા માટે છે. પછી બીજા દિવસે તેઓ કહે તેટલા વાગે અપરસમાં સ્નાન કરવાનું. કોરાં ધોતી ઉપરણો પહેરવાનાં. પછી તેઓ શ્રીઠાકોરજી સન્મુખ તમને બેસાડી, તમારા હાથમાં તુલસીદળ આપી, તમને બ્રહ્મસંબંધ મંત્ર બોલાવશે. પછી તમારા હાથનું તુલસીદળ લઈ, તેઓ શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં સમર્પશે. તમારે દંડવત કરવાનાં. આમ તમારું બ્રહ્મસંબંધ થઈ ગયું.' 'પછી?'

'આપશ્રીની આજ્ઞા લઈ સેવા કરવાની.'

'ભલે, કાલે આજ્ઞા લેવા આપણે સૌ સાથે જઈશું.'

'ચાલો, નીરાબહેન, તમે એક પદ ગાઓ. મધરાત થવા આવી છે. પછી ઊઠીએ.'

નીરાએ પદ ઉપાડ્યું, સૌએ ઝીલ્યું:

'નિશ્ચયના મહેલમાં વસે મ્હારો વ્હાલમો,
વસે વ્રજ લાડીલો રે.'

■

૧૪. શ્રીવલ્લભ રતન જતન કરિ પાયો

સાંજ ઢળવા આવી હતી. વાદળછાયું આકાશ ઝરમર ઝરમર મેહ વરસાવતું હતું. નેહના મેહથી ધરતી સુરભિત બની હતી. આભ-અવનિના મિલનને વધાવવા વનરાજિ સ્નાન કરી સજ્જ બની હતી. વાતાવરણ ખુશનુમા હતું. સેનેટોરિયમમાંથી વૈષ્ણવવૃંદ બેઠકજીએ આવ્યું.

બેઠકજીમાં આવેલા શ્રીદ્વારકાધીશ મંદિરના પહેલા માળની બાલ્કનીમાં પૂ. શ્રી વાગીશ રાજા વરસાદનો આનંદ માણતા ઠાડા હતા. ‘ગૌરમ્ભોજવક્ત્રમ્’-શ્વેત કમળ શું શ્રીઅંગ, પહેલી નજરે પ્રીત થઈ જાય એવું મધુર વ્યક્તિત્વ. સૌએ હાથ જોડી, મસ્તક નમાવી વંદન કર્યાં. આપે આત્મીયતા સભર હાસ્યથી સૌને આવકાર્યાં. સૌ ઉપર ગયાં. આપનાં ચરણસ્પર્શ કર્યાં.

‘અરે મૂકેશભાઈ ! અહીં છો?’

‘હા, રાજા!’

‘આ બધાં વૈષ્ણવોનો પરિચય કરાવો.’

મૂકેશભાઈએ સૌનો પરિચય આપ્યો.

‘નાનાજી પધાર્યા છે?’ મૂકેશભાઈએ પૂછ્યું.

‘હા, નાના અને મા અંદર બિરાજે છે, બેસો. ખબર કરું.’

આપ થોડી વારમાં બહાર પધાર્યા : ‘નાના આજ્ઞા કરે છે, બધાં ઘરનાં જ છો એટલે અંદર જ જાઓ.’

સૌ અંદર ગયાં.

અંદરના ખંડમાં હિંડોળાખાટ પર પૂ. શ્રીવ્રજેશકુમારજી અને અ. સૌ. શ્રી રશ્મિકાવહુજી બિરાજતાં હતાં. વૈષ્ણવોને જોઈને બંને ખૂબ પ્રસન્ન થયાં. સૌએ ચરણસ્પર્શ-દંડવત કર્યાં.

‘અરે મૂકેશભાઈ, યહાં કૈસે?’

‘જે જે મુંબઈ આવ્યો હતો. બચુભાઈનો આગ્રહ થયો. આપનાં દર્શનનો લાભ મળવાનો હશે! પ્રસન્નતામાં?’

‘હાં.’

‘મૂકેશભાઈ, વીણાબહેન ક્યાં?’ પૂ.શ્રીરશ્મિકાવહુજીએ પૂછ્યું.

‘વીણા નથી આવી. તેને રજા નથી. સ્કૂલ ચાલુ છે.’

‘વીણા અને હું નાનપણમાં સાથે ખૂબ રમેલાં. મારું પિયર સૂરત અને તેનું મોસાળ સૂરત. અમારાં ત્યારથી બેનપણાં.’

‘હમ ઔર મૂકેશભાઈ ભી બચપનમેં સાથ સાથ ખૂબ ખેલે. ઉનસે હમારી મિત્રતા ભી કાફી રહી.’

‘અરે, તમે સૌ બેસો તો ખરાં. આ બધાંનો પરિચય કરાવો.’

મૂકેશભાઈએ સૌનો પરિચય કરાવ્યો.

નીરાએ મૂકેશભાઈના કાનમાં કહ્યું : ‘નીરવના બ્રહ્મ સંબંધની આજ્ઞા લેવાની છે.’

‘જે જે. નીરવભાઈ વિશે થોડી વાત કરવી છે; આપની અનુકૂળતા હોય તો.’

‘હાં, કરો, મૌસમ બહોત સુહાવના હૈ. પ્રવાસકા સારા શ્રમ નિવૃત હો ગયા. ક્યા બાત હૈ?’

મૂકેશભાઈએ અથથી ઇતિ સુધી કહ્યું. જ્યાં જરૂર જણાઈ ત્યાં નીરાએ પૂર્તિ કરી.

'શ્રીઆચાર્યચરણોંકી કૃપા માનો.'

'જે જે, તેમને બ્રહ્મસંબંધની આજ્ઞા લેવાની છે. બે દિવસથી સ્વમાર્ગીય સિદ્ધાંતો સમજવાની કોશિશ કરી રહ્યા છે.'

'નીરાબહેન, આપકા ગુરુઘર?'

'કૃપાનાથ, આપના પૂ. શ્રીદાદાજીની સેવક છું. અમારા બંનેનું ગુરુઘર એક જ હોય, તો ઘણી સુગમતા રહે.'

'લેકિન નીરવભાઈ, આપ સ્વયં ક્યો ચૂપ હૈં?'

'યથા નામાઃ તથા ગુણાઃ - નામ હી નીરવ હૈ.'

નીરવભાઈ મુસ્કરાયા.

'બાત જરા મુશ્કિલ હૈ. હમારા મુકામ કલ શામ તક હી યહાં હૈ. કલ તપેલી પહુંચ કે શામકો પંઢરપુર જાનો હૈ. ઐસા કરો. હમ દક્ષિણ ભારત હો કે વાપસ બંબઈ આવેં તબ બ્રહ્મસંબંધ દેંગે.'

'એટલો લાંબો વાયદો? ત્યાં સુધીમાં તો શુંનું શું થાય? દેહનો શો ભરોસો? ન જાણ્યું જાનકી નાથે....' નીરવે કહ્યું.'

'જે જે, ગંગાજી સામાં પધારીને એમ કહે, અહીં નહીં, તરસ લાગી હોય તો હરદ્વાર આવજે. તો તે તરસ્યો ભક્ત ગંગાજી સાથે ઝઘડો કરી બેસે, તો તેમાં તેનો વાંક કેટલો?' મૂકેશભાઈએ વિનંતી કરી.

'કૃપાનાથ, દુઃસાધ્ય પણ આપની કૃપાથી સુસાધ્ય થાય.' નીરા બોલી.

પૂ. શ્રીરશ્મિકાવહુજીએ વિનંતી કરી : 'મૂકેશભાઈ બિનતી લે કે આયે હૈં.'

'અચ્છા, ઐસા કરો. કલ આપ વ્રત કરો. કલ સુબહ શૃંગારદર્શન કે બાદ બ્રહ્મસંબંધ કરાવેંગે. આત્મશુદ્ધિ કે લિયે અષ્ટાક્ષર જપો.'

'મૂકેશભાઈ, કાલ તો આપ સૌ પણ અપરસમાં બેઠકજીમાં આવશો ને?'

'હાં, જે જે; આપની આજ્ઞા હોય તો.'

'અવશ્ય આવો. ઔર બચુભાઈ, કલ શ્રીમહાપ્રભુ ઔર શ્રીપ્રભુનકો આપ કીર્તનસેં ખૂબ રિઝાવો.'

આપે ખવાસને બોલાવી આજ્ઞા કરી : 'સ્નાનકી તૈયાર કરો.'

સૌ દંડવત કરી ઊભાં થયાં.

'રાતે સૌ આવજો.' પૂ. શ્રીરશ્મિકા વહુજીએ આજ્ઞા કરી. દાદરો ઊતરી સૌ ચોકમાં આવ્યાં.

'નીરવભાઈ, તમારી હૂંડી તો સ્વીકારાઈ ગઈ. નસીબદાર છો. આજ સગાઈ, કાલ લગન.' દિનેશભાઈએ ગમ્મત કરી.

'તે નસીબદાર જ હોય ને, પડખું કોનું સેવ્યું છે?' બચુભાઈએ મમરો મૂક્યો.

'બસ હવે, દાદા? નીરાએ મીઠો છણકો કર્યો.'

'નીરવભાઈ, શું વિચારમાં પડી ગયા? તમે તો કંઈ બોલો.' પ્રેમિલાભાભી ઉવાચ.

'ભાભી, શું બોલું? મને તો સમજણ જ નથી પડતી.'

'શું સમજવું છે, ભાઈ?'

'મને સ્વપ્નમાં શ્રીવલ્લભાચાર્યજીનાં જેવાં દર્શન થયેલાં, તેવાં જ આબેહૂબ દર્શન મહારાજશ્રીમાં થયાં.'

'ભાઈ, તમે ખરેખર કૃપાપાત્ર છો. એ વિના આવા અનુભવો ન થાય. આ અનુભવો તમારી શ્રદ્ધાની બુનિયાદ મજબૂત કરવા માટે જ થઈ રહ્યા છે.' મૂકેશભાઈએ સમજાવ્યું.

'મૂકેશભાઈ, મને તો શ્રીગુરુદેવમાં બે સ્વરૂપની ઝાંખી થઈ. શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજી. એમના જેવાં જ આપનાં રાજીવલોચન. તો શ્રીમુખ આપના શ્રીતાતચરણ શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજનું.' નીરાએ પોતાનો અનુભવ વ્યકત કર્યો.

'બહુ જ સૌમ્ય, ધીરગંભીર. નેત્રસંકેતથી જ જવાબ આપી દે. કાંકરોલીનરેશ રાયસાગર જેવાં જ!' પ્રમિલાભાભીએ કહ્યું.

'બચુભાઈ, તમારો અનુભવ!'

'નેત્રસુખ વિનાનો શું કહે?'

'કેમ આવું બોલો, બચુભાઈ? દેખો રી હરિ નંગમનંગા કોણે ગાયેલું?'

'બાપ રે, ક્યાં સૂરદાસજી મહારાજ અને ક્યાં હું? ભાઈસા'બ, આ જીવને આવી પદવી ન દો.'

'છતાંય કહો.'

'એમના અવાજમાં તાર-સપ્તકની માદકતા અને માધુર્ય છે. એકએક શબ્દ જોખી જોખીને ઉચ્ચારે છે.'

'રશ્મિકા વહુજી તો જાણે રાધિકાનું જ અવર સ્વરૂપ. મોટા ઘરનાં છે, પણ કેવાં હસમુખાં, સરળ! ઘડીવારમાં અજાણ્યાને પોતીકાં બનાવી દે!'

'બચુભાઈ, બેઠકજીમાં શયનનાં દર્શન ખૂલ્યાં છે. પૂ. શ્રીવાગીશબાવા આરતી કરવા પધારે છે. પગ ઉપાડો.'

સૌ બેઠકજીમાં ગયાં. બચુભાઈએ કહ્યું :

'નીરવભાઈ, આજે મારી સાથે તમે પણ કીર્તન ગાવ.'

બચુભાઈએ પદગાન આરંભ્યું. તેઓ હાર્મોનિયમ વગાડતા ગાવા લાગ્યા.

'ચિત ન ચલૈ ચરનનિ તેં માઈ.'

નીરવે તંબૂર લીધો. તેણે પંકિત ઝીલી. તેના પછી સૌએ સાથે તે જ પંક્તિ ગાઈ.

'કૈસે કરિ ઘર જાઉં સખી રી.
મન ઉરઝયો મેરૌ કુંવર કન્હાઈ.
મુરલી કો સબદ સુન્યો જબ સ્ત્રવનનિ,
મોહન કુંજ-નિકુંજ બુલાઈ.
ગિરિધરલાલ રસિક ચિત્ત ચોર્યો,
મોહન પ્રેમ ઠગૌરી લાઈ.
માતા-પિતા મેરી કહા કરેંગે,
અબ તો જિય ઐસી બનિ આઈ.
'પરમાનંદ' સ્વામી સોં મિલિ કે
ઔર બાત સબ દેહીં બહાઈ.'

પૂ. શ્રી વાગીશરાજાના હસ્તમાં રહેલી આરતીની જ્યોતનું નર્તન, ઝાલર-ઘંટાનો મધુર તાલબદ્ધ ધ્વનિ અને સાથે કીર્તનના શબ્દ-સૂરની સરવાણીનો ગજબનો સંગમ રચાયો.

શ્રીવલ્લભ જ અવર સ્વરૂપે પોતાના જ 'સ્ત્રી-પું ભાવ' સ્વરૂપને વિરહજવાળાઓરૂપી આરતી દ્વારા મનાવી રહ્યા હતા.

'તૂ માન ન દેત આલી, મન તેરો માનવે કો કરત;
પિય કી આરત દેખ મેરે જિય
દયા હોત તેરી દૃષ્ટિ દેખ દેખ ડરત.'

આરતી બાદ સૌ શ્રીદ્વારકાધીશજીના શયનનાં દર્શન કરવા ગયાં. પૂ.શ્રી વાગીશરાજા આરતી કરવા ત્યાં પણ પધાર્યા.

શ્રીદ્વારકાધીશ પ્રભુ નિજ તિબારીમાં ચાંદીની સાંગામાંચી પર બિરાજ્યા હતા. લાલ-પીળા રંગનાં લ્હેરિયાંની પિછવાઈ શોભતી હતી.

શ્યામ શ્રીઅંગ પર પીતવર્ણી ચૂંદડી ધરેલી અને એ જ રંગની ઢળકતી પાઘ હતી. શ્રીકંઠમાં બકુલ પુષ્પોની પુષ્પમાળા રાજતી હતી. પોતાના ઈષ્ટનાં દર્શને પૂ. શ્રીવાગીશરાજાનું મુખ આછા લજ્જાયુક્ત હાસ્યથી લેપાઈ ગયું. તો બીજી બાજુ સ્વકીયને સન્મુખ નીરખી, શ્રીદ્વારકેશ પ્રભુ રોમ-રોમ પ્રસન્નતાનાં દર્શન આપી રહ્યા હતા.

બચુભાઈએ યુગલ સ્વરૂપની પ્રસન્નતાનો ભાવ પદમાં ગાયોઃ

'જાનતિ સકલ કલા કી કાલ,
રીઝે લેતિ મન્મથન કુરંગ હિ
ઘૂંઘટ પટ કો મેલતિ જાલ.
સેજ નવલ બન, પિય મિલ જૈલતિ
સુરત આખેટ ખેલ વિસાલ,
'કૃષ્ણદાસ' પ્રભુ સબ બિધ નાગર
રીઝે લિયો ગિરિવરધર લાલ.'

નીરવે પણ પદગાનમાં સંગત કરી. ઉભય સ્વરૂપો ખૂબ પ્રસન્ન થયાં. દર્શન બાદ, પોઢવાનાં પદ ગાઈ, દંડવત કરી સૌ સેનેટોરિયમ તરફ ગયાં.

'બચુભાઈ, મને કીર્તન આવડશે ને?'

'શું ભાઈસા'બ તમે પણ! આવડશે શું? આવડે જ છે. શ્રીગુરુ-ગોવિંદ અંગીકાર કરી પ્રસન્નતા કેવી વ્યકત કરી! ન જોયું? મનેય અનુભવાઈ એમની પ્રસન્નતા. કીર્તન સાગર નથી. મહાસાગર છે. ભાવથી ગાજો. અર્થ સમજીને ગાજો. શ્યામને રીઝવવા માટે જ ગાજો. દુનિયાને રીઝવવા ક્યારેય ન ગાશો. મને પ્રભુએ કૃપા આપી, આંખો લઈ લીધી. મારી આંખો હૈયામાં. પ્રભુને માટે જ ગાવાનું. બીજું કોણ બેઠું છે, કોઈ સાંભળે છે કે નહીં, તેને ગમે છે કે નહીં, કોઈ પંચાત જ નહીં. તમેય નીરવભાઈ, આંખો બંધ રાખીને જ ગાજો અથવા પ્રભુના સ્વરૂપમાં આંખોને ચોંટાડી દઈને ગાજો.'

'પેલા ક્યા વૈષ્ણવ કીર્તન ગાતા, ત્યારે શ્રીનવનીતપ્રિયજી શ્રીહસ્તથી તાલ આપતા?' નીરાએ પૂછ્યું.

'ધોંધી કે પ્રભુ તુમ બહુનાયક, તોહુ મેરે નેનન કે તારે.'

'બરોબર, ધોંધીજીનો એ પ્રસંગ છે.'

'સાચુ કહું, નીરવભાઈ, મને પણ એમ લાગ્યું કે શ્રીદ્વારકેશ પ્રભુ ચારે શ્રીહસ્તથી તાલ આપતા હતા અને શ્રીવાગીશરાજા આરતી કરતાં નેત્રોથી તાલ આપતા હતા.'

✤ ✤ ✤

બીજા દિવસે સવારે સૌ આજ્ઞા લઈ અપરસમાં ન્હાયાં.

'નીરવભાઈ, આપ યહાં તિબારીમેં બૈઠો. બ્રહ્મસંબંધ બાદ આપકો સેવા મિલેગી. તબ તક અષ્ટાક્ષર જપો.'

સવારે દસ વાગે શૃંગારનાં દર્શન ખૂલ્યાં. શ્રીમહાપ્રભુજીએ ગુલાબી ધોતી-ઉપરણો ધારણ કર્યા હતા. શ્રીકંઠમાં મોતીની માળા અને પુષ્પમાળા ધરી હતી. આપની ગોદમાં પૂ.મહારાજશ્રીના ઠાકોરજી બિરાજતા હતા. શ્રીદ્વારકાધીશજી અને શ્રીસ્વામિનીજી યુગલ સ્વરૂપે બિરાજતાં હતાં. ગુલાબી રંગનો બડો પિછોડા ધર્યો હતો. ગોળ ગુલાબી પાઘ મેવાડી શૈલીની ધરી હતી. પન્નાનાં આભૂષણ વનમાળા સુધી ધર્યાં હતાં. શ્રીસ્વામિનીજીને પણ તે જ વર્ણનાં વસ્ત્રો અને શૃંગાર હતાં. ગુલાબી ગુલાબની પુષ્પમાળા ત્રણે સ્વરૂપોના ઉર પર બિરાજતી હતી.

બચુભાઈએ પદ ગાયું :

'સ્યામા સ્યામ પ્રાત ઉઠ બૈઠે
અરસ પરસ દોઉ કરત સિંગાર,
લટપટી પાગ સંવારત સ્યામા
અલક સંવારત નંદકુમાર.

એક પહેની વાકી મોતિન માલા,
એક પહેની વાકો નવસર હાર,
'શ્રીભટ' જુગલ કિસોર દ્યુતિ,
મેરે આંગન કરત વિહાર.'

દર્શન બાદ આપશ્રીએ નીરવને અંદર બોલાવ્યો. શ્રીદ્વારકાધીશ પ્રભુ સન્મુખ બ્રહ્મસંબંધ આપ્યું. સાથે આપે અપરસમાં ન્હાયેલાં વૈષ્ણવોને ગદ્યમંત્ર બોલાવ્યો. 'બ્રહ્મસંબંધ જબ હોત જીવકો, તબ ઇનકી ભુજા વામ ફરકે, દોરકર સોરકર જાય પિયસોં કહે, અતિ આતુર મનમેંજુ હરખે.'

'અબ નીરવભાઈ, આપ કો સેવા કો અધિકાર મિલ્યો. હાથ ખાસા કરકે આવો.'

નીરાએ નીરવના હાથ ખાસા કરાવ્યા. આપશ્રીએ સ્વહસ્તે નીરવને ઝારી ભરાવી. શ્રીમહાપ્રભુજીને અત્તર સમર્પાવ્યું. પંખાની સેવા આપી. પછી ફરી હાથ ખાસા કરાવી; દૂધઘર, મિસરી, લીલામેવાનો ભોગ ધરાવ્યો. આપશ્રીએ નીરવનો જમણો હાથ પકડી શ્રીમહાપ્રભુજીનાં ચરણસ્પર્શ કરાવ્યાં. ત્યારે બાજુમાં ઊભેલી નીરા ગાઈ ઊઠી :

'શ્રીવલ્લભ રતન જતન કરિ પાયૌં,
બહ જાત ભવધારામેં, હાથ પકડ ચરનનમેં લાયૌં,
ઈનકે ભાગન કી કહા કહૌં, પ્રીતમ ઘર આયો.'

આપશ્રી બહુત પ્રસન્ન થયા. આપે સ્વહસ્તે નીરવને શ્રીમહાપ્રભુજીનું કેસરસ્નાનનું ચરણોદક આપ્યું.

'કૃપાનાથ, હવે મારે શું કરવાનું?'

'મૂકેશભાઈ, સુના? ચોરાસી-દોસોં બાવન વૈષ્ણવને યહી પ્રશ્ન કિયા થા. આજ બહોત બરસોં કે બાદ ફિરસે યહ પ્રશ્ન સુનાઈ પડા.'

'જે જે, મૂકં કરોતિ વાચાલમ્ આપ છો. જીવને શું બોલતાં કે પૂછતાં આવડે?'

'નીરવભાઈ, ઐસે તો સભી બ્રહ્મસંબંધિયોંકા એક હી કર્તવ્ય હૈ-ભગવદ્સેવા. ભગવદ્રૂપ સેવાર્થ તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્. લેકિન આપકે લિયે એક વિશેષ આજ્ઞા હૈ. આપ દોનો છુટ્ટી લે કે એક માસ શ્રીનાથદ્વારા કાંકરોલી ઔર બ્રજમેં હો આવો. બાદમેં બડૌદા આવો. તબ સેવા કી આજ્ઞા મિલેગી.'

'જે જે, ત્યાં સુધી અસમર્પિત લેવાનું?'

'ચરણામૃત પધરાકે તબ તક લેનો. હો આવો.'

શૃંગાર ભોગ ધરી આપ બહાર પધાર્યા. આપે નીરવને ચરણસ્પર્શ આપ્યાં અને નેત્રો દ્વારા આશીર્વાદ પણ આપ્યા. શ્રીમહાપ્રભુજીની પ્રસાદી બીડી નીરવને આપતાં આજ્ઞા કહી : 'અબ સબ સ્તોત્ર-પાઠ કંઠાગ્ર કરો ઔર ગાઓ. શ્રીસર્વોત્તમજીકા જપ ગાયત્રીવત્ કરના. કીર્તન ભી અચ્છે કરતે હો. બચુભાઈસે કીર્તનકા મર્મ ઔર ગાનકી શૈલી એવં પ્રણાલિકા સીખો. એક માસ કે પર્યટનમેં અપને ઘરકી સેવાકી રીત ભી સમજ લેના. શ્રીપ્રભુ આપકો અનુગ્રહિત કરે.'

'જે જે, આજ્ઞા હોય તો આજ સાંજે મુંબઈ જવા નીકળીએ.'

'હાં, હો આવો, હમ ભી શામ કો પંઢરપુર જાયેંગે. મૂકેશભાઈ, હમારે સાથ ચલોગે?'

'એમની તો હંમેશની ફરિયાદ, રજા નથી' શ્રીરશ્મિકાવહુજીએ આજ્ઞા કરી.

આપ ખડખડાટ હસ્યા.

'ચલો, ફિર ભી મિલનો બન્યો રહત હૈ.'

◆

૧૫. 'શ્રીજી મેરા ઐસા રસિયા'

નીરા અને નીરવ ખૂબ ઉત્સાહમાં હતાં. નીરવે બેંકમાંથી એક મહિનાની રજા લીધી હતી. નાથદ્વારા, કાંકરોલી અને વ્રજમાં જવાનો કાર્યક્રમ ગોઠવાઈ ચૂક્યો હતો. બંને જણ તેની તૈયારીમાં લાગી ગયાં હતાં. જરૂરી સરસામાન પેક થઈ ગયો હતો. ઉદયપુર પ્લેનમાં જ જવાનું નક્કી કર્યું હતું. રિઝર્વેશન પણ થઈ ગયું હતું.

બંને જણ નિયત સમયે ટેકસી કરી, શાંતાક્રૂઝ એરપોર્ટ પર પહોંચી ગયાં. પ્લેનમાં જવા માટેની સૂચનાની રાહ જોતાં બંને ઊભાં હતાં. તેઓ શ્રીનાથજી અને નાથદ્વારાની જ વાતો કરી રહ્યાં હતાં. ત્યાં તેમની સામે એક સોહામણો યુવાન આવીને ઊભો રહ્યો. પોણા છ ફૂટ ઊંચો, ગુલાબી ઝાંયવાળો ગૌરવર્ણ, માથા ઉપર કોરા વાળ, જીન્સનું પેન્ટ, શર્ટ અને ટાઈ. હાથમાં એક મોટી બાસ્કેટ.

'નમસ્તે, એકસક્યુઝ મી. મારું નામ વર્ધમાન મહેતા. અમદાવાદ પાસે દહેગામનો વતની છું. અમેરિકામાં કેલિફોર્નિયા સ્ટેટના લોસ-એન્જેલસમાં રહું છું. કોમ્પ્યુટર એન્જિનિયર છું. હમણાં જ દેશમાં આવ્યો છું. આપ બંને નાથદ્વારા જાઓ છો?'

'હા જી.'

'પ્લીઝ, મારું એક કામ કરશો?'

'બતાવો.'

'ત્યાં શ્રીનાથજીના મંદિરમાં આ બાસ્કેટ આપી દેશો?'

'કોને આપવાની છે?'

'એ તો ખબર નથી.'

'તેમાં શું છે?'

'કેલિફોર્નિયાનાં પ્રખ્યાત સફરજન-એપલ્સ.'

'કોના નામે આપવાનાં છે?'

'શ્રીનાથજીના.'

'એકસક્યુઝ મી, સમજણ ન પડી.'

'વાંધો ન હોય તો તમારો થોડો સમય લઉં?'

'સ્યોર.'

'હું તો જન્મથી જૈન છું. અહીં આવતો હતો, ત્યારે સફરજનની આ બાસ્કેટ સાથે હતી. રસ્તામાં રાતે જમ્બો જેટના અમારા પ્લેનમાં બધા જ પેસેન્જર્સ ઘસઘસાટ ઊંઘતા હતા. ત્યાં એકાએક માઈક પર એનાઉન્સમેન્ટ થઈ. બધાં જાગી ગયાં. અમને કહેવામાં આવ્યું, પ્લેનનાં બે એન્જિનો અચાનક કામ કરતાં બંધ થઈ ગયાં છે. સ્થિતિ ભયજનક છે. સૌ સેફટી બેલ્ટ બાંધી લે. મેં મારો સેફટી બેલ્ટ બાંધ્યો. ભારે ગભરામણ હતી. આંખો મીંચી હું નવકાર નંત્ર બોલતો હતો. અનાયાસ મારી બંધ આંખો સામે મને શ્રીનાથજી ભગવાનનાં દર્શન થયાં. ઘણીવાર ચિત્રો અને કેલેન્ડરોમાં જોયેલા. મને કહે 'તું સફરજનની બાસ્કેટ મારા માટે નાથદ્વારા પહોંચતી કરી દે.' મેં કહ્યું, 'પણ પ્લેન સલામત ઊતરે તેવું લાગતું નથી.' તેઓ કહે, 'તેની ચિંતા ન કર. મને સફરજન પહોંચાડ.' તમે નહીં માનો, પાંચ મિનિટ બાદ ફરી જાહેરાત થઈ : 'ઈશ્વરનો પાડ માનો, બંને એન્જિન બરાબર કામ કરતાં થઈ ગયાં છે, હવે ચિંતા નથી. સેફટી બેલ્ટ છોડી શકો છો.' મારાથી મનોમન શ્રીનાથજી ભગવાનને હાથ જોડાઈ ગયા. સહાર એરપોર્ટ પર ઊતરી, કસ્ટમ ક્લિયર કરાવી, મારાં વડીલોને સામાન સાથે

ઘેર મોકલી, હું આ બાસ્કેટ લઈ કોઈ યાત્રાળુની શોધમાં અહીં આવ્યો. તમારી વાત પરથી મને લાગ્યું કે તમે નાથદ્વારા જાઓ છો, તેથી તમને રીક્વેસ્ટ કરી.'

'વર્ધમાનભાઈ, તમારી બાસ્કેટ જરૂર યોગ્ય સ્થળે પહોંચી જશે.'

'શ્રીનાથજી ભગવાનને મારા વતી વંદન કરજો. આ બાસ્કેટના બહાને એમણે ૩૫૦ મનુષ્યોનાં જીવન બચાવ્યાં છે.'

વર્ધમાન ચાલ્યો ગયો. નીરવ આશ્ચર્યથી માથું ખંજવાળવા લાગ્યો. ત્યાં પ્લેનમાં પહોંચવાની જાહેરાત થઈ. બંને બાસ્કેટ સાથે પ્લેન તરફ ગયાં.

પ્લેનમાં નીરવ નીરા સાથે વાતે વળગ્યો.

'નીરા, અદ્‌ભુત ઘટના કહેવાય નહીં?'

'શ્રીનાથજી માત્ર અદ્‌ભુત નહીં; અદ્‌ભુતશિરોમણિ છે. ભક્તો પાસે માગી-માગીને અંગીકાર કરવાનું તેમને ખૂબ ગમે છે. તારો જ પ્રસંગ વિચાર. તેમણે તારું મન ન માગી લીધું? આવા તો અનેક પ્રસંગો છે.'

'મારે એ બધા સાંભળવા છે. શ્રીનાથજી વિષે પણ બધું જ જાણવું છે. નીરા, વર્ધમાનની વાત સાંભળી મને વિચાર આવે છે કે શ્રીનાથજી આપણી પાસે કંઈક માગે તો કેવી મજા આવી જાય?'

'આનું નામ જ પુષ્ટિમાર્ગ. તને પહેલાં શ્રીનાથજીનો ઈતિહાસ ટૂંકમાં કહું. પછી સાંભળેલા પ્રસંગો પણ કહીશ.'

'વાત શરૂ કર. ઉદયપુર આવતાં વાર નહીં લાગે.'

નીરાએ નીરવના કાન પાસે મોં રાખી, ખૂબ ધીમા અવાજે શ્રીનાથજીની ઊર્ધ્વ ભુજાના પ્રાકટ્યથી લઈ, શ્રીનાથદ્વારામાં બિરાજ્યા ત્યાં સુધીનો ઈતિહાસ કહ્યો. નીરવ એકધ્યાને સાંભળતો રહ્યો. ત્યાં ઉદયપુર આવી ગયું. વાતનો દોર અટક્યો.

તેમણે શ્રીનાથદ્વારા જવા ભાડાની ટેક્સી કરી. નીરાએ ટેક્સી ડ્રાયવરને કહ્યું: 'ભૈયા, મેઈન રોડ સે નાથદ્વારા નહીં જાના હૈ. વાયા હલદીઘાટી લે લો. દેખો રાસ્તેમેં ઘસ્યાઢ, હલ્દીઘાટી ઔર ખિમનૌર રૂકનેકા.'

'અચ્છા, બહનજી, ઐસે જાયેગે.'

બંને ટેક્સીમાં ગોઠવાયાં. ટેક્સી સ્ટાર્ટ થઈ.

'નીરા, હલ્દીઘાટીનું નામ તો ઈતિહાસમાં ભણ્યો છું. પણ ઘસ્યાઢ અને ખિમનૌર શું છે?'

'એ બંને નાનકડાં ગામડાં છે. પહેલાં ઘસ્યાઢ આવશે. ચારે બાજુ અરવલ્લીના પહાડ છે.વર્ષાઋતુમાં ત્યાંની શોભા ખીલી ઊઠે છે. ત્યાં શ્રીનાથજીનું મંદિર છે.'

'અરે, હા, તેં કહ્યું હતું કે હોલ્કર ઉદયપુર રાજ્ય પર ચડી આવ્યો ત્યારે શ્રીનાથજીને આ સુરક્ષિત સ્થાનમાં પધરાવ્યા હતા. અહીં મંદિર બનાવ્યું હતું.'

'યાદશકિત સારી છે. ઘસ્યાઢના મંદિરનો નકશો બરાબર શ્રીનાથદ્વારાના મંદિરનો જ છે. સાઈઝ નાની, એટલો જ તફાવત.'

'ત્યાં કોની સેવા થાય છે?'

'ત્યાં શ્રીનાથજીનાં મોટાં ચિત્રજી બિરાજે છે, તેમની સેવા થાય છે.'

તેમની ટેક્સી ઘસ્યાઢ આવી પહોંચી. બંને મંદિરની ગલીમાં પગે ચાલતાં ગયાં. મંદિરના એક પછી એક ભાગનાં દર્શન કરતાં બંને મણિકોઠામાં ગયાં. ત્યાંથી નિજમંદિરમાં બિરાજતાં શ્રીનાથજીનાં ચિત્રજીનાં દર્શન કર્યાં, દંડવત કર્યાં.

'નીરવ, શ્રીનાથજીનાં અન્ય ચિત્રજી અને આ ચિત્રજીમાં કંઈ તફાવત જણાય છે?'

'હું તને એ જ પૂછવાનો હતો. બીજાં ચિત્રોમાં જમણો હસ્ત તેમની કેડ પર ટેકવેલો હોય છે, અહીં એ જમણા હસ્તથી આશીર્વાદ આપતા હોય તેવી મુદ્રા છે.'

'બરાબર.'

'આનું શું કારણ?'

'હોલ્કરના હુમલા વખતે તે વખતના તિલકાયત મહારાજને મૂંઝવણ થઈ હતીઃ શ્રીનાથજીને ક્યાં પધરાવવા? ત્યારે આપે તિલકાયત મહારાજના મસ્તકે આ જમણો શ્રીહસ્ત આ રીતે ધરીને અભયદાન આપ્યું હતું અને અહીં ઘસ્યાઢમાં પધરાવવાની આજ્ઞા કરી હતી.'

'વાહ, આ સ્વરૂપનાં દર્શન કરતાં એ પ્રસંગનું સ્મરણ થઈ આવે. પ્રભુની અદ્ભુત લીલાની યાદ તાજી થાય. પ્રભુમાં આપણી શ્રદ્ધા વધે. બધા યાત્રાળુઓ અહીં આ પ્રસંગનું સ્મરણ કરતા હશે?'

'મને શી ખબર? યાત્રાળુ મળશે તો પૂછી જોઈશું.'

ત્યાંથી દંડવત કરી બંને બહાર આવ્યાં. બાજુમાં આવેલા બગીચાના ભાગમાં ગયાં. ઉજ્જડ અને તરછોડાયેલ બગીચાની સ્થિતિ દુઃખદાયક લાગી. ટેકસી તરફ પાછા જતાં, ચારેક વ્યક્તિઓના પરિવારનો ભેટો થયો. દર્શન કરી, તેઓ પણ પાછાં જતાં હતાં. પરિવારનાં વડીલ સ્ત્રી-પુરુષ બપોરનું ભોજન ક્યાં કરવું તેની ફિકરમાં હતાં. જુવાન દીકરો ટેપરેકર્ડર પર ફિલ્મી ગીતો સાંભળવામાં મસ્ત હતો. વૃદ્ધ માજી બબડતાં બબડતાં પાછળ ઘસડાતાં હતાં. સ્ત્રી-અવાજ નીરવ-નીરાના કાને પડ્યોઃ

'તમને ના પાડી હતી, આપણે ઘસ્યાઢ નથી જવું, પણ માન્યા જ નહીં. લો, આ ખંડેરમાં શું જોવાનું હતું? શ્રીનાથજી રહ્યાં હોત, તો બે સમાનાં દર્શન થાત. બજારમાં ખરીદી થાત. અહીં તો ધૂળ ફાકવાની મળી.'

'મમ્મી, બિલકુલ સાચું. હું તો બોર થઈ ગયો.'

મૂછમાં હસતાં-હસતાં નીરા-નીરવ આગળ નીકળી ગયાં. નીરાએ નીરવના કાનમાં કહ્યું : 'આ પણ એક અભિપ્રાય છે! હવે તીર્થયાત્રાની સંવેદના આપણે ગુમાવતા જઈએ છીએ; પણ આને અપવાદ જ ગણજે. બધા વૈષ્ણવોનો આ મત નથી એની તને ખાતરી આપું.'

હલ્દીઘાટીની દિશામાં આગળ વધતાં નીરવે વાત છેડી:

'નીરા, આ ઘસ્યાઢના મંદિરની માલિકી શ્રીનાથજીના મંદિરની જ હશે ને? મેં થોડા સમય પહેલાં 'ઈલેસ્ટ્રેટેડ વીકલીમાં'માં એક લેખ વાંચેલો. તેમાં એવી રજૂઆત હતી કે સૌથી વધુ આવક તિરુપતિ મંદિરની છે. બીજો નંબર નાથદ્વારા મંદિરનો આવે છે, તો તે લોકો આવા સુંદર સ્થળની યોગ્ય જાળવણી કેમ નહીં કરતા હોય?'

'નીરવ, આ સમસ્યા મોટાભાગનાં દેવસ્થાનોની છે. આ ઘસ્યાગઢના મંદિરનો યોગ્ય બંદોબસ્ત કરવામાં આવે, યાત્રાળુઓ માટે કોટેજિસ અને પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે તથા ઓડિયો-વીડિયોની લેટેસ્ટ લાઈટ એન્ડ સાઉન્ડ ટેકનિકથી અહીં શ્રીનાથજીનો સમગ્ર ઈતિહાસ દૃશ્ય-શ્રાવ્યમાં રજૂ કરવામાં આવે, તો આ સ્થળ ખરેખર સુંદર યાત્રાધામ 'હોલીહોમ' બને. વૈષ્ણવોને શ્રીનાથજીના ગૌરવભર્યા ઈતિહાસનો રોમાંચકારી અનુભવ થાય. શ્રીનાથજી મંદિરનો વહીવટ નાથદ્વારા ટેમ્પલ બોર્ડ કરે છે. તેના અધ્યક્ષ તિલકાયત મહારાજ હોય છે. તેમાં અગ્રગણ્ય વૈષ્ણવોની સભ્ય તરીકે નિમણૂક થાય છે. તેના વહીવટી અધિકારી તરીકે આઈ.એ.એસ. ઑફિસર હોય છે. ટેમ્પલબોર્ડ પાસે પૈસાનો કોઈ તોટો નથી. જો તોટો હોય તો તે છે દૃષ્ટિનો.'

'સા'બ, યે હલ્દીઘાટી આઈ.'

'અચ્છા, રૂકો.'

બંનેએ હલ્દીઘાટીમાં ફરતાં ફરતાં ઈતિહાસ વાગોળ્યો. ગાઈડે રાણા પ્રતાપના મેવાડને શબ્દોમાં જીવતું કર્યું. ચેતકના સ્મારક પરના ચેતકના શિલ્પ પર હાથ ફેરવતાં નીરવને રોમાંચ થયો-જાણે છેલ્લા શ્વાસ લેતા ચેતકના શરીર પર હાથ ફેરવી તેની સ્વામીભક્તિને તે બિરદાવી રહ્યો હતો.

'નીરા, શૂરા બાવીશ હજાર કાવ્ય તું ભણેલી? એ બાવીસ હજાર શૂરાઓએ અહીં કેસરિયાં કર્યાં અને આ ધરતીએ દેશ માટેની ફનાગીરીનો કેસરિયો કસુંબો પીધો. એનો કેફ હજી ઊતર્યો નથી. હજી અહીંની ધરતી હલ્દીયા રંગની છે.'

'સાબ, ચલેંગે?'

'હાં, ભૈયા.'

ટેકસી ખિમનૌરના માર્ગે દોડી.

'નીરા, ખિમનૌરમાં શું છે?'

'શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ થઈ ગયા શ્રીહરિરાયજી. વૈષ્ણવો એમને પણ 'મહાપ્રભુ' કહે છે.'

'શિક્ષાપત્રના રચયિતા એ જ ને?'

'હા, એમણે આગમનાં એંધાણ વરત્યાં હતાં કે શ્રીનાથજી વ્રજ છોડી, મેવાડ પધારશે. તેથી શ્રીહરિરાયજી ગોકુળ છોડી, શ્રીનાથજીની પહેલાં અહીં આવીને વસેલા. બપોરે સ્વાધ્યાય-ચિંતન, ગ્રંથલેખન માટે ખિમનૌર પધારે. અહીં પ્રકૃતિની સુરમ્ય ગોદનું એકાંત હતું. ચોમેર ગુલાબી ગુલાબની ખેતી. શ્રીહરિરાયજી અહીં જે સ્થળે બિરાજ્યા, ત્યાં તેમનાં બેઠકજી છે. આપણે દર્શન કરતાં જઈશું.'

'જરૂર. શ્રીહરિરાયજીના શિક્ષાપત્રને તો ઈતર ધર્મીઓ પણ આદર આપે છે, એવું તું કંઈક કહેતી ખરી!'

'હા, ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ્ રાજચન્દ્રે તેમના શિષ્યોને કહેલું કે આધ્યાત્મિક ઊર્ધ્વીકરણ માટે એક જ પુસ્તક વાંચવું હોય, તો આ શિક્ષાપત્ર વાંચજો.'

'સા'બ, ખિમનૌર કી સીમા આ ગઈ.'

'ભાઈસા'બ, બેઠકજી કા રાસ્તા પૂછ લીજિયે.'

'બહેનજી, મુઝે પતા હૈ, ચલિયે.'

બંને બેઠકજીએ આવ્યાં. સ્થાન ખૂબ જીર્ણ હતું, પણ ચિત્તને પ્રસન્ન કરે તેવી શાંતિ હતી. બંનેએ દંડવત કરી, હાથ જોડ્યા. નીરાએ શ્રીહરિરાયજી-રચિત 'શ્રીવલ્લભશરણાષ્ટક' મધુર સૂરમાં મોટેથી ગાયું. નીરવ ખિમનૌરના પ્રાચીન ખ્યાલમાં ડૂબી ગયો.

નીરાએ નીરવના ખભે હળવેકથી હાથ મૂક્યો : 'ચાલશું?'

'હેં?....હા, ચાલો.'

ટેક્ષી નાથદ્વારાના માર્ગે દોડી. નીરા હળવી હલકથી ગાતી હતી : 'શ્રીજી મેરા ઐસા રસિયા, મુજને બોલાવે વહાલો ઘડી ઘડી.'

■

૧૬. શ્રીનાથજીનું વદનકમળ જોયું જેણે એક વાર

ટેક્ષી ખિમનોરથી નાથદ્વારાની દિશામાં દોડી રહી હતી. શ્રાવણના હરિયાળા દિવસો હતા. અરવલ્લીની ગિરિમાળાઓ સ્નાન કરી, લીલાં લહેરિયાંનાં વસ્ત્રો ધારણ કરી સજ્જ બની હતી. ચાર ચાર માસના વિયોગના ગરમાગરમ ઉચ્છ્વાસ પછી, ગગનની સ્નેહ-વર્ષામાં ભીંજાયેલી ધરતીનાં રોમરોમ હરિયાળાં બની ગયાં હતાં. વનરાજિની સુંદરતા નિખરી હતી.

આછાં લીલાં સાડી-બ્લાઉઝમાં સજ્જ નીરા નીરવના ખભે માથું ઢાળી, આંખ મીંચી મીઠી હલકે ગાઈ રહી હતી :

'વાંકે અંબોડે શ્રીનાથજી ને સુંદર શ્યામ સ્વરૂપ,
શ્રીવલ્લભકુળ સેવા કરે, એ શ્રીગોકુલના ભૂપ.'

બહાર ધીમો ધીમો વરસાદ શરૂ થયો. બારીમાંથી આવતી ફરફરમાં નીરા-નીરવ મસ્તીથી ભીંજાતાં રહ્યાં. વરસાદી વાતાવરણનો વૈભવ માણતાં મયૂરોની કેકા ટહૂકવા લાગી. નીરાએ ટહૂકાની દિશામાં આંખો ફેરવી. પર્વતનાં શિખરો પર આઠ-દસ મોર હતા. બે મોર કળા કરી, નાચતા હતા. બાકીના તેમની આજુબાજુ ડોક ઊંચીનીચી કરતા ડોલતા ડોલતા કેકા કરતા હતા.

'નીરવ, જોયું? અદ્ભુત દૃશ્ય છે!'

નીરાએ મલ્હાર છેડ્યો-

'સોભા માઈ અબ દેખનકી બહાર,
ગોવર્ધન પર્વત કે ઉપર મોરનકી પતવાર.
ઘન ગરજત અરુ દામિની દમકત નેન્હી પરત ફુહાર.
સૂરદાસ પ્રભુ તોઉ ન અઘૈયે અખિયાં હોય લખ ચાર.
સોભા માઈ અબ દેખનકી બહાર.'

'બહોત ખૂબ બહનજી! આપને તો કમાલકા ગાયા. મજા આ ગયા.' ડ્રાઇવરે સ્ટીયરીંગ વ્હીલ પર તાલ આપતાં કહ્યું.

'નીરવજી, આપ તો ખરેખર નીરવ બની ગયા! જાગો છો ને?'

'નીરા, ઉદયપુર છોડ્યા પછી, મનમાં ન સમજાય એવા તરંગો જાગે છે. શિવજીને તાંડવ આવડે. લાસ્ય પણ ફાવે. ડમરું ગજબનું બજાવે; પણ ગીત-નૃત્યનો શહેનશાહ તો શ્યામ જ! એને મયૂર-નૃત્ય કરતાં એક ચિત્રમાં જોયેલો. રાધા-શ્યામની જોડી મયૂર બની નાચી રહેલી. પેલા પર્વત પર નાચતા મયૂર-યુગલને જોઈ નટવરની એ નૃત્યલીલા યાદ આવી ગઈ. આ ધરતીમાં અજબનો જાદુ લાગે છે, ગજબનું મનનું ખેંચાણ થઈ રહ્યું છે.'

'એનું કારણ જાણે છે?'

'ના'

'આ ધરતી છે શૂરાની-રણશૂરાની, ભક્તિશૂરાની, પ્રેમશૂરાની. એનો વર્ણ હળદરનો છે. ધરતી રાધારાણી છે, ગગન ઘનશ્યામ છે. અહીં જીત થઈ છે રાધારાણીની. ગગનથી ઘનશ્યામ રાધારાણી કાજે સામા પધાર્યા છે. આ ભૂમિ અજબકિશોરીબાઈની છે. આ ભૂમિ મીરાંબાઈની છે.'

'મીરાંબાઈનું નામ તો જાણીતું છે. અજબકિશોરી કોણ?'

'એનું નામ અજબ. એની ભક્તિ અજબ. એની વાત અજબ. મીરાંની એ નણદી. ઉદયપુરના રાજઘરાનાની દીકરી. મીરાંની ગિરિધરગોપાલની લગની એનેય સ્પર્શી ગઈ. શ્રીગુસાંઈજી આ પ્રદેશમાં પધાર્યા, ત્યારે મીરાંની ઉપરવટ જઈ એમની સેવક થઈ. કુમારી, મુગ્ધ, રાજદુલારીને જગ લાગ્યો ખારો. આ મેવાડમાં પથરાયેલા પહાડોની દુર્ગમ દીવાલો વચ્ચે સિંહાડ નામનું નાનું-શું ગામડું. એમાં નાની-શી પર્ણકુટિ બનાવી અજબબાઈ રહી ગયાં. પગમાં રાજઘરાનાની મર્યાદાની બેડીઓ જકડાયેલી. શ્યામસુખધામ-વ્રજધામમાં જવાની કોઈ સંભાવના જ નહિ. સિસોદિયા વંશની એ શૂરવીર રાજરમણી, અબળા બની ગયેલી. એના નસીબે રાતદિવસ હતાં રુદન, ડૂસકાં, ગરમાગરમ નિસાસા અને આખરે મૂર્છા. જાગે ત્યારે પર્ણકુટિની દીવાલોને સંબોધીને ગાય:

'એક ગાંવ કો વાસ ધીરજ કૈસે કૈ ધરોં?
લોચન મધુપ અટક નહિ માનત યદ્યપિ યત્ન કરોં.

વે યહ મગ નિત પ્રતિ આવત હૈં, હોં લે દધિ નિકસોં? પણ અજબબાઈ તો રાજકુંવરી, દહીં વેચવાય ક્યાં જાય?

'પછી શું થયું?'

'જે થવું જોઈએ એ જ થયું. એક દિવસ એમની પર્ણકુટિના દ્વારે ભર મધ્યાહ્નને એક રથ આવીને ઊભો રહ્યો. રથમાંથી રાધારમણ કૂદી પડ્યા. પીળું પીતાંબર ને પીળી ઢળકતી પાઘ. પાઘમાં સોહામણું મોરપિચ્છ અને ખભે લાલ ઉપરણો. પ્રવાસની રજવાળાં આભૂષણ ને હસ્તમાં મુરલી. દ્વારે દોડ્યાં આવેલાં અજબે પહેલી વખત જ જોયા અને ઓળખી લીધા – 'મેરે યે ગિરિધર ગોપાલ, દૂસરો નહિ કોઈ.' મુખમાંથી માંડ માંડ શબ્દ નીકળ્યા- 'આપ?' 'હા, અજબ, સાંભળ્યું છે તું શતરંજ રમવામાં પ્રવીણ છે, તો થઈ

જાય એક દાવ!' પછી તો ચોપટબાજી મંડાઈ, ગાદીઓ બિછાવાઈ. સોગટાં ખેલાયાં. પહેલી બાજી અજબ જીત્યાં. બીજી બાજી ગજબ જીત્યા. ત્રીજી બાજી માંડતી અજબને ગજબે રોક્યા : 'હાં, હવે આજ નહિ. મારે જલદી વ્રજમાં પહોંચવું છે. સાંજ ઢળવા આવી છે.'

'આવેલા શ્યામને અજબે રોકી ન લીધા?' નીરવને વાતમાં રસ પડ્યો.

'અજબે રોકવા ઘણુંય કર્યું. ગજબનો હાથ પકડ્યો, મુરલી છીનવી. કશાથી મેળ ન પડ્યો ત્યારે પગે પડી. રડતાં રડતાં વીનવવા લાગી: 'અનત ન જૈયે, પિય રહિયે હમારે હી મહલ.' ગજબે અજબને ઊભી કરી. ઉપરણાથી એનાં આંસુ લૂછતાં એને મનાવી લીધી : 'અજબ! રડ નહિ. અહીં રોકાવાની હઠ ન કર. કાલથી હું રોજ આવીશ.' 'પણ એથી તો તમને પરિશ્રમ થાય.' 'પગલી, પ્રેમમાં પરિશ્રમ ન હોય. ચોપટ રમવા રોજ આવીશ. સાથે સાથે તને વચન આપું છું- વર્ષો પછી તારા આ સ્થાનમાં આવીને રહીશ.'

'ઓહ! આથી શ્રીનાથજી વ્રજમાંથી અહીં પધાર્યા?'

'હા, આજે પણ ચાર ચોકના ભવ્ય મંદિરની સમૃદ્ધિની વચ્ચે પણ અજબના એ ગજબ અજબકિશોરીની 'છપ્પરતરી'માં જ બિરાજે છે.'

'સાચે જ નીરા, હરિનો મારગ છે શૂરાનો. હવે સમજાય છે કે ભક્તિના ભાવના કણકણ આ ભૂમિમાં છે. ભક્તિ માટેની જાન-ફેસાનીનું શૌર્ય આ ભૂમિમાં છે. અલૌકિક માટે લૌકિકનો ત્યાગ-વિરાગ આ ભૂમિમાં છે. અહીં શ્યામની તડપન છે, તો અહીં શ્યામની સલુકાઈ પણ છે. નાથદ્વારા આવે તે પહેલાં જ મને તો આનંદનાં સ્પંદનો થવા લાગ્યાં છે. મજા આવી ગઈ છે.'

'સા'બ, નાથદ્વારા ભી આ ગયા. વહાં સામને કે રાસ્તે પર નાથુવાસ હૈ.'

'નાથુવાસ માને?'

'શ્રીનાથજીકી ગૈયાં કી બહોત બડી ખિરક હૈ.'

'નીરવ, તારા આનંદની ભરતીમાં થોડીક બ્રેક મારવી જરૂરી છે, તું જે ભાવભૂમિમાં વિચરે છે, જે ભાવાવરણ માણે છે, એવું ભૌતિક પર્યાવરણ તને ત્યાં ઓછું જોવા મળશે.'

'કલ્પના કરી શકું છું - ગંગાદિતીર્થવર્યેષુની સ્થિતિની. પણ ચિંતા નહિ કર. એનાથી મનને વિચલિત નહિ થવા દઉં. ભૌતિક જગતમાં તો સૌ જીવે છે, હવે તો નીરાદેવીના સંગે અને રંગે મારે તો જીવવું દિવ્ય જગતમાં. જગતની આ ભૌતિક લીલા પણ જગદીશના રમણાનંદ માટે છે, તો એને પણ એ ભાવથી જ Relish કરીશ. Don't worry.

'સા'બ, ગાડી કહાં લઉં?'

'દેખિયે જી, હમેં કોઈ પતા નહિ. હમ તો શ્રીનાથજી કે ચરનોંમેં આયે હૈં. જહાં મન ચાહે, વહાં લે ચલો.'

'અચ્છા, સા'બ, 'વલ્લભા' હી ઠીક રહેગા.'

નાથદ્વારાની વાંકીચૂંકી ગલીઓના રસ્તા પરથી રમકડાની જેમ રસળતી, સરકતી મોટર 'વલ્લભા'ના કમ્પાઉન્ડમાં આવીને અટકી.

'શ્રીગોવર્ધનનાથકી જય' બોલતાં નીરા બહાર આવી. નીચાં નમી, નાથદ્વારાની પાવન રજ લઈ મસ્તકે ચડાવી. ઊડતા વાળ એક હાથે સમાર્યા. નીરવે પણ નીરાનું અનુકરણ કર્યું.

'નીરવ, ચાર વર્ષની હતી, ત્યારે પપ્પા-મમ્મી સાથે આવેલી. એકવીસ વર્ષ પછી આજે ફરી આવવાનું થયું.'

'આપણે તો પહેલી જ વખત આવીએ છીએ; પણ સાંભળ્યું છે કે રિઝર્વેશન કરાવ્યા વિના અહીં આવવામાં જોખમ છે. સારી જગ્યા જલદી મળતી નથી.'

'હા, એમ ઘણાં કહે છે. આપણે તો ગુરુદેવની આજ્ઞાથી આવ્યાં છીએ. શ્રીજીની ઈચ્છાથી આવ્યાં છીએ. એનાં મહેમાન છીએ. જગ્યા નહિ આપે, તો મહેણું એને લાગશે.'

'સા'બ આઈએ. આપકે લિયે બ્લૉક કા ઈન્તજામ હો ગયા. વૈસે તો સબ બ્લોક Full હૈં, લેકિન અભી અભી એક પાર્ટીકા Telegram આયા. ઉનકો જાના જરૂરી બના. આપકો જગહ મિલ ગઈ. ફલેટ બઢિયા હૈ. વેલ ફરનિશ્ડ ભી. બ્લૉક નં. ૪૧.'

'શિક્ષાપત્રોની સંખ્યા ૪૧ અને આપણા બ્લૉકનો નંબર ૪૧. શ્રીજીના દરબારમાં શ્રદ્ધાથી આવનારને, જોયુંને, પડે છે તકલીફ? આવો નીરવજી, પધારો.'

આગળ દોડતી નીરાને નીરવે બૂમ પાડી, થંભાવી.

'એ.....ય......નીરા, આ સામાન.....?'

'અમે તમારું માન રાખ્યું, તમે સામાન રાખો. Don't worry. આ નોકર આવે છે, એને સોંપી દે. લઈ આવશે.'

નોકરને સામાન સોંપી, નીરવ પણ 'વલ્લભા'નો ઢાળ ચઢવા લાગ્યો.

⁂ ⁂ ⁂

સાંજે સાડા ત્રણ વાગે ઉત્થાપન થવાનાં હતાં. નીરા અને નીરવ શ્રીનાથજીના મંદિર તરફ જઈ રહ્યાં હતાં. બજારના સાંકડા, વાંકાચૂંકા રસ્તા પર યાત્રાળુઓની ભીડ હતી. તેમાં પાછળથી પંદર વીસ ગાયોનું ધણ આવ્યું. નીરા-નીરવ એક દુકાનના ઓટલે ચડી ગયાં. લાલ, કાળી, ધોળી

અલમસ્ત ગાયો હતી. શરીર પર ગુલાબી રંગનાં ચિતરામણ. ભાલ પર લીલા, પીળા મણકાની દામણી અને તેમાં ખોસેલ મોરપિચ્છનો ઝૂડો. ગળામાં મોટા મણકાની માળામાં પદકના સ્થાને ઝૂલતી ઘંટડીઓ. પાછળ સફેદ ધોતી-બંડી અને માથે લાલ-ગુલાબી પીળા પટકાના શિરબંધમાં ડોલતા મોરપિચ્છવાળા ગ્વાલ. નીરવ નીરાના કાન પાસે મોં લઈ જઈ ગણગણ્યો :

'હાંકે હટક હટક, ગાય ઠઠક ઠઠક રહી,
ગોકુલકી ગલી સબ સાંકરી.'

'આમ જ ગૌચારણ કરી, શ્યામસુંદર વનમાંથી વ્રજમાં પાછા પધારે.'

'નીરા, પેલા ફૂટડા ગ્વાલના ખભે હાથ ધરી, મલપતી ચાલે, જો તો, કોણ ચાલી રહ્યું છે?'

'ક્યાં?'

'મારી આંગળીની દિશામાં જો. ગુલાબી લહેરિયાનું સૂથન છે. લીલા અને પીળા લહેરિયાની કાછની છે. પીળા લહેરિયાનો પટકો છે. શ્રીમસ્તકે મુકુટ છે. હીરા-માણેકના હાર છે – જરૂર શ્રીજીબાવા જ હોવા જોઈએ.'

'નીરવ, મને તો દર્શન નથી થતાં.'

નીરવે બે હાથે આંખો ચોળી. જમણા હાથની આંગળીઓથી ડાબા હાથ પર ચૂંટી ખણી.

'નીરા, હું પૂરા ભાનમાં છું, હોં! મને હજી પણ દર્શન થાય છે.'

'નીરવ, તું નસીબદાર! આવતાંની સાથે શ્રીજીબાવાએ કૃપા કરી.'

'હા, નીરા, ચાલ જલદી મંદિરે પહોંચીએ.'

મંદિરના પ્રવેશદ્વાર પાસે બંને આવી પહોંચ્યાં. નીરાએ પીળા પટાવાળી લાલ સાડીનો છેડો હળવેથી માથાના અંબોડા પર ગોઠવ્યો. તેણે નીચા નમી પગથિયાંની રજ લઈ, આંખે અને લલાટે લગાવી. નીરવે પણ એનું અનુકરણ કર્યું.

'નીરા, તું મારી ગાઈડ છે. મને બધું સમજાવતી જા.'

'જો નીરવ, નાથદ્વારા ભક્તિનગર છે. એમાં આ નિશ્ચયનો મહેલ છે. એમાં આપણો વહાલમો બિરાજે છે. વૈકુંઠધામના દ્વારપાળ જય-વિજય છે. એવા ભક્ત દ્વારપાળ અલૌકિકરૂપે અહીં પણ છે. એક છે ત્યાગ, બીજા છે વૈરાગ્ય. અહીં એમના ચરણે જગતના રાગની ગાંસડી મૂકતા જવાની છે. પછી અંદર પ્રવેશવાની આજ્ઞા મળે.'

'જગતનો રાગ એમ એકાએક તો કેમ છૂટે?'

'માટે તો અહીંની ચરણરજ લઈએ છીએ, માથે ચડાવીએ છીએ. ભગવદીયોનાં ચરણની આ પાવન રજ છે. એમાં જગતનો રાગ છોડાવવાનું સામર્થ્ય છે. આપણી બુદ્ધિ આ ચરણરજથી વિશુદ્ધ બને છે.'

'ચાલ, અંદર જઈએ.'

'જો નીરવ, લીંપણથી લીંપેલ આ ગોવર્ધનચોક છે. શ્રીગિરિરાજજીની તળેટીમાં આપણે આવ્યાં.'

'નીરા, ગોવર્ધની કી રહીએ તળેટી,
નિત્ય પ્રતિ શ્રીમદનગોપાલલાલ કે
ચરનકમલ ચિત્ત લહીએ.'

'આમ આવ, અહીંથી શ્રીજીબાવાના નિજધામ પર લહેરાતાં સાત ધજાજી અને સુદર્શન ચક્રનાં દર્શન થશે.'

નીરવ અપલક નેત્રે દર્શન કરી રહ્યો. એના હાથ જોડાઈ ગયા. એની ભાવસમાધિ લાગી ગઈ.

‘નીરવ!’

નીરાએ હળવેથી નીરવના ખભે હાથ મૂક્યો; છતાં નીવર ધ્યાનભંગ ન થયો.

નીરવનો ખભો દબાવતાં નીરા બોલી : ‘ઋષિરાજ, જાગો! ઉત્થાપનનાં દર્શન થયાં છે.’

નીરવ નીરાની પાછળ સૂરજપોળના દ્વારેથી રત્નચોકમાં પ્રવેશ્યો અને ત્યાંથી જગમોહનના છેલ્લા દ્વારેથી બંને જગમોહનના સ્ટેજના છેલ્લા ઊંચા પગથિયે પહોંચ્યાં!

મધુરું મધુરું મલકાતા મધુરેશનાં પ્રથમ દર્શને નીરા નીરવને રોમાંચ થઈ ગયો : ‘નીરા, બજારમાં જે વસ્ત્ર શૃંગારનાં દર્શન થયાં તે જ વસ્ત્ર-શૃંગાર!’

‘હા, નીરવ! શ્રીજીની મરજી અદ્‌ભુત છે. મારી અરજી એણે મંજૂર કરી છે.’

બંને જણ અપલક નયને દર્શન કરી રહ્યાં. નીરા ગણગણતી હતી : ‘જસોમતી કે હૌં આજ ગઈ રી, કરિ સિંગાર ઠાડે નંદનંદન નિરખિ વદન હોં ચકિત ભઈ રી.’ ત્યાં પાછળ કોઈનો હાથ પોતાના ખભે મુકાયાનો બંનેને અહેસાસ થયો. બીજી જ ક્ષણે અવાજ સંભળાયો : ‘વૈષ્ણવ, આજ સવારથી આ રૂપમાધુરીની ઘનઘટા ઉમડી હતી. કોના ઉપર વરસશે એ કોયડો હતો. અત્યારે એ મુશળધાર વરસી રહી છે. કોઈક ભાગ્ય લઈને આવ્યું હશે! નટખટ, થોડી વર્ષા અમારા ઉપર પણ વરસાવજે.’

‘શ્રીકૃષ્ણાશ્રય’નો પાઠ કરતી નીરાને અવાજ પરિચિત લાગ્યો. તેણે પાછળ ફરીને જોયું.

‘શૈલેશ.....તું?.....તમે? અને તે પણ આમ ધોતી બંડીમાં?’

શૈલેશે નાક પર આંગળી મૂકી.

‘દર્શન થઈ ગયાં. કીર્તનિયા ગલીમાંથી તેઓ બહાર નીકળી, અનારચોકમાં આવ્યાં.

‘વૈષ્ણવ, જયશ્રીકૃષ્ણ. તમારું કામ છે. જરા આવશો?’

સામે એક વૈષ્ણવ ઊભા હતા. મૂઠી હાડકાંનો ખૂબ પાતળો ઊંચો દેહ. સફેદ ધોતી-બંડી. મસ્તકે વ્રજવાસીનો કેસરી ટોપો. વિશાળ ભાલમાં તિલક. આંખોમાં અનુરાગ. મોં પર મલકાટ.

‘બાવા, દંડવત.’

શૈલેશે હાથ જોડ્યા : ‘બાવા, ઓળખો છો આમને?’

‘કેમ ન ઓળખું? મારા, પ્રીતમની સખીઓને તો ચિરકાળથી ઓળખું છું.’

‘બાવા, તમારી વાતો જ જુદી. આપણને ન સમજાય. વૈષ્ણવો, આ છે અમારા શાકઘરિયા બાવા ગોપાલદાસજી. આજનો તમારો દિ’ સુધરી ગયો. અનાયાસ બાવાને ભગવદ્‌સ્મરણ થયાં.’

‘સાચી વાત, હરિ મિલે સો દિન નીકો......હરિજન મિલે સો દિન અતિ નીકો.’

‘બાવા, જયશ્રીકૃષ્ણ. અમારા લાયક શી આજ્ઞા?’

‘દીકરી, મુંબઈથી આવો છો?’

‘હા, જી.’

‘શ્રીજીબાવાનું કંઈ સંપેતરું લાવ્યાં છો?’

‘હા જી, અરે! એ તો ભૂલી જ ગયાં!’

‘પણ એ નથી ભૂલ્યો! જાઓ, જલદી લઈ આવો. જુઓ, અહીં શાકઘર છે. ત્યાં મને આપી જાઓ.’

નીરા-નીરવ ‘વલ્લભા’ પર ઝડપી પગલે પહોંચ્યાં. સફરજનનો કરંડિયો શાકઘરમાં સુપ્રત કર્યો. પછી કમળચોકમાં આવ્યાં. ત્યાં શૈલેશભાઈ બેઠેલા હતા. નીરા-નીરવ તેમની પાસે બેસી ગયાં.

‘શૈલેશભાઈ, તમને અહીં આ વેશમાં જોઈ સુખદ આશ્ચર્ય થયું, નીરવ, આ શૈલેશભાઈ પણ અમારા પાટણના છે. એમનું કુટુંબ પણ ચુસ્ત શૈવમાર્ગી! શૈલેશભાઈ, આ છે નીરવ....નીરવ મહેતા, વડનગરના. શૈલેશભાઈ, તમે વૈષ્ણવ ક્યારથી થઈ ગયા?’

‘એ વાત હું પછી બતાવીશ, પણ તું આવી ક્યારે?’ નીરાની બાજુમાં જગ્યા કરી, બેસતાં ઉષાએ પૂછ્યું.

‘ઉષાબેન, તમે? વાહ ભાઈ વાહ! આખું પાટણ અહીં ભેગું થઈ ગયું ને! મજા આવી ગઈ!’

‘ઉષાને જે કહેવું હોય તે કહેશે; પણ નીરા, એ શ્રીમતી શૈલેશ દવે છે, એની તને ખબર છે?’

‘ઓહ, ઉષાબેન! શી વાત છે? તમે તો.....’

‘હા, એ વણિક અને હું બ્રાહ્મણ.....સાથે શાળામાં નોકરી કરતાં કરતાં મારી ચોકલેટનો સ્વાદ એને ગમી ગયો અને આપણે બની ગયા મિસ્ટર ઉષા મહેતા.’

‘શૈલેશભાઈ, તમે તો હજી એવા જ રહ્યા!’

‘એટલે તો શિવજીએ એમને શ્રીનાથજીને સોંપ્યા છે. મારાથીયે એ આગળ નીકળી ગયા છે.’

‘નીરવભાઈ, આ સાંવરિયાનો ભરોસો જ નહીં. દુશ્મનને પણ દોસ્ત બનાવી દે. આપણે તો ફસાઈ ગયા છીએ એની મુસ્કાનમાં. શિવજી અને શ્યામજી-રાશિ તો એક ને! શ્યામજીને પામી આનંદ છે. વિશેષ આનંદ એટલે છે કે અમારાં ઉષાજી પણ ખુશ ખુશ છે.’

‘કેટલા દિવસથી આવ્યાં છો?’

‘લો પૂછો વાત! આવ્યે સાત વરસ પૂરાં થશે. તમારા આ સાંવરાને ભલામણ કરતાં જજો, બીજાં ચાર વર્ષ અને બાવન દિવસનું એકસ્ટેન્શન આપે. એ વ્રજમાં જેટલું રહ્યો, એટલું અમારે પણ અહીં રહેવું છે.’

‘તમે અહીં સર્વિસ કરો છો?’

‘જી, બેંક ઓફ બરોડામાં છું- એજન્ટ છું; પણ બેંકવાળા હવે બદલવા અધીરા બન્યા છે. જોઈએ,એ અંદરવાળો શો ખેલ કરે છે?’

‘ઓહ! તો તમે જ મિસ્ટર એસ.વી.દવે? હું એન. સી. મહેતા. સિનિયર એકઝીક્યુટીવ, બેંક ઓફ બરોડા, હેડ ઓફિસ બોમ્બે. તમારી બ્રાંચને અપગ્રેડ કરવાની પ્રપોઝલ લઈને જ આવ્યો છું.’

‘ત્યારે તો આપ અક્રૂરજી બનશો, એમને?’

‘ના, હું એવો ક્રૂર નહીં બની શકું, પણ આપને મળીને ઘણો આનંદ થયો, શૈલેશભાઈ. ભાભી, તમને પણ.’

‘ક્યાં ઊતર્યાં છો?’

‘વલ્લભામાં, બ્લોક નં. ૪૧.’

‘પહેલી જ વાર આવો છો?’

‘હા જી.’

નીરાએ વિગતવાર વાત કહી.

‘હમણાં સંધ્યા આરતીનાં દર્શન થશે. શ્રીમદનમોહનજી આજે કુંજમાં ફળફૂલના હિંડોળે ઝૂલશે. પછી તમને મંદિરનાં દર્શન કરાવું.’

‘શૈલેશભાઈ, અહીં તમારી જેમ બધાને ધોતી-બંડીમાં જોઈ, મને પણ આ ડ્રેસ પહેરવાની ઈચ્છા થાય છે. ખૂબ સ્માર્ટ લાગે છે.’

'જુઓ, અહીં તો કલ્પવૃક્ષ છે. ઇચ્છા કરો એટલે હાજર. આપણા પાટણના રમેશભાઈ અને વસંતબેન જેઠ મહિનામાં આવેલાં. ગંગાદશમીનો દિવસ હતો. રાજભોગનાં દર્શન કરી, બ્રાંચમાં બેઠાં હતાં. વસંતબેન કહે : આજે શ્રીજીબાવા રસની બરફી આરોગ્યા હશે. કદી ચાખી નથી. કણિકા મળી જાય તો? મેં તપાસ કરાવી, પત્તો ન લાગ્યો. ત્યાં આઠ વર્ષનો છોકરો એક પડિયો લઈને આવ્યો : 'ચાચા, પિતાજીને પ્રસાદ ભેજ્યો હૈ.' પડિયામાં શ્રીનાથજીની રસની બરફી હતી! મેં પૂછ્યું: 'લાલા, કૌન તેરે પિતાજી?' પણ તે તો જાય દોડ્યો. વસંતબેનની ઇચ્છા પૂરી થઈ. તમને પણ ધોતી-બંડી પહેરતા કાલથી કરી દઉં.'

ત્યાં સંધ્યા આરતીનાં દર્શન ખૂલ્યાં. શ્રીદાઉબાવા આરતી કરી રહ્યા હતા. આરતીનાં વર્તુળાકાર તેજવલયોની મધ્યમાં શ્રીજીબાવાનું ગૌરજમંડિત સોહામણું મુખારવિંદ મલકી રહ્યું હતું. નીરા મંદ મંદ સ્વરમાં ગાઈ રહી હતી :

'નયનન નિરખ શ્રીહરિકો રૂપ,
કુટિલ કેસ સુદેસ અલિગન વદન સરદ સરોજ.'

નીરવ શ્રીમુખ નીરખવામાં તલ્લીન બન્યો હતો. ભીડના ધક્કાનીય તેને કોઈ અસર ન હતી. આખરી ટેરો આવ્યો ત્યાં સુધી કોઈ ટસનું મસ ન થયું. પછી શ્રીમદનમોહનલાલ કુંજમાં હિંડોળા ઝૂલ્યા.

દર્શન કરી સૌ બહાર આવ્યાં. મંદિરનાં વિવિધ સ્થાનો જોવા સૌ શૈલેશભાઈ સાથે નીકળ્યાં.

'આ મંદિરનો ઇતિહાસ તો તમને નીરા બતાવશે. પુસ્તકમાંથી પણ મળશે. પણ એને કેવળ ઇંટ-ચૂનાનું મકાન ન માનશો. આના કણકણમાં અલૌકિકતા-દિવ્યતા છે. એની પ્રત્યેક ઇંટમાં અનોખો ભાવ છે. નાથદ્વારા વ્રજ છે. અહીં 'બડા મગરા'ના રૂપમાં શ્રીગિરિરાજજી છે, તો બનાસ નદીના રૂપમાં શ્રીયમુનાજી છે. 'ચાર ચૌક કો મંદિર બનાયો, આપ બિરાજે વ્હાલો છપ્પરતરી.' એવું આ મંદિર સાક્ષાત નંદાલય છે. આ શાકઘર. અહીંથી સીડી ચડી ઉપર જઈશું. ત્યાં પાનઘર, ફૂલગર, દૂધઘર છે. જુઓ, અહીં સુદર્શનજી બિરાજે છે. પોતાની મનોકામના પૂરી કરવા સૌ તેમની માનતા માને. પણ.... ટેસ્ટ કરી જુઓ; હાજરાહજૂર છે!'

'શૈલેશભાઈ, જે મળ્યા પછી બીજા કશાનું મન જ રહે નહીં, એવું મને તો મળી ગયું છે. લૌકિકમાં નીરા અને અલૌકિકમાં નીલમણિ. મોહિ ભરોંસો દોહિ ઠૌરકો, એક હરિભક્તનકો, દૂસરો નંદકિસોરકો. માટે સુદર્શનજી, આપને નમોનમ:'

'નીરવને ભલે ધરવ થયો હોય, મને નથી થયો. મારે સુદર્શનજીને વિનંતી કરવી છે.'

'અરે ભૈયા, બેનજી કો અત્તર સમરપાઓ. ભોગ ધરાઓ.'

'નીરા, શું માગ્યું?'

'It's Confidential (ખાનગી છે.)'

'રાખી શકે તો રાખજે બાકી, વટના માર્યા ગાજર ન ચાવતી.'

'સૌ પાછાં નીચે આવ્યાં. સામે શાકઘરિયાબાવા મળ્યા. વૈષ્ણવ, રાતે ધોળી પટિયા પર આવજો. ભગવદ્‌વાર્તા કરીશું.'

'ભલે બાવા.'

'શૈલેષભાઈ, શાકઘરિયાજી પરમ ભગવદીય જણાય છે.'

'હા, નીરા. અહીં રહો ત્યાં સુધી ત્રણ કામ કરવાનાં, આઠે સમયની ઝાંખી કરતાં કરતાં શ્રીજીબાવાની થાય તે સેવા, રાતે શાકઘરિયા બાવાનો સત્સંગ અને બપોરે એનું મનન. ચાલો, તમારે માટે નવાં ધોતી-બંડીની વ્યવસ્થા કરીએ.'

'નીરભાઈ, કાલથી ખાસા ભંડારમાં આવી જજો. પછી તમને શાકઘર, ફૂલઘર, પાનઘરમાં પણ હાથ પવિત્ર કરવા લઈ જઈશ. નીરાબેન, બાજુમાં વનમાળીજીમાં અપરસ થશે.' ઉષાએ કહ્યું.

પ્રીતમપોળે દરજીને બંડીનું માપ આપી, કાપડ આપ્યું. આજ રાતે આપી દેવાનો વાયદો મેળવ્યો.

'શૈલેશભાઈ, તમે તો અહીં ગજબની આબરુ જમાવી છે. સૌ તમારા માટે મરી પડે છે!' નીરવે કહ્યું.

'જુઓ નીરવભાઈ, મેં તો એક વ્રત રાખ્યું છે. પહેલાં શ્રીજીની ટહેલ કરવી, પછી વૈષ્ણવોની. સૌને માટે ઘસાવું. કદાચ ન ઘસાવાય તોય મોં બગાડી કડવો શબ્દ ન કહેવો. ન ઘસાયાનો રંજ કરવો. ચાલો, હવે આપણે છૂટા પડીએ.'

◆

૧૭. સત્સંગનું સુખ કહ્યું નવ જાય

રાતના નવ વાગ્યા હતા. સફેદ લેંઘા-ઝભ્ભામાં સજ્જ નીરવ, સફેદ સાડી-બ્લાઉઝમાં સજ્જ નીરાની સાથે મંદિર તરફ આવી રહ્યો હતો, ત્યારે બજારમાં મહાલતાં, ખરીદી કરતાં મુંબઈગરાંની નજરો તેમના પર મંડાઈ ગઈ હતી. એકે અહોભાવથી કહ્યું : 'Oh, Made for each other' એક બીજી બિન્ધાસ્ત યુવતી બોલી: 'હેન્ડસમ.....'Full size personality!' ત્રીજા કપલે હોઠ પર ભીની જીભ ફેરવી બુચકારો કરતાં કહ્યું : 'How sweet.' એક સ્વીટ સેવન્ટીને એની સાહેલીના કાનમાં નીરવ સાંભળે એવા મોટા અવાજે કહ્યું : 'આ જન્મમાં તો એને મેળવી શકાય નહીં, પણ આવતા જન્મનું પ્રોમિસ કરતો હોય, તો રિઝર્વેશન અત્યારથી કરાવી આપું.'

નીરા-નીરવ આ કૉમેન્ટ્સ' સાંભળતાં આગળ વધતાં હતાં. નીરવે પૂછ્યું: 'તને આ comments થી ઈર્ષા તો નથી થતી ને?'

'થાય મારી બલાને, મને તો મજા આવે છે. તાનસેનજીએ પ્રભુને સંબોધીને જે વાત કરી, તે મારે તારા માટે કરવી છે. 'તાનસેન કે પ્રભુ તુમ બહુનાયક, તોહુ મેરે નૈનનિ કે તારે.'

'ખરેખર? હું બીજા પાત્રને પડખે ચાલું, તોય તું આવું માને?'

'માનું જ છું ને! હવે તું શ્યામને સ્નેહ કરતો થયો. પહેલાં શિવજી પાછળ પાગલ હતો. હું આડી આવી હતી? શ્યામનો સ્નેહી બન્યો, ત્યારથી તો તું વધુ વહાલો લાગે છે. એમ થાય છે.....'

'એય, mind well, આ તીર્થધામ છે. એમાંય આપણે સત્સંગ માટે જઈએ છીએ.'

'ઓ.કે.'

વાત વાતમાં બંને જણ ધોળી પટિયા પર આવી ગયાં. સામી દીવાલને અઢેલી શાકઘરિયાબાવા બેઠા હતા. ખુલ્લા મસ્તક ઉપર સફેદ વાળની ચોટીનો મોટો ઝૂડો હતો. ચાર-પાંચ સૌરાષ્ટ્રનાં વૈષ્ણવ બેઠાં હતાં. નીરા-નીરવે મસ્તક નમાવી, હાથ જોડી ભગવદ્‌સ્મરણ કર્યાં.

'આવો, વૈષ્ણવ, તમારી જ રાહ જોવાય છે. તમે તો અમારા રમેશભાઈના ગામનાં છો. તમને જોયાં ત્યારથી અમારા રમેશભાઈની યાદ તીવ્ર બની છે. વર્ષમાં માંડ એકાદ વખત આવે. ભગવદ્‌વાર્તાનો અદ્‌ભુત રસ લેતા આવે. કહો, શું સાંભળવું છે?'

'બાવા, અમે તો નવાં નિશાળિયાં છીએ. અમારો શો અધિકાર છે, તે પણ જાણતાં નથી. શ્રીપ્રભુમાં મતિ, રતિ અને ગતિ બની રહે એવું બતાવો.'

'વાહ, દીકરી! શું સુંદર વાત કહી! તું સામાન્ય વૈષ્ણવ ન હોય! અત્યારે નિત્યલીલાની એક મુગ્ધ સખીનું સ્મરણ થાય છે. એની વાત કરું.

'ભલે, બાવા.'

'વ્રજમાં શ્રીગિરિરાજબાવાની તળેટીમાં ગાંઠ્યોલી નામનું ગામ. ત્યાં એક વ્રજવાસીની દીકરી. મુગ્ધા એનું નામ. આઠ-દસ વર્ષની થઈ એટલે એને માટે મૂરતિયાની શોધ ચાલી. છોકરી નાની પણ શાણી. એણે એક દિવસ એની માને કહ્યું : મૈયા, ગામની મોટી છોરીઓ દહીં વેચવા જાય છે. તેઓ ગોકુળના કનૈયાને જોઈ આવી છે. કહે છે સાંવરો છે, પણ ભારે સલૂણો છે. પેલી મોહિનીએ તો એનાં કંઈ વખાણ કર્યાં : લે એના શબ્દો જ કહું:'

બાવાએ બિલાવલ રાગમાં કીર્તન છેડયું.

'કોઈ એક સાંવરો રી ઈત વ્હે આવે જાઈ,
જ્યોં જ્યો નયનન દેખિયે રી, ત્યોં ત્યોં મન લલચાઈ ૧
વદન મદન મનમોહન ઘુંઘટવારે કેશ,
મોહન મૂરતિ માધુરી નૃત્યત મનોહર વેશ......૨
શ્યામ વરણ હિયો બેંધિયો જોબન મદ છકે નૈન,
રૂપ ઠગોરી મોહિ લગીરી બિન દેખે નહીં ચૈન.....૩
ધીરહરન બડરી ભુજારી મદ ગજરાજ કી ચાલ,
ઉર દેખેં મન આવહી વ્હે રહિયે બનમાલ.....૪

'વાહ ! શું અલૌકિક રૂપ! એને નીરખનાર નયનો નિહાલ!'

'હાં, તો એ મુગ્ધા સખી એની મૈયાને કહી રહી છે : 'મા, એ નંદના છોરા સાથે મારો બ્યાહ કરાવી દે.'

'જા રે પગલી, ક્યાં એ વ્રજના રાજા અને ક્યાં આપણે એમની પ્રજા!'

'તો મૈયા, એના ગોકુળમાં મારું સસુરાલ બનાવી દે.'

'હાં, યે હો સકેગા.'

મુગ્ધા સખીનો બ્યાહ થયો, ગોકુળના સુમંગલ ગ્વાલના દીકરા સુનંદન સાથે. લાલ ચુંદડીનો ઘૂંઘટ તાણી મુગ્ધા ગોકુળ આવી. ગાડામાં વરકન્યા બેઠાં છે. ગોકુળની સાંકડી ગલીમાંથી ગાડું રગડે છે. ઘૂંઘટના પટમાંથી ચકળવકળ આંખે મુગ્ધા બંને દિશમાં ને આગળ-પાછળ જુએ છે. એની આંખો કોઈને શોધી રહી છે. વારંવાર ઊંચકાતી પલકો નિરાશ બની નીચે ઝૂકે છે. મુખમાંથી ગરમાગરમ નિસાસો નીકળે છે. નિસાસાની સાથે તે પોતે જ સાંભળે એવા મૌનમાં શબ્દો સરે છે.

શાકઘરિયા બાવાએ આસાવરી રાગમાં કીર્તન ઉપાડ્યું. નીરા પણ અભાનપણે ગાવા લાગી. નીરાના કંઠની મધુરતા માણવા બાવા અટકી

ગયા. પણ નીરા ગાતી જ રહી-જાણે પોતાના જ કઠોર કાળજાની કથા કહેતી રહી.

‘કૃષ્ણનામ જબતેં શ્રવન સુન્યોરી આલી,
ભૂલી ભવન હૌં તો બાવરી ભઈ રી;
ભરભર આવેં નેનાં, ચિત હી ન પરે ચૈનાં
મુખહુ ન આવે બૈનાં, તન કી દશા કછુ ઔર ભઈ રી.
જેતેંક નેમ ધરમ કીનેરી મૈં બહુવિધ,
અંગ અંગ ભઈ હૌં તો શ્રવનમઈ રી,
‘નંદદાસ’ જાકે શ્રવન સુને યહ ગતિ,
માધુરી મૂરતિ કૈંધો કૈસી દઈ રી.’

‘બહોત સુંદર. બેટા, નિજલીલામાં તું આ મુગ્ધા સખી જ હોઈશ.’

‘બાવા, આવું કીર્તન અમે તો અટાણે જ સાંભળ્યું.’

‘બાવા, આગળ વાત કહો ને.’

મુગ્ધા પરણીને સાસરે આવી ગઈ. રાતે ચેન ન પડ્યું. પડખાં ઘસતી જાય અને યદુનંદનને યાદ કરતી જાય. વહેલી સવારે પથારીમાંથી તે ઊભી થઈ ગઈ; ત્યારે નાનકડા ગોકુળના ઘરોમાં દધિમંથન થઈ રહ્યું હતું.

પ્રાત સમે ઊઠી બ્રજબાળા,
ગાવત મંગલ ગીત રસાલા,
કર સિંગાર મથનિયાં ધોવૈ,
અપનો અપનો દહ્યો બિલૌવે;
મથન કરે મોહન જસ ગાવૈ,
સુમર સુમર હરિ ગુન સચુ પાવૈ.

મુગ્ધાનું ચિત્ત ક્યાંય લાગતું નથી. રોમરોમ શ્યામને રટે છે. એણે સાસુમાને કહ્યું : ‘મા, આજ્ઞા આપો તો હું પડોશણ સાથે દહીં વેચવા જાઉં. તમારી હવે ઉંમર થઈ છે.’

‘વહુબેટા, આજે ન જવાય. હવે તમારે જ જવાનું છે ને! બે-ચાર દિવસ હરોફરો.’

મુગ્ધા ચૂપ થઈ ગઈ. વારંવાર ઘરના બારણે ડોકિયું કરે છે કે ક્યાંય કહાનનો અણસાર જણાય છે! અહીં અજાણ્યા સાસરામાં મનની વાત કહેવીય કોને! આમ ને આમ સાંજ પડી. વનમાંથી ગાયો પાછી આવી ગઈ. ઘર ઘરથી ગ્વાલિન દીપ પ્રકટાવવા નંદભવન જવા લાગી. ઘરમાં રહે રહે મુગ્ધાએ પડોશણનો અવાજ સાંભળ્યો : ‘અરી, ગાય કો ખિરક મેં બાંધ, મૈં નંદભવન જાય રહી હૌં.’ દીપ લઈ નંદભવન જવાને તૈયાર થયેલાં સાસુમાના હાથમાંથી મુગ્ધાએ દીપ લઈ લીધો.

‘મા, હવે તમારે આવા ફેરા-આંટા નહીં કરવાના. હું મૂઈ શા કામની? પડોશણ સાથે મને જવા દો.’

‘ભલે, વહુમા જઈ આવો. નંદરાણીને પગે લાગીને એમના આશિષ લઈ આવો. અરી મધુરી, મેરી મુગ્ધા કો તેરે સંગ નંદભવન લે જા.’

ઘૂંઘટ તાણી લટકમટક કરતી મધુરી સાથે મુગ્ધા પણ નંદભવનના માર્ગે સંચરી.

નંદભવનની રત્નજડિત તિબારીમાં ચાંદીના પલનામાં શ્યામસુંદર બાળરૂપે પોઢ્યા હતા. બાજુમાં દીપમાલિકા જલતી હતી. દીપમાલિકાની શતશત જ્યોત-રાશિમાં મોહનજી મલકતા હતા. મુગ્ધા તો જોતાં જ મૂઢ બની ગઈ. દીપ પ્રકટાવવા લંબાવેલો હાથ ત્યાં જ સ્થિર થઈ ગયો. એને ભાન ન રહ્યું કે એનો હાથ સળગી રહ્યો છે. કહાનજીએ પલનામાંથી પોતાનો હસ્ત લંબાવ્યો, મુગ્ધાનો હાથ ખેંચી લીધો. એના દાઝેલા

હાથ પર પોતાનો હસ્ત ફેરવ્યો. મુગ્ધાના રોમરોમમાં આનંદસાગર ઊછળ્યો.

'ઓહ, શ્યામ! કેવો સુખદ છે તમારો સ્પર્શ. મારું પાણિગ્રહણ, મારી કામના તમે પૂર્ણ કરી. હવે આજથી હું તમને બિનમોલ બિકાની.'

ત્યાં નંદરાની પધાર્યાં.

'અરી સખી, ગોકુલ મેં નઈ આઈ હો?'

'હાં મૈયા, પાય લાગું. સુમંગલ ગોપ કે ઘર બ્યાહી હૌં.'

'સુખી રહો. દેખ રી, દીપ જલાકે ઘર ચલી જા. તેરી સાસ ખીજેગી.'

'અચ્છા, મા! હૌં જાઉં.'

કચવાતે મને મુગ્ધા પાછી ફરી. પણ હવે તે મુગ્ધા નહોતી રહી. શ્યામના સ્પર્શે સયાની બની હતી. બહાર જઈ, ફૂંક મારી દીવો બુઝાવ્યો. પવનને ગાળો દેતી ફરી દીપ પ્રગટાવવા ભીતર આવી. કહાનજી એની ચતુરાઈ પર મલકી રહ્યા હતા.

મુગ્ધા તન-મનના વિરહાગ્નિ ટાઢો પાડવા સાંજના સમયે પણ સારંગમાં ગાઈ રહી હતી :

'કમલમુખ દેખત તૃપ્તિ ન હોય,
યહ સુખ કહા દુહાગિન જાને, રહી નિસા ભર સોય.'

વારંવાર આમ દીપ પ્રકટાવવા આવતી મુગ્ધાને જોઈ ચતુર નંદરાણી મલકી ગયાં. 'સખી, આજ આટલું બસ મારા લાલને તારી મીઠી નજર લાગી જશે.'

મુગ્ધા કચવાતા મને દીપ પ્રકટાવી પાછી ફરી, નંદનંદનને હૈયામાં પધરાવીને!

આ લીલાનું વર્ણન નંદદાસજીએ ગોરી રાગમાં સુંદર રીતે કર્યું છે.

'ઘર નંદમહર કે મિસ હી મિસ આવૈ ગોકુલ કી નાર,
સુંદર બદન બિનુ દેખૈ કલ ન પરત
ભૂલ્યો ધામકામ આછો વદન નિહાર.
દીપક લે ચલી બાહિર, બાટમેં બડો કર ડાર,
ફિર આય છબિસોં બ્યાર કો દેત ગાર.
'નંદદાસ' નંદલાલ સોં લાગે હૈં નયન,
પલક કી ઔટ માનોં બીતે યુગ ચાર.'

'બાવા, ખૂબ કહી. પહેલાં શ્રવણાસકિત, પછી દર્શનાસક્તિ. બરાબર ને?'

'હા, ભૈયા. એ દર્શનાસક્તિ મનને વિહ્વળ બનાવી દે, શ્યામરંગે રંગી લે એટલે થયું. પછી આપણે શ્યામની પાછળ પાછળ નહીં ફરવાનું 'શ્યામ લગ્યો સંગ ડોલે.'

'બાવા, મુગ્ધાની વિહ્વળતાની વાત હજી અધૂરી લાગે છે.'

'હા, દીકરી, બીજા દિવસની સવારે સાસુમાને મનાવી, પટાવી સયાની મુગ્ધા ગોકુળની ગલીઓમાં દહીં વેચવા નીકળી.

ગ્વાલિન પ્રકટ્યો પૂરણ નેહ,
દધિભાજન સિર પર ધર્યો રી, કહત ગોપાલ હિ લેઉ.
બાટ ઘાટ નિજ પુર ગલી, જહાં તહાં હરિ નામ,
સમઝાયે સમઝે નહીં, વાહી સિખ દે, બિથક્યો ગામ.'

'વાહ! ગજબની આસક્તિ! 'મહિ લો' કહેવાને બદલે 'માધવ લો' કહેતી મુગ્ધાના તન-મનની વિહ્વળતા કેવી હશે?'

'અનાયાસ જ એના પગ વળી ગયા નંદભવનની ગલી તરફ. ત્યાં શું બન્યું તે સૂરદાસજી પાસેથી જ જાણીએ. એમણે રામકલીમાં એ પદ ગાયું છે:

'કબકી મહ્યો લિયે સિર ડોલે,
જૂઠે ઈ ઈત ઉત ફિર આવત, યહાં આય યહી બોલે.
મુંહ લોં ભરી મથનિયાં તેરી, તોહિ રટત ભઈ સાંઝ.
જાનત હો ગોરસ કો લેવો યાહિ બાખર માંઝ.
ઈત તો આય બાત સુન મેરી, કહે બિલગ જીન માને,
તેરે ઘરમેં તૂ હિ સયાની ઔર બેચન નાહીં જાને?
ભ્રમત હિ ભ્રમત ભરમ ગઈ ગ્વાલિન, બિકલ ભઈ બેહાલ,
સૂરદાસ પ્રભુ અંતરયામી, આય મિલે તત્કાલ.'

'બાવા, આ પદની લીલા સમજાવો.'

'વાહ બેટી, આ લીલા કરનારી તું અને લીલા સાંભળવી છે મારા મોંએ? કોણ કહે તું મુગ્ધા છે? તારે જ તારી વાત કહેવી પડશે. શરૂ કર.'

'બાવા, આજ્ઞા છે તો જીભ પવિત્ર કરું, પણ ભૂલ થાય તો સુધરાવજો. મુગ્ધા સખી દહીં વેચવા નંદભવનની ગલીમાં પહોંચી ગઈ. એક છેડેથી બીજા છેડે ફરે છે અને 'મહી લ્યો, માધવ લ્યો'ની બૂમો પાડે છે. આમ કરતાં સાંજ પડવા આવી. એની બૂમોથી તંગ આવી નંદબાવા બહાર આવ્યા. ઘૂંઘટવાળી મુગ્ધાને પાસે બોલાવી, નંદબાવા ઠપકો આપે છે :

'અરી ગોપી, ક્યારનીય માથે મહી લઈ ડોલતી આ ગલીમાં ફરે છે? આમથી તેમ અમથી ફરતી ફરતી પાછી અહીં આવી પહોંચે છે અને બૂમો પાડતી રહે છે. તારી મટુકી તો મોં સુધી ભરેલી છે અને બૂમો પાડતાં સાંજ પડી ગઈ. છતાં તને કેમ સમજાતું નથી કે આ ગલીમાં તારું દહીં લેનાર કોઈ નથી. નવલાખ ગાયોના ધણીના આંગણે દહીં વેચવા નીકળેલી હે મુગ્ધા, આમ આવ. મારી વાત સાંભળ. ખોટું ન લગાડીશ. તારા ઘરમાં તું એકલી જ શાણી છે તે તને દહીં વેચવા નંદભવનની ગલીમાં મોકલી છે? બીજા કોઈને દહીં વેચતાં આવડતું નથી?'

નંદબાવાના આ ઠપકાથી ભ્રમિત થયેલ ગ્વાલિન આકુળવ્યાકુળ બની ગઈ. તેની વિરહ-વ્યથાને જાણી, માણી અંતર્યામી નંદનંદન તેને દર્શન આપવા તત્કાલ બહાર પધાર્યા.

'બાવા, બરાબર ને?'

'હા, દીકરી, આ પ્રેમ-મુગ્ધા પર તો એવી કૃપા થઈ કે તેને હર પળ, હર ક્ષણ શ્યામ દેખાતા રહ્યા-હૈયામાં અને નેત્રોમાં, અંતરમાં અને આજુબાજુ. હવે તેને નંદભવનની પણ પરવા નથી. ઘર બહાર ગોકુલની ગલીમાં શોધવાની પણ જરૂર નથી રહી.

આગે કૃષ્ણ, પાછે કૃષ્ણ, ઈત કૃષ્ણ, ઉત કૃષ્ણ,
જિત દેખો તિત કૃષ્ણમઈ રી;
મોરમુકુટ ધરેં, કુંડલ કિરન ધરેં,
મુરલી મધુર ધ્વનિ તાન નઈ રી.
કાછિની કાછેં, લાલ ઉપરૈના,
પીતપટ તિંહિ કાલ શોભા દેખ થકિત ભઈ રી,
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ
નિરખત છબિ અંગ અંગ છઈ રી.

બસ, આ જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ. જેના ભાગ્યમાં હોય, તે માણે.'

'બાવા, દંડવત.'

'અરે વિષ્ણુભાઈ, કિતને બજે?'

'બાવા, તીન બજ ગયે.'

'વાહ, જોયું? વિષ્ણુભાઈ તો શાકઘરની સેવામાં જવા આવી ગયા અને આપણે તો બેઠાં બેઠાં વાતોનાં વડાં કર્યાં. ચાલો, 'દઢ ઈન ચરનન કેરો' ગાઓ.

■

૧૮. જે જન સરન આય અનુસરહી

ઉષાબેનની સાથે અપરસમાં નહાઈ નીરા અને નીરવ સેવામાં ગયાં. સફેદ ધોતી, બંડી અને તિલકમાં નીરવ વધુ સોહામણો. લાગતો હતો. ક્રીમ કલરનાં સાડી બ્લાઉઝ અને છૂટા, ભીના વાળમાં નીરા પણ સુંદર લાગતી હતી.

'સૌ પહેલાં આપણે શાકઘરમાં જઈશું. શાકઘર શ્રી યમુનાજીની નિકુંજનો ભાવ છે. અહીં શાક, મેવો સિદ્ધ થાય. ટેરામાં બદામ-પીસ્તાંની સામગ્રી સિદ્ધ થાય.'

સૌએ શાકઘરિયા બાવાને ભગવદ્-સ્મરણ કર્યાં.

'આ ગયે! નીરવભાઈ, આજ આપ સચ્ચે વૈષ્ણવ બને! આવો, હાથ ખાસા કરો.'

મોં બાંધી સ્તોત્રપાઠ કરતાં કરતાં સૌ સેવામાં જોડાયાં.

મંગળાનાં દર્શન ખૂલવાની ખબર આવી. ત્રણે જણ દર્શન કરવા દોડ્યાં. પ્લેટફોર્મના છેલ્લા પગથિયા પર શૈલેશભાઈએ નીરવનો હાથ પકડી, પોતાની બાજુમાં ખેંચી લીધો. બદામી રંગનો સફેદ કિનારીનો આડબંધ અને એ જ રંગની ઢીલી, લટપટી પાઘ; હીરાનાં કર્ણફૂલ, શ્રીકંઠમાં મોતીની માળા અને 'હડપચીએ હીરલો ઝગમગે એના તેજ તણો નહીં પાર!' એવા શ્રીજીબાવાના મંગલ મુખારવિંદની અલૌકિક આભા આરતીનાં તેજવલયોમાં અધિક ચમકતી હતી.

'શૈલેષભાઈ, આજ શ્રીજીબાવાનું મુખારવિંદ તપેલા તાંબા જેવું લાલવરણું કેમ જણાય છે?'

'વાત સાચી છે. આજે મારા વહાલાએ નૃસિંહ રૂપ ધારણ કર્યું જણાય છે. દુનિયામાં કોઈ અધર્મી હિરણ્યકશ્યપનું આજે આવી બન્યું!'

મંગળાનાં દર્શન કરી, સૌ ફૂલઘરમાં ગયાં. ત્યાં ઉષાએ હરિપ્રિયાબેન સાથે ભગવદ્સ્મરણ કરાવ્યાં.

'બેસો, વૈષ્ણવો. લો આ સોયા, તેમાં ચમેલીનાં ફૂલ આ રીતે પરોવો. જુઓ, આ ફૂલ નથી. વ્રજભક્તો છે. ચારે યૂથનાં સ્વામિનીઓ એમની સખીઓ સાથે અહીં બિરાજે છે. પ્રભુના શ્રીકંઠ સાથે લપટાઈ જવાનો એમનો મનોરથ છે; તેથી પુષ્પ બની પધાર્યાં છે. આવો ભાવ રાખી, હળવેથી ફૂલ પરોવજો. એમની કૃપા થતાં જ, પ્રભુની પ્રાપ્તિ સુલભ થશે.'

સૌએ પ્રેમથી સોયા ભર્યા.

પછી ઉષા, નીરા અને નીરવને પાનઘરમાં લઈ ગઈ. ત્યાં પાનનાં બીડાં, બીડી સિદ્ધ થતાં હતાં. પાનઘરિયાજીનો સ્વભાવ ઉગ્ર હતો. તેથી સૌએ ચૂપચાપ બતાવ્યા પ્રમાણે સેવા કરી લીધી. પછી તેઓ ગયાં ખાસા ભંડારમાં. ત્યાં ઉષાએ નીરા-નીરવ પાસે શ્રીજીબાવાના અનોસરના બંટા ભરાવ્યા. ગ્વાલનાં દર્શન ખૂલ્યાની ખબર આવી, એટલે સૌ દર્શન કરવા નીચે ઊતર્યાં.

દર્શનમાં ખાસ ભીડ નહોતી. પુરુષોના વિભાગમાં ઠેઠ આગળ ઊભાં રહી, નીરા-નીરવે સાથે દર્શન કર્યાં. મંગળામાં નૃસિંહરૂપે દર્શન આપનાર શ્રીજીબાવા અત્યારે વામન સ્વરૂપની ઝાંખી કરાવી રહ્યા હતા. બદામી રંગના સફેદ કિનારીવાળા ધોતી-ઉપરણા, શ્રીમસ્તકે એ જ રંગની મેવાડી પાઘ અને લૂમ-તોરા, શ્રીકંઠમાં કટિ સુધી હીરાના હાર, બાંહે બાજુબંદ અને બેરખામાં નવ-દશ વર્ષના હૃષ્ટપુષ્ટ વામનજી જાણે ભક્તના દ્વારે પધાર્યા હતા - મુખ પર મંદ મંદ મુસ્કાન હતું.

નીરા મંદ સ્વર-સપ્તકમાં ગાઈ રહી હતી :

'નેનન લાગિ હો ચટપટી,
મદનમોહન પિય નિકસે દ્વાર હ્વૈ સોભિત પાગ લટપટી,
દૂર જાય ફિર ચિતયેરી મો તન નયનકમલ મનોહર ભૃકુટિ,
'ગોવિંદ' પ્રભુ પિય ચલત લલિત ગતિ કછુક સખા અપની ગટી.'

ટેરો આવતાં બંને દંડવત કરી, રત્નચોકમાં થઈ કમળચોકમાં આવ્યાં.

'શ્રીનાથજીની રાજભોગકી પત્તલ! બોલો સા'બ! દસ રૂપિયા... શ્રીનાથજીબાવાકો પ્રસાદ - સિર્ફ દસ રૂપિયા - જો લિયે સો નિહાલ.... શ્રીનાથજીકી પત્તલ....'

પાંચ-સાત વ્રજવાસીઓ યાત્રિકોની ભીડ વચ્ચે પાતળ વેચવા ઘૂમી રહ્યા હતા.

'નીરા, આજે આપણો શો પ્રોગ્રામ છે? શ્રીનાથજીની સખડી લઈશું?'

'ના, નીરવ, પૈસા આપી પ્રસાદ ન ખરીદાય. સખડી તો ભાગ્યથી મળે. હજી તો શ્રીજીબાવા આરોગ્યા પણ નથી, ત્યાં તો એના સોદા ચાલુ. આ નંદભવન છે કે શેરબજાર છે? ચાલ, આપણે બ્લોક પર જઈએ.'

રસ્તામાં નીરાએ વાત ચાલુ રાખીઃ

'આપણે બ્લોક પર બને તેટલી શુદ્ધિથી સામગ્રી સિદ્ધ કરીશું. મનથી અને શ્રીમહાપ્રભુજીની કાનિથી શ્રીજીબાવાને ભોગ ધરીશું. હું અને તું સાથે મળી સામગ્રી સિદ્ધ કરીશું. આજ પાકકલાના તારા કસબની પણ શ્રીજીને પરીક્ષા કરી લેવા દે.'

બ્લોક પર જરૂરી સામગ્રી લઈ બંને આવી ગયાં.

'આજ શું આરોગાવીશું?'

'મને તો કંઈ સમજણ નથી, મારો પહેલો અનુભવ છે.'

'તો એમ કરીએ. કૃપાપાત્ર ભગવદીયોને પૂછીએ. એમણે પ્રભુને જે સામગ્રી આરોગાવી હશે, તે પ્રભુને અતિ પ્રિય હશે.'

'પણ અહીં કોને પૂછવા જઈએ?'

'પ્રભુના પરમ સખા કુંભનદાસજીને. નીરવ, એ પ્રસંગ જાણવા જેવો છે.'

'મને વાતોડિયો કહેનારી તું, બેસી ગઈને વાતો કરવા! આજે નૃસિંહજયંતિ નથી કે જેથી રાજભોગ અને શયનભોગ ભેગા આવશે!'

'વાહ, ભક્તરાજ! તમને તો સેવાની રીત પણ સમજાઈ ગઈ. મારી વાત પાંચ મિનિટની જ છે.'

'કહી નાખો, મેડમ.'

'એક વખત કુંભનદાસજી સ્નાન કરી, એમના ખેતરમાં બેઠા બેઠા તિલક કરતા હતા. ત્યાં શ્રી ગોવર્ધનનાથજી પધાર્યાં. કુંભનદાસજીની ગોદમાં બિરાજી, આજ્ઞા કરી : 'કુંભના, આજે શ્યામઢાક પર છાકલીલાનો બપોરે મનોરથ છે. બધા સખાને કહી આવ્યો છું. ઉત્તમ સામગ્રી લે કે આ જાઈયો. કુંભના, તું શું લાવીશ?' કુંભનદાસજીએ કહ્યું : 'બાવા, આપ આ કુંભનાને ક્યાં નથી જાણતા! મારો મોદી તો ચણાનું આ ખેતર છે. મારો કાછિયો પેલાં કેરનાં વૃક્ષ છે. છપ્પનભોગ મારી શક્તિનો નથી.' શ્રીબાવાએ કહ્યું : 'કુંભના, યશોદામાના ત્યાં અને શ્રી વલ્લભઘેર છપ્પનભોગ ખૂબ માણ્યો. પણ કોઈને ખબર નથી, એનાથીય વિશેષ મને શું પ્રિય છે! એક છે બેજરની રોટી. બેજર એટલે ઘઉં-ચણાનો મિક્સ લોટ. બીજી છે મહેરી- જેને આપણે ઘેંસ કહીએ. ત્રીજી છે ટેંટીનાં શાક-સંધાનાં અને ચોથું તાજું જમાવેલું દહીં. તું આ ચાર સામગ્રી લઈ બપોરે શ્યામઢાક પર આવી રહેજે.'

'વાહ, શ્રીજીબાવાની રુચિ તો અદ્ભુત છે. તો આજે આપણે આ જ સામગ્રી સિદ્ધ કરીએ.'

'મેં એની જ તૈયારી રાખી છે. સૌ પહેલાં મહેરી બનાવી લઈએ. પછી આ કેરનાં શાક-સંધાનાં. સદ્ય-જમ્યો દધિ તો તૈયાર છે. તેમાં ખૂબ બુરો મિલાવીશું. છેલ્લે બેજરની રોટી. એક એક રોટી ઘીમાં ઝબોળીને આરોગાવીશું. બરાબર ને?'

'નીરા, મહેરી હું સિદ્ધ કરીશ. મામી ખૂબ સુંદર ઘેંસ બનાવે. સવાર, સાંજ બે વખત ખાતો. સવારે દહીં સાથે, સાંજે દૂધ સાથે. તપેલી ચોખ્ખી કરું. છેવટે આંગળાં પણ ચાટી જાઉં. મામી પાસેથી એ પાકકલા શીખ્યો છું. આજે એનો ઉપયોગ કરું.'

'ભલે, ચાલ હાથ ખાસા કરીને આવી જા. અહીં તો ગેસ નથી, કૂકર નથી. ઊભું પ્લેટફોર્મ તો છે. પ્રાયમસનો જ ઉપયોગ કરવો પડશે. હું પ્લેટફોર્મ ખાસા કરી, વાસણ માંજી, તપાવી લઉં. તું કાચી સામગ્રી, મસાલા વગેરેનાં પડીકાં ખોલ.'

બંને સામગ્રી સિદ્ધ કરવા લાગી ગયાં. બંને અદ્ભુત ઉત્સાહમાં હતાં. નીરા ગાવા લાગી- **'આજ ગોપાલ પાહુને આયે, નિરખ નયન ન અઘાય રી. સુંદર વદનકમલકી સોભા, મો મન રહ્યો હૈ લુભાય રી.'** નીરવ પણ સાથે સાથે નીરાની ગાયેલી પંક્તિ ઝીલવા લાગ્યો. તાન પલટા સાથે એ પદ લાંબા સમય સુધી ગવાયા કર્યું અને સામગ્રી સિદ્ધ થતી રહી.

'નીરવ, હવે તું ભોગની તૈયારી કર. જો, સામે બે પાટલા પડ્યા છે. તે બરાબર ધોઈ, ખાસા કર. બહારના રૂમમાં બુહારી કરી, ભીનું કપડું ફેરવી દે. પછી હાથ ખાસા કરી, બેગમાંથી મારી મરુન કલરની કોરી સાડી લઈ આવી, એક પાટલા પર બિછાવી દે.'

'પાછળ પિછવાઈ કરવી પડશે ને?'

'જા, રે. આ કંઈ આપણું ઘર ન હોય.'

'તો?'

'શ્યામઢાકની ભાવના કરવાની. વનમાં દિશાઓની જ પિછવાઈ અને વૃક્ષોની ઘટાનો ચંદરવો.'

'બરાબર.'

નીરવે બધું સિદ્ધ કરી દીધું. નીરા હાથ ખાસા કરીને આવી.

'અહીં ઝારી નથી; એટલે ઝારીજીના ભાવથી આ બે લોટીમાં જળ ભરીશું.'

શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતાં બંનેએ ઝારી ભર્યાં. પાટની બે બાજુ ઝારીજી પધરાવ્યાં. સામેના પાટલા પર લીલાં પાનનાં પાતળ-દોણા પધરાવ્યાં. બંનેએ સાથે સામગ્રી સાજી. મહેરીમાં દહીં મિલાવી, કોર સિદ્ધ કર્યો. પછી બંનેએ હાથ જોડી વિનંતી કરી:

'હે શ્યામસુંદર શ્રીગોવર્ધનનાથ, શ્રીગુસાંઈજીએ 'શ્રીવલ્લભાષ્ટક' માં આજ્ઞા કરી છે કે જે કોઈ વૈષ્ણવ જે કોઈ સ્થળે, જે કંઈ સામગ્રી, જે કંઈ સ્થિતિમાં આપને આરોગાવે છે, તે આપ ખૂબ પ્રસન્નતાથી આપના મુખારવિંદમાં સ્વહસ્તે મૂકી, આરોગો છો. શ્રીગુસાંઈજી મહારાજનાં વચનોમાં દઢ વિશ્વાસ રાખી, અમે આપની સખીઓ, આપના માટે શ્યામઢાક પર આ સામગ્રી પધરાવી લાવ્યાં છીએ. શ્રી મહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગુરુદેવ અને કુંભનદાસજી તથા અષ્ટસખાની કાનિથી આપ લીલાપરિકર સહિત તેનો અંગીકાર કરવા કૃપા કરો.'

બંનેએ સાષ્ટાંગ દંડવત કરી, તે રૂમમાંથી બહાર આવી દ્વાર વાસ્યું.

'નીરા, કુંભનદાસજીએ ગાયેલ પદ ગાઈએ.'

'બ્રજમેં બડો મેવા યહ ટેંટી,
જાકો હોત હૈ સાગ-સંધાનો, ઔર બેજરકી રોટી,
લે લે ડલિયા બીનન નિકસી, બડે ગોપકી બેટી,
'કુંભનદાસ' લાલ ગિરિધર સોં હ્‌વૈ ગઈ ભેટાભેટી.'

કીર્તન પૂરું થતાં બંને શ્વાસ લેવા થંભ્યાં. ત્યાં બંનેના કાન સરવા થયા. અંદરના રૂમમાં નુપૂરનો ઝંકાર થયો. જાણે કોઈ ધીમે ધીમે નુપૂર રણકાવતું ચાલી રહ્યું છે. નુપૂરઘોષ વધતો ગયો. આઠ-દસ ચરણોનાં વિવિધ નુપૂરની ઘંટિકાઓ જાણે બજી રહી હતી.

નીરાએ આનંદથી બીજું પદ ઉપાડ્યું :

'ઘર ઘર તે આઈ હૈ છાક,
ખાટે, મીઠે ઔર સલોને વિવિધ ભાંતિ કે પાક,
મંડલ રચના કરી, જમુના તટ સઘન લતા કી છાંહ,
ગોપી-ગ્વાલ સકલ મિલિ જેંમત મુખ હિ સરાહત જાહ.
બાંટત બલ-મોહન દોઉ ભૈયા, કર દોના અતિ સોહે,
ચાખત આપુન સખન મુખ દે કે ગોપીજન મન મોહે,
ટેંટી, સાગ, સંધાનો, રોટી, ગોરસ, સરસ મહેરી,
'કુંભનદાસ' ગિરિધર રસ-લંપટ, નાચત દે દે હ્દે ફેરી.'

'વાહ! કુંભનદાસજી પર શી અદ્‌ભુત કૃપા કરી ગોવર્ધનધરે!'

'અને આપણા ઉપર પણ. લીલાપરિકર સહિત પધાર્યા જણાય છે. નુપૂરઘોષ ન સંભળાયો?'

'નીરા, આજ અનાયાસ કોઈ વૈષ્ણવ આવી જાય, તો સોનામાં સુગંધ ભળે.'

'હા, નીરવ, પપ્પા કહેતા કે અનાયાસ પ્રસાદના સમયે વૈષ્ણવ આવે, તો માનવું કે પ્રભુ પૂર્ણ પ્રેમથી આરોગ્યા છે. પ્રભુનું અધરામૃત વૈષ્ણવ લે. વૈષ્ણવનું જૂઠણ ભાગ્યમાં હોય તે પામે.'

'સમય થયો છે, ભોગ સરાવ.'

નીરા ભોગ સરાવવા ઊઠી. નીરવે કીર્તનના પુસ્તકમાંથી આચમનનું પદ શોધી ગાવા માંડ્યું : 'અવચન કીજિયે કૃપાનિધાન.'

ત્યાં તો બ્લોકના મુખ્ય બારણે કોલ-બેલ રણકી. કીર્તન ગાતાં ગાતાં નીરવ ઊઠ્યો. દ્વાર ખોલ્યું. સામે જયેશ ઊભો હતો! ખભે થેલો, હાથમાં બેગ!

'અરે, જયેશભાઈ! આવો....આવો....જયશ્રીકૃષ્ણ.....નીરા, જો તો જયેશ આવ્યો છે!'

નીરા બહાર આવી : 'જયેશ, જયશ્રીકૃષ્ણ. આજ ઘણી કૃપા વિચારી. નીરવ, 'આયે મેરે નંદનંદન કે પ્યારે, માલા તિલક મનોહર બાનો, ત્રિભુવન કે ઉજિયારે.' નીરવ, આપણો મનોરથ સફળ થયો. આવ, જયેશ. રાજભોગ સર્યા છે. આરતી ગા.'

જયેશના કંઠમાંથી આરતીના શબ્દ સરતા રહ્યા :

.....જે જન સરન આય અનુસર હી,
ગ્રહી સોંપત શ્રીગોવર્ધનનાથે,
પરમ ઉદાર ચતુર ચિંતામનિ,
રાખત ભવધારા બહિ જાતે.

◆

૧૯. ઐસી દુલહનિ મોહિ ભાવૈ

શ્રીનાથજીના ઉત્થાપનનાં દર્શન કરી નીરા, નીરવ અને જયેશ કાંકરોલી જવા જીપ ભાડે કરી ઊપડ્યાં.

'ભગત, તારા આવવાથી મજા આવી ગઈ.'

'એય નીરવ, આ તારી કૉલેજની હોસ્ટેલ ન હોય. જયેશને ભગત નહિ કહેવાનો.'

'કેમ વળી? એ ભગત-ભક્ત નથી?'

'એમ તો તારાં મામી, મામાની વહુ પણ છે જ ને! એમને એવું કહીને કદી બોલાવ્યાં છે?'

'જો નીરા, કૉલેજકાળમાં 'ભગત' શબ્દ મજાક-મશ્કરીમાં વાપરતાં એ વાત સાચી, પણ આજે એ જ શબ્દ જયેશ માટે પૂરા માન સાથે વાપરું છું.'

'પણ એ શબ્દ જ ન વાપરે તો? તારા શબ્દકોશમાં બીજા કોઈ શબ્દ જ નથી?'

'તું તો ભાઈસા'બ ખરી છે! ભાષાને શું વળગે ભૂર.....'

'નીરવ, તનેય નીરાનો 'ભાઈસા'બ' કહેવાનો ચેપ લાગ્યો ખરો? જો નીરા, મને ગમે તે નામથી તમે બોલાવો, તે મિત્ર તરીકે તમારો અધિકાર છે. મને તે ગમે, પણ તમે બે મારા સંબોધન માટે ઝઘડો એ ન ગમે. What's in a name? You call rose by any name. it will remain rose. મારું નામ જયેશ કોણે પાડ્યું, ખબર નથી; પણ મેં એવી કોઈ ધાડ જિંદગીમાં મારી નથી કે મને ક્યાંય જય મળે! લગ્ન કરવામાંય જીત્યો નથી!'

'જયેશ, પેલા ઊંચા ટેકરા પર સફેદ મહેલ દેખાય છે....'

'હા, એ જ ગિરધરગઢ. આપણા ગુરુદેવની નિકુંજ. કાંકરોલી આવી ગયું. મૂળ ગામ આખું પહાડ ઉપર વસેલું. નીચે નાનુંસરખું બજાર. હવે તો નીચે પણ ઘણો વિકાસ થઈ ગયો છે.'

સર્પાકાર, સાંકડા માર્ગે હોર્ન વગાડતી વગાડતી જીપ મંદિર તરફ સરકી. બે બાજુ ચૂનાથી ધોળેલાં બેઠા ઘાટનાં નાનકડાં મકાનો, પ્રવેશદ્વાર પરનાં રાજસ્થાની શૈલીનાં ભીંતચિત્રોથી શોભતાં હતાં.

'જોયું નીરા, વ્રજલીલાનાં ચિત્રોમાં જોવા મળતી નિકુંજો જેવાં આ ઘરોના નકશા!'

'હોય જ ને! દ્વારકેશની આ અલૌકિક દ્વારિકાનગરી છે.'

જીપ મંદિર પાસે લીમડાના ઘટાદાર વૃક્ષ નીચ ઊભી રહેતાં, પાંચ-સાત વ્રજવાસીઓ મીઠાઈ પર માખીઓ હુમલો કરે તેમ જીપને વીંટળાઈ વળ્યા.

'શેઠ, ક્યાંથી આવો છો?'

'હજી ઉત્થાપનનાં દર્શનની વાર છે. ચાલો, મંદિર બતાવું.'

'શેઠ, રાયસાગર પહેલાં જોઈ લો.'

'બેનજી, હું મંદિરનો કીર્તનિયો છું.'

'અને હું ઠાકોરજીનો છડીદાર છું. સેવકી.....!'

'Take this easy and don't answer them.. એમ માનજો કે શ્રીપ્રભુ આપણા ધૈર્યની, દીનતાની કસોટી કરે છે, કારણ કે 'દીનતાના પાત્રમાં મનમણિ મૂકીને ભેટ ભગવંતજીને' કરવા જવાનું છે. ચાલો જઈએ.'

મંદિરના વિશાળ પ્રવેશદ્વારની શોભા જોઈ નીરા-નીરવ થંભી જ ગયાં.

'આ તો સુંદરતાની શરૂઆત છે. Height ની તળેટી છે. સુંદરતાનો Climax અને Height નું એવરેસ્ટ તો ઠેઠ અંદર છે. આ સુંદરતા તો અંદરની સુંદરતાનો અણસાર માત્ર છે.

કિનારે ઊભાં જુએ તમાશો, તે કોડી નવ પામે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.

એવી અહીં પણ સ્થિતિ છે. ચાલો નિશ્ચયના મહેલમાં પ્રવેશ કરીએ.'

જયેશની પાછળ બંને જણ ચાલવા લાગ્યાં. વિશાળ ગોવર્ધન ચોક વટાવી, મંદિરનાં પગથિયાં ચડી સૌ ચોકમાં આવ્યાં. ત્યાં ગુલાબી મેવાડી પાઘ, સફેદ ઝભ્ભો અને બેવડી કચ્છની ધોતીમાં સજ્જ એક ભાઈ સામે આવ્યા :

'જયેશભાઈ, આ ગયે? છોટે સરકાર આપકા હી ઈન્તજાર કર રહે હૈં. પધારિયે ઈસ ઓર.'

'જી, આપ?'

'મૈં કિશનલાલ. યહાં કા સમાધાની હૂં. મેરે લાયક સેવા અવશ્ય બતાઈયે.'

અંધારી ગલીકૂંચીઓ, સીડીઓ વટાવતાં સૌ બેઠકખંડમાં આવ્યાં. રજવાડી શૈલીની કમાનવાળો બેઠકખંડ નાના રાજદરબાર જેવો શોભતો હતો. અહીં સંપૂર્ણ સફેદ ઘટા હતી. કાંકરોલીના ઘરના તિલકાયતશ્રી-ઓનાં અને અન્ય સ્વરૂપોનાં ચિત્રોથી એ વધુ સુંદર લાગતો હતો. બધાં ચિત્રો જોઈ રહ્યાં હતાં, ત્યાં શિશિરબાવા પધાર્યા.

સફેદ ધોતી, ટૂંકી બાંયની બંડી, નકશીદાર છાપેલી કિનારીનો સફેદ ઉપરણો, ઊંચું પાતળું અને ગૌર શ્રીઅંગ, 'પ્રસન્નસ્મિતવદનાંબુજ.'

'આ ગયે જયેશભાઈ? કબસે આપકી રાહ દેખ રહા હૂં. કૈસે હો? યે વૈષ્ણવ કૌન હૈં?'

જયેશે સૌનો પરિચય કરાવ્યો.

'અરે હાં, નીરવભાઈ, આપકી બાત તો દાદાભાઈ કર રહે થે. નાસિક મેં આપ સેવક ભયે, હૈં ન ? ઔર નીરાજી, આપ તો હમારે મધુસૂદનભાઈ કી બેટી. મધુસૂદનભાઈ ઔર જાહ્નવિકાબહન કૈસે હૈં? સબ ઘર કે હી હો. બડા આનંદ આયા!'

'જે જે, ચરણસ્પર્શ.....?'

'હાં, કરો.'

'કિશનલાલજી, સબકો પહલે યહાં બિઠાવો. જલ, ચાય, બીડી કા પ્રબંધ કિયા હૈ. જમનાદાસ કો બોલો લે આવે. બાદ મેં ઉત્થાપન કા દર્શન ભીતર લે જાકે કરાવો. આજ કુંજ મેં હિંડોલા કા મનોરથ હૈ. ચોક મેં સજાવટ હો રહી હૈ. ઈસલિયે સબન કે લિયે ઉત્થાપન કે દર્શન નહિ ખૂલેંગે. દર્શન કરા કે ઉનકો જનાના મેં લે આઈયો.'

'જો આજ્ઞા, સરકાર.'

નિજતિબારીમાં ચંદનના કલામય સિંહાસન પર શ્રીપ્રભુ બિરાજમાન હતા. કમળનાં પુષ્પોની વેલની આકૃતિની કાપડ પર ચિત્રકારીવાળી નયનરમ્ય પિછવાઈ અને સાજ હતો. ખસ, ચંદન, અત્તરની સુગંધ અને જળની શીતળતા આહ્લાદક હતાં.

શ્રીપ્રભુના શ્રીઅંગ પર આછા ગુલાબી રંગનો મલ્લકાછ અને આછા લીલા રંગના પટકા શોભી રહ્યા હતા, જાણે શ્યામ-સરોવરમાં પત્રાવલિ પર ગુલાબી કમળ! શ્રીઅંગ પર મોતીનાં અલ્પ આભૂષણ અને મસ્તકે મોતીનો ટિપારો. સમસ્ત શ્રીઅંગની સુંદરતા નિખરી રહી હતી. ઈન્દિવરશ્યામ મુખ પર મીન સરસાં નેત્રોમાંથી અમીધારા વરસતી હતી. બંક અધરોષ્ઠ મધુરું મલકી રહ્યા હતા. કપોલગંડ પર ખંજન શોભતાં હતાં.

નાસિકાનું મોતી અને હડપચીનું ચિબુક શ્યામ ગગનમાં વીજ ચમકાવતાં હતાં.

દર્શનમાં એકતાન થયેલી નીરાએ પૂર્વી રાગમાં અતિમંદ સ્વરગાન આરંભ્યું.

'છબીલે લાલ કી યહ બાનિક બરનત બરની ન જાઈ,
દેખત તન મન ધન કર ન્યોછાવર, આનંદ ઉર ન સમાઈ,
કંદ મૂલ ફલ આગે ધર કે; રહી હૈં સકલ સિર નાંઈ,
'ગોવિંદ' પ્રભુ પિય સોં રતિ માની પઠઈ રસિક રિઝાઈ.
યહ બાનિક બરનત બરની ન જાઈ.

જયેશ અને નીરવ પણ નીરાની પાછળ એક એક પંક્તિ ઝીલતા રહ્યા. ટેરો લેવા તત્પર મુખિયાજી બલદેવપ્રસાદજીના હાથમાં ટેરાનો છેડો સ્થિર થઈ રહ્યો.

'વાહ વૈષ્ણવ, ખૂબ કરી. તુમ્હારે પદગાનસે શ્રીપ્રભુ કિતને પ્રસન્ન હૈં. માનો ચારોં હસ્તોં સે તાલ દે રહે હૈં. ઉત્થાપનમેં કીર્તન કી ઐસે તો પ્રણાલિકા નહીં હૈ- ફિર ભી....યહી તો પુષ્ટિ હૈ, જહાં સબ મર્યાદાએં ટૂટ જાતી હૈં.'

સૌએ સાષ્ટાંગ દંડવત કર્યાં. જયેશે બે હાથ જોડી સ્તુતિ કરી :

'ભૂવલ્લીસંજ્ઞયાદૌ સહચરીનિકરં વર્જયિત્વા સ્વકીયં
પશ્ચાદાગત્ય તૂષ્ણીમથ નયનયુગલં સ્વપ્રિયાયા નિમીલ્યઃ ।
કોસ્મીત્યેતદ્ વચનમસકૃત્ વેણુના ભાષમાણઃ
પાતુ ક્રીડારસ પરિચયસ્ત્વં ચતુર્બાહુરુચ્ચૈઃ ।।

સૌ ચોકમાંથી બહાર આવ્યાં.

'ઈસ ઓર આઈયે, જયેશભાઈ.'

કિશનલાલજી સૌને જનાના-દ્વારે લાવ્યા.

'સરકાર, જયેશભાઈ આયે હૈં.'

'અંદર ભેજિયે.'

જનાનાના વિશાળ ખંડમાં ગાદીતકિયે શિશિરબાવા અને વહુજી બિરાજ્યાં હતાં. પાસે ત્રણ વૈષ્ણવ બેઠાં હતાં.

'આવો જયેશભાઈ, નીરવભાઈ, નીરાબેન. દર્શન કર્યાં?'

'હા,'

'બેસો. આ વૈષ્ણવોને ઓળખો છો?'

'મળ્યાનું સ્મરણમાં નથી.'

'તેઓ અમદાવાદનાં છે. આપણા ઘરનાં જ છે. ગોપાલભાઈને કાગળનો વેપાર છે. વિશાખાબેન એમનાં પત્ની છે. આ સુરંગી એમની પુત્રી છે. મેં વાત કરેલી તે આ જયેશભાઈ. આ નીરવભાઈ અને આ અમારા પાટણના મધુસૂદનભાઈની દીકરી નીરા.'

સૌએ પરસ્પરને મસ્તક નમાવી ઈશારાથી જયશ્રીકૃષ્ણ કર્યાં.

'જયેશભાઈ, તમને ફોન કરીને તાબડતોબ બોલાવવાનું કારણ આ અમારાં વૈષ્ણવો છે. જેમ તમે સેવા-પરાયણ કન્યાના આગ્રહી છો, તેમ આ સુરંગી પણ છે. દીકરી મોટી થાય એટલે મા-બાપની શી સ્થિતિ થાય તે નીરાબહેન સારી રીતે જાણે છે, પણ નીરાબહેન જેવી હિંમત સુરંગીમાં નથી. એ તો લજામણીનો છોડ છે. ગોપાળભાઈ અને વિશાખાબેન સુરંગી માટે તમારા હાથનું માંગું લઈને આવ્યાં છે. મારું કામ બંનેને મેળવી આપવાનું, અને હા પાડો ત્યારે આશીર્વાદ આપવાનું.'

આપ અટક્યા. જયેશ સામે જોઈ રહ્યા.

'જુઓ, આજનો મનોરથ અમારાં વહુજીનો છે. ચોર્યાસી કેળના સ્તંભની સઘન કુંજ-નિકુંજમાં શ્રીયમુનાજીના પુલિન પર શ્રીદ્વારકાધીશ પ્રભુ શ્રીસ્વામિનીજી સાથે ઝૂલા ઝૂલશે. શયનમાં જ દર્શન થશે. વિલંબ ઘણો થશે. તમારી ગાડીને વિદાય કરી દો. અહીંથી પાછા જવાની વ્યવસ્થા થશે. અમે સ્નાન કરવા જઈએ. તમે સૌ અહીં બેસો અથવા રાયસાગર તરફ જાઓ. વાતચીત કરી નિર્ણય કરો.'

સૌ દંડવત કરી ઊઠ્યાં.

◆

રાયસાગર છલોછલ હિલોળા લેતો હતો. ઠંડો ઠંડો પવન વાતો હતો. આસપાસમાં ક્યાંક વરસાદ વરસતો હોવો જોઈએ. આકાશ વાદળછાયું હતું. સૌ મૌન હતાં. એકલો રાયસાગર ધીમું ધીમું ગર્જન કરતો હતો. સુરંગી તીરછી નજરે જયેશને માપવા મથતી, તો જયેશ સુરંગીને. બંનેની નજર ટકરાઈ જાય, ત્યારે એ નજરો લચી પડતી. બે ડગલાં પાછળ ચાલતાં નીરા-નીરવ નજરોની આ સંતાકૂકડીને માણતાં હતાં. નીરાએ નીરવની સામે, કોઈ ન જુએ તેમ પોતાના બે હાથ હસ્તમેળાપની મુદ્રામાં ગોઠવ્યા. નીરવે આંખોથી સંમતિ આપી.

ગોપાળભાઈએ વાતની શરૂઆત કરી. પોતાના પરિવારનો વિગતે પરિચય આપ્યો.

'જુઓ જયેશ, મને ગુરુ-આજ્ઞામાં પૂર્ણ વિશ્વાસ છે, એટલો જ વિશ્વાસ વૈષ્ણવમાં છે.' વાકે મનકી વે જાને, મેરે મન જગદીશ.' વૈષ્ણવ એટલે વૈષ્ણવ. સેવા અને સત્સંગ બે કરે તે વૈષ્ણવ. એમના બીજા બધા દોષો પણ મસ્તકે ચડાવવાની અમારી કુળ-પરંપરા રહી છે. ચાર પેઢીથી ઘરમાં શ્રીમદનમોહનલાલ બિરાજે છે. અમારી સુરંગી એમની મીરાં બની ગઈ છે.'

'વડીલ, એને મીરાં નહિ, રુકિમણી કહો.'

નીરાએ સુરંગીને પોતાની સોડમાં ખેંચી, તેના કાનમાં કહ્યું : 'આજ તારી હૂંડી સ્વીકારાઈ જાણ.'

'ના રે, મને વિશ્વાસ નથી બેસતો. એમના મોં પરથી એમનું મન કળાતું નથી.'

'તું ચિંતા ન કર. દોરી સર્વની એના હાથમાં. તું જોયા કર.'

નીરાએ જયેશને કહ્યું : 'જયેશ, વડીલ ચાલતાં ચાલતાં થાકી જશે. એ બંને ભલે અહીં બેસે, અથવા મંદિરમાં પાછાં જાય. તું અને સુરંગી બેસો. ફરો, વાતો કરો, મૌન રહો. જે કરવું હોય તે કરો. હું અને નીરવ તો નૌચોકી જોવા જઈએ છીએ.'

'અમે મંદિરમાં જ જઈએ. થોડી ટહેલ મળે તો હાથ પવિત્ર કરીએ.'

'નીરાબેન, તમારી સાથે હું નૌચોકી જોવા આવું? મેં જોઈ નથી.'

'સાવ પાગલ છે, સુરંગી તું તો. મિયાં-બીબીને ત્રીજાની હાજરી ન ખપે. તને ધીમે ધીમે મારી વાત સમજાશે. જયેશ તને નૌચોકી તો શું, સહસ્રલિંગ બતાવશે! બહુ ડાહી છોકરી છે, હં!'

બધાને ખડખડાટ હસતાં રાખી, નીરા-નીરવે નૌચોકીની દિશા પકડી.

'શું માને છે? જયેશ હા પાડશે?'

'જયેશની પત્નીની જે અપેક્ષા છે એવી જ સુરંગી છે. પ્રશ્ન એક જ છે: જાકોં મન લાગ્યો ગોપાલસોં, તાહિ ઔર કૈસે ભાવે હો?'

નીરવ, પપ્પા કહેતા કે હું ચાર વર્ષની હતી, ત્યારે કાંકરોલી આવેલી. પપ્પાની ગોદમાં બેસી રાયસાગરમાં તરેલી, નહાયેલી. સ્થળ સુંદર છે, શાંત છે.'

'ફરી રાયસાગરમાં નહાવાની, તરવાની ઇચ્છા થાય છે?'

'પણ તરતાં નથી આવડતું ને? અને હવે જાહેરમાં તારા ખોળામાં બેસી ઓછું તરાય?'

'તો રાતે પ્રોગ્રામ બનાવીએ.'

'જા, છટ્.'

'મને તો તરવાનું મન થઈ ગયું છે. વડનગરમાં 'સમોડા'માં તર્યે ઘણાં વર્ષો થઈ ગયાં. આજ ચકાસી લઉં. તરતાં ભૂલી તો નથી ગયો ને?'

'ના, હં. નીરવ, અજાણ્યા પાણીનાં અડપલાં નહિ.'

'તેં કહેવત, અધૂરી કહી. અજાણ્યાં વારિ અને નારીનાં અડપલાં નહિ.' તું અજાણી હતી એક દિ' અને મેં તને અડપલું કર્યું, ત્યારે-

'જાને હવે.'

'ઓ. કે. આ ચાલ્યો તરવા.' નીરવે બંડીની કસો ખોલવા માંડી.

'એય, તરવા નથી જવાનું.'

'એક વાર 'જાને' કહ્યા પછી ફરી ન જા. તું નીચેના છેલ્લા પગથિયે બેસ. મજા આવશે.'

નીરવે જળમાં ભૂસકો માર્યો. એના તરણ-કૌશલ્યને નીરા મુગ્ધ બની માણી રહી. ત્યાં તો નીરવ પાણીમાં ડૂબકી મારી, ગાયબ થઈ ગયો. નીરા ગભરાઈ ગઈ, ચિલ્લાઈ ઊઠી નીરવ....નીરવ. જવાબમાં પાણીના ઊંડાણમાંથી જ નીરવે નીરા પર પાણીની જોરદાર છાલક મારી, તેને ભીંજવી દીધી. નીરા ચિડાઈ : 'ઇડિયટ.'

પાણીની સપાટી પર નીરાના પગ નજીક માથું બહાર કાઢી, નીરવે તાળીઓ પાડી: 'નીરા, મજા આવીને?'

નીરા હસી પડી. નીરવનો હાથ પકડી, બહાર ખેંચવા લાગી.

'જોજે, જોર ન કરતી. તું જ પાણીમાં ખેંચાઈ આવીશ. તારી પાસે અહીં કપડાંની બીજી જોડ હોત, તો તને પણ મજા ચખાડી દેત.'

'ચાલ, હવે પાછાં ફરીએ. પેલાં બેની હાલત શી હશે?'

'લગાવ શરત. લયલા-મજનુ હશે. આવી સુહાવની મોસમમાં ભલભલા મુનિવરનું મન ચળી જાય.'

'તારી વાત કરે છે?'

'ના, મને તો શિવજીની તાલીમ મળી છે.'

'બેસ હવે, તારા શિવજી ભીલડીની પાછળ દોડેલા.'

'એટલે તો, શિવજીને છોડી, શ્યામની પાસે આવ્યો. અહીં વાંધો જ નહિ.'

'એમ? જરા તો આઘો-પાછો થા. પછી જોજે આ નીરા ને!'

'વાહ, તમારું આ ચંડિકા રૂપ ગમ્યું. વધુ ગુસ્સો કરો ને, દેવી. શ્યામનાં સખી છો- અસલી સ્વભાવ આજ માણી લઉં.'

બંને પાછા ફર્યાં, ત્યારે રાયસાગર પરના એક એકાંત ચબૂતરામાં જયેશ અને સુરંગી બેઠાં હતાં. નીરા-નીરવ તરફ બંનેની પીઠ હતી, પણ બંનેનો અવાજ સંભળાતો હતો. નીરાએ નીરવનો હાથ દબાવી, તેને આઘળ વધતો રોક્યો.

''જુઓ, એકલા સેવા કરતાં શ્રી...ને પરિશ્રમ થાય છે. શ્રી....ના સુખ માટે જ લગ્ન કરવાની મારી ઇચ્છા છે, વિષયવાસના માટે નહિ, પછી ન કહેતાં....'

'મને કબૂલ છે. તમારી ઇચ્છા મારી ઇચ્છા રહેશે. ના પાડશો, તો સહશયનનો હક્ક પણ નહિ માગું.'

'હું બેય સમય સેવા પહોંચું છું. એ ક્રમ ચાલુ રહેશે. પછી સાંજે હરવા-ફરવા, સગાંને મળવા જવાનો સમય નહિ મળે.'

'મારાં બે જ સગાં હશે. અલૌકિકમાં શ્રીમોહન અને લૌકિકમાં તમે.'

'હું સાધારણ સ્થિતિનો માણસ છું. ગામમાં ઘર નથી, સીમમાં ખેતર નથી. પગારમાંથી તમારા મોજશોખની સગવડ નહિ થાય.'

'સેવા સિવાય મને બીજા કશાનો મોજશોખ નથી.'

'તમારા પપ્પાનું હું કશું નહિ સ્વીકારું, તમારા માટે પણ.'

'ભલે. તમારું એ સ્વમાન મને વહાલું લાગશે.'

'ઘરકામ જાતે જ કરવું પડશે.'

'શ્રી....બિરાજે એ ઘરમાં બધાં કામ સેવાનાં જ હોય. સેવા તો જાતે જ થાય.'

'પિયર જવાનું વારંવાર નહિ બને.'

'સેવા છોડી બીજે ક્યાંય નહિ જઉં.'

'સુરંગી, આવી તપશ્ચર્યા શાને કાજે? તમારા પિતાના ઘરમાં સેવા છે પછી?'

'કયાં માતા-પિતા કુંવારી દીકરીને નજર સામે મરવા દે? મારે તો ત્યાં પણ સેવા કરવાની છે અને તમારા ત્યાં પણ. ફરક એટલો જ કે એ મારું પોતાનું ઘર હશે. શ્રીમદનમોહનલાલ મારા પોતાના હશે. સૂકો રોટલો પણ સ્વતંત્રતાનો હશે.'

'માની લો, હું ના પાડું તો?'

'એમ કરી જુઓ. મારા દ્વારકેશને ભવાઈનો ભારે શોખ છે. એ વેશ પણ, ભલે એને આનંદ આવતો હોય તો ભજવાઈ જાય. બાકી ના પાડનાર તમે કોણ અને હા કહેનાર હું કોણ?'

નીરવે નીરાના કાનમાં કહ્યું: 'ગજબની છે આ છોકરી તો!'

'નીરવ, સાચું સોનું છે. સોનું કપાય, ટીપાય, ભઠ્ઠીમાં શેકાય ત્યારે શુદ્ધ થાય. ચાલ તેમની પાસે પહોંચી જઈએ.'

નીરાએ નજીક આવી ખોંખારો ખાધો. જયેશ-સુરંગીએ ડોક પાછળ ફેરવી.

'આવો, તમારી જ રાહ જોઈએ છીએ.'

'શો નિર્ણય કર્યો, જયેશ?'

'સુરંગીને પૂછ.'

'મારે ક્યાં નિર્ણય કરવાનો છે? મારે તો માત્ર નિર્ણય સાંભળવાનો છે!'

'નીરા, તું મારાથી મોટી છે. તું અને નીરવ ગોપાળભાઈને કહી શકો છો કે-'

'કે જયેશ સુરંગીને ઉપાડી જાય છે. પકડવા-રોકવા દોડો.'

સૌ ખડખડાટ હસી પડ્યાં.

જયેશનો નિર્ણય જાણી, ગોપાળભાઈ અને વિશાખાબેનની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં.

શયનભોગ ધરી, શિશિરબાવા- વહુજી બહાર પધાર્યાં. ઈશારાથી જયેશ-સુરંગી સામે જોયું. સુરંગીએ સાડીનો પાલવ માથે ઢાંક્યો. બંનેએ સાથે દંડવત કર્યાં.

'બહોત ખૂબ. અબ ગોપાલભાઈ, બ્યાહકા મુહૂર્ત નિકલાવો. હમ બ્યાહમેં આયેગેં.'

'કૃપાનાથ, એક વિનંતી કરું? હરિ મિલે સો દિન નીકો. લગ્ન માટે આજથી વધુ ઉત્તમ બીજો દિવસ અને સ્થળ કયાં હશે? જયેશ એના પરિવારમાં એકલો છે. ગોપાળભાઈનો આખો પરિવાર પણ હાજર છે.

વિલંબ કોના માટે કરવાનો છે? જો વડીલની સંમતિ હોય તો શયનના દર્શનમાં જ થઈ જાય વિવાહખેલ.'

'હા, જે જે. નીરાબહેને સુંદર પ્રસ્તાવ મૂક્યો. આપ કૃપા કરો.' વિશાખાબહેન બોલ્યાં.

'ભલે, હો જાય.'

આપ આજ્ઞા આપી, અંદર પધાર્યા. અર્ધા કલાક પછી સૌને ચોકમાં ભીતર જવાનું તેડું આવ્યું.

૮૪ કદલી-સ્તંભની કુંજ-નિકુંજોની ચિત્રવિચિત્ર સઘન રચના હતી. વચલી મોટી નિકુંજમાં લતા-પતા-પુષ્પોનો ઝૂલો હતો. ચોમેર ફુવારા ઊડતા હતા. ઝૂલામાં યુગલસ્વરૂપ બિરાજ્યાં હતાં. પુષ્પનાં વસ્ત્ર-આભૂષણ ધર્યાં હતાં. બડો પિછોડા, મયૂરાકૃતિ કુંડલ અને શિર પર સહેરો. ચરણારવિંદ સુધીની માળાઓ. નવલ દુલ્હાના વેશમાં દ્વારિકેશ ધીરગંભીર લાગતા હતા. તેમનાથી થોડાં મોટાં સ્વામિનીજી પ્રભુની ડાબી તરફ ફૂલનાં સાડી, ચોળી, લહેંગો અને આભરણ ધરી શરમાતાં બિરાજ્યાં હતાં. શિશિરબાવા અને વહુજી ધીમે ધીમે ઝૂલો ઝુલાવતાં હતાં.

આપશ્રીએ નીરાને નેત્રસંકેત કરતાં નીરાએ કીર્તન આલાપ્યું :

'સેન કામકી લાયો, સો સાવન આયો,
ચલ સખી ઝુલીએ સૂરત હિંડોરે;
કીજે શ્યામ મન ભાયો, સો સાવન આયો.'

'સો સાવન આયો'ની પંક્તિ સૌએ ઝીલી લીધી. વારંવાર તાનપલટા સાથે એ પંક્તિ ગવાતી રહી.

ત્યાં બાવાએ ઝૂલાની ગતિ વધારી. વધતી ગતિનાં દર્શનથી નીરા અકળાઈ. તેના કંઠમાંથી અનાયાસ બીજું જ પદ સર્યું:

'તોં ઝૂલૌં હૌં, જો તુમ ઝુલવો હોલે હોલે.'

એ પંક્તિ સાંભળતાં જ બાવા અને વહુજી હસ્યાં.

કીર્તન પૂરું થતાં બંને આગળ પધાર્યાં. જયેશ અને સુરંગીને આગળ બોલાવ્યાં. આપે બંનેનો હસ્તમેળાપ કરાવ્યો. વહુજીએ સુરંગીને શ્રીસ્વામિનીજીની પ્રસાદી લાલ ચુંદરી ઓઢાડી. બાવાએ જયેશને શ્રીપ્રભુનો પીળો ઉપરણો ઓઢાડ્યો. પ્રસાદી બીડાં અને આશીર્વાદ આપ્યા. પ્રસાદી કંકુથી તિલક કર્યું અને આજ્ઞા કરી : 'હવે પ્રભુને સાથે મળી ખૂબ લાડ લડાવો.'

વહુજીએ પણ આનંદથી સુરંગીને પોતાની સોડમાં લઈ, શ્રીયુગલ સ્વરૂપ તરફ ફરી ગાયું :

'ઐસી દુલહિન મોહિ ભાવૈ,
મૈયા ઐસી દુલહિન મોહિ ભાવૈ.'

■

૨૦. શ્રીવલ્લભ તજ અપનો ઠાકુર

સુરંગીને સાથે લઈ જયેશ મુંબઈ જવા ઊપડી ગયો. નીરા-નીરવ નાથદ્વારા પાછાં આવ્યાં.

આજે બપોરે પ્રસાદ લઈ, રોજની ટેવ પ્રમાણે નીરા આરામ કરવા સૂઈ ગઈ. નીરવ બાલ્કનીમાં ખુરસી મૂકી ટિપોય પર પગ લંબાવી, પુસ્તક લઈ વાંચવા બેઠો. આજ સવારથી જ ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. વાતાવરણમાં મજાની ઠંડક હતી. નીરવ વાચનમાં ડૂબી ગયો. તેણે વાંચવા લીધેલું પુસ્તક લગભગ પૂરું થવા આવ્યું. ત્યાં નીરા પણ બાલ્કનીમાં નીરવની પાછળ આવી ઊભી રહી. નીરવને તેની જાણ ન થઈ. નીરાએ નીરવની આંખો હળવેથી દાબી. નીરાના હાથ પર પોતાના બે હાથ મૂકી નીરવ બોલ્યો:

'તું જાગી ગઈ, એનો અર્થ કે ત્રણ વાગી ગયા હશે. અઢી-ત્રણ કલાક પહેલાં તું જાગે નહિ.'

'અને તું સતત અઢી-ત્રણ કલાક સુધી એક ધ્યાનથી વાંચે પણ નહિ.'

'છતાં આજે મેં મારી આદત બદલી. મજા આવી ગઈ વાંચવામાં.'

નીરા નીરવની સામે આવી. સ્કાયબ્લયુ કલરના ગાઉનમાં. ઊંઘાખરી નીરાને નીરવ જોઈ રહ્યો.

'એય, આમ એકીટશે શું જુએ છે?'

'જોવા જેવી દુનિયામાં મારા માટે તું એકલી જ છે.'

'Thank you.'

'નીરા, આ ગાઉન, આ ઊંઘરેટી આંખો, વિખરાયેલા વાળ.... You simply look cute.'

'આજે ભાઈસા'બને આ પુસ્તક વાંચતાં કવિ થવાની પ્રેરણા મળી લાગે છે!'

'પાછી બોલી, 'ભાઈસા'બ!'

'ઓહ, સૉરી.'

'આ પુસ્તક તો really એક બૉમ્બ છે. એ વાંચીને કવિ ન થવાય, ક્રાંતિકારી જરૂર થવાય.'

'કયું પુસ્તક છે?'

'અમૃતનું આચમન.'

'આજે સવારે ખરીદ્યું તે?'

'હા.'

'એમાં શું છે તે મને કહે.'

'કહ્યું ને, એમાં લયલા-મજનુની કવિતા નથી, ચકાચકીની વાત નથી તે આમ તને કહી દેવાય. એ તો જાતે વાંચવું પડે. વાંચવું પડે ને વાગોળવું પડે એવું છે. Really fantastic, છતાં ચર્ચા થઈ શકે તેમ છે, પણ પહેલાં કડક મીઠી દોઢ કપ ચા પાવી પડે.'

'હમણાં જ બનાવી લાવું.'

નીરા બે લાંબા સ્ટીલના ગ્લાસમાં ચા ભરીને લાવી. નીરવ બાલ્કનીમાં બીજી ખુરશી ખેંચી લાવ્યો. વરસાદની વાછટમાં ભીંજાતાં મસાલાવાળી ગરમાગરમ ચાના ઘૂંટ ભરતાં નીરવે વાતની શરૂઆત કરી:

'નીરા, તેં શ્યામમનોહરજી મહારાજનાં દર્શન કર્યાં છે?'

'હા, એક વાર મોટા મંદિરમાં પધાર્યા હતા. ચોકમાં અનાયાસ દર્શન થઈ ગયેલાં.'

‘આ પુસ્તકમાંથી એમની towering personality ઊપસે છે. દેખાવમાં એવા જ છે?’

‘નીરવ, પહેલી નજરે જ આપણું મસ્તક નમી જાય તેવા છ ફૂટ ઊંચા, ભરાવદાર ગૌર દેહ, શ્વેત-શ્યામ દાઢી-મૂછ અને વિખરાયેલો અસ્ત-વ્યસત કેશરાશિ. મોટી ગોળ આંખો, તીવ્ર નાસિકા, મુખ પર મહર્ષિનું ચિંતન, બાળકનું સ્મિત. શ્રીવલ્લભ-સ્વરૂપે વૈષ્ણવો પર વાત્સલ્ય. કેવળ ધોતીઉપરણાનો પહેરવેશ, ખભે પુસ્તકોનો થેલો, ગૃહસ્થ છતાંય જાણે ફકીર. તમે ચરણારવિંદમાં ભેટ ધરો તો તેનીય તમા નહિ. શ્યામમાં અનુરાગ, સંપત્તિમાં વિરાગ, કોઈ pomp નહિ, show નહિ હું મહાવિદ્વાન આચાર્ય છું એવી સભાનતા નહિ, તદ્દન નિખાલસ. મારું આ તો પંદર મિનિટનું observation છે.’

‘તારા વર્ણનથી મારા મનમાં સ્થાપિત થયેલું એમનું સ્વરૂપ સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીનું જ સમજાય છે. મુંબઈ જઈ પહેલું કામ એમનાં દર્શન કરવાનું કરવું પડશે.’

‘આપણે બંને જઈશું.’

‘Sure.’ એમણે આ ‘અમૃતનું આચમન’ પુસ્તક દ્વારા આપણા જેવા વૈષ્ણવોના મનમાં જાગેલા પ્રશ્નોના ગજબના જવાબો આપ્યા છે.’

‘તને ખબર છે એ પુસ્તકની કેટલી નકલો છપાઈ છે?’

‘ના.’

‘નાસિકમાં મૂકેશભાઈ કહેતા હતા કે તેની દસ હજાર જેટલી નકલો છપાઈ છે. વેચાઈ છે ખૂબ ઓછી, પણ મોટા ભાગની વૈષ્ણવોમાં વિનામૂલ્યે વહેંચાઈ છે. જે વાંચે છે, તે વિચાર કરતા થઈ જાય છે.’

‘નીરા, મારી પણ એ જ સ્થિતિ છે. નાશિકમાં

મૂકેશભાઈ પાસેથી જે થોડું સમજ્યો અને તેમણે સૂચવેલ પુસ્તકો વાંચ્યાં. રોજ રાતે આપણે સત્સંગમાં ‘શિક્ષાપત્ર’ અને ‘વાર્તા વાંચીએ છીએ, તે બધાંનો એક બાજુ વિચાર કરું છું; ત્યારે શ્રીવલ્લભના વિચારો કેટલા ઉત્તમ, જીવનમાં આચરવા માટે કેટલા સરળ અને નિખાલસ છે તે સમજાય છે. એમની વાત ગળે ઊતરી જાય છે. શ્રીવલ્લભની પહેલાં અને પછી પણ ધર્મપ્રવર્તકો ભારતમાં ઘણા થયા; પણ એમની વિચાર આચાર-સરણીને પેઢીઓની પેઢીઓ સુધી સમજદાર, બુદ્ધિશાળી પરિવારોએ અપનાવ્યા કરી હોય એ Rare છે. કેટલાક માર્ગો તો એના માર્ગ પ્રવર્તકની હાજરીમાં જ અસ્ત પામ્યા, કેટલાક ફિલોસોફીનાં પુસ્તકોમાં જ શણગાર બની, લોકોને સલાહ આપવા પૂરતા રહ્યા, તો કેટલાક અણસમજુ નિરક્ષર એવા સમાજના નીચલા વર્ગોમાં ફેલાયા. આજે ૫૦૦ વર્ષથી શ્રીવલ્લભનો પુષ્ટિમાર્ગ એનું ગૌરવ વિચારમાં જાળવી રહ્યો છે, આચારમાં એનું તેજ ઝાંખું થતું ગયું, ત્યારે તેની સામે આ પુસ્તક દ્વારા શ્રીશ્યામમનોહરજીએ Red signal આપ્યું છે.’

‘You are exactly right.’

‘નીરા, તારા જેટલો મને અભ્યાસ કે અનુભવ નથી, પણ મને લાગે છે કે સમાજનું એક લક્ષણ પરિવર્તનનું છે. આર્નોલ્ડ ટોયન્બી જેવો ઈતિહાસકાર અને સમાજશાસ્ત્રી એમ કહે છે કે સમાજનું પરિવર્તન નીચે તરફ વિશેષ થાય છે. ઉપર તરફ ખૂબ ઓછું. નીચે-ઉપર તરફ થતા પરિવર્તનની Cycle બદલાતી પણ રહે છે.’

‘આમાં મને સમજણ ન પડી.’

‘વેદકાલીન આર્યોની બુદ્ધિશક્તિ, જ્ઞાનશક્તિની જે એવરેજ હાઈટ હતી, તે ધીમે ધીમે ઘટતી ગઈ. તેમનો ત્યાગવાદ આજે ભોગવાદમાં પલટાઈ ગયો. શ્રીવલ્લભચાર્યજીના સમય કરતાં આજે કેટલો મોટો તફાવત આવ્યો છે! સમાજના પરિવર્તનની ઊર્ધ્વ ગતિ અને અધોગતિના

ચક્રવ્યૂહમાં સામા પ્રવાહે તરવું સામાન્ય માણસ માટે મુશ્કેલ કામ છે. શક્તિ વિના તેનો સામનો ન થાય અને નિઃસહાય બની, તેમાં તણાઈ ગયે પણ ન પાલવે. તેથી શ્રીવલ્લભાચાર્યજીએ કોઈ પણ દેશકાળની સ્થિતિમાં સરળતા અને સહજતાથી જીવી શકાય એવો ધર્મમાર્ગ બતાવ્યો છે; છતાં તેમાંય આજે ઘણું પરિવર્તન થઈ ગયું. આ પરિવર્તન કોણે કર્યું, કેમ કર્યું એની મને ખબર નથી, પણ મારી અલ્પ બુદ્ધિમાં એવું લાગે છે કે આ પરિવર્તન વિઘાતક બનશે.'

'એટલે તો શ્યામુ બાવા પોકારી રહ્યા છે- શ્રીવલ્લભ ચીંધ્યા માર્ગે પાછા વળો. હજી મોડું થયું નથી, બાજી ખાસ બગડી નથી. હજી સમય છે. Back to Shri Vallabh.'

'નીરા, મને લાગે છે કે પુષ્ટિમાર્ગમાં આવેલા નીચલી દિશાના પરિવર્તનના પ્રવાહને રોકવા સૌથી પહેલું કામ ગૃહસેવાનો આડપુલ બાંધવાનું છે. બે છેડેથી તે કામ થવું જોઈએ. એક પોઝીટિવ એન્ડ પરથી ગૃહસેવાના સિદ્ધાંતને લેશમાત્ર મરોડ્યા વિના, જેટલી સરળતા અને સુગમતા થઈ શકતી હોય, તેટલી કરી, ગૃહસેવાને પ્રોત્સાહન આપવું.'

'આ કાર્ય શ્રીવલ્લભકુળનાં બાળકો બહુ સારી રીતે કરી શકે. પોતાના સેવકો કે જેમને તેમના ગુરુમાં શ્રદ્ધા છે, તેમને આમાં આગ્રહથી જોડે. તે સેવા કરતાં તેમને મૂંઝવતી મુશ્કેલીઓનાં Solutions આપે, સેવામાં આગળ વધતાં રહેવા સતત પ્રોત્સાહન આપે અને અવારનવાર સામેથી સેવકોના ઘેર પધારી, તેમની સેવામાં માર્ગદર્શન અને પ્રોત્સાહન આપે, તો ઘર-ઘર ગૃહસેવા પુનઃસ્થાપિત થાય.'

'તારી વાત એકદમ પ્રેકટીકલ છે.'

'આપણા ત્યાં પૂજ્ય ગોસ્વામી બાળકો જુદાં જુદાં ગામોએ પધારે, તેને સેવા લેવા પધાર્યા, એમ કહેવાય છે. અત્યાર સુધી આ રૂઢિપ્રયોગ જે અર્થમાં વપરાતો રહ્યો છે, તે અર્થની સાથે એક બીજો અર્થ એમાં ઉમેરવા જેવો છે. 'સેવા લેવી' એટલે પૂર્ણ પ્રકારે વૈષ્ણવો પાસે ગૃહસેવા કરાવવી. વૈષ્ણવો પાસેથી પૂર્ણ તનુવિત્તજા સેવા કરવાનું વચન લેવું. સેવા વિષે વૈષ્ણવોના મનમાં જે આશંકાઓ, ભય, અશક્તિ, અસહાયતા વગેરેની ખોટી ગ્રંથિઓ છે તે ધરમૂળથી કાપી નાખવી. બધા જ વૈષ્ણવ પરિવારો શ્રીઠાકોરજીને ભોગ ધરીને જ લેતા થાય-એ સિવાયનું કંઈ જ ન લે એવું વાતાવરણ, શ્રીવલ્લભકુળ સમસ્ત વિચારે, તો વિના વિલંબે આજે પણ ઊભું થાય.'

'અને નીરા, એ કરવું જ પડશે; જો પુષ્ટિમાર્ગને પ્રસ્થાપિત રાખવો હશે તો. નહિ તો શ્રીમહાપ્રભુજીની ચેતવણી છે જ : કાળ તમારો કોળિયો કરી જશે. તું વારંવાર સંસ્કૃતનો એક શ્લોક યાદ કરાવે છે- સરોવરથી કમળ શોભે છે, કમળથી સરોવર શોભે છે, બંને એકબીજાથી શોભે છે. એમ શ્રી વલ્લભકુળથી વૈષ્ણવો શોભે અને સાચા વૈષ્ણવોથી શ્રીગુરુની શ્રીવલ્લભકુળની શોભા ઑર વધે. પુષ્ટિમાર્ગના આ બંને ધ્રુવો પરસ્પરને આકર્ષવાની ક્ષમતાવાળા હોય એ જરૂરી છે. આ આકર્ષણ ટકાવી રાખવાનો ધ્રુવ માર્ગ એક જ. વૈષ્ણવોને શ્રીવલ્લભકુળ સમસ્તમાં પાકી શ્રદ્ધા બની રહે એવી Consciousness થી શ્રીવલ્લભચીંધ્યા સેવા માર્ગે ત્યાગ, વિરકિત, સાદાઈપૂર્ણ, શ્રીવલ્લભકુળ સમસ્તની ઊડીને આંખે વળગે તેવી ગૃહસેવા-સત્સંગમય જીવનશૈલી. આપ સેવા કરી શીખવે તો ભક્તિપક્ષવૈભવ વૈષ્ણવોમાં સુદૃઢ થાય. શ્રીવલ્લભના વંશજ તરીકેના ઉત્તરદાયિત્વની આ ગંભીરતા અને ગરિમા વૈષ્ણવનાં સાન-ભાન પણ ઠેકાણે લાવશે. 'શ્રીવલ્લભ કે વંશમેં. સબ હી શ્રીવલ્લભરૂપ અલૌકિક અગ્નિ કુલ હૈ.' આ ઉક્તિને સાર્થક કરવાની સભાનતાનું ભાન શ્રીહરસાનીજી કરાવી શકે- 'રાજ, યે મારગ હાંસીખેલકો નાહિ.'

‘બહુ સાચી વાત કહી, નીરવ. પણ ક્યાં શ્રીહરસાનીજી અને ક્યાં આપણે? આપણે તો એમની ચરણરજ બનવાની લાયકાત પણ હજી નથી કેળવી શક્યાં-મેળવી શક્યાં!’

‘એટલે સ્તો એ કરવાનું છે- જે વિચારીએ છીએ, બોલીએ છીએ તે આચરવાનું છે. વ્રજયાત્રા કરી પાછાં જઈ, શ્રીગુરુદેવ પાસેથી સેવાની આજ્ઞા લેવાની છે.’

‘મારો ઉછેર તો Traditional છે. જન્મથી મંદિરોની ગળથૂથી પીધી છે, એમ કહું તો ચાલે; પણ સાથેસાથે એમ લાગે છે કે આ મંદિરોની પાછળથી ઊભી થયેલી અને સમય સાથે વિકૃત બનેલી પરંપરાએ વૈષ્ણવ સમાજને ધીમું ઝેર આપી. સેવાથી દૂર થવાનો નશો કરાવ્યો છે. માણસમાં છૂપી રીતે લપાઈને પડેલી, લાભનાં લેખાં ગણવાની વૃત્તિને બહેકાવી છે. પરિણામે, આજે એની કાર્યશૈલી જોતાં મારા જેવીને પણ ત્રાસ થઈ જાય છે.’

‘જે પ્રસાદના માહાત્મ્યને ગાતાં શાસ્ત્રો થાકતાં નથી. ભાગવતજી જેને દેવોને પણ દુર્લભ બતાવે છે, એ પ્રસાદને અહીં રસ્તા પર, ગલીઓમાં નિકૃષ્ટ રીતે વેચાતો કરી દીધો. ક્યારેક પ્રસાદના નામે ભળતી મીઠાઈઓ વેચાતી અને હોંશે હોંશે ખરીદાતી થઈ! પ્રસાદ મેળવવા ભેટ અપાતી થઈ. કેટલા રૂપિયા ભેટ આપીએ તો પ્રસાદમાં શું મળે તેની માનસિક ગણતરીઓ થઈ, ઓછા રૂપિયાથી વધુ પ્રસાદ કેમ મળે તેની ગલીકૂંચીઓ આપણે શોધવા લાગ્યાં. પ્રસાદને હથોડીથી ટીપી તેના ટુકડા અને ભૂકો કરવા લાગ્યાં- આપણે આવા ‘પ્રસાદ’(!) માટે શાં શાં કૌભાંડો નથી કર્યાં? વેપારમાં વેપારી અને ગ્રાહક વચ્ચે પણ Ethics - નીતિ - હોય છે. વૈદ્યવેશ્યા પણ એમના ધંધાનું Ethics પાળે છે. આપણે તો આ મંદિરોનાં પ્રસાદનો અહીં એવો કનિષ્ટ ધંધો બનાવી દીધો છે કે એમાં વેશ્યાનું Ethics પણ નથી રાખ્યું!! Sorry, I feel, I am very much bitter.’

‘પણ વાસ્તવિકતા તું કહે છે તેવી જ છે. આનો ઉપાય શો?’

‘Don't ask me this question. આવો પ્રશ્ન નપુંસકો કરે. નિર્માલ્યોનો આ પ્રશ્ન છે, શ્રીવલ્લભના ભડવીરોનો નહિ. જ્યાં સઈ-મોચીનું અને ગાંધી-વૈદ્યનું સહિયારું હોય, ત્યાં આ પ્રશ્નનો ઉકેલ થોડો મુશ્કેલ બને, વિલંબથી આવે. પણ ન જ આવે તેવું નથી. Nothing is impossible when shri Vallabh is with us. આવા મંદિર-દ્વારે સમજદાર ધર્માગ્રહી સત્યાગ્રહી વૈષ્ણવોએ ‘સત્યાગ્રહ’ કરવા બેસવું પડશે. આ ‘સત્યાગ્રહ’ કોઈ વ્યકિત સામે નહિ, અપ સિદ્ધાંત સામે હશે.’

‘ગાંધીજી કહેતા, મને અંગ્રેજોનો વિરોધ નથી. તેમની રીતિનીતિ સામે વિરોધ છે.’

‘હા, નીરા, આવા શીતળ, પ્રસન્ન વાતાવરણમાં હૈયે લાય સળગે છે. એમ થાય છે કે ફેફસાંની પૂરી તાકાતથી ચિલ્લાયા કરું : યે મારગ હાંસી ખેલ કો નાહીં....યે મારગ હાંસી ખેલ કો નાહીં....’

નીરા મૌન રહી.

‘નીરા, આજ મને એવો પણ વિચાર આવે છે કે પંજાબમાં ભિંદરાનવાલેનો અધર્મ વધ્યો ત્યારે શ્રીજીબાવાનાં, તે દિવસે મંગળામાં નૃસિંહ-મુખનાં દર્શન થયેલાં. શૈલશ કહેતો હતો, આજે દુનિયામાં કોઈક અધર્મીનું આવી બન્યું. બપોરે રેડિયો પર સમાચાર હતા, ભિંદરાનવાલે મરાયો. આવા અધર્મીનો ધ્વંસ કરનારા શ્રીજીબાવા પોતાના ધામમાં થતાં અધર્મો સામે કેમ મૌન છે? યાત્રાના નામે, સેવાના નામે, દર્શનના નામે આવતા ચુસ્ત કહેવાતા વૈષ્ણવો અહીં શું નથી કરતા? ભાજીપાઉં ખાતા, ભાંગ પીતા, લીમ્કા અને થમ્સઅપ ગટગટાવતાં, આપણે આવ્યાં ત્યારે આપણા બ્લોકમાંથી કચરામાંથી મળેલી ખાલી ‘બાટલી’નો નશો કરતા, ફેશન પરેડની જેમ ફૂલફટાક થઈને ફરતા, સરકારને છેતરી બચાવેલી બે

નંબરી નોટોનું Vulgar exhibition કરતા અને તેનાથી શ્રીનાથજી સહિત સમગ્ર નાથદ્વારાને ખરીદી લેવાની ભ્રમણામાં ભમતા, ગળામાંથી તુલસીમાળાનેય દેશવટો દેનારા આ 'વૈષ્ણવ પુત્રો' સામે શ્રીજીબાવા કેમ લાલ આંખ નથી બતાવતા?'

'નીરવ, અહીં આવતાં મેં તને શું કહેલું? તેં મને શું પ્રોમિસ આપેલું? નિંદિત જીવન જીવનારની તો નિશ્ચિત અધોગતિ છે જ, પણ એમની નિંદા કરનારનાંય મન-બુદ્ધિ નિંદિત બની જાય-કીટભ્રમર ન્યાયે.

હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી.

એટલે તો ઇસુએ કહ્યું: 'જેણે પાપ કર્યું ના એકે, તે પહેલો પથ્થર ફેંકે.' બાકી આપણા હાથમાં તો બિચારો જડ 'પથ્થર થરથર ધ્રુજે.' માટે relax. તારી વેદનાની કદર કરું છું. પણ એનો ઉપાય આ નથી. આ તો negative approach છે. એકાદ વખત સામા માણસ પર એને હક્કોબક્કો કરી નાખવાના જોરદાર એટેક તરીકે કદાચ ઉપયોગ થાય. પણ એની તલવાર રોજ ન વીંઝાય. એની અસર ન પડે. આ માટે positive approach એ છે કે સમજ મળી, તેને આપણે આચરીએ, બીજાને સમજાવીએ. ગુસ્સો નિરાશામાંથી આવે. નિરાશ થવાની જરૂર નથી. ઓ.કે.?'

'ઓ.કે. મારા આક્રોશ માટે દિલગીર છું. તારી વાત સાચી. આપણે શ્રીવલ્લભને જ સંપૂર્ણ વફાદાર રહીએ. એમના માર્ગમાં જ પૂરી નિષ્ઠા રાખીએ.

શ્રીવલ્લભ તજ અપનો ઠાકુર, કહો કૌન પે જઈએ હો?

'ચાલ ફરી ચા પાઈ દે. પછી આજે નાથુવાસ તરફ જઈએ. કાલ તો મથુરા જવા નીકળવાનું છે.'

◆

૨૧. ચાલોને સખી, શ્રીવ્રજમંડળનાં સુખ લઈએ રે!

નીરા અને નીરવ શ્રીજીબાવાનાં મંગળાનાં દર્શન કરી, દંડવત કરી, વ્રજમાં જવા વિદાયની આજ્ઞા લઈ, ટેક્ષીમાં ઉદયપુર જવા ઊપડ્યાં. જે ટેક્ષીમાં તેઓ નાથદ્વારા આવ્યાં હતાં, તે જ ટેક્ષી યોગાનુયોગ મળી ગઈ.

રસ્તામાં બંને નાથદ્વારાનાં સ્મરણો વાગોળવામાં મસ્ત હતાં, ત્યાં ડ્રાઈવરે ટેક્ષી ધીમી પાડતાં કહ્યું : 'સા'બ, એકલિંગજી દર્શન કરોગે?' નીરવ પ્રશ્ન સાંભળી મૂંઝાયો. નીરા મદદે આવી: હાં, ભૈયા, ટેક્ષી રોકના.

'અરે, નીરા. અહીં આપણે શું કામ છે? પ્લેન પકડવામાં જાણીજોઈને મોડું કરે છે!'

'આપણે જતાં હોઈએ, રસ્તામાં ખાસ સ્નેહીનું ઘર આવે, એમની યાદ આવે અને 'કેમ છો?' કરવા ન જઈએ, તો અવિવેક કહેવાય, વળી, મારે મહાદેવજીને Thanks પણ કહેવાના બાકી છે.'

'શાના Thanks?'

'મારો નીરવ પૂરેપૂરો મને સોંપી દીધો તેના.'

'હટ પગલી.'

ટેક્ષી મંદિર દ્વારે અટકી. નીરા-નીરવ અંદર ગયાં. રંગમંડપમાં જતાં, વડીલનો મલાજો પાળતી હોય તેમ નીરા સાડીનો પાલવ માથે ઓઢી, નીરવથી બે ડગલાં પાછળ ચાલવા લાગી. ગર્ભગૃહના દ્વાર પાસે જઈ, હાથ જોડી નીરવ સ્પષ્ટ સંભળાય તેમ બોલ્યો:

'શંભુ! આપે મને કૃષ્ણભક્તિ અપાવવામાં પ્રસન્નતાથી સહાય કરી છે. આપણે બંને હવે કૃષ્ણભક્ત છીએ, તેથી આપણા સ્વામીનો જયઘોષ કરીએ. આપને મારાં જયશ્રીકૃષ્ણ.'

નીરા આંખો મીંચી બોલી:

'વૈષ્ણવાનાં યથા શંભોઃ' એવા હે મહાદેવ! આપ કૃષ્ણભકત શ્રીનાથક્ષેત્રમાં વસ્યા છો. આપે મારો નીરવ મને પૂરેપૂરો સોંપવાની ઉદારતા બતાવી છે. અમે આપના આ સુચરિત માટે અમારી પ્રસન્નતા વ્યકત કરી, આપનો આભાર માનવા આવ્યાં છીએ. આપને મારા ભગવદ્સ્મરણ.'

જાણે શિવજીએ પણ પોતાની પ્રસન્નતા વ્યકત કરતાં આ કૃષ્ણભક્તોને પોતાના ધામમાં આવકાર્યાં હોય, તેમ ઘંટારવ ઘુમ્મટ નીચે પડઘા પાડતો ગૂંજી રહ્યો.

બંને મંદિરમાંથી બહાર આવ્યાં અને ઉદયપુરની વાટ પકડી. ઉદયપુરથી દિલ્હીનું પ્લેન પકડી, બે કલાકમાં દિલ્હી પહોંચી ગયાં. ત્યાંથી પાછી ટેક્ષી કરી, મથુરા જવા નીકળ્યાં.

'નીરા, હું તો પહેલી વાર ગોકુળ-મથુરા જઉં છું. ભાગવત અને અન્ય ગ્રંથોમાં વર્ણન છે, એવાં સુંદર ગોકુળ-મથુરા હશે ને? વ્રજની સુંદરતા તો સૂરદાસજી આદિ કવિઓએ મન ભરીને ગાઈ છે. એ માણવાનું ઘણું મન છે.'

'હું પણ વ્રજમાં પહેલીવાર જ આવું છું. પપ્પા કહેતા હતાઃ જેમ પ્રભુનાં ત્રણ સ્વરૂપ છે, તેમ તેમના નિજધામ વ્રજનાં પણ ત્રણ સ્વરૂપ છે. એક આધિભૌતિક, જે આપણી આંખોથી નિહાળીશું. બીજું-આધ્યાત્મિક, જે આપણા અંતઃકરણમાં અનુભવીશું, ત્રીજું -આધિદૈવિક, જે સાક્ષાત્ ભગવદ્ક્રીડાર્થ ભગવદ્રૂપ છે. 'શ્રીવલ્લભાખ્યાન'માં એ સ્વરૂપનું સૂક્ષ્મ નિરૂપણ છે.

'જ્યાં શ્રીવૃંદાવન આદિ અચલ શશી, શરદ રેન બહુ વેશ,
વનદેવી પદ કુમકુમ મુખ સુખ, પરસે રંગ વિશેષ;
જ્યાં સરિતા ચામીકર મણિગણ; ઉભયબદ્ધ સોપાન,
કમલ કુમુદ નાના અલિ સુંદર, મધુર કરે ત્યાં ગાન.
કનકલતા માલતી મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ,
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ.'

આવી વ્રજભૂમિમાં બિરાજતા શ્રીગિરિરાજજીની અલૌકિક શોભા પણ માણવા જેવી છે:

'પદ્મરાગ મરકત મણિ, સ્ફાટિક શ્રીગોવર્ધન સોહે,
નાના પક્ષીની શબ્દમાધુરી, શોભા તણો નહિ પાર.'

આથી વ્રજની રજ, વ્રજનું જળ અને વ્રજનો વાયુ અલૌકિક છે એવા ભાવથી વ્રજમાં વિચરીએ, તો વ્રજરસનો આસ્વાદ માણી શકાય એમ પપ્પાજી કહેતા.'

'પપ્પાજીની વાત સાચી. દુનિયામાંય સૌંદર્ય માણવા, પહેલાં આંખોને સુંદર બનાવવી પડે. જેની આંખમાં સુંદરતાનાં અંજન હોય અને અંતરમાં સુંદરતાનાં લીંપણ હોય, એ જ બહારના અસુંદરને પણ સુંદર અનુભવી શકે. બાકી તો કમળાવાળી આંખને લાલી ન દેખાય. આપણે અલૌકિક સુંદરતા શોધવાની છે, ખરું ને?'

'હા, એ શોધવા માટે તો છેલ્લાં પાંચસો વર્ષમાં અનેક હૃદયો ફકીરી સ્વીકારી વ્રજમાં આવી વસ્યાં છે. હિંદુઓ તો આવે, પણ મુસલમાન ભકતોની સંખ્યાય કમ નથી રહી- અલીખાન અને બાગીખાન, અય્યુબખાન અને રસખાન, પીરજાદી અને તાજબીબી, સલમા અને સુલતાના-નામનો પાર નથી. સૌએ વ્રજને વહાલું કર્યું છે. વ્રજ છોડી,વૈકુંઠ જાવાનું કોઈ નામ નથી લેતુ. એ સૌ વ્રજ-રસિક હૈયાં એક જ વાત કરે છે:

'વ્રજભૂમિ મોહિની મૈં જાની,
મોહન બૃંદાબન, મોહન કાન્હ, મોહન રાધારાની.'

આવા વ્રજદેશમાં ચંદ ક્ષણોના વસવાટ માટે આપણે જઈ રહ્યાં છીએ.'

'વાહ, નીરા. તારા હૃદયમાં જ વ્રજ વસી ગયું છે. વાતવાતમાં મથુરા આવી ગયું જણાય છે.'

'હાં, સાબ, આપ કહાં રૂકોગે?'

'વિશ્રામઘાટ કે પાસ મોરારભુવન મેં.'

'અચ્છાજી, વો જગહ મેરી દેખી હુઈ હૈ. બઢિયા સ્થાન હૈ.'

મોરારભુવન જવા માટે ટેક્ષીએ તિલકદ્વારથી જમણા હાથે વળાંક લીધો. થોડે આગળ વધી, ડાબા હાથે વળતાં શ્રીયમુનાજીનાં દર્શન થયાં.

'એ નીરવ, શ્રીયમુનાજી બિરાજે છે.'

બંનેએ હાથ જોડી મસ્તક નમાવ્યાં. નીરા ધીમા સાદે ગાઈ રહી:

'ધન્ય શ્રીયમુનામા, કૃપા કરી શ્રીગોકુળ વ્રજસુખ આપજો.
વ્રજની રજમાં અહર્નિશ અમને સ્થિર કરીને સ્થાપજો.'

મોરારભુવન પાસે ગાડી ઊભી રહેતાં, ઝટપટ દરવાજો ખોલી નીરા ઘાટ તરફ દોડી. ઘાટના ઉપલા પગથિયે ઊભા રહી, તેણે હાથ જોડી પૃથ્વી છંદમાં 'શ્રીયમુનાષ્ટક'ગાવા માંડ્યું.

મોરારભુવનના દ્વારે જ ગોર વનમાળીજી ઊભા હતા. પાકી જૈફ ઉમ્મર, છતાં યુવાનને છાજે તેવી સ્ફૂર્તિ.

'આય ગઈ બીટિયાં?'

'હાં, ચાચાજી, જયશ્રીકૃષ્ણ.'

'અચ્છી હો ન? કલ હી પટ્ટનસે પિતાજીકા ખત આયા હૈ.'

'વહાં સબ કુશલ હૈં ન?'

'હાં. અરે, યે દામાદજી હૈં ન? આઈયે, સા'બ, પધારિયે.'

વનમાળીજી ઉપલા મજલે નીરા-નીરવને તેમના ખંડમાં લઈ ગયા. ખંડની બાલ્કનીમાંથી શ્રીયમુનાજીનાં દર્શન થતાં હતાં. રૂમ, રસોડું અને એટેચ્ડ ટોયલેટ-બાથરૂમવાળો ફરનિશ્ડ બ્લોક હતો.

'લો, યે મથુરેશ ભી આ ગયા!'

'અરે મથુરેશ, તુમ તો....મથુરેશજી, આપ તો બહોત બડે હો ગયે!'

'આપ ભી. મેરી એક પ્રાર્થના હૈ, મુઝે આપ મત કહો, 'તુમ' હી અચ્છા રહેગા.'

'નીરવ, વનમાળીજી જ્યારે જ્યારે પાટણ આવે, ત્યારે મથુરેશજી સાથે હોય. ખૂબ શરમાળ અને વિનયી. એની સાથે નાનપણમાં રમેલી.'

'નમસ્તે, મથુરેશજી.'

'નમસ્તે, ભાઈ સા'બ.'

'મથુરેશ, હમકો પહલે ચાય પિલાય દો. બાદમેં હમ સ્નાન કર લેં. ફિર યમુના-પૂજન ઔર પીછે રાજાધિરાજ કે દર્શન. ઠીક હૈ ન?'

'જી હાં, સબ ઈન્તજામ હો ગયા હૈ.'

ચા પી, નીરા-નીરવે વારાફરતી સ્નાન કર્યું. નીરવ ધોતી-બંડીમાં તૈયાર થયો. નીરાએ મેઘશ્યામ રંગનાં સાડી બ્લાઉઝ પહેર્યાં.

'નીરવ, આપણે વ્રજમાં છીએ ત્યાં સુધી ચંપલ નહીં પહેરવાનાં. ખુલ્લા પગે જ ફરવાનું. વ્રજ-રજના સ્પર્શનો અલૌકિક આનંદ તો જ આવે. ફાવશે ને?'

'તારો હાથ પકડ્યા પછી બધું જ ફાવતું, ભાવતું, ગમતું કર્યું છે. No problem'.

'નીરવજી, આપ તો હસમુખ હો.'

'વનમાળીજી, દામાદ કી પહચાન ધીરે ધીરે હોગી. મથુરેશ, ચલો.'

સૌ વિશ્રામઘાટ પર શ્રીમહાપ્રભુજીની બેઠકે આવ્યાં. ત્યાં દર્શન, દંડવત કરી, શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ કર્યો. પછી આજ્ઞા લઈ, શ્રીયમુનાજી તરફ ગયાં.

કિનારા પર બેસી બંનેએ શ્રીયમુનાજીને દૂધથી સ્નાન કરાવી, કંકુની બિંદી કરી, ગુલાબનાં પુષ્પોની માળા ધરાવી, દૂધઘરનો અને દૂધનો ભોગ ધર્યો. આંખો મીંચી બંનેએ 'શ્રીયમુનાષ્ટક'ના નવ પાઠ કર્યા. પછી ભોગ સરાવી 'પાન' કર્યું. શ્રીયમુનાજીને દંડવત કરી, બેઠકે આવ્યાં. શ્રીમહાપ્રભુજીની ઝારી ભરી, ભોગ ધરી, ચરણસ્પર્શ કર્યાં.

'બેનજી, આપ યહીં ઠહરિયે. મૈં યહ પ્રસાદ મુકામ પર ધરકે આતા હૂં. ફિર હમ રાજાધિરાજ ચલેંગે.'

નીરવ શ્રીયમુનાજીનાં દર્શન કરતાં ગાઈ રહ્યો હતોઃ

વિશુદ્ધ મથુરા તટે સકલ ગોપ-ગોપીવૃત્તે
કૃપાજલધિ સંશ્રિતે મમ મનઃ સુખં ભાવય.'

પછી મથુરેશ આવતાં, તેઓ રાજાધિરાજના મંદિર તરફ ગયાં. ભોગનાં દર્શન ખુલવાની તૈયારી હતી. વિશાળ, ભવ્ય મંદિર જોતાં બંનેને પ્રસન્નતા થઈ. રંગમંડપના ઘુમ્મટમાં દોરેલાં કૃષ્ણલીલાનાં ચિત્રોમાં નીરવ ખોવાઈ ગયો, ત્યાં દર્શન ખુલ્યાં.

ગુલાબી લહેરિયાના ધોતી-ઉપરણા, પાઘ અને ગુલાબી ચંદ્રિકામાં 'રાજાધિરાજ'ની અદાથી બિરાજતાં 'મથુરેશ' દ્વારકેશનાં દર્શન કરતાં, બંને ભાવવિભોર બની 'શ્રીદ્વારકેશાષ્ટકમ્' ગાવા લાગ્યાં. એમના ઉચ્ચ, સુરીલા કંઠે ગવાતા સ્તોત્રથી રંગમંડપમાં શાંતિ અને પ્રસન્નતા છવાઈ ગઈ. રંગમંડપના ગુંબજમાં સ્તોત્ર-ગાનના પડઘા પડ્યા.

દર્શન કરી, દંડવત કરી સૌએ મંદિરની પરિક્રમા કરી. મંદિરના વિશાળ ચોકમાં તેઓ ઊભાં રહ્યાં.

'મહેતા સા'બ, આપ? ઈસ ડ્રેસમેં? કબ આયે? કૈસે હો?'

'અરે, ચતુર્વેદીજી! આપ કબ આયે?'

'યે તો મેરી જનમભૂમિ હૈ. એક સાલ સે યહાં ટ્રાન્સફર હુઈ. યહાં એજન્ટ કી પોસ્ટ હૈ.'

'આપકો મિલકર બહોત ખુશી હુઈ, ચતુર્વેદીજી, હમ તો આજ હી આયે હૈં. ચાર-છ દિન બ્રજમેં ઘૂમેંગે.'

'મથુરેશ, યે આપકે યજમાન હૈં ક્યા?'

'હાં, સાબ. ઈસલિયે તો મૈંને એક સપ્તાહકી છુટ્ટી લી.'

'અચ્છા, તો આપ ભી બરોડા બૅંકમેં હૈ.'

'જી, સાબ, એક સાલ સે.'

'મથુરેશ, આપકે યજમાન તો હમારે બડે સા'બ હૈં. બૅંક કી હેડ ઑફિસ મેં 'ગ્રેડ ફોર' મેં હૈ. સા'બ, ઘર પર પધારો. મેરે લાયક સેવા બતાવો.'

'ચતુર્વેદીજી, ઘર પર જરૂર આવેંગે. અભી તો ઈતની હેલ્પ કરો-કલસે ચાર-છ દિન કે લિયે ટેક્ષી ચાહિયે, બ્રજમેં ઘૂમને કે લિયે.'

'સા'બ, ટેક્ષી નહિ, મેરી ગાડી આ જાયેગી. આપ કહાં ઠહરે હૈં?'

'મોરારભુવન.'

'કિતને બજે ભેજૂં?'

'આઠ બજે. સુબહ.'

'અચ્છાજી, ગાડી આપકે પાસ હી રખના. મૈં ચલૂં?'

'જરૂર. શુક્રિયા, ચતુર્વેદીજી.'

'જોયું, શ્રીમહારાણીમાની કૃપા! વ્રજવાસ કેવો સુગમ બની ગયો?'

'નીરવ, વ્રજનો ઠાકુર બડો ચતુર છે. પેંડો આપી પ્હોંચી લઈ લે. આટલી સુવિધાથી સંતોષ માની ખુશ નહિ થઈ જવાનું! સુખ તો ત્યારે થાય, જ્યારે સાક્ષાત દર્શન થાય. 'કૃપા ભઈ તબ જાનિયો, જબ સન્મુખ આય, મુસ્કુરાય' ત્યાં સુધી અહીં તો એની સાથે લડવાનું, ઝઘડવાનું. એ વ્રજરાજ છે, તો આપણે પણ વ્રજવાસી છીએ.'

'Good spirit.'

'હવે મુકામ પર જઈ. પહેલાં પેટ પૂજા કરીએ. વાતોનાં વડાંથી પેટ નહિ ભરાય. ભૂખે ભગતિ ન હોય ગોપાલા'

■

૨૨. શ્રીમદ્ ગોકુલ સર્વસ્વમ્

ઘાટનો સાંકડો રસ્તો સલુકાઈથી વટાવી, ફિયાટ શ્રીયમુનાપુલ પર પહોંચી ગઈ. પાછલી સીટ પર નીરા-નીરવ બેઠાં હતાં. આગલી સીટ પર ડ્રાઈવરની બાજુમાં મથુરેશ હતો. પુલ પર ગાડી પહોંચી, ત્યારે જ સૂર્યોદય થયો. સૂર્યનાં સોનેરી કિરણો હજાર હસ્ત બની, જાણે પોતાની દીકરી યમુનાને સ્નેહથી થપથપાવતાં હતાં.

શ્રીયમુના - દર્શને આહ્લાદિત નીરા-નીરવથી હાથ જોડાઈ ગયાં. નીરાએ મધુર હલકે ગાયું :

'નમામિ યમુનાં કૃષ્ણાં, કૃષ્ણતુર્યપ્રિયામહમ્ ।
નિજાચાર્યપદાંભોજદાસે ભાવં પ્રયચ્છતુ ॥

ગાડી તો આગળ દોડતી રહી- શ્યામનો સંગ પામવા દોડતી અભિસારિકા સમાન! સામેથી મસ્તકે માટીની મટુકીઓ લઈને આવતી વ્રજ-સ્ત્રીઓને જોઈ નીરવે કહ્યું :

'નીરા, માધવ મધુવનમાં નથી; નહિ તો આ મહી મથુરાના માર્ગે ન જાય!'

'સમય-સમયની બલિહારી છે, પણ નીરવ, મનનો માણિગર માધવ તો આજેય મધુવનમાં છે, નહિ તો આટઆટલાં કૃષ્ણભક્તોને વ્રજની મોહિની આટલી ઘેલી કરે! મને તો અહીંના વાતાવરણમાં ન સમજાય એવો રોમાંચ થાય છે. તારી બાજુની બારીનો કાચ નીચે ઉતારી દે ને! ગોવિંદના ગુલાબ-શા ગાલને સ્પર્શીને આવતો આ વાયરો શ્યામની

શીતળતા લઈને આવ્યો છે. ગોવિંદના ગાલને તો સ્પર્શવાનું કોણ જાણે ક્યારે ભાગ્યમાં હશે, પણ એને સ્પર્શીને આવેલા વાયરાનો સ્પર્શ તો મન ભરી માણી લઈએ!'

'પણ નીરા, વાયરો તો ધૂળ લઈ આવે છે.'

'ગાંડા રે ગાંડા, ધૂળ તો હોય વડનગરમાં ને પાટણમાં. અહીં તો છે વ્રજરજ-આ રજને તો ભગવાનના પ્રિય સખા અને જ્ઞાની એવા ઉદ્ધવજીએ પણ વારંવાર વંદન કર્યાં હતાં. આ રજને સનાથ કરવા ભગવાન વ્રજમાં ખુલ્લાં ચરણોથી વિચરે છે. આ રજમાં પ્રભુનાં ચરણ-ચિહ્નો અંકિત છે. આ રજમાં પ્રભુના પ્યારા ગ્વાલ-બાલ, ગોપિકાઓ અને ગાયોનાં ચરણચિહ્નો બિરાજે છે. આ રજનો યશ તો શ્રીમહાપ્રભુજીએ 'શ્રીયમુનાષ્ટક'માં ગાયો- 'મુરારિપદપંકજસ્ફૂરદમંદરેણૂત્કટામ્.' આ જડ રજ નથી. ભગવદ્-સ્પર્શથી સ્ફુરિત-ચેતનરૂપ ભગવદ્રૂપ છે. ભાગ્યશાળીને વ્રજમાં ત્રણ વાનાં સાંપડે : વ્રજવાયુ, વ્રજરજ અને જમુનાજળ. એ પામવા તો વર્ષોનાં વર્ષોથી ભગવદીયો માગતા રહ્યા છે.

'ધન્ય શ્રીયમુનામા, કૃપા કરી શ્રીગોકુલ વ્રજસુખ આપજો.
વ્રજની રજમાં અહર્નિશ અમને સ્થિર કરીને સ્થાપજો.'

'નીરા, આપણું નાનું સરખુંય પોતીકું ઘર બનાવીશું, ત્યારે એને 'વ્રજરજ'નામ આપીએ તો?'

'ઉત્તમ વિચાર છે.'

'ભાભીજી, ગોકુલ આ ગયા!'

'અચ્છા, ભૈયા, ગાડી રોકો. હમ ઈતના ચલકે હી જાયેંગે.'

નીરા-નીરવ ગાડીમાંથી ઊતર્યાં. નીરા ત્યાં જમીન પર ઉભડક બેસી ગઈ. વ્રજરજ લઈ, આંખે લગાવી, મસ્તકે, કંઠે અને હૈયે લગાવી.

પછી શ્રીમદ્ ગોકુલને દંવવત્ કર્યા. નીરવે પણ નીરાનું અનુકરણ કર્યું. આગળ મથુરેશ અને પાછળ નીરા-નીરવ ચાલવા લાગ્યાં. નીરાએ શ્વેત વસ્ત્રો-પરિધાન કર્યાં છે. સાડીનો છેડો માથે ઓઢ્યો છે. એનો વ્હાલમો વાયરો બની એને છેડી રહ્યો છે. માથા પરનો છેડો વારંવાર સરકે છે. વાળની લટ ગાલ પર ગેલ કરે છે. નીરવે પણ આજ સફેદ ધોતી-બંડી પહેર્યાં છે. ગોકુળની સાંકડી ગલીઓમાંથી પસાર થતાં બંને અજબ સંવેદનો અનુભવે છે.

મથુરેશ રોકાયો. પાછળ નીરા-નીરવ થંભી ગયાં. નીરાએ આંખના ઈશારે રોકાવાનું કારણ પૂછ્યું.

'ભાભીજી, યહ હૈ શ્રીગોકુલનાથજીકા મંદિર.' બંનેએ મંદિરના દ્વારે હાથ જોડી મસ્તક નમાવ્યાં.

'યહાં રાજભોગ કે દર્શન કરેંગે. આજ્ઞા હો તો અબ હમ ઘાટ પર ચલેં.'

'હાં, ચલો.'

સૌ ઘાટ પર આવ્યાં. શ્રીયમુનાજીનાં દર્શને ચિત્ત પુલકિત થયું.

'અચ્છા, મથુરેશજી! પહલે યહાં કે સબ સ્થાન બતા દો.'

'અપન ઠાડે હૈં યહ ઠકુરાની ઘાટ હૈ. અપની દાયીં ઓર ઘાટ પર જો મકાન દિખાઈ દેતા હૈ, વહ શ્રીગુસાંઈજીકી સંધ્યાવંદનકી બેઠક હૈ. અપની બાંયી ઓર જો ઘાટ હૈ, વહ ગોવિંદ ઘાટ હૈ. દો ઘાટન કે બીચમેં યહ છોંકરકા વૃક્ષ હૈ. ગોવિંદ ઘાટ પર શ્રી મહાપ્રભુજી કી બેઠક હૈ-વાકે પીછે કે ભાગમેં શ્રીહરસાનજી કી બેઠક હૈ ઔર બગલ મેં શ્રીદ્વારકાધીશ કે મંદિરમેં શય્યામંદિર કી બેઠક હૈ. આપ ઝારી ભરેંગે?'

'હાં, હમ યહાં ઘાટ પર દર્શન કરતે હૈં. આપ હમારા સામાન યહાં લે આઓ.'

'દેખો, યહાં કે બ્રજવાસી તંગ કરેંગે. આપકા પુરોહિત હો તો નામ બતા દીજિયે.'

'ભૈયા, હમ તો પ્રથમ બાર આતે હૈં. લેકિન આપ ફિકર મત કરો. હમ નિપટ લેંગે.'

'જો નીરવ, આ બધા વ્રજવાસી છે. પ્રભુના સંબંધી છે. એમની ગાળનેય ઘીની નાળ ગણવાની. બોલવાનું અને સાંભળવાનું જ નહીં. O.K.'

'O.K.'

⁂

નીરા-નીરવે અપરસમાં સ્નાન કર્યું. લીલો મેવો, મિસરી, સૂકો મેવો, દૂધઘર, દૂધ આદિ સામગ્રી સિદ્ધ કરી. ત્યાં અવાજ આવ્યો : 'સાવધાન.'

'નીરવ, જરૂર કોઈ મહારાજશ્રી પધારે છે.'

ત્યાં તો દર્શન થયાં- ઊંચા, પાતળા, મેઘશ્યામ, શ્વેત કેશ, ધોતી ઉપરણામાં સજ્જ, દીનતાયુક્ત છતાં પ્રસન્ન, તેજસ્વી મુખારવિંદ. પાછળ આપનાં વહુજી અને બાળકો હતાં. બધાં વૈષ્ણવો બાજુએ થઈ ગયાં. નીરાએ બાજુમાં ઊભેલાં બેનના કાનમાં પૂછ્યું : ક્યાં મહારાજશ્રી છે? જવાબ મળ્યો: કચ્છ માંડવીવાળા ચીમનલાલજી મહારાજ. ચીનુબાવા તરીકે સૌ ઓળખે છે. અહીં ગોકુળમાં જ બિરાજે છે.'

બેઠકની ઓસરીમાં આગળ વધતાં, આપ નીરા-નીરવ પાસે અટકી ગયા. વર્ષો જૂની ઓળખાણ હોય એવા ભાવથી પૂછ્યું : 'કબ આયે? કૈસે હો?'

'અભી આયે. આપકી કૃપાસે પ્રસન્નતા હૈ.'

'પ્રથમ બાર આયે?'

'જી હા.'

'અચ્છા, હમારે સંગ ચલો- પહેલે શ્રીયમુનાપૂજન કરેંગે. આપકી સબ સામગ્રી લે લો.'

શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, આપ પાછા ઘાટ પર પધાર્યા. આપે પૂછ્યું: 'આપકા નામ?

'નીરવ. ઔર યહ હૈ નીરા.'

'દેખો, ઠકુરાની તીજ કે દિન યહીં શ્રીવલ્લભ ઔર શ્રીયમુનાકા ભૂતલ પર પ્રથમ મિલન હુઆ ઔર 'શ્રીયમુનાષ્ટક' પ્રકટા. રાત્રિકી નીરવતા મેં બડભાગીન કો આજ ભી સુનાઈ દેતા હૈ. આજકી રાત ઘાટ પર રૂક જાના.'

આપે સપરિવાર શ્રીયમુનાજીનું પૂજન કર્યું. નીરા- નીરવને પણ પૂજન કરાવ્યું. પછી સર્વ સામગ્રીનો ભોગ ધરી, શ્રીયમુનાષ્ટકનો પાઠ કરાવ્યો. પછી આપે શ્રીયમુનાપાન કરી, બંનેને યમુનાપાન કરાવ્યાં.

પછી સૌએ હાથ ખાસા કર્યા. બધી સામગ્રી બેઠકમાં પધરાવી. નીરા-નીરવની આડીથી આપે સૌને સાથે રાખી, શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીને કેસરસ્નાન કરાવી, અત્તર સમર્પી, ધોતી-ઉપરણા ધર્યા. પછી આપે સ્વયં પોતાની સાથે નીરા-નીરવને ઝારી ભરાવી, ચરણસ્પર્શ કરાવ્યા. ગદ્યમંત્રનો અને 'સિદ્ધાંતરહસ્ય'નો પાઠ કરાવી, હાથ ખાસા કરાવી ભોગ ધરાવ્યા.

'દેખો નીરવભાઈ, અબ આપ ઔર સબ બેઠકે સન્મુખ હો આઓ. સબ મંદિરમેં વહાં તક રાજભોગ કે દર્શન ભી ખુલ જાયેંગે. દર્શન કરકે હમારે મુકામ પર આના. આજ મહાપ્રસાદ વહીં લેના.'

'જો આજ્ઞા, કૃપાનાથ. આપને બહોત કૃપા કરી.'

'કૃપા કા યહ તો પ્રારંભ હી હૈ.'

*

સર્વ સ્થળે સેવા-દર્શન કરી, બંને મહારાજશ્રીના મુકામે પહોંચ્યાં. આપ જપ-પાઠમાં બિરાજ્યા હતા. બંને દંડવત કરી સામે બેઠાં. જપ પૂરા થતાં આપે આજ્ઞા કરી: 'નીરાબેન, તમારો વિશેષ પરિચય આપો.'

નીરાએ માંડીને બધી વાત કહી.

'આજ્ઞા હોય તો એક પ્રશ્ન પૂછું.' નીરવે વિનંતી કરી.

'અવશ્ય પૂછો. આજ તો કોઈ પૂછનાર જ નથી.'

'બ્રહ્મસંબંધ થયા પછી, પૂજ્ય શ્રીગુરુદેવે તરત સેવા ન પધરાવી આપતાં, વ્રજયાત્રા કરી આવવાની આજ્ઞા કેમ કરી હશે?'

'દૂધમાં અગ્નિના સંપર્કથી ઊભરો આવે, એમ જીવમાં ક્યારેક ભાવનો ઊભરો આવે, પરંતુ વિપરીત વાતાવરણમાં ભાવ દૂષિત પણ થાય. ભાવ આપણો નિધિ છે. પુષ્ટિમાર્ગમાં ભાવ સાધન છે અને ફળ છે. તમારા ભાવની દૃઢતા થાય એ માટે તમને વ્રજયાત્રાની આજ્ઞા થઈ, એમ મારું માનવું છે. અહીં ભાવ દૃઢ પણ થાય અને ન સંભાળીએ તો દૂષિત પણ થાય એવું વાતાવરણ છે.'

'હવે અમારા પર કૃપા કરી કંઈક આજ્ઞા કરો.'

'સૌ પ્રથમ મહાપ્રસાદ લો. સાંજે શ્રીગોકુલનાથજીની બેઠકે અને ઘાટ પર બેસો. ભગવદીય મળે તો ભાવ-ભાવના, લીલા-ભાવનાનું ચિંતન કરો. સાંજે શ્રીયમુનાજીની આરતીનાં દર્શન કરો અને રાતે ત્યાં બેસી શ્રીયમુનાજીનાં પદગાન કરો. કાલ ગિરિરાજ જાઓ.'

*

સાંજે શ્રીગોકુલનાથજીની શ્રીબેઠકના ચોકમાં નીરાનીરવ બેઠાં હતાં. નીરા-નીરવ શ્રીહરિરાયજીકૃત શ્રીગોકુલનાથજીનાં અષ્ટોત્તર-શત નામાવલીનો સસ્વર પાઠ કરવા લાગ્યાં. દર્શનની રાહ જોતાં ત્યાં બેઠેલાં સૌ વૈષ્ણવો તેના શ્રવણમાં તલ્લીન બન્યાં. ત્યાં દર્શન કરી, દંડવત કરી બંને બહાર આવ્યાં.

'હવે આપણે શ્રીદ્વારકાધીશના મંદિરે જઈએ. આપણી એ નિકુંજ છે.'

ત્યાં સંધ્યા-આરતીનાં દર્શન કર્યાં. શ્રીવ્રજેશકુમારજી વિરચિત 'શ્રીદ્વારકેશાષ્ટકમ્' નીરાએ ભાવવાહી સ્વરોમાં ગાયું. પછી ત્યાં શ્રીબડે બાલકૃષ્ણલાલજીની બેઠખ સન્મુખ બેસી આપશ્રીનું ધ્યાન કરી, આપની અષ્ટોત્તરશત નામાવલીનો પાઠ કર્યો.

ત્યાંથી ઘાટ પર આવ્યાં. શ્રીયમુનાજીની સાયંકાલની આરતીનાં દર્શન કર્યાં. ઘાટ પર એકાંત થતાં બંનેએ શ્રી યમુનાજીનું પદગાન આરંભ્યું. બંને ભાવવિભોર બની ગાઈ રહ્યાં હતાં. ૪૧મા પદની છેલ્લી પંક્તિ 'કરો કૃપા કલિંદગિરિનંદિની' ગાતાં ગાતાં તો બંનેનાં હૈયાં ભરાઈ આવ્યાં, કંઠમાંથી ડૂસ્કાં સરી પડ્યાં. નીરવ તો રીતસર રડી જ પડ્યો. વાતાવરણમાં ખામોશી પથરાઈ ગઈ.

* * *

'વાહ! અદ્ભુત!'

પાછળથી અવાજ આવ્યો. નીરા-નીરવ ચમક્યાં. પાછળ નજર કરી તો ટૂંકી મેલખાઉ ધોતી, બાંયો વિનાની બંડી, સફેદ વાળ, અઠવાડિયાની વધેલી દાઢી, સિત્તેર આસપાસની વય. બંનેએ ઊભાં થઈ, હાથ જોડી ભગવત્સ્મરણ કર્યાં.

'બૈઠો, મેરા નામ શ્યામવલ્લભ. યહાંકા હી રહનેવાલા હૂં. સત્સંગકી ખોજમેં નિકલ પડતાં હૂં. કભી કભી સત્સંગ લાયક ભગવદીય

મિલ જાતે હૈં. છોટે હો, લેકિન બહોત સયાને હો. પ્રભુકી કૃપા દિખાઈ દેતી હૈ.'

'બાવા, બડી કૃપા ભઈ આપકે દર્શન ભયે. કછુ સુનાઓ.'

'બસ યહાં તો સદાસર્વદા શ્રીકૃષ્ણકી બાલલીલા વિદ્યમાન હૈ. દૂસરે શિક્ષાપત્રમેં શ્રીહરિરાયચરણને ઈસી લીલાકા બહોત સુંદર, અર્થગંભીર નિરૂપણ કિયા હૈ. યહી શ્રીયશોદાનંદન હમારે સેવનીય હૈં. પુષ્ટિમાર્ગમેં સુનને જૈસે દો શબ્દ હી હૈં- 'સેવા કરો.' બસ, યહ બાત બન જાય, તો બાકી સુનનેલાયક કુછ નહીં બચેગા. એક સાધે, સબ સધે.

લાલી, એક ઔર બાત ભી ધ્યાનમેં રખના. ગોકુલ કેવલ કોઈ ગાંવવિશેષ નહિ હૈ. ભાવવિશેષ ભી હૈ. જહાં જહાં 'ગો' માને સબ ઈન્દ્રિયન પ્રભુકે લાયક ધામ બન જાય, વહાં ગોકુલ હૈ. અપના દેહ ભી ગોકુલ હૈ.'

'દાદાજી, ઈસી કારણસે ગાયા ગયા કિ'રે મન સદા ગોકુલમેં રહિયે.' ઐસા ભી કહા ગયા કિ 'ભક્તિ પ્રથમ ગોકુલમેં આઈ.'

'હાં, લાલી, ભક્તિ તો રસ હૈ. જહાં ભકિત-રસ, વહાં શ્યામ-રસ.'

'દાદાજી, મને ગોકુલ શબ્દનો એક બીજો અર્થ મનમાં આવે છે.'

'બતાવ, લાલા.'

'ગોકુલને અંગ્રેજીમાં લખવું હોય તો Go-cool એમ લખી શકાય. જ્યાં જવાથી વિરહતાપમાં તપેલી સર્વ ઈન્દ્રિયોને ભક્તિરસની શીતળતા મળે-સંયોગનું સુખ મળે તે ગોકુલ.'

'વાહ, વાક્પતિની તારા પર પણ કૃપા થઈ.'

'દાદા, એક વાત પૂછું? સેવા બાલભાવથી કરવાની કહી છે, પણ સેવામાં અનેક પદો કિશોરભાવનાં પણ છે. કીર્તન સહિત સેવા કરતાં,

કીર્તનનો ભાવ બદલાય, એમ મનનો ભાવ બદલવા જતાં ક્યાંક મૂંઝવણ થાય છે.'

'બેટા, ભાવ તો પ્રભુ સિદ્ધ કરે, કારણ એ ભાવાત્મા છે. પ્રભુ વિરુદ્ધ ભાવાત્મા છે. એક કાલમાં અનેક વય ધારણ કરી બાલ-કિશોર લીલા કરે છે. ગોપીજનોને આવો અનુભવ પણ કરાવ્યો છે. પલનામાં બાલસ્વરૂપે પોઢીને, નેત્રથી કિશોરભાવનો અનુભવ પણ કરાવ્યો છે. શ્રીગુસાંઈજીએ 'પ્રેંખપર્યંકશયનં' પદમાં આ વિરુદ્ધ ભાવનું નિરૂપણ કર્યું છે. એક બાજુ નંદસદનમાં બાળક બની પલને ઝૂલે છે, તો બીજી બાજુ 'વૃંદાવન ગહ્વર નિકુંજ યુવતીન ભુજ ઝુલત હેં પલના.' માટે બાલ ભાવથી સેવા કરવી એનો અર્થ એવો કે 'ભોજયેષુ માતા' બનવું. બાળક પાસે મોટા કશું માંગે નહિ, બાળકને બધું આપે. આમ, સેવામાં પ્રભુને લાડ લડાવવાં. તેમની પાસે બદલામાં કશું માગવું નહિ. બાળક સામે રડાય નહિ. બાળક સામે હસતું મોં રાખવું જોઈએ. પ્રભુ પાસે હસતા રહીને સેવા કરવી. બાકી તમારા હૃદયમાં કિશોરભાવનું પ્રભુ દાન કરે, તો એ ભાવ-ભાવનાય થાય.'

'બાવા, શ્યામસુંદરને પામવા, દૂર દૂરના ગામથી ગોપિકા ગોકુળિયાને સાસરું કરીને આવતી. અહીં ભક્તો જે મનોરથ લઈને આવે છે, તે મળે છે. બાવા, અમને સેવા માટે શ્યામસુંદર જોઈએ છે-સદાય હસતા. અમને એ મળશે?'

'વાહ બેટી, વ્રજમાં શ્યામ ન મળે તો વ્રજનું નામ લજાય. જરૂર મળશે. તારી આસક્તિનું સ્વરૂપ તો બતાવ.'

'શ્રીદ્વારિકાધીશ.'

'ત્રીજા ઘરનાં સેવક છો, એમને?'

'હા.'

'એ તો શ્રીયમુનાજીના પ્રિયતમ છે. આજ તમે પદગાનથી શ્રીયમુનાજીને રીઝવ્યાં છે. કૃપા કરવા આર્જવભરી વિનંતી કરી છે. વ્રજમાં રાધારાણી છે, ચંદ્રાવલી રાણી છે, સહચરીજી છે; પણ શ્રીયમુનાજી તો મહારાણી છે. એની પાસે માગો તે મળે. તમારો મનોરથ પણ એ જ પૂરો કરશે.'

'દાદા, સાંભળ્યું છે કે ભગવદીય રીઝે તો શ્રીહરિ-ગુરુ રીઝે. અમને એવા આશીર્વાદ આપો કે અમારા શ્યામ અમને મળે અને એની સંગે અમે સદાકાળ રહીએ.'

નીરાએ આર્જવભર્યા સ્વરે પદગાન કર્યું :

'યહ માગૌં શ્રીગોપીજનવલ્લભ,
માનુષ જન્મ ઔર હરિસેવા, બ્રજ બસિવો દીજે મોહિ સુલભ.'

■

૨૩. લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે

મથુરાથી સવારે નવના સુમારે ફિયાટ જતિપુરાની દિશામાં જવા નીકળી.

મથુરેશે કહ્યું : 'ભાઈસા'બ, આપણે આજે જતિપુરા શ્રીગિરિરાજજીને દંડવત કરી, પહેલાં નંદગાંવ, બરસાના, કામવન જઈ આવીએ. સાંજે શૃંગાર સમયે જતિપુરા આવીએ. બીજા દિવસે વહેલી સવારે શ્રીગિરિરાજજીની પરિક્રમા કરીશું. પછી દૂધથી સ્નાન કરાવી, ભોગ ધરીશું. સાંજે મથુરા પાછા.'

'ભૈયા, તમે અનુભવી છો. જેમ યોગ્ય લાગે તેમ કરો.'

નીરા; ઊંઘી ગઈ કે શું? ગઈ કાલનો ઉજાગરો વસૂલ કરવાનો વિચાર તો નથી ને?'

'ઊંહું, શમણું વાગોળું છું. વહેલી સવારે સપનામાં શ્યામ દેખાયા. એક કુંડ પાસે, વૃક્ષ નીચે, નવ-દસ ઇંચનું ચતુર્ભૂજ સ્વરૂપ. મને કહે, તારા ઘેર આવવું છે. મેં કહ્યુંઃ તો એમાં શાનું મૂરત જોવાનું છે? ત્યાં તો આંખ ખૂલી ગઈ. સ્વપ્નું ને શ્યામ બેય ગાયબ.'

'મનેય તું કહે છે એવાં જ દર્શન થયાં. મને કહેઃ મને સાચવે તો આવું. પાછો શિવજી પાસે જવાનું મન નહિ કરે ને?'

'નીરવ, એનો અર્થ એ થયો કે એ આજકાલમાં જ મળશે. પછી આપણે બે જણ મળીને એને ખૂબ સ્નેહ કરીશું. હું સામગ્રી કરીશ, તું શૃંગાર કરજે. આપણે સાથે કીર્તન ગાઈશું. પણ પછી એના સિવાય બીજી કોઈ વાત નહિ.'

'તો તમે નીરા મટી મીરાં બની જશો, એમ ને? પછી આપણા રામનું શું થશે?'

નીરાએ નીરવના કાન પાસે મોં લઈ જઈ કહ્યું : એની મીરાં બનીશ એટલે તારી સીતા મટી નહિ જઉં. બલકે.....'

'શું બલકે....?'

'ચૂપ, આપણે વ્રજમાં છીએ!'

બંને મુક્ત મને ખડખડાટ હસી પડ્યાં. નીરાના ગાલ પર રમતી અલકને નીરવે સરખી ગોઠવી.

ત્યા ગોવર્ધન આવ્યું. ગોવર્ધનનું બજાર વટાવી, ગાડી જતિપુરાના માર્ગે સરકી. ગિરિરાજજીનાં દર્શન થતાં બંને ભાવવિભોર બન્યાં. નીરાએ હાથ જોડી કહ્યું : શ્રીહરિદાસવર્ય ગિરિરાજગોવર્ધનાય નમઃ।'

'મથુરેશજી, આપણે પહેલાં કામવન પહોંચી જઈએ. રાજભોગનાં દર્શન થાય. પ્રભુ કૃપા કરશે તો મહાપ્રસાદની પણ ત્યાં જ વ્યવસ્થા થશે.'

'હાં જી, ઐસા હી કરતે હૈં.'

ગાડી કામવનના માર્ગે દોડતી રહી. નીરા નીરવને કામવનની લીલા વિષે કહેતી રહી. કામવનમાં બિરાજતાં શ્રીચંદ્રમાજી અને શ્રીમદનમોહનજીનાં સ્વરૂપો વિષે પણ નીરાની વાક્ધારા ચાલતી રહી. કામવનમાં બંને મંદિરે રાજભોગનાં દર્શન કરી, મંદિર સામેની ધર્મશાળામાં જ વિશ્રામ કરી, પ્રસાદ લીધો.

'મથુરેશજી, અબ ક્યા પ્રોગ્રામ હૈ?'

'બેનજી, અબ અપન પ્રેમસરોવર હોકર, નંદગાંવ બરસાના જાયેંગે. યહાં વિશ્રામ કરના હૈ ક્યા?'

'દેખો ભૈયા, સબ સ્થલન કે દર્શન કરને હૈં. વિશ્રામ તો બંબઈ જાકર.'

'અચ્છા, તો ચલેં.'

* * *

પ્રેમસરોવર પહોંચતાં પહોંચતાં જ વ્રજની ગરમીનો આછોપાતળો અનુભવ થઈ ગયો, પણ પ્રેમસરોવરનાં દર્શનથી ચિત્ત પ્રસન્ન થયું. અષ્ટકોણાકૃતિ સરોવરની ચોમેર વનરાજિની શીતળતા હતી. પવન પણ શીતળ હતો. સરોવરના ઘાટ પર શ્રીગુસાંઈજીની બેઠક હતી.

'નીરા, મને તો મારા વડનગરનું સમોડા તળાવ યાદ આવી ગયું. બે ડૂબકી મારી લેવાનું મન થાય છે.'

'આમ તો અહીં વ્રજમાં રસનો મહાસાગર છલોછલ ભર્યો છે. તેમાં સદા માટે ડૂબી જવાનું મને તો મન થાય છે.'

'તારી વાત તું જાણે. આપણે તો બે ડૂબકી મારી લઈએ.'

નીરા ઘાટના પગથિયા સાથે પીઠ ટેકવી, વિશ્રામની સ્થિતિમાં પગ લંબાવીને બેઠી. ક્ષણ બે ક્ષણમાં પાંપણના ટેરા નીચે સરકી ગયા. નીરવને હતું પાંચ-દસ મિનિટમાં નીરા બોલાવશે-ચાલ, મોડું થાય છે! પણ અર્ધો કલાક થયો તોય નીરા તો ચૂપ જ રહી. જરૂર ઝોકું આવી ગયું! નીરવે બહાર નીકળી પાણીની છાલક નીરાનાં મોં પર મારી.

નીરા આંખો ખોલ્યા વિના બબડી : 'મોહનજી, આ તમારું મથુરા નથી. મથુરાના રાજા બન્યા તોય ન સુધર્યા.'

'એય નીરા, શું બબડે છે? સ્વપ્નું જુએ છે?'

બીજી છાલકે નીરાની આંખો ખૂલી ગઈ. સામે સફેદ નીકરમાં નીરવ ભીના શરીરે ઊભો હતો.

'હા નીરવ, સ્વપ્નું જ આવ્યું. ધોળા દિવસે સ્વપ્નું.'

'મને નહિ બતાવે?'

'ચાલ, કપડાં બદલ. રસ્તામાં વાત કરીશ.'

* * *

'નીરવ, તને ખબર છે કે શ્રીકૃષ્ણ વ્રજ છોડી મથુરા કયા દિવસે પધાર્યા?'

'ના, મને તો એટલી ખબર છે કે નીરારાણી પાટણ છોડી, વડનગર ક્યારે પધાર્યાં.'

'Be serious.' સાંભળ્યું છે કે તે દિવસ આસો સુદ પૂનમ હતી. શ્યામના મથુરા પધારવાના સમાચાર મળતાં સૌ નંદગાંવની દિશામાં દોડતાં હતાં. રાધિકાજી તો સવારે જાગ્યાં ત્યારથી જ શરદપૂર્ણિમા માણવાના મનોરથમાં મગ્ન હતાં. શ્વેત વસ્ત્રાભૂષણો સજતાં હતાં, ત્યાં જ સખીએ સમાચાર દીધા. ફાળ ભર્યા હૈયે બરસાનાથી દોટ દીધી. શ્વાસભેર નંદગાંવ પહોંચ્યાં. માંડ-માંડ ભીડમાંથી માર્ગ કરી, રથ પાસે પહોચ્યાં. ચાર નેત્રો એક થયાં. માધવ નીચે પધાર્યા. રાધાના બે હસ્ત પકડી, પોતાની બંસરી રાધાના હસ્તમાં મૂકી દીધી. રાધાનાં તો રોમ-રોમ નેત્રો બની અશ્રુધારે રડતાં હતાં. રાધાએ મુરલીને હૈયાસરખી ચાંપી, નેત્રો મીંચ્યાં.

રાધાનાં નેત્રો ખૂલ્યાં, ત્યારે રથે તો મથુરાની દિશા પકડી લીધી હતી. દેખાતા હતા રજના ગોટા. રાધાજી પાછાં વળ્યાં. પગ ક્યાં જાય છે, તેનુંય ભાન નથી. થાકેલા પગ અટક્યા, ત્યારે ભાન આવ્યું કે તેઓ અહીં પ્રેમસરોવર પહોંચ્યા છે. પ્રેમસરોવરનાં દર્શને મનમાં પ્રથમ પ્રેમની સ્મૃતિઓના તરંગો જાગ્યા. યાદ આવી ગઈ, ગઈ કાલની બપોર. ગૌચારણ કરતા શ્યામ વિશ્રામ કરવા અહીં પધાર્યા, ત્યારે પોતે પણ એકલાં અહીં આવી પહોંચ્યાં હતાં. પવન વેગથી ચમર ઢોળતો હતો. શ્યામની પીળી પાઘમાંથી મોરપિચ્છ ઊડી, રાધાજીની ગુલાબી સાડીના પાલવમાં ભરાઈ ગયું.

'રાધિકે, મારું મોરપિચ્છ આપ.'

'જા રે છલિયા, આ તો બરસાનાની હદ છે. અહીં તો બધું મારું છે.'

'જો ગોરી, મને ચીડવ નહિ. બીજું બધું તારું. હું પણ તારો. મોરપિચ્છ અને મુરલી મારાં.'

'એમ? એટલાં વહાલાં હોય તો સાચવતાં શીખો. મને મળેલું મોરપિચ્છ તો ન જ આપું; છતાં જોઈતું હોય તે જરા કમર નમાવો, કાનજી! અહીંની ભૂમિમાં ઘણાંય પડ્યાં છે. એકને બદલે બાર લેવાની છૂટ.'

'મારે તો મારું જ જોઈએ.'

'જા રે મારાવાળા! આ તો નહિ જ મળે!'

રાધાજીએ મોરપિચ્છ ન આપ્યું. શ્યામ ચૂપચાપ ચાલ્યા ગયા. એને યાદ કરી, રાધાજીનું હૈયું હાથ ન રહ્યું. રડી ગયાં. 'શ્યામ, તમને તો માન કરતાં કદી નથી આવડ્યું. આટલા અમથા પીંછા માટે આટલું મનદુ:ખ કર્યું! આખા વ્રજને છોડી ગયા?' રાધિકા રડતાં રહ્યાં, રડતાં રહ્યાં....એમનાં પ્રેમાશ્રુથી પ્રેમસરોવર છલકાઈ ગયું. ત્યાં સરોવરમાંથી બહાર પધારી શ્યામજીએ રાધાજીનાં મુખ પર છાલક મારી-અને તે જ સમયે તેં મારા મુખ પર પણ છાલક મારી!

* * *

નંદગાંવ બરસાનાથી ગહેવરવનના રસ્તે નીરા-નીરવ નીચે આવી રહ્યાં હતાં. આકાશમાં શ્યામ વાદળ ધસી આવ્યાં. શીતળ સમીર વાતો હતો. ગહેવરવનની વનરાજિમાં એકસામટાં અનેક મોરની કેકા ગહેંકી ઊઠી. સામે જ બે મયૂરો સામસામે કળા કરી નૃત્ય કરતાં હતાં. નીરાએ નીરવનો હાથ પકડી, તેને થોભાવી દીધો.

'નીરા, જોયું. શ્યામા-શ્યામ મયૂર-સ્વરૂપે નૃત્ય કરી રહ્યાં છે. માનમિલાપ થઈ ગયો.'

* * *

ગાડી જતિપુરાની દિશામાં દોડતી હતી, ત્યાં અચાનક ડ્રાયવરે જોરથી બ્રેક મારી.

‘બેનજી, ભાઈસા’બ, યે કૌતુક દેખો. રાસ્તે કી દોનોં ઓર ખેત હૈં. ખેત કી સીમા પર કાંટે લગાયે ગયે હૈં. કહીં ખેત મેં આને-જાનેકા રાસ્તા હી નહીં હૈ ફિર ભી દેખો, યે ગાયેં કહાં સે આ રહી હૈં...કહાં જા રહી હૈં. યે અચંબા હૈ.’

‘હાં, ગાયેં ભી બહોત સુંદર હૈં. કોઈ અલૌકિક દૃશ્ય લગતા હૈ.’

‘જી હાં, ગૌચારણસે ઘર વાપસ જાનેકા સમય હૈ.’

‘ગોપ-ગ્વાલ તો દિખાઈ નહીં દેતે.’

‘જિનકા ભાગ્ય હો ઉન્હેં અલૌકિક દર્શન હોવે. અભી અપના અધિકાર ઈતના હી સમજો.’

‘ભૈયા, ઐસા અનુભવ આપકો હુઆ હૈ?’

‘બેનજી, બ્રજ મેં અનુભવ કી કોઈ કમી નહીં.’

⁂

સાંજે જતિપુરા આવતાં અંધારું થઈ ગયું. ધર્મશાળામાં મુકામ કર્યો મથુરેશે કહ્યું : ‘હજી દર્શનની વાર છે. હું એકાદ કલાકમાં આવું છું.’

નીરા-નીરવે સ્નાન કર્યું. થાક ઓસરી ગયો. તાજગી આવી. નીરાએ શ્યામ-કેસરી લહેરિયાની સાડી સાથે શ્યામ બ્લાઉઝ પહેર્યું. નીરવે ધોતી અને આછા બદામી રંગની બંડી પહેરી.

‘નીરવ, સાંજે શ્રીજીબાવા વ્રજમાં પધારે છે. શયનનાં દર્શન અહીં આપે છે. શ્રીગિરિરાજબાવાને શ્રીનાથજીસ્વરૂપે અત્યારે શૃંગાર થાય છે. ચાલ, ત્યાં તળેટીમાં જઈને બેસીએ.’

બંને રૂમ બંધ કરી ચોકમાં આવ્યાં. રાત્રિબજાર જામ્યું હતું. સૌ ભાત-ભાતના સ્વાદ કરવામાં ચકચૂર હતાં.

‘કેમ, મન થાય છે?’

‘દેખોજી, મોકો એક હી સ્વાદ કી તરસ હૈ.’

‘?’

‘શ્યામ-સ્વાદ સે ઓર ન સ્વાદ સુહાવે.’

‘વાહ, વાહ, નીરવ બહોત ખૂબ.’

તળેટીમાં પહોંચ્યાં, ત્યારે દર્શન ખૂલી ગયાં હતાં. કેસરી સૂથન, શ્યામ-કેસરી લહેરિયાંનો ચાકદાર વાઘો, કટિપર કેસરી પટકા, મસ્તકે કેસરી પાઘમાં મોરપિચ્છની ગોળ ચંદ્રિકા, હીરાનાં આભૂષણ. શ્રીગોવર્ધનનાથજીની સાંવરી છટાએ નીરા, નીરવનાં મન મોહી લીધાં. નાસિકામાં ઝૂલતા નકવેસરના દર્શને નીરવથી ગવાઈ ગયું:

‘વેસર કૌન કી અતિ નીકી.’

રાધિકાજીએ લલિતાજીને પ્રશ્ન કર્યો. ચતુર-સુજાણ લલિતાજીએ જવાબ આપ્યો: આમ તો બંનેની વેસર સુંદર છે, પણ અમારાં વૃષભાનલલીની વેસર થોડી વધુ શોભે છે.

આ લીલાનું સ્મરણ કરતું પદગાન સાંભળી જાણે શ્રી ગોવર્ધનનાથજી પણ મંદ મંદ મુસ્કરાતા હતા, તો સામે બેઠકમાં બિરાજતા શ્રીવલ્લભ અને શ્રીહરસાનીજી તો રાધાલલિતા સ્વરૂપે આ લીલાનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યા હતા.

શયન આરતી થઈ, ત્યાં સુધી નીરા-નીરવે વિવિધ તાન-પલટા અને આલાપ સાથે આ પદ ગાયું. આરતી કરી મુખિયાજીએ બંનેને પ્રસાદી બીડાં આપતાં કહ્યું :

‘વાહ! આપને તો આજ હમારે પ્રભુકો પ્રસન્ન કર દિયે. કછુ માંગો.’

‘બાવા, હમ યહાં માંગને નહિ આયે હૈં. સહસ્ર ભુજા ધારણ કર માંગનેવાલા તો સામને હૈ. હમ તો ભક્ત હૈં. પૂછો ઈનસોં. કછુ હમ પે ચાહે તો માંગ લે. બાવા, આજ તક યે નીરવ મેરા થા, આજ નીરવ કો ઈનકે ચરનન મેં સોંપને આઈ હૂં.’

‘ઔર બાવા, ઈનસોં પૂછિયો. હમારે ઘર આનો હો, તો શ્રીદ્વારકેશ બનકે આવે. હમ લેં જાયેંગે.’

દર્શન બાદ નીરા-નીરવ તળેટીમાં જ બેસી ગયાં. બંનેએ સાથે આશ્રયનાં પદ ગાયાં અને છેલ્લે ગાયું : ‘શ્રીગોવર્ધન કી રહિયે તરહટી.’

◆

૨૭. પરમ મંગલ ભયો ભવન મેરે

શ્રીગિરિરાજજીના મુખારવિંદને દંડવત કરી, શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈ, મથુરેશને સાથે લઈ નીરવ-નીરા શ્રી ગિરિરાજજીની નવકોસી પરિક્રમા કરવા નીકળ્યાં. બંનેની દૃષ્ટિ તેમના જમણા હાથ ભણી, શ્રીગિરિરાજજી તરફ હતી. માર્ગમાં આવતાં સ્થળોની લીલાની વાતો મથુરેશ એની વિશિષ્ટ વ્રજ-જબાનમાં કરતો હતો. બંને સાથોસાથ ભગવન્નામ જપતાં હતાં. પરોઢના સમયની શીતળતા આહ્‌લાદક હતી. પક્ષીઓનો કલરવ કર્ણ-મધુર હતો.

‘નીરવ, સારસ્વતકલ્પમાં પ્રભુએ જ્યારે પ્રથમ રાસ રચ્યો અને અંતર્ધાન થયા, ત્યારે તેમને શોધવા વ્રજગોપિકાઓ ચંદ્રસરોવરથી આ જ માર્ગે નીકળ્યાં હતાં. એમણેય શ્યામની શોધમાં શાયદ શ્રીગિરિરાજજીની પરિક્રમા કરી હશે. શ્રીગિરિરાજજીની તરહટીની આ વ્રજરજ વ્રજગોપિકાઓનાં વિરહાશ્રુથી સંમિલિત છે. શ્રીગિરિરાજબાવા હરિદાસવર્ય સ્વરૂપે બિરાજે છે. એમના હૃદયમાં વિપ્રયોગધર્મી સ્વરૂપે શ્યામસુંદર બિરાજે છે. માટે જ વ્રજગોપિકાઓને અહીં વિરહ સિદ્ધ થયો. શ્રીગિરિરાજબાવાએ તેમને દીનતાનું દાન કર્યું. આપણે પણ આ ભાવથી શ્રીગિરિરાજબાવાને વીનવવા નીકળ્યાં છીએ.’

‘નીરા, મને તો હૃદયમાં એવો ભાવ જાગે છે કે અહીં જ ક્યાંક કોઈક કુંડના ઘાટ પર, વૃક્ષની છાયામાં આપણને સ્વપ્નમાં દર્શન આપનાર કેમ ન બિરાજતા હોય?’

‘તો તો તારા મોંને સાકરથી ભરી દઉં.’

'નીરા, મથુરેશ કહેતો હતો કે શ્રીગિરિરાજબાવા પરિક્રમાર્થીઓને વિવિધ સ્વરૂપે દર્શન પણ આપે છે.'

'હા, નીરવ, ગ્વાલ, ગાય, સિંહ, સર્પ અને સાક્ષાત્ ભગવદ્સ્વરૂપે શ્રીગિરિરાજબાવાની કૃપા થાય તો એમનાં દર્શન થાય.'

'અહીં. ગિરિકંદરાની કુંજોમાં જ રસખાનજીને અલૌકિક દર્શન થયાં હતાં કે કોમળ પર્ણ-પુષ્પોની શય્યામાં કિશોરીજી પોઢ્યાં છે અને સરકાર કિશોરીજીની ચરણસેવા કરે છે. વે દેખો પલોટત પાયન રાધા કે.'

'આ સમગ્ર લીલાભૂમિ સારસ્વતકલ્પનું વૃંદાવન છે. પ્રભુને વૃંદાવન અતિ પ્રિય છે. વૃંદા એટલે તુલસી. તુલસી પ્રભુનાં ચરણપદ્મજા છે. પ્રભુને ભક્તો ખૂબ ભાવે. સદા ભક્તોથી વીંટળાયેલા રહે. માટે વૃંદાવનવિહારી વૃંદાવનમાં ન મળે તો બીજે ક્યાં મળે?'

'બેનજી, યે જાન-અજાન વૃક્ષ.'

'ઓહ, આ વૃક્ષો સાથે તો વ્રજગોપિકાઓએ વાતો કરી હતી. આવ નીરવ, આપણે પણ એમને ભેટીને ભગવદ્સ્મરણ કરીએ અને પૂછીએ કે અમારા શ્રીદ્વારકેશને તમે જોયા છે? ક્યાં બિરાજે છે?'

'નીરા, ન મળ્યો ને જવાબ? વૃક્ષો પૂર્વજન્મના ઋષિઓ છે. એમની યોગસમાધિ છૂટે તો જવાબ આપે ને! એ ય પ્રાણેશની પ્રાપ્તિમાં પાનખર વેઠે છે.'

'નીરવ, ખુલ્લા પગે ચાલવું ફાવે છે ને?'

'નીરા, સારું લાગે છે. વ્રજરજ માખણ જેવી મુલાયમ છે.'

'પણ તેમાંય કાંટા-કાંકરા તો છે જ. એ તો ચૂભે ને!'

'એ તો અહીંની વિશિષ્ટતા જણાય છે. વ્રજરજની કોમળતા સંયોગસુખનું સ્મરણ કરાવે છે, તો એની કઠોરતા વિરહતાપ કલેશનો અનુભવ કરાવે છે.'

'એને હું તો આમ વિચારું. સંસારનાં સુખોની મુલાયમતા માટે મન આદતવાળું ન બની જાય, માટે પ્રભુ એમાં દુઃખોના કાંટા-કાંકરાનો અનુભવ કરાવી, પોતાના સ્મરણની તીક્ષ્ણતા પ્રકટાવે છે.'

'નીરા, તું રોજ સવારે ઊઠીને શ્રીહરિરાયજીનું પદ ગાય છે: જયજય શ્રીવલ્લભ પ્રભુ શ્રીવિઠ્ઠલેશ સાથે. તેમાં છેલ્લી પંક્તિ છે: 'રસિકચરન સરન સદા હી રહત હૈ બડભાગી જન, અપનો કરિ શ્રીગોકુલપતિ ભરત તાહિ બાથે.' મને વિચાર આવતો, આપણા આ લોહી-માંસવાળા લૌકિક શરીરને શ્રીગોકુલપતિ પોતાના આલિંગનમાં કેવી રીતે લે? એ મહાસુખ આ દેહથી કેમ મળે? આજે એનો જવાબ મને અહીં મળે છે. આ વ્રજરજ ભગવદ્-ચરણારવિંદથી સ્ફુરિત ભગવદ્રૂપ બની છે. પરિક્રમા કરતાં પગથી માથા સુધી આ વ્રજરજ આપણને આલિંગે છે, ત્યારે ભગવદ્-આલિંગનનો ભાવ જ મને તો અનુભવાય છે.'

'નીરવ, તને ધન્ય છે. શ્રીઠાકોરજીએ તારા ઉપર ખૂબ કૃપા કરી, તને આવા અલૌકિક ભાવનું દાન કર્યું છે. જોં લોં હરિ આપુનપૈ નહિ જનાવે, તોં લોં યહ માર્ગ કો સિદ્ધાંત પઢે સુને નહિ આવૈ. અમારા જેવા પરંપરાગત સંસ્કારમાં ઊછરેલાના ભાવનો ગ્રાફ ક્ષિતિજ-સમાંતર (Horizontal) જ રહે છે. જ્યારે અપરંપરાગત વલણવાળા ભક્તોના ભાવનો ગ્રાફ આકાશતરફી (Vertical) જાય છે.'

'તને એની ઈર્ષા તો નહિ થાય ને?'

'બસ કે? તેં હજી નીરાને પૂરી ઓળખી જ નથી. ઈર્ષા કરે મારી બલા. તું ઘરમાં નીરાની સાથે બીજી મીરાં લઈ આવે ને, તોય હું તેને 'વેલકમ' કરું પતિ કહે સો કીજિયે, આપુ હી વશ હોય. મારી તો થિયરી જ જુદી છે.'

'Thank you.'

* * *

રાધાકુંડથી કુસુમસરોવર જતાં રસ્તામાં એક બંગાળી મહાત્માનો મેળાપ થયો. ‘રાધે રાધે’ના નામસ્મરણનો બેરખો તેમના જમણા હાથમાં સતત ફર્યા કરતો હતો. બંગાળી ઢબે પહેરેલી શ્વેત ધોતી સિવાય શરીર પર કોઈ વસ્ત્ર નહિ. વાતવાતમાં નીરવે પૂછ્યું: ‘મહાત્માજી, સતત નામસ્મરણની એકવિધતાથી થાક કે કંટાળાનો અનુભવ થાય છે ખરો?’

‘ભૈયા, સિધ્ધાંત તો એમ કહે છે કે રાધા-કૃષ્ણ પરમાનંદ સ્વરૂપ છે. એમનું નામ પણ એ જ પરમાનંદ-રસરૂપ છે. શેરડીનો રસ પીવાથી તૃપ્તિનો અનુભવ થાય. થાક કે કંટાળો હોય, તો દૂર થાય. એમ રાધા-કૃષ્ણનું નામ રસરૂપ-ચેતનરૂપ છે. એ આપણા રોમ-રોમને ચેતનવંતું બનાવી રસાનુભવ કરાવે.’

‘પણ અમને સંસારીઓને તો, આપ કહો છો તેવો અનુભવ થતો નથી. બે-ચાર માળા ફેરવતાં હાથ, જીભ અને મન થાકવા લાગે છે. એમ કેમ થતું હશે?’

‘ભૈયા, એમાં સાયકોલોજી છે. જેને જે ગમે - પછી તે વ્યક્તિ હોય કે વસ્તુ - તેમાં રુચિ, રસ વધે. મનનું વલણ તેના તરફી રહે. સતત તેની યાદ આવે. એ યાદ વારંવાર ચોકલેટની જેમ મમળાવવાનું મન થાય અને તેમાં આનંદ આવે. તમારા ગુજરાતમાં એક કવિ થઈ ગયો-કલાપી. એણે એક પંક્તિ લખી છે : ‘માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લહાવો.’ તમને સંસારીઓને જે વિષયમાં રુચિ છે, તેને વાગોળવામાં ક્યાં વાંધો આવે છે? તમે તમારી જ વાત કરો. તમને સંસારમાં સૌથી પ્રિય શું છે?’

‘બાવા, આજની તો ખબર નથી; પણ ગઈકાલ સુધી તો આ નીરા હતી.’

‘એમને દિવસમાં કેટલી વાર યાદ કરતા?’

‘ગણતરી તો નથી કરી. પણ વારંવાર યાદ આવે. જ્યાં જ્યાં નજરમાં જળ પડે, યાદ ત્યાં તારી ચડે. એમ કલાપીની જેમ ગાતો. ઓફિસમાંય કોઈ સ્ત્રી કસ્ટમરને જોઉં, એટલે નીરા યાદ આવે.’

‘અને બાવા, ઘરમાં તો ભાઈસા’બ મૂંગામંતર. એમના મોંમાંથી નીરા નામ જ ન નીકળે.’

‘તે તું સામે હોય ત્યારે....’

‘સમજી ગયો તમારી વાત. મારે પણ પૂર્વાશ્રમમાં તમારા જેવું જ- પણ જરા જુદું. મોટી ઉંમરે પુત્ર થયો - એમાં અનહદ પ્રેમ. એની પાછળ એટલો ઘેલો થયો કે કલકત્તા હાઈકોર્ટની મારી ધીકતી પ્રેકટીસ પણ ખલાસ થઈ ગઈ. નાની વયમાં મા-વિહોણા બનેલા મારા એ દીકરાની હું મા પણ બની ગયો. એના પ્યારમાં મારો સુખસંપન્ન સંસારનો બાગ રોળાવા દીધો. સોળ વર્ષનો એ માસુમ દીકરો, અઢાર વર્ષની એક કોઠાવાળીની દીકરીના મોહમાં સાનભાન ભૂલી, મારા સ્નેહ અને સમર્પણને તરછોડી ભાગી ગયો. દુનિયામાં આવા નાદાનોની જે સ્થિતિ થાય, તે જ એની થઈ. ચોવીસ કલાકમાં તો એ બદચલન લત્તામાંથી એની લાશ મળ્યાના સમાચાર ફોનથી પોલીસે મને આપ્યા, ત્યારે મને લાગેલા આઘાતમાં હૃદયમાંથી ગેબી અવાજ આવ્યો, ‘તું મારા શરણે આવ. તારી જાત મને સોંપી દે.’ આંખ ખોલું છું, ત્યાં સામેની ભીંત પર રાધા-કૃષ્ણના રમણીય ચિત્રવાળું કેલેન્ડર છે. તે જ ક્ષણે ઘર છોડી, સ્ટેશને આવી, ગાડી પકડી. ત્યારથી જીભ ‘રાધે’ને રટતી થઈ છે. લોકનિષ્ઠા ભગવદ્‌નિષ્ઠાની વિરોધી છે. માટે સંસારીઓને શ્યામના નામ-સ્મરણનો થાક લાગે છે. તમે તમારું મન શ્યામને સોંપી દો. પછી શ્યામ સિવાય કશું યાદ જ નહિ આવે.’

અત્યાર સુધી બંગાળી મહાત્માની વાત ધ્યાનથી સાંભળતી નીરાએ કહ્યું: ‘બાબા, મારો એક પ્રશ્ન છે.’

'પૂછ બેટી, તારા આ બાબા શાસ્ત્રો ભણ્યા નથી. 'રાધે'-ના બે અક્ષર સિવાય કંઈ જાણતા નથી, પણ મારાં રાધે રાણી જે જવાબ આપશે, તે કહીશ.'

'બાવા, ભગવન્નામ રસાત્મક છે, તે વાત સાચી. તે લેવાય તેટલી વાર આનંદ-રસનો અનુભવ થાય એ પણ સાચું; પરંતુ ભગવન્નામ લેવાની સાધારણ જીવની શક્તિ કેટલી? એ નામસ્મરણ અટકી જાય તે પછી આનંદ-રસનો અનુભવ થાય?'

'ના રે ના. લીમડાના કડવા રસ જેવા સંસારરસમાં ડૂબ્યા પછી અલૌકિક આનંદરસનો અનુભવ ક્યાંથી થાય?'

'હાં, હવે વાત સમજમાં આવી.'

'શી વાત?'

'અમારા ગુરુ શ્રીવલ્લભાચાર્યજીએ કહેલી. નામસ્મરણ તો સતત કરો, પણ સાથે કૃષ્ણસેવા પણ કરો અને એ સેવા કોઈ Parttime job ની જેમ નહિ, જીવનને કૃષ્ણમય બનાવી દેવાય એ રીતે કરો. સેવા સ્નેહથી કરો. તમારા જીવનની સર્વ પ્રવૃત્તિઓને, તમારા સમગ્ર સંસારને કૃષ્ણસેવામય બનાવી દો, તો તમને સતત કૃષ્ણ-રસનો અનુભવ થશે.'

'કુંભનદાસજીએ એમના જીવનમાં આ જ વાત જીવી જાણી. એમના સાત દીકરા પૈકી પાંચ પૂરા સંસારી. છઠ્ઠા કૃષ્ણદાસ ગાયોની સેવા મન દઈને કરે, પણ નામ-સ્મરણ ન કરે. સાતમા દીકરા ચતુર્ભુજદાસ સેવા અને સ્મરણ બંને કરે. માટે તેઓ કહેતા કે મારે દોઢ દીકરો છે. જે સેવા અને સ્મરણ બંને કરે તે આખો દીકરો. જે બેમાંથી એક કરે, તે અડધો દીકરો.'

'તમારાં બંનેની વાત તદ્દન સાચી. સ્મરણથી શરણાગતિ સિદ્ધ થાય છે, સમર્પણ નથી થતું. સ્નેહીના સુખ કાજે અમારાથી કંઈ બનતું નથી. અમારી કીર્તન-ભક્તિ સેવા વિના અધૂરી છે.'

કુસુમસરોવર આવતાં બંગાળી મહાત્માએ વિદાય લીધી. નીરા-નીરવ માનસીગંગા થઈ, દાનઘાટીમાં પ્રવેશ્યાં.

'નીરવ, અહીં દાનલીલા થયેલી. 'ગોવર્ધન કે શિખર તેં મોહન દીની ટેર' એ આ જ સ્થળ.'

How thrilling ! જો નીરા, સામેથી ચાર-છ વ્રજવનિતાઓ માથે મટકાં લઈ આવી રહ્યાં છે. આ ગિરિ-શિખર પરથી દાઉભૈયા સાથે દાનબિહારીજી પધારે તો! દાનલીલા ભક્તોના સમર્પણભાવને માગીને સ્વીકારવાની લીલા છે. દહીં રૂપી લૌકિક આસક્તિમાંથી મનને છોડાવી, મોહનમાં મેળવવાની લીલા છે. જેણે શ્યામ કાજે સંસારમાં રહીને સંસારની સર્વ આસક્તિમાંથી વિરક્તિ કેળવી છે, શ્યામ સંગ માટે જે શ્યામરંગમાં ભીંજાયાં છે, એવી ગ્વાલિનીઓની સામાન્ય, સત્ત્વહીન છાશ પણ માધવને મીઠી લાગી છે 'ગ્વાલિન મીઠી તેરી છાછિ.' એ મીઠાશ છાશની કે સર્વસ્વના સ્નેહપૂર્ણ સમર્પણની!'

'નીરવ, ખરેખર તું આ બોલી રહ્યો છે? પુષ્ટિસિદ્ધાંત જોતજોતાંમાં તને હૃદયારૂઢ થઈ ગયો!'

'સંગનો રંગ લાગે ને! નીરાજી, આપના સત્સંગનું આ ફળ છે. હું તો આપનો દાસાનુદાસ છું.'

'ભલે, દાસાનુદાસ રહેજો, પણ દા.દા. ન બની જતા.'

આગળ ચાલતો મથુરેશ રોકાઈ ગયો.

'બેનજી, આ ગતિએ તો સાંજ પડે જતિપુરા પહોંચાશે, એનો વાંધો નથી. પણ તાપ વધશે તો રેતી ગરમ થશે, પછી ચલાશે નહિ. આપણે ચંદ્રસરોવર જઈ, પાછાં આવી, શ્રીગિરિરાજજીના પાછળના ભાગ તરફ ચાલવાનું છે. ત્યાં રેતી વધુ છે.'

'અચ્છા, ભૈયા, તેજી સે ચલેંગે.'

* * *

ચંદ્રસરોવર જઈ, તેઓ આન્યોર આવ્યાં. સદૂ પાંડેજીના વંશજોને ભગવદ્સ્મરણ કર્યા. ત્યાં નરો અને ભવાનીને યાદ કર્યાં, દેવદમન અને શ્રીવલ્લભના પ્રથમ મિલનના સ્મરણે રોમાંચિત થયાં. ત્યાંથી ગોવિંદ કુંડ થઈ, પૂંછરીના લોઠા તરફ ઝડપથી પગ ઉપાડ્યા.

રસ્તામાં નીરા અટકી ગઈ. એણે ધીમેથી સાદ પાડી આગળ જતા નીરવને પાછો બોલાવ્યો, 'નીરવ, જો સર્પ સ્વરૂપે શ્રીગિરિરાજબાવા બિરાજે છે. એક વૃક્ષ નીચ ફેણ ચઢાવી બિરાજેલ સર્પ-સ્વરૂપનાં બંનેએ દર્શન કર્યાં. દંડવત કર્યા.

'નીરા, આ સામાન્ય સર્પ નથી, નહિ તો આપણા પગરવે તે સરકી જાય. સ્વરૂપ પણ અદ્ભુત છે. જાણે સર્પ સ્વરૂપે દર્શન આપી આપણને આજ્ઞા કરી કે દુન્યવી સંસાર આવા સર્પ જેવો છે, ઝેરીલો અને ડંખીલો છે. સદા સરકતો રહે છે. એની નાગચૂડમાંથી મુક્ત થજો.'

'તારી વાત સાચી છે, નીરવ. આગમનાં આ એંધાણ છે. આપણે સંભાળવું પડશે.'

ત્યાંથી આગળ જતાં પૂંછરીના લોઠા આવ્યા. મથુરેશે કહ્યું : ભાઈસા'બ, આ દેવની વાત જાણવા જેવી છે. લોઠાજી ભગવાન કૃષ્ણના મિત્ર. ઉંમરમાં મોટા. સૌ એમનું માન રાખે. રાસમાંથી ભગવાન અલોપ થયા, ત્યારે તેમને શોધવા નીકળેલી ગોપીઓ અહીં સુધી આવી. લોઠાજીને બેઠેલા જોઈને તે શરમાઈ ગઈ, કારણ લોઠાજી તો જેઠ જેવા. સૌએ ઘૂંઘટ તાણ્યો. એકબીજાના કાનમાં સૌ કહેવા લાગી: 'પૂછ, 'રી.' 'તું પૂછ.' પણ જેઠજીને પૂછવાની કોઈની હિંમત ન ચાલી. વળી, જેઠજીને વળોટીને

આગળ જવાની પણ કોઈની હિંમત ન ચાલી. એટલે અહીંથી જ પાછી ફરી. માટે આ સ્થળનું નામ પડ્યું પૂછરી.'

'નીરવ, આપણે લોઠાજીને આપણા શ્રીદ્વારકેશની દિશા પૂછીશું? હજી તો કોઈ કુંડ પર દર્શન થયાં નહિ.'

'પૂછવું હોય તો પૂછ, પણ મને શ્રદ્ધા છે કે સ્વપ્નના સ્વામી સામે મળશે.'

'જવા દે. એમને ભગવત્સ્મરણ કરી લઈએ.'

'ભૈયા, આપણે હવે પાછા શ્રીગિરિરાજજીની સન્મુખની દિશામાં આવી ગયા. હવે ઝાઝું અંતર નથી. નવલકુંડ, અપ્સરાકુંડ, સુરભિકુંડ થઈ મુખારવિંદ.'

અપ્સરાકુંડના રમણીય સ્થળને જોઈ નીરા-નીરવ કુંડ તરફ ગયાં. તદ્દન એકાંત હતું. ગીચ વનરાજિ હતી. અત્યંત સુંદરતા અને શીતળતા હતી. ત્યાં એક કદંબવૃક્ષ તરફ તેમનું ધ્યાન ગયું. નેતરની ઝાંપીમાં શ્યામસ્વરૂપનાં દર્શન થયાં. પાસે કોઈ વિરક્ત જેવી જણાતી વ્યક્તિને સૂતેલી જોઈ. બંને જણે તેમની નજીક જઈને જોયું તો ઝાંપીજીના ઢાંકણના ટેકે દસ ઈંચની ઊંચાઈનું શ્યામ ચતુર્ભુજ સ્વરૂપ બિરાજે. ચોખંડી પીઠિકા. નીરાએ આંખો એકાગ્ર કરી : ચાર હસ્તમાં ચાર આયુધ. શ્રીદ્વારકાધીશનું જ સ્વરૂપ. ગોદમાં નાનકડા રક્ત-શ્યામવર્ણા શ્રીગિરિરાજજી બિરાજે. શ્રીપ્રભુને સફેદ ધોતી અને સફેદ ઉપરણો, મસ્તકે લટપટી સફેદ પાઘ. ગુંજામાળા અને મોરપિચ્છનો શૃંગાર. મુખારવિંદ પર મધુર મુસકાન.

'નીરા, સ્વપ્નમાં આ જ સ્થળ અને આ જ સ્વરૂપનાં દર્શન થયેલાં.'

'હા, નીરવ. મને પણ.'

બંને વધુ નજીક ગયાં. તેમના પદરવે સૂતેલા વૈષ્ણવે પ્રભુ તરફથી તેમના તરફ દૃષ્ટિ ફેરવી. આંખના અને હાથના ઈશારે બંનેને આવકારી બેસવા કહ્યું.

'બેટા, પ્રભુ તમારી જ રાહ જુએ છે. મને પણ સ્વપ્નમાં આજ્ઞા થઈ છે. તમે પધરાવી જાઓ. હવે મારો બુલાવાનો સમય આવી ગયો છે. પ્રભુને રેઢા મૂકી ન જવા હઠ પકડી હતી. કાળને થંભાવ્યો હતો. બેટા, હું તો નિષ્કિંચન વિરક્ત છું. લૂણ-ટીકડા આરોગાવ્યા છે, પણ હૈયેથી અળગા કર્યા નથી. મને વચન આપો કે મારા પ્રભુને તમે સાચવશો.'

'બાવા, અમારું વચન છે. આપ ચિંતા ન કરશો. અમે આપની શી સેવા કરીએ?'

'બેટા, આ શરીર સેવા કરવા માટે છે, સેવા લેવા નહિ. હું તન-મનથી સ્વસ્થ છું. આવ્યાં મારે શ્રીયમુનાજીનાં નોતરાં ને મારે જાવું વ્રજ દેશ રે, રાજ કોઈ રોકો નહિ. તમે પ્રભુને પધરાવીને જાઓ, પછી આ દેહ છૂટશે.'

'તો અમે કુંડમાં સ્નાન કરી, અપરસ કરીએ?'

'બેટા, આચારધર્મો અવશ્ય પાળવા. બાકી વ્રજમાં સદા અપરસ છે. અહીં સંસાર કે સંસારીનો સ્પર્શ જ ક્યાં છે? અપરસની સાથે આપ-રસનો વિશેષ આગ્રહ રાખજો. પધારો નાથ! આ વૈષ્ણવોના માથે બિરાજો. મારા અપરાધ ક્ષમા કરજો.'

વિરક્ત વૈષ્ણવે ઊઠી પ્રભુને દંડવત કરી, ચરણસ્પર્શ કરી, ઝાંપીમાં પોઢાડ્યા. ઝાંપી નીરાને સોંપી.

નીરા-નીરવનો આનંદ સમાતો નથી. વૈષ્ણવને દંડવત કરી, આજ્ઞા લઈ બંને શ્રીપ્રભુને પધરાવી પરિક્રમા પૂરી કરવા આગળ વધ્યાં. મુખારવિંદ પાસે આવતાં ઝાંપીજી સામે બેઠકજીમાં પધરાવી, બંનેએ દંડવત કર્યાં.

'બેનજી, યહાં તો ભારી ભીડ હૈ. ગિરિરાજ પૂજન કૈસે કરેંગે?'

'અરે મથુરેશ, તુમ તો જાનકાર હો. યજમાન સે ક્યાં પૂછ રહે હો? ભૈયા, સુરભિકુંડ પર ચલે જાઓ- જહાં છપ્પન ભોગ આરોગતે હૈં. વહાં સેવા કરો. બડા આનંદ મિલેગા.'

'હાં ચાચાજી, આપને અચ્છા સુઝાવ દિયા.'

'મથુરેશભૈયા, નીરવજી કો સાથ લે કે સબ સામગ્રીકા પ્રબંધ કરો. મૈં યહાં બૈઠી હૂં.'

થોડીવારમાં બધી સામગ્રી લઈ બંને આવી ગયા. સાથે દૂધઘરિયાજી પણ એમના દીકરાને લઈને આવ્યાં. સૌ સુરભિ કુંડ પહોંચ્યાં.

નીરાએ શ્રીગિરિરાજજીની ગોદમાં શ્રીદ્વારકાધીશ પ્રભુ અને છોટા ગિરિરાજજીને પધરાવ્યા. પ્રથમ માનસીગંગાના જળથી સ્નાન કરાવી, પછી દૂધથી સ્નાન કરાવ્યું. પછી માનસીગંગાના જળથી સ્નાન કરાવી, બધાં સ્વરૂપોને અંગવસ્ત્ર કરી, હાર-શિંગારનું અત્તર સમર્પ્યું. ધોતી ઉપરણા ધરાવી, તિલક કરી, પુષ્પમાળા ધરી. પછી દૂધઘરની વિવિધ સામગ્રીઓનો ભોગ ધર્યો. સાથે દૂધ, દહીં, મલાઈ, માખણ ધર્યાં. નાના કોરા મટકામાં ઝારીના ભાવથી જળ ધર્યું. બંનેએ ગદ્યમંત્ર બોલી, ચરણસ્પર્શ કરી, શ્રીમહાપ્રભુજીની કાનિથી આરોગવા વિનંતી કરી.

એક વૃક્ષની ઓટમાં બેસી નીરા-નીરવે રાજભોગમાં ગોપીગૃહે ભોજનનાં પદ ગાયાં. 'આજ ગોપાલ પાહુને આયે.' 'આજ હમારે ભોજન કીજે.' નીરાએ 'શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્' નો ભાવવિભોર સ્વરે પાઠ કર્યો અને પછી 'શ્રીદ્વારકેશાષ્ટકમ્' ગાયું.

ભોગ સરાવી, આચમન-મુખવસ્ત્ર કરાવ્યું. મહાપ્રસાદ વ્રજવાસીઓને પ્રેમથી વાંટી, બંનેએ કણિકા લીધો.

'મથુરેશ ભૈયા. હમારા મિશન પૂરા હુઆ. અબ હમ મથુરા ચલેંગે.'

* * *

મથુરા આવી, નીરવે ચતુર્વેદીજી- બેંક મેનેજર મારફત તે જ રાતની સર્વોદય એક્સપ્રેસમાં સેકંડ એ.સી.ની બે ટિકિટો બુક કરાવી.

વનમાળીજી મળવા આવ્યા.

‘ચાચાજી, આજ હમ જા રહે હૈં. મથુરેશજીને હમારી અચ્છી ખાતિર-બરદાસ્ત કરી.’

‘ક્યોં ઈતની જલદી? અભી આપકોં વૃંદાવન જાના હૈ.’

‘બસ ચાચાજી, અબ જાનેકો મન હો ગયા. ફિર કભી આયેંગે. યે આપકી દક્ષિણા.’

‘અચ્છા, જૈસી આપકી મરજી. પટ્ટન જાઓ તો પિતાજી માતાજીકો હમારી યાદ દેના. ઉનકો બોલના, યહાં આ જાય.’

નીરા-નીરવે સાંજ સુધીમાં મથુરામાંથી શ્રીપ્રભુને લાયક વસ્ત્ર-આભૂષણ, ઝારી-બંટા, ખિલોના વગેરેની ખરીદી કરી.

‘નીરા, મને વિચાર થાય છે કે આ નકલી જમાનામાં પણ તને ખોટું પહેરવું ગમતું નથી, તો આપણા પ્રભુને કાચકીડિયાંનાં ખોટાં આભૂષણો ન ધરીએ તો?’

‘નીરવ, તારી વાત તદ્દન સાચી, પણ આપણી સગવડનો વિચાર કરવો પડે ને? તારું બેંક-બેલેન્સ તું જાણે.’

‘નીરા, બચત તો શૂન્ય છે. પણ મને લગ્નમાં તારા પપ્પાએ સોનાની ચેઈન, વીંટી અને સોનાના પટાવાળી આ ઘડિયાળ આપી છે. સોનાથી સારો દેખાય એવો સજજન હું ન બનું તો ચાલે. એ સોનામાંથી પ્રભુનાં આભૂષણ મુંબઈમાં બનાવડાવીએ. જયેશ એમાં માર્ગદર્શક બનશે.’

‘એમ તો તારા ઘેરથી અને મારા ઘેરથી મળીને મને ય પંદર તોલા સોનું મળ્યું છે. બે બંગડી, બુટ્ટી અને મંગળસૂત્ર રાખી, બાકીના દસ તોલાનો એમાં વિનિયોગ કરાવીશું.’

‘Excellent. આજથી આપણો શણગાર આપણા શ્યામ. આપણી સુંદરતા આપણા શ્યામની સુંદરતાથી. વડોદરા જઈ, કાલ સવારે પૂ. ગુરુદેવને સન્મુખ થઈએ. આપ જે આજ્ઞા કરે તેમ સેવા પહોંચીશું.’

‘Agreed, હમારે માઈ સ્યામાજુ કો રાજ. અમારા શ્યામજીને એ મંજૂર હોય, તો અમનેય મંજૂર.’

રાતે સર્વોદય એક્સપ્રેસ વડોદરાની દિશામાં પૂરી તાકાતથી દોડી રહ્યો હતો. નીરા-નીરવ વિવિધ મનોરથોના મનોરાજ્યમાં મ્હાલતાં, જંપી ગયાં.

⁂

સવારે નવ વાગે સર્વોદય એક્સપ્રેસ વડોદરા આવ્યો. નીરા-નીરવ રીક્ષા કરી, સીધાં બેઠક મંદિર ગયાં. પૂ. શ્રી ગુરુદેવ સંધ્યાવંદન કરતા બિરાજતા હતા. બંનેને જોઈ આપે સ્મિત કર્યું. ઝાંપીજી પધરાવી, બંનેએ દંડવત કર્યાં.

સંધ્યાવંદન કરી રહ્યા બાદ આપશ્રીએ પૂછ્યું : ‘બ્રજસે આ રહે હો?’

‘હા, જી.’

‘યે ક્યા હૈ?’

‘કૃપાનાથ, વ્રજમાંથી પ્રભુ પધાર્યા છે. આપ આજ્ઞા આપો તો હવે સેવા કરીએ.’

નીરાએ પ્રભુપ્રાપ્તિની સર્વ વિગત વિસ્તારથી કહી. આપશ્રી સાંભળીને પ્રસન્ન થયા. ખવાસને બોલાવી આજ્ઞા કરી: ‘પંચામૃત સ્નાનકી તૈયાર કરો.’

‘દેખો નીરા, શ્રીઠાકોરજીકો પંચામૃત સ્નાન હોગા. આજ યહીં બિરાજેંગે. આપ સ્ટેશનસે સીધે આયે હો ન?’

‘જી’

'યહાં આપકે કોઈ રિસ્તેદાર હૈં?'

'નહીં જી. લેકિન હમ ઈન્તજામ કર લેંગે.'

'અચ્છા, આપ દોનોં આજ મહાપ્રસાદ યહીં લીજિયો. બારહ બજે આ જાનાં.'

'જો આજ્ઞા.'

* * *

નીરા-નીરવ બપોરે બાર વાગે બેઠકમંદિરે પહોંચ્યાં. ત્યાં આપશ્રીએ બંનેને મહાપ્રસાદ લેવડાવ્યો. પછી આજ્ઞા કરી : 'નીરા, તુમ જનાનેમેં બહુજીસે મિલો. વે તુમકો સેવા કે બારેમેં બતાયેગી. નીરવભાઈ, આપ યહાં બૈઠો.'

આપશ્રીએ નીરવને પાસે બેસાડી નિત્યની સેવાનો પ્રકાર સમજાવ્યો. વર્ષોત્સવની સેવા, શૃંગાર, સામગ્રીની પ્રણાલિકાનું છાપેલું પુસ્તક આપી, તે પ્રમાણે યથાશક્તિ સેવા પહોંચવાની આજ્ઞા કરી. કીર્તન-પ્રણાલિકા અને તે મુજબનું કીર્તનનું પુસ્તક પણ આપ્યું.

જનાનામાં પૂ. વહુજીએ નીરાને શ્રીદ્વારકાધીશ પ્રભુનાં વસ્ત્રોના નમૂનાનો એક સેટ આપ્યો. તે વસ્ત્રો ધરવાની રીત શીખવી. આભૂષણો બતાવી, તે કેવી રીતે ધરાય. ક્યાં સુંદર આભૂષણો મળશે વગેરેનો ખ્યાલ આપ્યો. આપશ્રીએ આજ્ઞા કરીઃ તમે ભાગ્યશાળી છો. નીરવભાઈ પર આટલી કૃપા થઈ. વ્રજમાંથી પ્રભુ પ્રાપ્ત થયા. સ્વરૂપ અત્યંત પ્રાચીન છે, એમ આપશ્રી આજ્ઞા કરતા હતા. આજે એ સ્વરૂપને પંચામૃતસ્નાન કરાવી, આપશ્રીએ સ્વયં શૃંગાર કર્યા છે, ભોગ ધર્યો છે. તમે મુંબઈમાં ન સમજાય, તે જયેશભાઈને પૂછજો. મુંબઈ ક્યારે જવું છે?'

'જે જે, મુંબઈ જતાં પહેલાં એક વખત પાટણ જઈ આવવાની ઈચ્છા છે. પપ્પા-મમ્મીને મળી આવીએ. પછી મુંબઈ જઈએ.'

'ભલે, આપશ્રી બહાર બિરાજે છે, તેમની આજ્ઞા લઈને જજો.'

નીરા દંડવત કરી, જનાનામાંથી બહાર આવી.

'કૃપાનાથ, આજ્ઞા હોય તો અહીંથી પાટણ જઈ આવીએ. પપ્પા-મમ્મીને મળી આવીએ.'

'સાથે સાથે વડનગર પણ જઈ આવીએ.'

'હાં, હો આઓ.'

'ત્યાંથી મુંબઈ જઈ, પાટોત્સવ મનાવવાનો મનોરથ છે. આપ આજ્ઞા આપો તેમ કરીએ.'

'આપે પંચાંગ જોઈ, આજ્ઞા કરી : 'ભાદ્રપદ કૃષ્ણ ચતુર્થી - ગુજરાતી પ્રમાણે શ્રાવણ વદ ચોથનો દિવસ સુંદર છે. તે દિવસે જન્માષ્ટમીવત પાટોત્સવ મનાવજો.'

બંને ઝાંપીજી પધરાવી, બેઠકમંદિરથી નીકળ્યાં.

'નીરા, મને લાગે છે આપણે ટેક્સી કરીને જ પાટણ જઈએ. ઠાકોરજીને શ્રમ ન થાય.'

'હા, જલદી પહોંચાય પણ ખરું.'

■

૨૫. કૃષ્ણને કરવું હોય તે કરે

પાટણમાં સોનીવાડાના સાંકડા રસ્તે ટેક્ષી વળી, ત્યારથી નીરા પપ્પા-મમ્મીને મળવા અધીરી થઈ રહી હતી. આંબલીવાળી પોળ પાસે ટેક્ષી થોભાવતાં, તે બારણું ખોલી, નાના બાળકની જેમ રીતસર પોળમાં જવા દોડી. રાતે તારલા મઢેલ શ્યામ સાળુનો ઘુંઘટ મુખ - સોતો ખેંચી લીધો હતો. નીરાની પાછળ જ હાથમાં ઝાંપીજી લઈ નીરવ પણ ઊતર્યો. પોળમાં જતાં જ નીરાએ હર્ષ અને ઉત્સાહથી બૂમ મારવા પ્રયત્ન કર્યો : 'મમ્મી.... પપ્પા.'

પણ પોળના શાંત વાતાવરણમાં એના શબ્દો ઘુમરાઈ, ડેલીએ હાથ દઈ, બૂમરેંગની જેમ પાછા વળ્યા. ઘરમાં પૂર્ણ અંધકાર હતો. બધાં બારી-બારણાં બંધ હતાં. પોળની સ્ટ્રીટ લાઈટના 'એનેમિક' અજવાળામાં બારણે અસલના સમયનું ખંભાતી તાળું લટકતું હતું.!

નીરાનું મન બંધ ઘરનું કારણ વિચારવા સ્વસ્થ થાય, તે પહેલાં તો બાજુના ઘરની જાળી ખૂલી. એક સાથે બે જણ બહાર આવ્યાં. સુભદ્રામાસીની પાછળ, એમનાથી દોઢી ઊંચાઈના રસિકકાકા ઊભા હતા. સદા હસતા રહેવાની હરીફાઈ થાય, તો આ દંપતીને પ્રથમ પારિતોષિક મળે. એમના મુખ પર આજ ગંભીરતા અને કરુણતા લીંપાયેલાં હતાં. નીરાનું ધ્યાન હજી એમના મુખના ભાવો ઉકેલે, તે પહેલાં સુભદ્રામાસી બોલ્યાં : 'આવ બેન. આવો નીરવકુમાર.'

'માસી, મમ્મી-પપ્પા ક્યાં ગયાં છે?'

'ઘરમાં આવો. બધી વાત કરીએ.'

નીરાના પેટમાં ફાળ પડી. પાછળ ઊભેલા નીરવને પરિસ્થિતિની ગંભીરતાનો અંદાજ આવી ગયો. એણે ઝાંપીજી ડાબા હાથમાં રાખી, જમણો હાથ નીરાના ખભે મૂક્યો- 'ચાલ, ઘરમાં.'

નીરાને ઘરમાં બેસાડી, નીરવ સામાન લેવા ગયો.

'બેન, ઠાકોરજીની ઇચ્છા કોઈ જાણી શકતું નથી. તારાં પપ્પા-મમ્મીની વાત સાંભળવા થોડું કાળજું કઠણ કરવું પડશે.'

'કાકા, બંનેને એક સાથે એવું શું થયું છે? તે ક્યાં છે?'

'બેન, આજથી બરોબર પાંચ દિવસ પહેલાંની જ વાત છે. સવારે છ વાગ્યા હશે. તારાં મમ્મીએ બૂમ પાડી : રસિકભાઈ, જરા જલદી આવો ને, તમારા ભાઈને આમ શું થયું છે? હું ચા પીવા જતો હતો. બૂમ સાંભળી દોડ્યો. જઈને જોયું તો મધુસૂદનભાઈ ચટાઈ પર બેઠેલા. બાજુમાં ટેબલ લેમ્પ સળગે. ખોળામાં ખુલ્લું પુસ્તક. સામી દીવાલ પર શ્રીમહાપ્રભુજીનાં ચિત્ર. મસ્તક પુસ્તક પર નમી ગયેલું. જાહ્નવીબેન કહે : મેં ઢંઢોળ્યા, પણ બોલતા નથી, તારાં માસી પાછળ આવેલાં, તે ડૉકટરને ફોન કરવા દોડ્યાં. મેં તેમની નાડી પકડી, નાડી બંધ. હું સમજી ગયો. તેમના ખોળામાંથી પુસ્તક લઈ, મેં તેમને ચટાઈ પર સુવાડ્યા. ત્યાં ડૉકટર સૂર્યકાન્તભાઈ આવી ગયા. એમણે મધુસૂદનભાઈની આંખો જોઈ, હળવેથી પોપચાં બીડ્યાં અને કહ્યું : 'He is no more.' અંગ્રેજી ન જાણતાં જાહ્નવીબેન પણ વાત સમજી ગયાં- ડઘાઈ ગયાં. રડી પણ ન શક્યાં. મેં પૂછયું : અચાનક શું થઈ ગયું હશે? સૂર્યકાન્તભાઈ કહે : હાર્ટફેઈલ. મેં પુસ્તક જોયું. સુબોધિનીજીમાં ભ્રમરગીતના પહેલા શ્લોકનું પાનું ખુલ્લું હતું!'

નીરા ધીમાં ધીમાં ડૂસકાં ભરતી રડી રહી. નીરવ તેની પીઠે હાથ પસવારતો રહ્યો. એણે પૂછયું : 'કાકા, એ પહેલાં તેઓ તબિયતની ફરિયાદ કરતા હતા?'

'ના.....રે ના, રોજ રાતે સત્સંગમાં બેસીએ, તેમ એના આગલા દિવસે પણ સત્સંગ કરવા બેઠા હતા. સત્સંગ પૂરો થાય પછી તેઓ બોલ્યા: 'નીરાનો પત્ર આવ્યો છે. તે અને નીરવકુમાર વ્રજમાં જવાનાં છે. નીરવકુમારે બ્રહ્મસંબંધ લીધાં. પ્રભુ ખૂબ દયાળુ છે. મને નીરાની હવે કોઈ ફિકર નથી. રસિકભાઈ, કાલનું શું કહેવાય? આજે બપોરે જ મને વિચાર આવ્યો કે સિત્તેર થવા આવ્યાં. નખમાં ય હજી રોગ નથી; છતાં પ્રભુ એક દિવસ બોલાવશે, ત્યારે તબિયતનું કોઈક નિમિત્ત ઊભું કરશે જ. તમારાં ભાભી વધુ લાગણીશીલ છે, ખૂબ ભોળાં છે. એ એકલાં નહિ સંભાળી શકે, એટલે બપોરે બેસીને પાછલી વ્યવસ્થા કરવા અંગે વિગતવાર કાગળ તૈયાર કર્યો છે. તમે આ કવર તમારી પાસે રાખો. એની બીજી નકલ મારી પાસે, મારા આ પુસ્તકોના કબાટમાં મૂકું છું. નીરા અને નીરવકુમાર આવશે, એટલે એમની સોંપી દઈશ. તેઓ છેલ્લા પંદરેક દિવસથી સવારે ૪-૦૦ વાગે જાગી જાય. પછી પુસ્તક લઈ વાંચવા બેસે. સાત વાગ્યા સુધી વાંચે. પછી સેવામાં નહાય. રોજ કહે: રસિકભાઈ, અફસોસ એક જ વાતનો છે- આ માર્ગમાં મોડો આવ્યો. જીવન ટૂંકું છે, ગ્રંથો ઘણા છે. જેટલા વંચાઈ જાય, તેટલા વાંચી લેવા છે.'

'પણ કાકા, મારાં મમ્મી ક્યાં છે?'

'બેન, એ તો એવાં ડઘાઈ ગયેલાં કે રડી જ ન શક્યાં. મધુસૂદનભાઈની છાતી પર માથું મૂકી. 'હા, વલ્લભ! હા વલ્લભ! એમ ત્રણ વખત બોલતાં, એ પણ નિશ્ચેતન થઈ ગયાં. ડૉકટર હજી ત્યાં જ હતા. એમણે જાહ્નવિકાબેનને તપાસ્યા પછી કહ્યું, 'રસિકભાઈ, She is also no more.'

'હેં! મમ્મી પણ ગયાં? મને છેતરી ગયાં! નીરવ, I cannot bear this. નીરાના રુદનનો વેગ મર્યાદાની બધી પાળો તોડી, પ્રચંડ બન્યો તેના રુદનના અવાજે પોળનાં બધાં ભેગાં થઈ ગયાં. નીરવ પણ ભારે વ્યથિત હતો, પણ તેણે પુરુષસહજ ધૈર્ય રાખ્યું. નીરા તો કેમે કરીને છાની જ ન રહે. સુભદ્રાબેન પાણી લાવ્યાં.

'માસી, માફ કરજો; પણ અમે વડોદરાથી ગુરુદેવ પાસેથી ચાલ્યાં આવીએ છીએ. ઠાકોરજી સાથે બિરાજે છે. સખડી ભોગની આજ્ઞા લીધી છે, એટલે પ્રસાદી જળ સિવાય નહિ લઈ શકાય. અહીં કોઈ વૈષ્ણવના ત્યાં પહેલાં ઠાકોરજી પધરાવવાની વ્યવસ્થા કરવી જરૂરી છે.'

'ભાઈ, ઠાકોરજી હું પધરાવી જઉં છું. તમારા માટે જળ મોકલું છું.' જમુમાસીએ કહ્યું.

'માસી, ઠાકોરજીને અત્યારે જગાવી ઝારી ભરજો. શયનભોગ પણ બાકી છે. ઠાકોરજી આરોગે પછી અમારા માટે જળ મોકલજો.'

'ભલે, ભાઈ,'

'નીરા, Please relax. તારી વેદના સમજાય છે; પણ રડવાથી જો પપ્પા-મમ્મી પાછાં આવવાનાં હોય તો હજી વધુ રડ.'

'પણ, નીરવ....'

'Please નીરા relax તને મારા સોગન છે.'

'કાકા, ઘરની ચાવી તમારા ત્યાં છે?'

'હા ભાઈ, પણ આજની રાત અહીં જ રહો ને.'

'કાકા, ઘર ખોલવા દો, નીરાનું મન થોડું શાંત થાય તે જરૂરી છે. જમુમાસી ક્યાં રહે છે?'

'આપણી પોળમાં બાજુની ગલીમાં.'

નીરવે ઘર ખોલ્યું. સામાન મૂક્યો. નીરાનો હાથ પકડી તેને ઘરમાં લઈ ગયો. નીરા ઘરમાં જતાં જ નીરવના ખભે માથું મૂકી ફરી રડી પડી.

'નીરવ, હું લૂંટાઈ ગઈ. હું છેતરાઈ ગઈ. પપ્પા, તમારી નીરાએ શો અપરાધ કર્યો કે તમે પૂંઠ ફેરવી ગયા? મમ્મી, તમેય મને મૂકીને જતાં રહ્યાં!'

'નીરા રડી લે. સાયકોલોજી કહે છે, રડવાથી ભાર હળવો થાય છે. મારુંય હૈયું રડે છે. આપણે બંને રડીશું તો કોણ કોને છાનું રાખશે?'

છતાંય નીરા રડતી રહી.

પોણા કલાક પછી સુભદ્રામાસી જળ લઈને આવ્યાં. સાથે પાઠશાળાવાળા રમણભાઈને લઈને રસિકભાઈ પણ આવ્યા. રમણભાઈએ કહ્યું : 'બહેન, પહેલાં તમારા પ્રભુનું પ્રસાદી જળ લો.'

નીરાને નીરવે જળ પાયું. તેણે પણ પીધું. નીરા મોં ધોઈ આવી.

રમણભાઈએ કહ્યું : 'હવે મારી વાત સ્વસ્થતાથી સાંભળ. સામાન્ય વૈષ્ણવમાં અને ભગવદીયમાં કોઈ ફરક ખરો કે નહિ? યાદ છે, તેં એક વખત શ્રીમહાપ્રભુજીના ઉત્સવની સભામાં 'વિવેકધૈર્યાશ્રય' પર સચોટ પ્રવચન કરેલું? મારી પાસે ગ્રંથો ભણી, તે ભાષણ કરવા માટે? જ્ઞાનની ખરી કસોટી આપત્તિના સમયમાં જ થાય. તમારા હૃદયમાં પ્રભુ બિરાજે છે. એમને કલેશ જરાય ગમતો નથી અને તે જાણવા છતાંય તું લૌકિક કલેશ કરે છે? તને ખબર છે કે પુષ્ટિમાર્ગનું પરમ ફળ સાક્ષાત સેવા-જે માટે આપણે ચિર ઉત્કંઠા સેવીએ. એ પરમ ફળ આપણાં સ્વજનોને મળે, ત્યારે હરખાવું જોઈએ કે રડવું જોઈએ? એ બંને પ્રભુની સાક્ષાત સેવામાં નિજધામમાં પાછાં ગયાં છે. ભાગ્યવાનને જ આવું સૌભાગ્ય મળે. બંનેની એક પણ સમયની સેવા છૂટી નથી. બંનેને કોઈની સેવા લેવી પડી નથી. મધુસૂદનભાઈ તો ભ્રમરગીત દ્વારા વિપ્રયોગના અનુભવમાં જ પહોંચી ગયા. એમનો શોક ન હોય. એમના માટે રુદન ન હોય.'

'ભાઈ, એક પ્રશ્ન કરું? એક બાજુ પ્રભુએ અમારા પર અઢળક અનુગ્રહ કર્યો અને બીજી તરફ આવો ઉદ્વેગ કેમ આપ્યો?'

'એનો જવાબ શ્રીમહાપ્રભુજી અને શ્રીહરિરાયજીના મુખથી જ સાંભળવા જેવો છે. શ્રીમહાપ્રભુજી 'નવરત્ન'માં આજ્ઞા કરે છે : 'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ' જેના પર પ્રભુ અનુગ્રહ કરવા ચાહે છે, તેને લૌકિક અને વૈદિક કાર્યોમાં સ્વસ્થતા થવા દેતા નથી, જેથી જીવ પ્રભુને ભૂલી ન જાય. શ્રીહરિરાયજી 'શિક્ષાપત્ર'માં આજ્ઞા કરે છે: 'લૌકિક કલેશ સંબંધો હર્યંગીકૃતલક્ષણમ્.' લૌકિકમાં કલેશ થાય, ત્યારે જાણવું કે શ્રીહરિ ભગવાને આપણો અંગીકાર કર્યો છે. શ્રીહરિરાયજી દસમા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે અનુગ્રહિત જીવની આસક્તિ લૌકિક, વૈદિકની જે જે બાબતોમાં હોય છે, તે તે બાબતો પ્રભુ તેની પાસેથી ઝૂંટવી લે છે; જેથી તેનામાં ભગવદાશ્રય દૃઢ થતાં દીનતા, નિઃસાધનતા અને પ્રભુ પ્રત્યે પ્રેમ પ્રકટે. લૌકિક આપત્તિઓની આ તો તમારા માટે પાશેરામાં પહેલી પૂણી છે. આટલાથી મનની સ્વસ્થતા ગુમાવી દેશો, તો કેમ ચાલશે? હજી તો ઘણી અણધારી આપત્તિઓ તમારા માટે રાહ જોતી બેઠી છે, એમ મને સમજાય છે. 'ત્રિદુઃખસહનં ધૈર્યમ્.'

'ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.'

રસિકભાઈએ કહ્યું.

'જે ગમે જગત ગુરુદેવ જગદીશને
તે તણો ખરખરો ફોક કરવો,
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે,
ઊગરે એક ઉદ્વેગ ધરવો.'

આપણા શ્રીદયારામભાઈનેય યાદ કરો:

'જીવ તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે,
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સૂર નીસરે.'

માટે બેન, સ્વસ્થ થા. આવેલી જવાબદારી સ્વસ્થતાથી વહન કર. તું ડગી જઈશ, તો આ માર્ગમાં નવા આવેલા નીરવકુમારની શી સ્થિતિ થશે?'

ત્યાં જમુમાસી આવ્યાં. એક હાથમાં રેશમી વસ્ત્ર ઢાંકેલ થાળી હતી. બીજા હાથમાં જળનો લોટો હતો.

'ચાલ, નીરા, પહેલાં સ્નાન કરી લે. નીરવકુમારને પણ પછી સ્નાન કરાવ. પછી આ કણિકા મહાપ્રસાદ લો. તમારે બંનેને ત્રણ દિવસનું સૂતક પાળવું પડશે. ઠાકોરજીની ચિંતા ન કરીશ.'

સૌ ઊઠ્યાં. જમુમાસીએ નીરાને સ્નાન કરાવ્યું. પછી નીરવે સ્નાન કર્યું. બંનેનાં મન સ્વસ્થ થયાં. જમુમાસીએ સામે બેસી, બંનેને મહાપ્રસાદ લેવડાવ્યો.

'માસી, મને ઇચ્છા નથી.'

'મહાપ્રસાદ ઇચ્છા માટે નથી લેવાનો. ભાગ્ય માની લેવાનો છે. ચૂપચાપ લઈ લે.'

બંને મૂંગાં મૂંગા પૂરી, દૂધ, સંધાણું લેવા લાગ્યાં.

'જુઓ નીરવકુમાર, મધુસૂદનભાઈનો દીકરો કે દીકરી નીરા છે. તેમની બંનેની ઉત્તરક્રિયા તમારે જ કરવી પડશે. ત્યાં સુધી ઠાકોરજી મારા ત્યાં જ બિરાજશે.'

'ભલે, માસી.'

⁂ ⁂ ⁂

નીરાએ પથારીઓ કરી. નીરવે પુસ્તકનું કબાટ ખોલ્યું. ઉપર જ 'શિક્ષાપત્ર' હતું. તે હાથમાં લેતાં નીચે લાંબું સફેદ કવર જોયું.

'નીરા, રસિકકાકા કહેતા હતા તે જ કવર લાગે છે.'

'નીરવ, તારા હાથમાં કયું પુસ્તક છે?'

'શિક્ષાપત્ર.'

'પહેલાં એ ખોલ. જે પાનું ખૂલે તે વાંચ. પછી કવર ખોલીશું.'

'ભલે.'

'નીરવે શિક્ષાપત્ર ખોલ્યું. છઠ્ઠું શિક્ષાપત્ર ખુલ્યું.

'શ્રીગોપેશ્વરજીનાં વહુજીની લીલાના સમાચાર જાણી, લખાયેલ આ પત્ર છે. નીરવ, વાંચ.'

નીરવે શિક્ષાપત્ર વાંચ્યું.

પછી કવર ખોલી, પત્ર કાઢી, નીરાને આપવા હાથ લંબાવ્યો.

'તું જ વાંચ.' નીરવે પત્ર વાંચ્યો.

ચિ. નીરા અને રા. નીરવકુમાર,

જીવનનો ભરોસો નથી. કરવા જેવો પણ નથી. પ્રાણજીવનનો ભારી ભરોસો છે. શ્રીપ્રભુનાં ચરણોમાં આત્મનિવેદન કર્યું ત્યારથી સૌ પ્રભુનું છે. સૌ પ્રભુ માટે છે. મારી પાસે તમને આપવા માટે કોઈ ભૌતિક વારસો નથી, કારણ મારું પોતાનું કશું છે જ ક્યાં? તમે પણ મારા પ્રભુનાં સેવકો છો, તેથી મારાં છો અને એટલે જ તમને વારસામાં આપું છું- મારા પ્રભુ અને તેમની સેવા. તારાં મમ્મીની સેવા.

તારાં મમ્મી ન હોય, ત્યારે ઘરમાંની પ્રભુ સેવોપયોગી વસ્તુઓ પ્રભુની સેવાના ઉપયોગમાં વાપરજો. પ્રભુની સાથે પ્રભુની સર્વ વસ્તુઓ ગુરુઘેર સોંપજો. પુસ્તકો તમને ઉપયગોમાં આવે તે રાખજો. બાકીનાં યોગ્ય વિદ્વાન કે સંસ્થાને સોંપજો, જ્યાં તેમનો ઉપયોગ થાય. ઘર અને ઘરનું રાચરચીલું વેચી, તે રકમ જરૂરિયાતવાળા વૈષ્ણવોને ગુપ્ત રીતે

આપજો. મારી બેંકની રકમમાંથી અમારી અંતિમક્રિયા કરી, વધેલી રકમ સંપ્રદાયના સાહિત્ય-પ્રકાશનમાં વપરાય તેવી વ્યવસ્થા કરજો.

તમારા સમાચાર જાણી મનને સંતોષ થયો છે. પ્રભુ કૃપાળુ છે. પ્રભુને કદાપિ પીઠ ન આપશો. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની ખૂબ સેવા કરજો. ત્રણેમાંથી કોઈની પાસે ક્યારેય બદલામાં કોઈ આશા રાખશો નહિ-માંગશો નહિ. શ્રીવલ્લભકુળ અને વૈષ્ણવોમાં અલૌકિક ભાવ અને બુદ્ધિ રાખજો. એમના દોષ ન વિચારશો. મને તમારામાં પૂર્ણ વિશ્વાસ છે.'

લિ. પપ્પાના શુભાશિષ સહ
ભગવદ્સ્મરણ

નીરવે પત્ર વાંચી, નીરાના હાથમાં આપ્યો. પિતાના હસ્તાક્ષરમાં પિતાનાં દર્શન થતાં હોય, તેમ નીરા જોઈ રહી. પત્ર વાંચી, આંખે લગાડી, માથે ચઢાવ્યો.

'નીરવ, હવે હું સ્વસ્થ છું. ચાલ સૂઈ જઈએ.'

'ઊંઘ આવશે ને?'

'ખબર નથી, પણ ચિત્તનું તોફાન શમી ગયું છે. ઉદ્વેગ નથી. પપ્પા-મમ્મીની સ્મૃતિમાં ભગવન્નામ લઈશું.'

■

૨૬. સાચા સગા છો શ્રીનાથજી

સવારે સાત વાગે નીરવ જાગ્યો, ત્યારે નીરા ચાના કપ લઈને આવી.

'જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ. ખૂબ વહેલી જાગી ગઈ? રાતના ઊંઘ આવી? તબિયત સારી છે ને?'

'એકસામટા આટલા બધા પ્રશ્નો? જવાબ સાંભળવા બેસીશ તો ચા ઠરી જશે; માટે પછી કહીશ. જેની ચા બગડી, તેનો દિવસ બગડ્યો.'

'એકાદ દિવસ બગડે તો નભાવી લેવાય, પણ જેની બૈરી બગડી એની જિંદગી બગડી. તારી ચિંતાની બધી જવાબદારી હવે એકલા મારા માથે આવી છે.'

નીરવ દંતધાવન કરીને આવ્યો. ચા પીતાં પીતાં નીરાએ કહ્યું : 'આપણે તેરમાની ક્રિયા સુધી તો રોકાવું પડશે ને?'

'હા, આજે બેંકમાં તાર કરી, ખબર આપી દઉં છું. મને વિચાર થાય છે, બધી ક્રિયા સિદ્ધપુર જઇને જ કરી આવું. વૈદિક કર્મો કાપટ્યભાવથી કરવાનાં છે. એમાં જરૂર કરતાં વધુ ખોટો ખર્ચ ન કરીએ. પપ્પાનું દ્રવ્ય દૈવી છે.'

'તારો વિચાર સારો છે. પપ્પા જીવતા ત્યારે ઘણી વાર તારા જેવું જ કહેતા. હજી ઉત્તરક્રિયા કરવાના દિવસોની વાર છે. ત્રણ દિવસ સુધી સૂતક પાળવાનું છે. આજે કદાચ સંબંધીઓ મળવા આવશે. આપણે કાલે વડનગર જઈ આવીએ. મામા-મામીને મળતાં આવીએ. એમને કદાચ અહીંના સમાચાર ન પણ પહોંચ્યા હોય.'

'વડનગર જવાની બાબત થોડો વધારે વિચાર માગી લે છે. મામા-મામીને ખબર પડશે કે હું કૃષ્ણભક્ત બન્યો છું. તો તે વાત તેઓ સહન નહિ કરી શકે. મામી તો હજી માનશે, પણ મામા તો બાપ રે, જાણે જીવતોજાગતો જવાળામુખી છે. કટ્ટર શૈવી છે. તને ભારે દુ:ખ થશે. દુ:ખમાં દુ:ખનો ગુણાકાર થશે.'

'છતાંય જવું તો જોઈએ જ.'

'હું એકલો જઈ આવું તો?'

'ના, હું પણ સાથે આવીશ. તને કૃષ્ણભક્ત બનાવવાની મારી જવાબદારી સ્વીકારીશ.'

'આગનાં અને ઝેરનાં પારખાં ન થાય.'

'પણ જાણી-સમજીને પીવાય તો ખરાં. આપણે કાલે બપોરે સાથે જ જઈશું. હું સ્નાન કરવા જાઉં છું. તું પણ પરવારવા માંડ.'

જમુમાસીની પૌત્રી માનસી આવી.

'નીરાઆન્ટી, મારાં બાએ કહ્યું છે કે તમારે અને અંકલને પ્રસાદ લેવા અમારા ઘેર આવવાનું છે. અગિયાર વાગે બોલાવવા આવીશ. બાય આન્ટી, જયશ્રીકૃષ્ણ. અંકલ જયશ્રીકૃષ્ણ.'

'કેવી સ્વીટ છે!'

'મને તો વિચાર થાય છે કે આવી મિનિએચર નીરા જલદી મળી જાય!'

'નીરવના મોં પર હાથમાંના ટુવાલનો હળવો ઝાટકો મારી, નીરા બાથરૂમમાં ચાલી ગઈ.

* * *

બીજા દિવસે બપોરે પ્રસાદ લઈ, નીરા - નીરવ વડનગર જવા નીકળ્યાં. નીરાએ ગુજરાતી ઢબે સફેદ કોટનનાં સાડી બ્લાઉઝ પહેરેલાં.

માથે સાદો અંબોડો વાળેલો. નીરવે સફેદ લેંઘો-ઝભ્ભો પહેર્યાં હતાં. બંને બસમાં વડનગર ગયાં. રીક્ષા કરી નાગરવડે પહોંચ્યાં. નીરાએ સાડીનો છેડો માથે ઓઢ્યો. નીરવથી બે ડગલાં પાછળ ચાલવા લાગી.

નીરવે મામાના ઘરની જાળી ખખડાવી. અવાજ સાંભળી મામી આવ્યાં. નીરવને જોતાં ઝટ જાળી ખોલી. નીરવ નીચો નમી, મામીને પગે લાગ્યો. પાછળ નીરા પણ આવી. એણે પણ મામીને નીચાં વળી પ્રણામ કર્યા.

'અરે, તમે બંને એકાએક? અને આ પોશાકમાં? શું વાત છે? સાંભળો છો. નીરવ આવ્યો છે!'

મેડીએથી મામા ધડબડ ધડબડ કરતા નીચે આવ્યા. શરીર પર માત્ર પંચિયું. ગૌરવર્ણું કદાવર ખુલ્લું શરીર. લલાટમાં ત્રિપુંડ્ર. કંઠમાં રુદ્રાક્ષની માળા.

નીરવ નીચો વળી મામાને પગે લાગવા ગયો, ત્યાં મામાનો કઠોર સત્તાવાહી અવાજ આવ્યો:

'એક મિનિટ! ઊભો રહે! તારા કપાળમાંથી ત્રિપુંડ્ર ક્યારે ભૂંસાયું? આ તિલક ક્યારથી શરૂ કર્યું? રુદ્રાક્ષ ઉતારી તુલસીમાળાય પહેરવા માંડી છે કે શું?'

'હા, મામા.'

'ભૂલ થઈ, ઘરમાં ભગતડાની છોકરીને લાવ્યા. મારા વ્હાલીડા, કાલની આવેલી આ નખ જેવડીએ તારા પર જાદુ કર્યો! મારા જિંદગીભરના આપેલા સંસ્કાર પર રાતોરાત પાણી ફરી વળ્યું! નહિ ચાલે, કદાપિ નહિ ચાલે! સાંભળો છો. રુદ્રાક્ષની માળા લાવો. નીરવ, ઉતાર તારી કંઠી, લૂછી નાખ તારું તિલક. રુદ્રાક્ષ પહેર. પછી જ મને પગે લગાશે.'

'મામા.....'

'હું કોઈ જવાબ સાંભળવા ટેવાયો નથી. આ ઘરમાં તે વિના પ્રવેશ બંધ છે. વહુ, તમે પણ કાન ખોલીને સાંભળી લો. તમારે પણ તુલસીમાળા ઉતારવી પડશે.'

'ભાઈસા'બ, જરા ઠંડા પડો. છોકરાં છે. બધું થશે. પહેલાં ઘરમાં આવવા દો. વહુએ શોકનાં લૂગડાં પહેર્યાં છે. શી વાત છે તે જાણવા દો. આવો બેટા, ઘરમાં આવો.'

'નહીં, માળાતિલક ઉતાર્યા વિના આ ઘરમાં પગ નહિ મુકાય. સાંભળી લે કાન ખોલીને, તારો બાપ તને વરસનો મૂકી સ્વર્ગે ગયો. તારી મા પાછળ છ મહિને ચાલી. તારી મામીના ખોળામાં તારી માએ તને દોઢ વર્ષનો મૂક્યો હતો. અમે તારાં મા-બાપ બની, તને ઉછેર્યો, ભણાવ્યો, તે આ દિવસ જોવા? શિવજીએ તારું શું બગાડ્યું છે? બોલ, બોલતો કેમ નથી? જવાબ આપ.'

'મામા.....'

'ચૂપ, છોકરી. આ ઘરમાં વહુ બોલતી નથી.'

'મામા, તમે જાણો છો કે મને ઝાઝું બોલવાનું ફાવતું નથી અને તેમાંય તમારી સાથે તો વાત કરવાની નાનપણથી જ બીક લાગ્યા કરતી. તમારા અને મામીના મારા પર ઘણા ઉપકાર છે. ઉપકાર શબ્દ પણ બરાબર નથી. તમે જ મારાં બીજાં માતા - પિતા છો. મામા, તમે મને નીતિમય જીવન જીવવાના સંસ્કાર આપ્યા છે. હું તમારો ઓશિંગણ છું. મેં કોઈ અનીતિયુક્ત કામ નથી કર્યું, જેના માટે અમારે કે તમારે શરમાવું પડે. મેં શિવજીનું અપમાન નથી કર્યું. શિવજીની આજ્ઞા અને આદેશથી જ કૃષ્ણભક્ત બન્યો છું. કૃષ્ણભક્ત બનવા નથી નીરાએ કદી ઈશારો કર્યો, કે નથી મારાં સાસુ-સસરાએ. એ બંનેને તો આ દુનિયા છોડી, ભગવદ્ધામમાં ગયે સાત દિવસ થયા. અમને જ પરમ દિવસે પાટણ ગયાં ત્યારે ખબર પડી.'

'ચૂપ કર બકવાસ. બોલ્યા, શિવજીએ આજ્ઞા કરી હતી. મેં આખી જિંદગી શિવજીના જપમાં વિતાવી, તો ય કદી સ્વપ્નામાંય ન આવ્યા અને શિવજી તમને મુંબઈમાં કહેવા આવ્યા!'

'મામી, મને ખાત્રી હતી. મામા મારી વાત નહિ માને.'

'તે શાની માનું? વાત સાચી પુરવાર કરવી હોય, તો ચાલ હાટકેશ્વર અને કહેવડાવ મહાદેવજી પાસે.'

'મામા, એમ કરવાથી ફાયદો શો? મા-બાપને દીકરાના શબ્દોમાં વિશ્વાસ ન બેસે, ત્યારે બીજા સાક્ષી લાવવામાં પુત્રનું પુત્રપણું ક્યાં?'

'ચાંપલાશ નહિ. તારી વાતોથી હું ભોળવાઈ નહિ જઉં. મારો પુત્ર બની રહેવું હોય- લાખોની મિલકતનો વારસો લેવો હોય, તો મારી ઈચ્છા પ્રમાણે જ ચાલવું પડશે....'

'અને વારસો ન લેવો હોય તો?'

'તો ઊતરી જા આ ઘરના ઓટલેથી. ખબરદાર છે ફરી આ દિશામાં નજર કરી છે તો! આંગળીથી નખ વેગળા જ! મારા પંડનો તો નહિ જ ને! આજથી તમારા બંનેના નામનું અમે નાહી નાખ્યું માનજો. અમે મરીએ ત્યારે ય ખબરદાર અમારા શબનેય હાથ લગાડ્યો છે તો!'

'અરે, તમે આ શું બોલો છો? આખો મહોલ્લો સાંભળે છે! શાંત થાઓ. બારણા વચ્ચેથી ખસી જાઓ, જોઉં! એમને ઘરમાં આવવા દો. છોકરાં છે. તમારી ઈચ્છા પ્રમાણે કરશે.'

'ના, મામી, માળા-તિલકમાં તો મામાની ઈચ્છાનો અમે સ્વીકાર નહિ કરી શકીએ.'

'સાંભળ્યું? સાંભળી લીધું ને તમેય!......તમે અમારાં કોઈ નથી, કોઈ નથી I say get out.'

'ભલે, મામા. જેવી તમારી આજ્ઞા. તમારા મનથી હું તમારો પુત્ર મટી ગયો. તો જેવી ભગવાનની ઇચ્છા. પણ અમારે મન તો તમે અમારાં વડીલ જ છો અને રહેશો. એ અધિકારથી અમને ગમે ત્યારે બોલાવજો. જઈએ છીએ. ક્ષમા કરજો.

'નીરવ બે હાથ જોડ્યા. નીરાએ પણ!

બંને ચૂપચાપ ઘરનો ઓટલો ઊતરી ગયાં. મામાએ ગુસ્સાના આવેશમાં જોરથી ઘરની જાળી બંધ કરી.

નાગરવાડો વટાવી બંને બહાર આવ્યાં.

'નીરવ, Take it easy. Relax.'

'નીરા, હું તો સ્વસ્થ જ છું; કારણ કે મેં આ જ પરિણામની કલ્પના કરી હતી. પણ આજ મારા કારણે તારે અપમાનિત થવું પડ્યું!'

'ના રે, મને તો કંઈ અપમાન લાગ્યું નથી. મને તો મામા-મામીની ફિકર થાય છે. મામા ઊંચા બ્લડપ્રેશરના દર્દી અને આટલા ઉશ્કેરાયા. તેમની તબિયત બગડી તો નહિ હોય ને?'

'Forget him.'

'બસ સ્ટેન્ડે જઈશુ?'

'ના'

'તો ક્યાં જવું છે?'

નીરવે જવાબ ન આપ્યો. રીક્ષાને ઈશારાથી થોભાવી. નીરાને બેસવા ઈશારો કર્યો. તે પણ ચૂપચાપ ગોઠવાઈ ગયો. રીક્ષા ડ્રાઈવરને ડાબા-જમણી વળવાની સૂચના આપતો રહ્યો.

'બસ, રૂકો.'

રીક્ષા થોભી. બંને નીચે ઊતર્યાં. પૈસા ચૂકવ્યા. નીરાને જગ્યા પરિચિત લાગી. મગજનું કોમ્પ્યુટર ચાલ્યું. જવાબ મળ્યો : 'અરે, આ તો હાટકેશ્વર મહાદેવનું મંદિર! જ્યાં મહાપૂજા વખતે તે આવી હતી!' નીરવનું મગજ તેને સમજાતું ન હતું; છતાં તે ચૂપચાપ નીરવના પગલે પગલે પાછળ ચાલી. મંદિરના ચોકમાં નીરવે ચંપલ ઉતાર્યા. રંગમંડપના દ્વાર પાસે જઈ નીરવ ઊભો રહ્યો. નીરવે હાથ જોડી કહ્યું : વૈષ્ણવરાજ શંભો, આપને નવા વૈષ્ણવના જયશ્રીકૃષ્ણ. સૂતકી છું, એટલે ઓટલે ઊભો છું. મારા જીવનપરિવર્તનના નિમિત્ત તમે છો, તેથી તમારો આભાર માનવા આવ્યો છું. મારા મામાના અક્કડ અને અજ્જડ વલણ-વર્તનના પ્રેરણાદાતા તમે છો. તે માટે તમારો વિશેષ આભાર. લૌકિક આસક્તિનો છેલ્લો તાંતણોય આજ તમે તોડાવી દીધો. મનના અગોચર ખૂણે પડેલા સૂક્ષ્મ અન્યાશ્રયના કચરાને સાફ કરનાર, હે ચંદ્રમૌલિ! તમે કૃષ્ણભકિતના માર્ગે મને પૂરો ચડાવી દેવામાં ઘણી સહાય કરી છે. તમારો ખૂબ ખૂબ આભાર. તમે વૈષ્ણવશ્રેષ્ઠ કેમ કહેવાયા, તે મને આજે સમજાયું. સંપત્તિના ચોમેર પડેલા ઢગલાઓની તમે પરવા ન કરી, ભોગ છોડી ભક્તિનો માર્ગ અપનાવી અવધૂત બન્યા. લૌકિકાસક્ત સસરા અને સતીનેય છોડતાં ન ખચકાયા. લૌકિકતાના ગરલને કંઠમાં જાળવી, હૈયે શ્યામને રાખ્યા. શ્યામની સાધનામાં બાધા કરતા કામદેવનેય ત્રીજા લોચનથી ભસ્મ કર્યો. માટે સારસ્વત કલ્પમાં શ્યામસુંદરના વ્રજમાં તમને ગોપીશ્વર બની વાસનો અધિકાર મળ્યો. તમારી પાસેનો વૈષ્ણવતાનો આ વૈભવ મારોય આદર્શ બની રહે એવું ઇચ્છું છું.'

મહાદેવજી સાથે જાણે નીરવ સાક્ષાત વાત ન કરતો હોય! નીરા સાંભળી રહી. નીરવ મૌન બન્યો એટલે નીરાએ કહ્યું : 'પાર્વતીપતિ, મારા પણ આપને ખૂબ Thanks, મને મારો નીરવ સોંપવા બદલ. તમારાં સેવક મામા-મામીને સાચવજો.'

જાણે રંગમંડપના બધા ઘંટ એકસાથે ગાજી ઊઠ્યા!

બસમાં બેઠા પછી નીરવે કહ્યું : 'નીરા, પેલું પદ ગાને - સાચા સગા છો શ્રીનાથજી!'

'નીરવ, You are really great! પપ્પા-મમ્મીના લૌકિક સંબંધોનો તાંતણો મારાથીય આટલો સહજ નથી છૂટ્યો!'

'ભૂતકાળને ભૂલી જા. ભવિષ્ય વધારે અગત્યનું છે. શ્રાવણ વદ ચોથનો પાટોત્સવ મનાવવાની આજ્ઞા છે. કારજ પતાવીને જઈશું, એટલે ચોથ આવી જશે. ઘરમાં કશી જ તૈયારી નથી.'

'મેં તેનો ઉપાય વિચારી લીધો છે. ઘેર જઈને આપણે જયેશ અને સુરંગીને વિગતવાર પત્ર લખીએ. રજિ.એ.ડી.થી ઘરની ચાવીઓ પણ મોકલીએ. તેઓ અનુભવી છે. બધી વ્યવસ્થા કરશે. પાટણમાં એક વૈષ્ણવ છે. ડાહ્યાભાઈ. એમના ત્યાં શ્રીદ્વારકાધીશ બિરાજે છે. તું પપ્પા-મમ્મીની સિદ્ધપુરમાં ઉત્તરક્રિયા પતાવજે. હું તે દિવસોમાં તેમને મળી ઠાકોરજીનાં વસ્ત્ર, સાજ, શૃંગારની વ્યવસ્થા કરીશ. ઠાકોરજીને લાયક જે કંઈ પાટણના ઘરમાં છે, તે પણ લઈ જઈશું. પપ્પા-મમ્મીના લાલન પણ સાથે જ પધરાવી જઈશું. No problem.'

'વાહ! તું જાણે કલ્પવૃક્ષ નીચે બેઠી હોય, તેમ વાત કરે છે. આ બધું આટલું સહેલું છે?'

'સાવ સહેલું- ગુરુદેવની આજ્ઞાથી સર્વ સહેલું થઈ જાય. તારે નાણાંકોથળી સંભાળવાની, બાકી બધું મારે સંભાળવાનું.'

'નાણાંની ચિંતા નથી. પ્રભુની પ્રસન્નતા માટે સંકોચ નહીં કરવાનો.'

'આ શોક કેટલા દિવસ પાળવાનો?'

'ઉત્તરક્રિયા પૂરી થાય ત્યાં સુધી. દુનિયાને દેખાડવાનું કાપટ્ય છે, બાકી ભગવદીયોના લીલાગમનનો શોક શાનો?'

◆

૨૭. તુમ જો મનાવત સો દિન આયો

અમદાવાદ જનતા મુંબઈ સેન્ટ્રલ પર પહોંચી કે તરત જ નીરા-નીરવની આંખો જયેશને શોધવા લાગી. ડબો થોભ્યો, ત્યાં સામે જ જયેશ ઊભો હતો. સૌએ હસીને ભગવદ્સ્મરણ કર્યાં. નીરા ઝાંપીજી લઈ નીચે ઊતરી. નીરવ-જયેશે પોર્ટર પાસે સામાન ઉતરાવી, લારી ભરાવી.

'જયેશ, બધી તૈયારી છે ને?'

'હા, ચોથ આજે છે; આવતી કાલે નથી. પાટોત્સવની પણ બધી તૈયારી થઈ ગઈ છે. દિનેશભાઈ એમની ગાડી લઈને આવ્યા છે- તમને નાસિકમાં મળેલા તે.'

સૌ સ્ટેશનની બહાર નીકળી, ગાડી પાસે આવ્યાં. દિનેશભાઈ ઊભા હતા,'જયશ્રીકૃષ્ણ નીરાબેન, નીરવભાઈ.'

'ભાઈ, જયશ્રીકૃષ્ણ.'

'સેવક સેવામાં હાજર છે. આજ્ઞા કરો.'

'જલદી કૃષ્ણકુંજ પહોંચાડો.'

ઘેર પહોંચ્યાં ત્યારે નીરાના સુખદ આશ્ચર્ય વચ્ચે ફલેટના પ્રવેશદ્વાર પર આસોપાલવ અને પુષ્પનાં તોરણો શોભતાં હતાં. બચુભાઈ, પ્રમિલાભાભી, સુરંગી વગેરે સો પ્રવેશદ્વારે દોડી આવ્યાં. બે હાથમાં ઝાંપીજી પધરાવી નીરાએ પ્રવેશદ્વારમાં પગ મૂક્યો એટલે સૌએ પ્રભુ પર પુષ્પવૃષ્ટિ કરી, જયઘોષ કર્યા. બચુભાઈ ઝાંઝ વગાડતા ગાઈ રહ્યા હતાઃ 'તુમ જો મનાવત સોઈ દિન આયો.'

આખો ફ્લેટ પુષ્પોનાં તોરણોથી શોભતો અને મહેંકતો હતો. એક બેડરૂમનાં ખંડમાં પ્રભુ માટે સર્વ સુંદર વ્યવસ્થા થઈ હતી.

‘ભાભી, ઝાંપીજી આ પટા પર પધરાવો. આજ્ઞા હોય તો પ્રભુને જગાવી, મંગળભોગ ધરું. સર્વ તૈયારી છે. ત્યાં સુધી તમે સ્નાન કરીને આવો.’

‘ભલે સુરંગી, પ્રભુને શ્રમ ન થાય તેમ કરો. પરિશ્રમ ભોગ પણ સાથે જ ધરજો.’

‘નીરવભાઈ, તમે તો ખરી કરી! ગજબની કૃપા કહેવાય!’

‘બચુભાઈ, તમારી આડીથી જ થયું છે તમારા તંબૂરનો તાર ન તૂટ્યો હોત તો-’

‘તંબૂરના તાર તૂટે નવા જીવ શરણે આવતા હોય, તો ભાઈ રોજ સવાર, બપોર, સાંજ તાર તોડવા માંડો.’

સૌ ખડખડાટ હસ્યાં.

ત્યાં ઈન્દિરાભાભી ચા લઈને આવ્યાં.

‘મેડમ, આજે સવારનું આ તમારું સૌથી ઉત્તમ કામ. ચાલો, ચ્હા લો. નીરવભાઈ, નીરાભાભી જેવો સ્વાદ-’

‘રોજ ઈન્દિરાભાભીના હાથની ચા પીવા સવારે ભૂલેશ્વર આવવું પડશે.’

‘વેલકમ.’

‘હુંય સાથે જ આવીશ, એટલે અમારે ચ્હા બનાવવાની જ ખટપટ નહિ!’

સૌ ફરી હસ્યાં.

‘સ્મરણં ભજનં ચાપિ....‘હવે ચ્હા પીવાઈ જાય એટલે સ્નાન કરવા લાગો.’

‘નીરવ, નીરાભાભી, તમે ખૂબ ભાગ્યશાળી છો. આજે તમારા ત્યાં ઘણા વૈષ્ણવો આવશે. નાસિકમાં મળ્યા હતા એ મૂકેશભાઈ અને એમનાં પત્ની વીણાબેન પણ આવશે. અહીં વાલકેશ્વર ઊતર્યા છે વિનોદભાઈના ત્યાં. વિનોદભાઈ અને ગીતાભાભી પણ સાથે આવશે. વિનોદભાઈ પણ શિવભક્તમાંથી કૃષ્ણભક્ત બન્યા છે. મૂકેશભાઈ સાથે બીજાં એક વૈષ્ણવ આવ્યાં છે - સંધ્યાબેન, એય પહેલાં શિવભક્ત હતાં.’

‘વાહ ભાઈ, બધાં શિવભક્તો કૃષ્ણભક્ત બની આજે અહીં મળશે! ધન્ય ઘડી! ધન્યભાગ્ય!’

❖ ❖ ❖

નીરા-નીરવ-જયેશ અપરસમાં ન્હાયાં. બચુભાઈ, દિનેશભાઈ કીર્તન કરવા બેઠા.

મંગળભોગ સરાવ્યા પછી, શ્રીપ્રભુને અભ્યંગ કરાવી, સ્નાન કરાવ્યું. જન્માષ્ટમીનાં વસ્ત્ર-શૃંગાર ધરાવ્યાં. શૃંગાર ભોગ ધરી, પલને પધરાવ્યા. ફૂલથી સુશોભિત ત્રણ પલનાં સિદ્ધ કર્યાં હતાં. પલનાંનાં દર્શન ખૂલ્યાં, ત્યાં જ મૂકેશભાઈ આદિ વૈષ્ણવો આવી ગયાં. બચુભાઈ એ ‘પ્રેંખ પર્યંક શયનમ્’ ગાયું.

‘બચુભાઈ, અમારા કાંકરોલીના ઘરમાં તો પહેલાં નંદમોહત્સવનાં પદ ગવાય, પછી પલનાનાં.’

‘ભલે.’ બચુભાઈએ પદ ઉપાડ્યું, ‘હેરી હે આજ નંદરાયકે આનંદ ભયો....’સૌ આનંદમાં નાચવા અને ગાવા લાગ્યાં.

‘ભાભી, આમ નંદમોહત્સવ ન થાય. દહીં લાવો, પ્રસાદ લાવો.’ જયેશ-નીરવે દહીં ઉરાડ્યું. નીરા-સુરંગીએ પ્રસાદ ઉછાળ્યો.

નીરવ-નીરાએ પલનાની આરતી કરી.

* * *

રાજભોગમાં નીરવ પાસે શ્રીપ્રભુને જયેશે પાટોત્સવનું તિલક કરાવ્યું.

●

નીરા, નીરવે સૌને આગ્રહ કરી મહાપ્રસાદ લેવડાવ્યો.

●

સાંજે શયન સુધીની સેવા પહોંચી, જયેશ-સુરંગી પણ બોરીવલી ગયાં. ગાજતું ઘર શાંત થયું.

નીરવ-નીરા સાગરતટની બાલ્કનીમાં હીંચકે બેઠાં. નીરવના ખભે માથું મૂકી નીરા આંખો મીંચી બેઠી. નીરવ હળવેથી હીંચકો ચલાવતો, નીરાના છૂટા વાળમાં આંગળીઓ ફેરવતો રહ્યો.

'નીરા, ઊંઘી ગઈ?'

'ના, શ્યામ - સંગ, શ્યામ - રંગ, શ્યામ - રાગનું સાંપડેલું સુખ મમળાવું છું.'

■

શ્યામ-રંગ-સ્નેહી રમેશભાઈ પરીખની આ પ્રથમ નવલકથા છે. નવલકથાની ભાવભૂમિ સાંપ્રત સમયની છે. સ્થળ-પાત્રો સુપરિચિત, ક્યાંક તદ્દન વાસ્તવિક છે. પાત્રોને અનુરૂપ ભાષા-વૈવિધ્ય છે. શૈલી રસળતી, મુગ્ધકર છે. વાર્તાના પ્રસંગોમાંથી પુષ્ટિજીવનની મહેંકભરી રીત-પ્રીત પ્રકટે છે.

નીરા-નીરવનું યુગલ જીવતું-જાગતું આપણી સાથે વાતો કરતું હોય એવી અનુભૂતિ થાય છે. પુષ્ટિ-જીવન આજે પણ ઘણા યુવાનો હોંશથી જીવે છે એ હકીકત દ્વારા આ નવલકથા સૌને પુષ્ટિજીવન જીવવાની પ્રેરણા આપે છે.

વાર્તાશૈલી એવી સ-રસ છે કે એક વખત વાંચવાનું શરૂ કર્યા પછી, અધૂરી છોડવાથી ચેન ન પડે. નીરા-નીરવ સાથે મુંબઈથી શરૂ કરી, પાટણ, મહેસાણા, વડનગર, નાથદ્વારા, કાંકરોલી, વ્રજ, વડોદરાની યાત્રા થઈ જાય છે.

આવી રસમય નવલકથા યુવાનોના હાથમાં ખાસ મૂકવા જેવી છે.

રમેશભાઈને તેમની આ નવલકથા માટે હાર્દિક અભિનંદન.

Printed by : pushti prints, Mehsana.